॥ શ્રી મહાવીરાય નમઃ ॥

# શ્રી જૈન સ્તુતિ

: પ્રકાશક :

ભાનુભાઈ કેશવલાલ ભણસાળી

વાલકેશ્વર - મુંબઈ - ૪૦૦ ૦૦૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ શ્રી મહાવીરાય નમઃ ॥

# શ્રી જૈન સ્તુતિ

—પ્રકાશક—

ભાનુભાઈ કેશવલાલ ભણશાળી

વાલકેશ્વર

મુંબઈ—૪૦૦૦૦૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

-: પ્રાપ્તિ સ્થાન :-

ભાનુભાઈ કેશવલાલ ભણસાળી
૭૫-૭૬ વાલકેશ્વર રોડ,
મુંબઈ-૪૦૦૦૦૬

---

વીરવાણી પ્રકાશન કેન્દ્ર
C/o નંદલાલ તારાચંદ વોરા
૯૮, નેપીયન્સી રોડ, B, ૪૫/૪૬,
શાંતિનગર, ચોથે માળે,
ફોન : ૮૨૨૮૨૯૨/૮૧૧૫૯૧૦/૮૧૧-૬૨૩૬
મુંબઈ-૪૦૦ ૦૦૬

આવૃત્તિ દશમી

કિંમત સદ્ઉપયોગ દરરોજ પ્રાર્થના કરવી

સંવત ૨૦૪૭ ઈ.સં. ૧૯૯૧ વીર સંવત ૨૫૧૮

તા.ક. :-પુસ્તક મળ્યાની પહોંચ તથા અભિપ્રાય ઉપરના સરનામે લખી જણાવવા વિનંતી


મુદ્રણ સ્થાન
નીતિન જે. બદાણી
અરિહંત પ્રિન્ટીંગ પ્રેસ
[illegible]ભાઈ ચેમ્બર્સ, [illegible]સાવાડ, હરિયાપુર અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૩૪૭૮૦૯


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સંપાદકનું નિવેદન

જૈન સમાજના કર-કમલમાં મને આ જૈન સ્તુતિની દસમી આવૃત્તિ ફેરફાર સાથે અર્પણ કરતાં અત્યંત હર્ષ થાય છે. આ પુસ્તકનું નામ **જૈન સ્તુતિ** રાખવામાં આવેલ છે. પ્રાર્થના સાથે બોધ-દાયક વિગત પણ મુકવામાં આવી છે. જીવનમાં પ્રાર્થનાની ઘણી અગત્યતા રહેલી છે. જેને જીવનમાં ઘડતર કરવું હોય તેને નિયમિત પ્રાર્થના કરવી જોઇએ. પ્રત્યેક ધર્મશાસ્ત્રમાં પ્રાર્થનાની અગત્યતા સ્વીકારેલ છે. જૈન શાસ્ત્રો કહે છે પ્રભુના ગુણગ્રામ કરવામાં ઉત્કૃષ્ટો રસ ઉત્પન્ન થાય તો તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જન કરે છે. વિજ્ઞાન પણ પ્રાર્થનાની શક્તિનો સ્વીકાર કરે છે. પ્રાર્થના શક્તિ સર્વથી શ્રેષ્ઠ શક્તિ છે. અને પ્રાર્થનાથી ઘણાના ભયંકર રોગો પણ મટયા છે. પ્રાર્થના જીવનની શક્તિ નિત્ય મુશ્કેલીઓમાંથી ઉગારે છે, તેમજ કસોટીના કાળમાં સહાયક બને છે. પ્રાર્થનાની રીત ગમે તે હોય ભગવાનનું ધ્યાન કરવાની સાથે વ.ત છે. પ્રાર્થના હૃદયની હોય સામુહિક પ્રાર્થના તો અદ્‌ભુત વસ્તુ છે, જેનાથી સર્વ શ્રેષ્ઠ માનસિક અને આત્મિક શાંતિ મળે છે માટે સવારે ઉઠતા અને સાયંકાળે પ્રાર્થના સાથે મળીને કરવી.

આ સંગ્રહમાં આપેલી સ્તુતિઓ છંદો પણ આપણા જૈન ધર્મના વિવિધ સિદ્ધાંતોને રજુ કરતી ચતુર્વિધ સંઘની સ્મરણ મંજુષાઓ છે.

આ જૈન સ્તુતિમાં મોટી સાધુ વંદના, છંદ સંગ્રહ, શ્રી ભક્તામર આદિ સ્તોત્રો દશવૈકાલિક તથા ઉત્તરાધ્યયન સૂત્રના થોડા અધ્યયનો શ્રી પુચ્છિસુણં, શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, પાપનું પ્રાયશ્ચિત, રત્નાકર પચ્ચીશી, જીવરાશિની સજ્ઝાય, અપૂર્વ અવસર, જીવા પાંત્રીસી, આકર્ષક સ્તવનો, ભજન, સ્તુતિ વગેરે તેમજ ઘાસીલાલજી મહારાજ સાહેબના પ્રભાવિક ભક્તામર સ્તોત્ર વિગેરે વિષયોની સુંદર ગુંથણી કરવામાં આવી છે. મુખ્યત્વે આત્માની ઉન્નતિ માટે જૈન સ્તુતિનું પુસ્તક ઘણું ઉપયોગી થઇ પડશે.

જૈન સ્તુતિની નવમી આવૃત્તિ બહુ ટુંક સમયમાં ખલાસ ગઈ કલકત્તા, કોચીન, મદ્રાસ, કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમજ મુંબઇમાં વસતા જીજ્ઞાસુ ભાઇ/બહેનોએ સુંદર સહકાર આપ્યો તેમજ પૂજ્ય સંતો સતીજીઓએ પ્રેરણા આપી. દરરોજ પ્રાર્થના કરવાની તેમજ સામાયિક કરીને વાંચન કરવાની પ્રેરણા આપી તે સંબંધી વાંચકો તરફથી ઘણા પત્રો તથા તેમનો અભિપ્રાય સાથે મલ્યા જે વાંચી–આ દસમી આવૃત્તિ તુરત છપાવવાનો નિર્ણય કર્યો. જે પ્રકાશન કરતાં આનંદ અનુભવીએ છીએ.

મુંબઇ–વાલકેશ્વર રહેતાં સુશ્રાવક. શ્રી જસવંતલાલ મગનલાલ વોરાએ આ આવૃત્તિ માટે તેમજ અગાઉની આવૃત્તિ માટે કાગળની ખરીદી તેમજ પ્રકાશનની બધીજ જવાબદારી સ્વીકારેલ જે બદલ તેમનો આભાર માનું છુ. જીજ્ઞાસુ ભાઇ–બ્હેનોએ આ પુસ્તકની પ્રભાવના કરી પોતે પણ નિયમીત પ્રાર્થના શરૂ કરી અમને પ્રેરણા આપી, આ જ્ઞાન પ્રચારના કાર્યમાં સહકાર આપેલ છે તે બધા ભાઈ–બ્હેનો નો આભાર માનું છું.

અમદાવાદ પ્રેસમાંથી દરરોજ આ પુસ્તકના પ્રુફ સુધારવા માટે મુંબઈ મોકલવામાં આવતા હતા. તે પ્રુફો શ્રી નંદલાલભાઈ વોરા (હાલ વાલકેશ્વર) પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપીને તપાસીને સુધારી આપવા બદલ તેમનો આભાર માનું છું.

આ પુસ્તકના વિતરણ તેમજ તે અંગેનો પત્ર વહેવાર કરી–જ્ઞાન પ્રચારના કાર્યમાં સહકાર આપવા બદલ શ્રી વીરવાણી પ્રકાશન કેન્દ્ર નો આભાર માનુ છું.

આ પુસ્તક સમયસર છાપી આપવા બદલ શ્રી અરિહંત પ્રિન્ટીંગ પ્રેસના માલિક શ્રી નીતીન બદાણી નો આભાર માનું છું.

આ પુસ્તકમાં કાંઇ ઉત્સૂત્ર લખાણું હોય તો મિથ્યામે દુષ્કૃતમ્

અંતમાં અમો આશા રાખીએ છીએ કે ધર્મપ્રેમી ભાઈબહેનો આ પુસ્તકનો સરો લાભ ઉઠાવશે તો આ પુસ્તક પ્રકાશનનો અમારો પ્રયાસ સફળ થયો એમ હું માનીશ.

૭૫, વાલકેશ્વર રોડ
મુંબઈ–૪૦૦૦૦૬
તા. ૧–૭–૯૧

લી. સંઘ સેવક
ભાનુભાઈ કેશવલાલ
ભણુશાળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## —: અનુક્રમણિકા :—


| અનુક્રમ નામ | પૃષ્ઠ |
|---|---|
| ૐ અર્હં | ૧ |
| શ્રી ભક્તામર સ્તોત્ર | ૩ |
| શ્રી મોટી સાધુવંદણા | ૨૭ |
| શ્રી નાની સાધુવંદણા | ૩૯ |
| શ્રી ચિંતામણી પાર્શ્વનાથ સ્તોત્ર | ૪૧ |
| શ્રી વર્ધમાન ભક્તામર સ્તોત્રમ્ | ૪૭ |
| પુચ્છિસુણ–વીર સ્તુતિનું મહાત્મ્ય–માર્ગદર્શન–પ્રેરણા | ૬૯ |
| પુચ્છિસ્સુણં–મહાવીર સ્તુતિ | ૭૩ |
| પ્રાસ્તાવિક ગાથાઓ | ૮૬ |
| શ્રી દશવૈકાલિક સૂત્રના ચાર અધ્યયન | ૯૮ |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું (ત્રીજું અધ્યયન) | ૧૧૮ |
| શ્રી ઉત્તરધ્યયન સૂત્રનું ચોથું અધ્યયન | ૧૨૪ |
| ચોત્રીસ અસજઝાય | ૧૩૦ |
| બત્રીસ સિદ્ધાંતોના નામ | ૧૩૧ |
| ૨૪ તીર્થંકરના નામ | ૧૩૨ |
| વીર વિહરમાન તીર્થંકરો નામ | ૧૩૨ |
| અગીયાર ગણધરનાં નામ | ૧૩૩ |
| દશ શ્રાવકોનાં નામ | ૧૩૩ |
| ૧૬ સતીઓનાં નામ | ૧૩૩ |
| શ્રી ગૌતમ પૃચ્છા | ૧૩૪ |
| ધર્મધ્યાનનો કાઉસ્સગ્ગ | ૧૩૭ |
| ભાવ પ્રતિક્રમણ શા માટે ? | ૧૪૦ |
| ભાવ પ્રતિક્રમણ | ૧૪૧ |
| શ્રી પુરૂષોત્તમ મહારાજ સાહેબનું મોટું માંગલીક | ૧૪૪ |
| વીરવંદણા | ૧૪૬ |
| શ્રાવકના ત્રણ મનોરથ | ૧૪૭ |
| દરરોજ ધારવાના ૧૪ નિયમો | ૧૪૯ |
| તપશ્ચર્યાનું ફળ | ૧૫૦ |
| જ્ઞાન પંચમીની આરાધના | ૧૫૬ |
| દિવાળી જાપની વિધિ | ૧૫૮ |
| સુપાત્ર દાન વિભાગ | ૧૫૮ |
| સુપાત્ર દાનની વસ્તુઓ | ૧૫૯ |
| સુપાત્ર દાનના લાભો | ૧૬૦ |
| તપની આલોયણા | ૧૬૧ |
| વ્યાખ્યાન વખતે બોલવામાં આવતી શ્રી મહાવીર પ્રભુની સ્તુતિ | ૧૬૮ |
| શ્રી રત્નાકર પચ્ચીશી | ૧૭૧ |
| શ્રી ચોવીસ જિનની આરતી | ૧૭૬ |
| પંચ જ્ઞાનની આરતી | ૧૭૭ |
| પંચ પરમેષ્ટિની આરતી | ૧૭૮ |
| આત્મસિદ્ધિ શાસ્ત્ર | ૧૭૯ |
| અપૂર્વ અવસરનું અમરકાવ્ય | ૧૯૩ |
| જડ ચેતન સ્વભાવ | ૧૯૭ |
| શ્રી સદ્‌ગુરુ ભક્તિ રહસ્ય | ૧૯૮ |
| અમૂલ્ય તત્ત્વ વિચાર | ૨૦૦ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| પંચ પરમેષ્ટિ વંદણા (ખામણાના સવૈયા) | ૨૦૨ |
| શ્રી અરિહંત ભગવંતને | |
| શ્રી સિદ્ધ ભગવંતને | ૨૦૨ |
| ,, કેવળી ભગવંતને | ૨૦૩ |
| ,, આચાર્યજીને | ૨૦૩ |
| ,, ઉપાધ્યાયજીને | ૨૦૩ |
| ,, સાધુજીને | ૨૦૪ |
| ,, ગુરુદેવને વંદણા | ૨૦૪ |
| ,, શ્રાવકજી | ૨૦૫ |
| પાપનું પ્રાયશ્ચિત | ૨૦૬ |
| શ્રી જીવરાશીની સજ્ઝાય | ૨૧૧ |
| મૈત્રી ભાવનું પવિત્ર ઝરણુ | ૨૧૫ |
| સિદ્ધ પરમાત્માની સ્તુતિ | ૨૧૫ |
| શ્રી અરિહંતની સ્તુતિ | ૨૧૭ |
| શ્રી ચોવીસ જિનની સ્તુતિ | ૨૧૮ |
| શ્રી જિનેશ્વર સ્તુતિ | ૨૧૯ |
| વીર જિનના ચૌદ સ્વપ્નનું સ્તવન | ૨૨૨ |
| આલોચના | ૨૨૩ |
| દિવાળીનું સ્તવન | ૨૨૫ |
| પ્રભુના નામે નિત્ય | |
| દિવાળીની સજ્ઝાય | ૨૨૭ |
| સંસાર સાગર વિષે શ્લોકો | ૨૨૯ |
| અંત સમયની ભાવના | ૨૩૫ |
| પંચ પરમેષ્ટિ મહા મંગલ | ૨૩૬ |
| નવકાર મંત્રનો મહિમા | ૨૩૭ |
| નમસ્કાર પદ | ૨૩૮ |
| મારો નવકાર બેલી છે | ૨૩૯ |
| પંચ પરમેષ્ટિ છે સાર | ૨૪૦ |
| છેલ્લી ઘડી | ૨૪૧ |
| કરૂણાનો કોઈ પાર નથી | ૨૪૨ |
| કરમનો કાયદો અલબેલો | ૨૪૩ |
| જુઠી મમતા શા માટે | ૨૪૪ |
| શ્રી વૈરાગ્ય ઉપદેશક દોહા | ૨૪૫ |
| ચેત ચેત નર ચેત | ૨૪૭ |
| શ્રી નવકારનો છંદ | ૨૪૮ |
| બાર વ્રતના છપ્પા | ૨૫૦ |
| શ્રી શાન્તિનાથનો છંદ | ૨૫૫ |
| શ્રી શાન્તિનાથ સ્વામીનો છંદ | ૨૫૭ |
| ,, શાંતીનાથનો છંદ | ૨૫૮ |
| ,, ચિંતામણી પાર્શ્વનાથનો છંદ | ૨૫૯ |
| ,, પાર્શ્વનાથ સ્વામીનો છંદ | ૨૬૧ |
| ,, પાર્શ્વનાથનો છંદ | ૨૬૨ |
| ,, મહાવીર સ્વામીનો છંદ | ૨૬૩ |
| ,, ગૌતમ સ્વામીનો છંદ | ૨૬૪ |
| ,, તાવનો છંદ | ૨૬૪ |
| ,, સોળ સતીનો છંદ | ૨૬૬ |
| ,, પાંસઠીયા યંત્રનો છંદ | ૨૬૮ |
| બાર ભાવના આત્મ ગોષ્ઠી | ૨૬૯ |
| સંથારો (અનશન) કરવાનો વિધિ | ૨૭૧ |
| પૌષધ પાળવાની વિધિ | ૨૭૩ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આયંબિલ નવ દિવસની
વિધિ નીચે મુજબ કરવી ૨૭૫
આલોયણા ૨૭૯
સંવત્સરીની આલોયણા ૨૮૦
જ્ઞાનાતિચાર ૨૮૧
દર્શનાતિચાર ૨૮૧
ચારિત્ર અતિચાર ૨૮૨
જૈન સ્તુતિ (કાવ્યો) ૩૦૭
જીવ્યાની યુક્તિ ન જાણી ૩૦૮
તારી કરૂણાનો કોઇ પાર નથી ૩૦૯
જય કરનારા જિનવરા ૩૧૦
મા-બાપને ભૂલશો નહિ ૩૧૦
અંતિમ સમયની આરાધના ૩૧૧
ક્ષમાપના ૩૨૩
ત્રણ મિનિટની તૈયારી ૩૨૮
અરિહંત પરમાત્માને પ્રાર્થના ૩૩૧
પચ્ચક્ખાણ વિધિ ૩૩૬


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પચ્ચખ્ખાણનો સમય

આ સમય મુંબઈના સ્ટા. ટાઈમ પ્રમાણે છે.

| માસ તા. | સૂર્યોદય ક. મિ. | સૂર્યાસ્ત ક. મિ. | નવકારસી ક. મિ. | પોરસી ક. મિ. | સાઢ પોરસી ક. મિ. | પુરિમડ્ઢ ક. મિ. | અવડ્ઢ ક. મિ. |
|---|---|---|---|---|---|---|---|
| જાન્યુ. ૧ | ૭-૧૨ | ૬-૧૧ | ૮-૦૧ | ૯-૫૭ | ૧૧-૨૦ | ૧૨-૪૨ | ૩-૨૬ |
| ૧૬ | ૭-૧૬ | ૬-૨૦ | ૮-૦૪ | ૧૦-૦૧ | ૧૧-૨૫ | ૧૨-૪૮ | ૩-૩૪ |
| ફેબ્રુ. ૧ | ૭-૧૫ | ૬-૩૦ | ૮-૦૩ | ૧૦-૦૪ | ૧૧-૨૮ | ૧૨-૫૨ | ૩-૪૧ |
| ૧૬ | ૭-૦૮ | ૬-૩૮ | ૭-૫૬ | ૧૦-૦૦ | ૧૧-૨૬ | ૧૨-૫૩ | ૩-૪૫ |
| માર્ચ ૧ | ૭-૦૦ | ૬-૪૪ | ૭-૪૮ | ૯-૫૪ | ૧૧-૨૪ | ૧૨-૫૧ | ૩-૪૭ |
| ૧૬ | ૬-૪૮ | ૬-૪૭ | ૭-૩૬ | ૯-૪૮ | ૧૧-૧૮ | ૧૨-૪૮ | ૩-૪૭ |
| એપ્રિલ ૧ | ૬-૩૫ | ૬-૫૧ | ૭-૨૩ | ૯-૩૯ | ૧૧-૧૧ | ૧૨-૪૩ | ૩-૪૭ |
| ૧૬ | ૬-૨૩ | ૬-૫૪ | ૭-૧૧ | ૯-૩૧ | ૧૧-૦૫ | ૧૨-૩૯ | ૩-૪૭ |
| મે ૧ | ૬-૧૩ | ૬-૫૯ | ૭-૦૧ | ૯-૨૪ | ૧૧-૦૦ | ૧૨-૩૬ | ૩-૪૭ |
| ૧૬ | ૬-૦૬ | ૭-૦૪ | ૬-૫૪ | ૯-૨૦ | ૧૦-૫૮ | ૧૨-૩૫ | ૩-૪૯ |
| જૂન ૧ | ૬-૦૩ | ૭-૧૦ | ૬-૫૧ | ૯-૧૮ | ૧૦-૫૮ | ૧૨-૩૭ | ૩-૫૩ |
| ૧૬ | ૬-૦૩ | ૭-૧૪ | ૬-૫૧ | ૯-૧૯ | ૧૧-૦૦ | ૧૨-૩૯ | ૩-૫૭ |
| જુલાઈ ૧ | ૬-૦૬ | ૭-૧૮ | ૬-૫૪ | ૯-૨૨ | ૧૧-૦૩ | ૧૨-૪૨ | ૪-૦૦ |
| ૧૬ | ૬-૧૧ | ૭-૧૮ | ૬-૫૯ | ૯-૨૬ | ૧૧-૦૬ | ૧૨-૪૪ | ૪-૦૧ |
| ઓગ. ૧ | ૬-૧૭ | ૭-૧૩ | ૭-૦૫ | ૯-૩૧ | ૧૧-૦૮ | ૧૨-૪૫ | ૩-૫૯ |
| ૧૬ | ૬-૨૧ | ૭-૦૫ | ૭-૦૯ | ૯-૩૨ | ૧૧-૦૮ | ૧૨-૪૩ | ૩-૫૪ |
| સપ્ટે. ૧ | ૬-૨૫ | ૬-૫૩ | ૭-૧૩ | ૯-૩૨ | ૧૧-૦૫ | ૧૨-૩૯ | ૩-૪૬ |
| ૧૬ | ૬-૨૮ | ૬-૪૦ | ૭-૧૫ | ૯-૩૦ | ૧૧-૦૨ | ૧૨-૩૪ | ૩-૩૭ |
| ઓક્ટો. ૧ | ૬-૩૦ | ૬-૨૭ | ૭-૧૮ | ૯-૨૯ | ૧૦-૫૯ | ૧૨-૨૯ | ૩-૨૮ |
| ૧૬ | ૬-૩૪ | ૬-૧૫ | ૭-૨૨ | ૯-૨૯ | ૧૦-૫૭ | ૧૨-૨૫ | ૩-૨૦ |
| નવે. ૧ | ૬-૪૦ | ૬-૦૫ | ૭-૨૮ | ૯-૩૧ | ૧૦-૫૭ | ૧૨-૨૨ | ૩-૧૩ |
| ૧૬ | ૬-૪૭ | ૫-૫૯ | ૭-૩૫ | ૯-૩૫ | ૧૦-૫૯ | ૧૨-૨૩ | ૩-૧૧ |
| ડીસે. ૧ | ૬-૫૭ | ૫-૫૯ | ૭-૪૫ | ૯-૪૨ | ૧૧-૦૫ | ૧૨-૨૮ | ૩-૧૩ |
| ૧૬ | ૭-૦૬ | ૬-૦૪ | ૭-૫૪ | ૯-૫૦ | ૧૧-૧૨ | ૧૨-૩૫ | ૩-૧૯ |

બીજા ગામોમાં જે સ્ટાન્ડર્ડ ટાઈમ થતો હોય તે પ્રમાણે પચ્ચખ્ખાણ કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અનુપૂર્વી

જ્યાં ૧ હોય ત્યાં નમો અરિહંતાણં કહેવું.
જ્યાં ૨ હોય ત્યાં નમો સિદ્ધાણં કહેવું.
જ્યાં ૩ હોય ત્યાં નમો આયરિયાણં કહેવું.
જ્યાં ૪ હોય ત્યાં નમો ઉવજ્ઝાયાણં કહેવું.
જ્યાં ૫ હોય ત્યાં નમો લોએસવ્વસાહૂણં કહેવું.

## ચોપાઈ

અનુપૂર્વી ગણજ્યો જોય, છમાસી તપનું ફળ હોય.
સંદેહ નવ આણો લગાર, નિર્મળ મને જપો નવકાર. ૧

શુદ્ધ વસ્ત્રે ધરી વિવેક, દિનદિન પ્રત્યે ગણવી એક,
એમ અનુપૂર્વી જે ગણે તે પાંચસે સાગરના પાપને હણે. ૨

## દોહરો

એક અક્ષર નવકારનો શુદ્ધ ગણે જે સાર;
તે બાંધે શુભદેવનું આયુષ્ય અપરંપાર. ૧

ઓગણીસ લાખ ત્રેસઠ હજાર, બસેં બાસઠ પળ;
ત્યાં સુધી તે ભોગવે, નવકાર મંત્રનું ફળ. ૨

અશુભ કર્મ કે હરણકું, મંત્ર બડો નવકાર;
વાણી દ્વાદશ, અંગમે, દેખ લીયો તત્વસાર. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | ૧ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૩ | ૨ | ૪ | ૫ |
| ૩ | ૧ | ૨ | ૪ | ૫ |
| ૨ | ૩ | ૧ | ૪ | ૫ |
| ૩ | ૨ | ૧ | ૪ | ૫ |

૨

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૩ | ૫ |
| ૨ | ૧ | ૪ | ૩ | ૫ |
| ૧ | ૪ | ૨ | ૩ | ૫ |
| ૪ | ૧ | ૨ | ૩ | ૫ |
| ૨ | ૪ | ૧ | ૩ | ૫ |
| ૪ | ૨ | ૧ | ૩ | ૫ |

૩

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૪ | ૨ | ૫ |
| ૩ | ૧ | ૪ | ૨ | ૫ |
| ૧ | ૪ | ૩ | ૨ | ૫ |
| ૪ | ૧ | ૩ | ૨ | ૫ |
| ૩ | ૪ | ૧ | ૨ | ૫ |
| ૪ | ૩ | ૧ | ૨ | ૫ |

૪

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૪ | ૧ | ૫ |
| ૩ | ૨ | ૪ | ૧ | ૫ |
| ૨ | ૪ | ૩ | ૧ | ૫ |
| ૪ | ૨ | ૩ | ૧ | ૫ |
| ૩ | ૪ | ૨ | ૧ | ૫ |
| ૪ | ૩ | ૨ | ૧ | ૫ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૫ | ૪ |
| ૨ | ૧ | ૩ | ૫ | ૪ |
| ૧ | ૩ | ૨ | ૫ | ૪ |
| ૩ | ૧ | ૨ | ૫ | ૪ |
| ૨ | ૩ | ૧ | ૫ | ૪ |
| ૩ | ૨ | ૧ | ૫ | ૪ |

૬

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૫ | ૩ | ૪ |
| ૨ | ૧ | ૫ | ૩ | ૪ |
| ૧ | ૫ | ૨ | ૩ | ૪ |
| ૫ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૨ | ૫ | ૧ | ૩ | ૪ |
| ૫ | ૨ | ૧ | ૩ | ૪ |

૭

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૫ | ૨ | ૪ |
| ૩ | ૧ | ૫ | ૨ | ૪ |
| ૧ | ૫ | ૩ | ૨ | ૪ |
| ૫ | ૧ | ૩ | ૨ | ૪ |
| ૩ | ૫ | ૧ | ૨ | ૪ |
| ૫ | ૩ | ૧ | ૨ | ૪ |

૮

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૫ | ૧ | ૪ |
| ૩ | ૨ | ૫ | ૧ | ૪ |
| ૨ | ૫ | ૩ | ૧ | ૪ |
| ૫ | ૨ | ૩ | ૧ | ૪ |
| ૩ | ૫ | ૨ | ૧ | ૪ |
| ૫ | ૩ | ૨ | ૧ | ૪ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૫ | ૩ |
| ૨ | ૧ | ૪ | ૫ | ૩ |
| ૧ | ૪ | ૨ | ૫ | ૩ |
| ૪ | ૧ | ૨ | ૫ | ૩ |
| ૨ | ૪ | ૧ | ૫ | ૩ |
| ૪ | ૨ | ૧ | ૫ | ૩ |

૧૦

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૫ | ૪ | ૩ |
| ૨ | ૧ | ૫ | ૪ | ૩ |
| ૧ | ૫ | ૨ | ૪ | ૩ |
| ૫ | ૧ | ૨ | ૪ | ૩ |
| ૨ | ૫ | ૧ | ૪ | ૩ |
| ૫ | ૨ | ૧ | ૪ | ૩ |

૧૧

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૪ | ૫ | ૨ | ૩ |
| ૪ | ૧ | ૫ | ૨ | ૩ |
| ૧ | ૫ | ૪ | ૨ | ૩ |
| ૫ | ૧ | ૪ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૧ | ૨ | ૩ |
| ૫ | ૪ | ૧ | ૨ | ૩ |

૧૨

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૪ | ૫ | ૧ | ૩ |
| ૪ | ૨ | ૫ | ૧ | ૩ |
| ૨ | ૫ | ૪ | ૧ | ૩ |
| ૫ | ૨ | ૪ | ૧ | ૩ |
| ૪ | ૫ | ૨ | ૧ | ૩ |
| ૫ | ૪ | ૨ | ૧ | ૩ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૪ | ૫ | ૨ |
| ૩ | ૧ | ૪ | ૫ | ૨ |
| ૧ | ૪ | ૩ | ૫ | ૨ |
| ૪ | ૧ | ૩ | ૫ | ૨ |
| ૩ | ૪ | ૧ | ૫ | ૨ |
| ૪ | ૩ | ૧ | ૫ | ૨ |

૧૪

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૫ | ૪ | ૨ |
| ૩ | ૧ | ૫ | ૪ | ૨ |
| ૧ | ૫ | ૩ | ૪ | ૨ |
| ૫ | ૧ | ૩ | ૪ | ૨ |
| ૩ | ૫ | ૧ | ૪ | ૨ |
| ૫ | ૩ | ૧ | ૪ | ૨ |

૧૫

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૪ | ૫ | ૩ | ૨ |
| ૪ | ૧ | ૫ | ૩ | ૨ |
| ૧ | ૫ | ૪ | ૩ | ૨ |
| ૫ | ૧ | ૪ | ૩ | ૨ |
| ૪ | ૫ | ૧ | ૩ | ૨ |
| ૫ | ૪ | ૧ | ૩ | ૨ |

૧૬

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | ૧ | ૨ |
| ૪ | ૩ | ૫ | ૧ | ૨ |
| ૩ | ૫ | ૪ | ૧ | ૨ |
| ૫ | ૩ | ૪ | ૧ | ૨ |
| ૪ | ૫ | ૩ | ૧ | ૨ |
| ૫ | ૪ | ૩ | ૧ | ૨ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૭

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૪ | ૫ | ૧ |
| ૩ | ૨ | ૪ | ૫ | ૧ |
| ૨ | ૪ | ૩ | ૫ | ૧ |
| ૪ | ૨ | ૩ | ૫ | ૧ |
| ૩ | ૪ | ૨ | ૫ | ૧ |
| ૪ | ૩ | ૨ | ૫ | ૧ |

૧૮

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૫ | ૪ | ૧ |
| ૩ | ૨ | ૫ | ૪ | ૧ |
| ૨ | ૫ | ૩ | ૪ | ૧ |
| ૫ | ૨ | ૩ | ૪ | ૧ |
| ૩ | ૫ | ૨ | ૪ | ૧ |
| ૫ | ૩ | ૨ | ૪ | ૧ |

૧૯

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૪ | ૨ | ૫ | ૩ | ૧ |
| ૨ | ૫ | ૪ | ૩ | ૧ |
| ૫ | ૨ | ૪ | ૩ | ૧ |
| ૪ | ૫ | ૨ | ૩ | ૧ |
| ૫ | ૪ | ૨ | ૩ | ૧ |

૨૦

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | ૨ | ૧ |
| ૪ | ૩ | ૫ | ૨ | ૧ |
| ૩ | ૫ | ૪ | ૨ | ૧ |
| ૫ | ૩ | ૪ | ૨ | ૧ |
| ૪ | ૫ | ૩ | ૨ | ૧ |
| ૫ | ૪ | ૩ | ૨ | ૧ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૐ અર્હન્

—નમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ—
અર્હન્તો ભગવંત ઇન્દ્ર મહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતાઃ।
આચાર્યાજિન શાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ॥
શ્રી સિદ્ધાંત સુપાઠકા । મુનિવરા રત્નત્રયારાધકાઃ ।
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ નો મંગલમ્ ॥ ૧

બ્રાહ્મી ચંદન બાલિકા ભગવતી રાજેમતી દ્રૌપદી ।
કૌશલ્યા ચ મૃગાવતી ચ સુલસા સીતા સુભદ્રા શિવા ॥
કુન્તી શીલવતી નલસ્ય દયિતા ચૂલા પ્રભાવત્યપિ ।
પદ્માવત્યપિ સુંદરી પ્રતિદિનં કુર્વન્તુ નો મંગલમ્ ॥
વીરઃપાર્શ્વનમિઃસુપાર્શ્વસુવિધિઃ શ્રેયાંસ મલ્લિઃશશિઃ।
નેમિ ર્નાભિજ વાસુપૂજ્ય વિમલઃ પદ્મપ્રભુઃ શીતલઃ ॥
કુન્થુ શાન્ત્યભિનંદનાર્હન્મુનિ ધર્મોજિતઃ સંભવો ।
ઽનંતઃ શ્રી સુમતિશ્ચ તીર્થપતયઃ કુર્વન્તુનો મંગલમ્ ॥૨

મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમ પ્રભુ
મંગલ સ્થુલીભદ્રાદ્યા જૈન ધર્મોસ્તુ મંગલમ્
સર્વ મંગલ માંગલ્યમ્ સર્વ કલ્યાણ કારણમ્
પ્રધાનમ્ સર્વ ધર્માણામ્ જૈનં જયતિ શાસનમ્



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્લોકનો અર્થ

ઇન્દ્ર સહિત દેવદાનવ અને માનવ વડે સન્માન–સત્કાર પામેલ વંદનીય અરિહંત દેવ, સર્વ કર્મને ક્ષય કરી સિદ્ધશીલાપર સ્થિત થયેલ સિદ્ધ ભગવાન; પંચાચારનું પાલન કરી જિનશાસનને ઉન્નત કરનાર શ્રી આચાર્યદેવ; તથા અંગોપાંગાદિ આગમોનું પઠન પાઠન કરાવનાર ઉપાધ્યાયજી અને રત્નત્રયીની આરાધના કરવામાં તત્પર એવા પ્રવર મુનિવરોઃ એ પાંચ અમારા માટે પરમ ઇષ્ટ દેવો છે. તે સતત અમારા આત્માનું કલ્યાણ કરો–૧

વર્તમાન શાસનપતિ ભગવાન મહાવીર દેવ ૨૪, શ્રી પાર્શ્વનાથજી ૨૩; થી નમિનાથજી ૨૧; શ્રી સુપાર્શ્વ-નાથજી ૭; શ્રી સુવિધિનાથજી ૯; શ્રી શ્રેયાન્સનાથજી ૧૧, થી મલ્લીનાથજી ૧૯; શ્રી ચંદ્રપ્રભુજી ૮; શ્રી નેમનાથજી ૨૨, શ્રી આદિનાથજી ૧; શ્રી વાસુપૂજ્યજી ૧૨; શ્રી વિમલ-નાથજી ૧૩, શ્રી પદ્મપ્રભુજી ૬; શ્રી શીતલનાથજી ૧૦; શ્રી કુંથુનાથજી ૧૭, શ્રી શાંતિનાથજી ૧૬; શ્રી અભિનંદનજી ૪; શ્રી અરનાથજી ૧૮; શ્રી મુનિ સુવ્રતનાથજી ૨૦; શ્રી ધર્મનાથજી ૧૫; શ્રી અજીતનાથજી ૨; શ્રી સંભવનાથજી ૩; શ્રી અનંતનાથજી ૧૪; અને શ્રી સુમતિનાથજી ૫, એ ચોવીસ તીર્થંકરો અમારૂં કલ્યાણ કરો–૨.

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ભક્તામર સ્તોત્ર

ભક્તામર–પ્રણત–મૌલિ–મણિ–પ્રભાણા
મુદ્યોતકં દલિત–પાપ–તમો વિતાનમ્ ।
સમ્યક્ પ્રણમ્ય જિન–પાદ–યુગં–યુગાદા,
વાલમ્બનં ભવ–જલે પતતાં જનાનામ્ (૧)

ભાવાર્થ :– આપને વંદન કરવાને નીચે નમેલા ભક્તિવાન દેવોના મુગટમાં રહેલી મણીઓની પ્રભાને પ્રકાશિત કરનાર; તેમજ પાપરૂપ અંધકારના સમુહનો નાશ કરનાર, જન્મ મરણ રૂપ, સંસાર સાગરમાં અટવાતા માનવીઓને અવલંબન રૂપ, યુગની આદિમાં થયેલા એટલે પ્રથમ જિનેશ્વર એવા શ્રી ઋષભદેવના બન્ને ચરણ કમળને વિનય સહિત વંદન કરીને (આ શ્લોકનો બીજા શ્લોક સાથે સંબંધ રહેલો છે) ૧

યઃસંસ્તુઃસકલ વાઙ–મય–તત્ત્વ–બોધા–
દુદભૂત–બુદ્ધિ–પટુભિઃસુર–લોક–નાથૈઃ ।
સ્તોત્રૈજગ–ત્રિતય–ચિત્ત–હરૈ રુદારૈઃ
સ્તોષ્યે કિલાહમપિતં પ્રથમં જિનેન્દ્રમ્ (૨)

ભાવાર્થ :– સર્વશાસ્ત્રોના તત્વો જાણવાથી ઉત્પન્ન થયેલી કુશળ બુદ્ધિ વડે, ત્રણે જગતનાં ચિત્તને હરણ કરનાર વિશાળ સ્તોત્ર વડે દેવોના દેવ શ્રી ઈન્દ્ર મહારાજાએ જેની સ્તુતિ કરી છે. એવા પ્રથમ જિનવર શ્રી ઋષભદેવની હું સ્તુંતિ કરીશ. (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુદ્ધ્યા વિનાપિ વિબુધા–ર્ચિત–પાદ–પીઠ ।
સ્તોતું સમુદ્યત – મતિર્વિગતત્રપોહમ્ ।
બાલં વિહાય જલ–સંસ્થિત મિન્દુબિમ્બ–
મન્યઃક ઇચ્છતિ જનઃસહસા ગ્રહિતુમ્ (૩)

ભાવાર્થ :– દેવો વડે પૂજાયા છે જેના ચરણના આસનો એવા હે જિનેન્દ્ર ! મારામાં વિશેષ બુદ્ધિ નહિ હોવા છતાં લજ્જાનો ત્યાગ કરીને સ્તુતિ કરવાને પ્રયત્નશીલ બનું છું. (ખરૂં જોતાં આ મારૂં સાહસ જ છે, કેમકે) પાણીમાં રહેલ ચંદ્રના પ્રતિબિમ્બને એકાએક ગ્રહણ કરવાને બાળક વિના બીજું કોણ ઇચ્છે ? (કોઈ જ નહિ) ૩.

વક્તું ગુણાન્ ગુણ–સમુદ્ર ! શશાંક–કાન્તાન્
કસ્તે ક્ષમઃ સુર–ગુરુ–પ્રતિમોઽપિ બુદ્ધ્યા
કલ્પાઽન્ત—કાલ—પવનોદ્ધત નક્ર–ચક્રમ્
કોવા તરિતુમલ મમ્બુ-નિધિ ભુજાભ્યામ્ (૪)

ભાવાર્થ :– હે ગુણોના સાગર ! ચન્દ્ર સમાન આપના નિર્મળ ગુણોનું વર્ણન કરવાને દેવોના ગુરૂ બૃહ-સ્પતિ સમાન બુદ્ધિવાળા અસમર્થ નીવડે (તો પછી મારી તો વાત જ શી ?) પ્રલયકાળના પવનથી ઉછળી રહેલા પહાડ જેવા મોજામાં અટવાઈ રહ્યા છે મહાન મગર અને મચ્છો વિગેરે જેમાં છે, એવા ભયંકર મહાસાગરને બે હાથ વડે તરવાને કોણ સમર્થ થાય ? (જ્યાં મોટા વહાણો નકામા નિવડે ત્યાં હાથથી તરી પાર જવાની તો વાત જ કેમ બને ?) ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોऽहं તથાપિ તવ ભક્તિ વશાન્મુનીશઃ ।
કર્તું સ્તવં-વિગત-શક્તિરપિ પ્રવૃત્તઃ ।
પ્રીત્યાત્મ-વીર્યમવિચાર્ય મૃગો મૃગેન્દ્રમ્
નાऽભ્યેતિ કિં નિજશિશોઃ પરિપાલનાર્થમ્ (૫)

ભાવાર્થ :– હે મુનિશ્વર ! આવા પ્રકારનો હું શક્તિ હીન હોવા છતાં આપની ભક્તિને વશ થઈ આ સ્તવન કરવાને પ્રયત્ન કરું છું એક હરણ પોતાની શક્તિનો વિચાર કર્યા વિના પોતાના બચ્ચાના રક્ષણ માટે કેસરી સિંહની સામે શું નથી જતું ? (મારા આ પ્રયાસ પણ આપના પ્રત્યેના પ્રેમનું પ્રતિક છે). ૫

અલ્પ-શ્રુતં શ્રુતવતાં પરિહાસ-ધામ
ત્વદ્ ભક્તિરેવ મુખરી કુરુતે બલાન્મામ્ ।
યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ
તચ્ચારુ-ચામ્ર-કલિકા નિકરૈક હેતુઃ (૬)

ભાવાર્થ :– હું અલ્પ સુત્રી એટલે મૂર્ખ જેવો અને જ્ઞાનીઓના હાસ્યનું પાત્ર છું. છતાં તમારા પ્રત્યેનો ભક્તિ ભાવ જ મને બળાત્કારે બોલવા પ્રેરે છે. જેમ કોયલ ચૈત્ર માસમાં મીઠા સ્વરે ગાન કરે છે તે કેવળ આમ્રવૃક્ષની સુંદર મંજરીનો જ પ્રભાવ છે (તેમ મારું આ કાર્ય કેવળ-ભક્તિભાવની પ્રેરણા છે) ૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ત્વત્સંસ્તવેન ભવ-સન્તતિ-સન્નિબદ્ધમ્ ।**
**પાપં ક્ષણાત્ક્ષયમુપૈતિ શરીર-ભાજામ્ ।**
**આક્રાન્ત-લોકમલિ-નીલમશેષમાશુ**
**સૂર્યાંશું-ભિન્નમિવ શાર્વરમન્ધકારમ્ (૭)**

ભાવાર્થ :- આપના શુભ સ્તવન વડે માનવ દેહધારીના જન્મમરણની હારમાળા લગાડી દેનારા પાપો ક્ષણ માત્રમાં નાશ પામે છે. ભ્રમરની પાંખ જેવો રાત્રિનો કાળો અંધકાર કે જે આખા લોકમાં વ્યાપી ગયેલ છે, તે સૂર્યના એક જ તેજસ્વી કિરણ વડે નાશ પામે છે. (આપના સ્તવનમાં સૂર્યથી પણ અધિક પ્રભાવ રહેલો છે.) ૭

**મત્વેતિ નાથ; તવ સંસ્તવનં મયેદ—**
**મારભ્યતે તનુ-ધિયાઽપિ તવ પ્રભાવાત્**
**ચેતો હરિષ્યતિ સતાં નલિની-દલેષુ**
**મુક્તાફલ - દ્યુતિમુપૈતિ નનૂંદ:-બિન્દુઃ (૮)**

ભાવાર્થ :- એમ વિચારી હે નાથ ! મારામાં ઓછી બુદ્ધિ હોવા છતાં આ સ્તવન રચવાનું શરૂ કરૂં છું. તે આપના જ પ્રભાવથી સજ્જનો માટે મનહરણ નીવડશે. જેમ કમળના સુંદર પત્રમાં પડેલું નાનું એવું પાણીનું બિન્દુ સાચા મોતીની શોભાને પ્રાપ્ત કરે છે. (તેમ આ સ્તવન સર્વ પાપોનો નાશ કરનાર બનશે.) ૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આસ્તાં તવ સ્તવનમસ્ત–સમસ્ત–દોષમ્
ત્વત્સંકથાઽપિજગતાં દુરિતાનિ હન્તિ ।
દૂરે સહસ્ત્ર કિરણ:કુરુતે પ્રભૈવ
પદ્મા–કરેષુ જલ–જાનિ વિકાસ–ભાંજિ (૯)

ભાવાર્થ :– સર્વ પાપને નાશ કરનાર એવા આપના સ્તવનની વાત તો શું કરૂં ? આપની શુભ કથા પણ જગતના પ્રાણીઓના પાપ સમૂહને નાશ કરે છે. જેમ હજારો કિરણવાળો સૂર્ય દૂર હોય છે છતાં તેની પ્રભા વડે જ પૃથ્વી પર રહેલા સરોવરમાંના કમળો ખીલી ઉઠે છે. (તેમ આ સ્તવન સર્વ પાપોનો નાશ કરનાર બનશે.)

ના–ત્યદ્‌ભૂતં–ભૂવન–ભૂષણ–ભૂત–નાથ
ભૂતૈર્ગુણૈર્ભૂવિ ભવન્તમભિષ્ટુવંતઃ ।
તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિંવા ?
ભૂત્યાશ્રિતં ય ઈહ નાત્મ–સમં કરોતિ (૧૦)

ભાવાર્થ :– હે જગતના ભૂષણ ! હે જગતના નાથ ! આપની ભાવપૂર્વક સ્તુતિ કરનાર આ જગતમાં આપના અદ્‌ભૂત ગુણોએ કરી આપના સમાન જ બની જાય છે, તેમાં કાંઈ આશ્ચર્ય નથી અથવા તો આ જગતમાં બની રહેતા શ્રીમન્તો પણ પોતાના આશ્રીતને શું પોતાના સમાન નથી બનાવતા ? (સંસારમાં રહેલા શ્રીમન્તો પણ આશ્રીતને શ્રીમન્ત બનાવી નાખે તો પછી આપની સેવા કરનાર આપની સમાન બને તેમાં આશ્ચર્ય શું ?) (૧૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટ્વા ભવન્તમ-નિમેષ-વિલોકનીયમ્
નાન્યત્ર-તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ
પીત્વા પયઃશશિ-કર-ધ્રુતિ-દુગ્ધ સિંધોઃ
ક્ષારં જલં જલ-નિધે-રશિતું ક ઇચ્છેત્ ? (૧૧)

ભાવાર્થ :– અનિમેષ દૃષ્ટિએ જોવા યોગ્ય આપનું નિર્મળ સ્વરૂપ નિહાળ્યા પછી માનવીના ચક્ષુઓ અન્ય સ્થળે સંતોષ પામતા નથી, ચંદ્રની ચાંદની સમાન ક્ષીર-સમુદ્રના ઉજ્જવળ દુધનું પાન કર્યા પછી લવણ સમુદ્રનું ખારૂં પાણી પીવાની ઈચ્છા કોણ કરે ? (આખા જગતમાં આપ અનુપમ દર્શનીય છો.) ૧૧

યૈઃ શાન્ત-રાગ-રુચિભિઃ પરમાણુભિસ્ત્વમ્
નિર્માપિતસ્ત્રિ – ભુવનૈક – લલામ ભૂત ।
તાવન્ત એવ ખલુ તેઽપ્યણવઃ પૃથિવ્યામ્
યત્તે સમાનમપરં નહિ રૂપમસ્તિ (૧૨)

ભાવાર્થ :– ત્રણે જગતમાં કાન્તિથી શોભાયમાન એવા હે પ્રભુ ! જે શાન્ત પ્રેમ પ્રભાના પરમાણુ વડે આપનું શરીર બનાવાયું છે કે તે પરમાણુઓ ખરેખર પૃથ્વી પર એટલાજ હતા જેથી આપના સમાન સૌન્દર્ય બીજા કોઈને મળ્યું નથી, (દેવોના હૃદયને પણ આહ્‌લાદિત કરે એવું જિનેશ્વરનું રૂપ હોય છે) ૧૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વક્ત્રં ક્વ તે સુરનરોરગ-નેત્ર-હારિ**
**નિઃશેષ-નિર્જિત-જગત્ ત્રિતયોપમાનમ્ ।**
**બિમ્બં કલંક-મલિનં ક્વ નિશાકરસ્ય**
**યદ્ વાસરે ભવતિ પાણ્ડુ-પલાશ-કલ્પમ્ (૧૩)**

ભાવાર્થ :- ત્રણે જગતમાં અપાતી સર્વ સુંદર ઉપમાઓમાં વિજય પામેલ એવું દેવ, માનવ કે નાગેન્દ્રના ચક્ષુને હરણ કરનારૂ આપનું મુખ કમળ ક્યાં ? અને કલંકથી મલીન થયેલ વળી દિવસે ખાખરાના પાનની માફક પીળું પડી જનારૂં ચંદ્રનું બિમ્બ ક્યાં ? (મતલબ સુંદર મુખને ચંદ્રની ઉપમાં આપવામાં આવે છે, પણ આપનું મુખ તો ચંદ્ર કરતાં પણ અનેક ગણી કાંતિવાળું અને નિર્મળ છે.) ૧૩

**સંપૂર્ણ-મણ્ડલ શશાંક-કલા કલાપ-**
**શુભ્રા ગુણાસ્ત્રિ-ભુવનં તવ લંઘયંતિ**
**યે સંશ્રિતાસ્ત્રિ જગદીશ્વર- નાથમેકમ્**
**કસ્તાન્નિવારયતિ સંચરતો યથેષ્ટમ્ ? (૧૪)**

ભાવાર્થ :- સંપૂર્ણ મંડળસહ ચંદ્રની કલાના સમુહસમાન આપના ઉજ્જવળ ગુણો ત્રણે જગતમાં વ્યાપી રહેલ છે. ત્રણ જગતના ઇશ્વિર એવા હે નાથ ! જેઓ આપના એકના જ આશ્રયમાં આવી રહેલા છે, તેને ઇચ્છા માફક વિચરતાં કોણ રોકી શકે ! (આપના સર્વ શ્રેષ્ઠ ગુણોના ગાન ત્રણે લોકમાં થાય છે.) ૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિત્રં કિમત્ર યદિ તે ત્રિ–દશાંગનાભિ–
ર્નીતં મના ગપિ મનો ન વિકાર માર્ગમ્ ।
કલ્પાન્ત–કાલ–મરુતા ચલિતા ચલેન
કિં મન્દરાદ્રિ, શિખરં ચલિતમ્ કદાચિત્ (૧૫)

ભાવાર્થ :– સૌન્દર્યના નિધિ જેવી દેવાંગનાઓ અનેક પ્રયત્નો વડે પણ આપના મનને લેશમાત્ર પણ વિકારમય ન બનાવી શકી હોય તો તેમાં આશ્ચર્ય જેવું શું છે! પર્વતોને હચમચાવી ઉખેડી ફેંકી દેનાર પ્રલયકાળનો પવન પણ મેરૂગિરિના શિખરને શું કદાપિ ડોલાવી શકે ? (આપે કામદેવ ઉપર અજોડ વિજય મેળવ્યો છે.) ૧૫

નિર્ધૂમ – વર્ત્તિરપવર્જિત – તૈલ – પૂરઃ
કૃત્સ્નં જગત્ત્રયમિદં પ્રકટી–કરોષિ ।
ગમ્યો ન જાતુ મરુતાં ચલિતા–ચલાનામ્
દીપોઽપરસ્ત્વમસિ નાથ જગત્પ્રકાશઃ (૧૬)

ભાવાર્થ :– હે નાથ ! જેમાં ધુમ્ર નથી, વાટ કે તેલ પુરવાની જરૂર નથી એવા, તેમજ આ ત્રણે જગતના તત્ત્વો એકી સાથે પ્રગટ કરનાર મહા પ્રકાશવાન અને મોટા પહાડો ને ઉખેડી નાખનાર પવન પણ જેને બુઝાવી ન શકે એવા પ્રબળ પ્રતાપી અને આખા જગતના પ્રાણીઓને પ્રકાશ આપનાર આપ અનેરા દીપક છો. (એક જ્યોતિમય દીપક બીજા અનેક દીપકને જ્યોતિવાન બનાવે છે તેમ આપ અનેકના જીવનમાં જ્ઞાન જ્યોતિ પ્રગટાવો છો) ૧૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુ–ગમ્યઃ,
સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગન્તિ ।
નામ્ભો–ધરોદર–નિરુદ્ધ–મહા–પ્રભાવઃ
સૂર્યાતિશાયિ મહિમાસિ મુનીન્દ્ર ! લોકે (૧૭)

ભાવાર્થ :– હે મુનીંદ્ર ! આ જગતમાં આપ સૂર્યથી પણ અધિક મહિમાવાન છો (કેમકે સૂર્યમાં દુષણ છે તે આપનામાં નથી જેવા કે) કદી અસ્ત થવાનો નથી, રાહુ ગ્રહણ કરી શકતો નથી. એકજ સાથે શીઘ્રતાથી આખા જગતને પ્રકાશ કરી શકો છો તેમજ વાદળાં પણ આપના મહા પ્રભાવને રોકી શકતા નથી. (જ્ઞાન રૂપ સૂર્ય અંધને ચક્ષુવાન બનાવે છે.) ૧૭

નિત્યોદયં દલિત–મોહ–મહાન્ધકારમ્
ગમ્યં ન રાહુ વદનસ્ય ન વારિદાનામ્
વિભ્રાજતે તવ મુખાબ્જમનલ્પ—કાન્તિ
વિદ્યોતયજ્જગદ–પૂર્વ–શશાઙ્ક—બિમ્બમ્ (૧૮)

ભાવાર્થ :– જે નિત્ય ઉદય પામેલ છે અને મોહરૂપી અંધકારનો જેણે નાશ કર્યો છે વળી રાહુ જેનું ગ્રહણ કરી શકતો નથી કે વાદળા જેના પર આચ્છાદિત થતાં નથી એવું ચમકતા અપૂર્વ ચંદ્ર બિંબ જેવું મહાન કાન્તિવાળું આપનું મુખકમળ શોભી રહ્યું છે, (મુખ ઉપર કાન્તિ અને પ્રભાવ સાથે સૌમ્યતાપૂર્ણ રૂપે વિરાજી રહી છે.) ૧૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિં શર્વરીષુ શશિનાન્હિવિસ્વતા વા
યુષ્મન્મુખેન્દુ–દલિતેષુ તમસ્સુ નાથ ।
નિષ્પન્ન–શાલિ–વન–શાલીની જીવલોકે
કાર્યં કિયજ્જલધરૈ ર્જલ–ભાર નમ્રૈઃ (૧૯)

ભાવાર્થ :– હે નાથ ! આપના મુખરૂપ ચંદ્ર વડે અંધકારનો નાશ થઈ જાય છે, પછી રાત્રીના વિષે ચંદ્ર અને દિવસે સૂર્યની શી જરૂર છે ? ડાંગરના ક્ષેત્રમાં ડાંગર પાકી ગયા પછી પાણીના ભારથી નીચા નમેલ (મેઘ) વાદળાની આ લોકમાં શી જરૂર છે ? (સૂર્ય દિવસે અને ચંદ્ર રાત્રે પ્રકાશ આપે છે કિન્તુ આપ તો રાત્રિ અને દિવસ બન્ને સમય અને આખા જગતમાં એકી સાથે જ્ઞાન–પ્રકાશ આપી શકો છો) ૧૯

જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશમ્
નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ ।
તેજઃ સ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્વમ્
નૈવં તુ કાચશકલે કિરણા કુલેડપિ (૨૦)

ભાવાર્થ :– આપનામાં અવકાશ કરી રહેલ જ્ઞાન જેવું શોભી રહ્યું છે એવું હરિહરાદિક નેતાઓ વિષે કદી હોતું નથી. કેમકે ચમકતા મણીમાં જે તેજ મહત્વને પામે છે તે શું કિરણ વેરતા કાચના કકડામાં જોઈ શકાશે ? (હરિહરાદિકમાં અને આપનામાં કાચમણી જેટલું જ અંતર છે.) ૨૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મન્યે વરં હરિહરાદય એવ દૃષ્ટા—
દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ ।
કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ
કશ્ચિન્મનો હરતિ નાથ ભવાન્તરેઽપિ (૨૧)

ભાવાર્થ :– હે પ્રભુ ! હરિહરાદિકને મેં જોયા તે સારૂં થયું એમ હું માનું છું, કેમકે તેમને જોવાથી તો મારૂં દિલ આપનામાં જ સંતોષ પામે છે. હે નાથ ! આપને એક વખત જોયા પછી આ લોકમાં કે બીજા જન્મમાં પણ અન્ય કોઈ મારા દીલને હરણ કરનાર નથી. (ક્યાં ચંદ્રના મંદ પ્રકાશમાં ચમકાર બતાવતું પતંગીયું અને ક્યાં જાજ્વલ્યમાન સૂર્ય ? ૨૧

સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્
નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસૂતા ।
સર્વાદિશો દધતિ ભાનિ સહસ્ર–રશ્મિમ્
પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુ જાલમ્ (૨૨)

ભાવાર્થ :– કરોડો સ્ત્રીઓ કરોડો પુત્રોને જન્મ આપે છે કિન્તુ આપના સમાન પ્રબળ પ્રતાપી ગુણવાન પુત્રને જન્મ આપવાવાળી માતા બીજી કોઈ જ નથી. તારા નક્ષત્રાદિક ને દરેક દિશાઓ જન્મ આપી શકે છે પણ હજારો કિરણો ધારણ કરવાવાળા ચમકતા સૂર્યને તો પૂર્વ દિશા જ જન્મ આપે છે. (મહાન ગુણવાળી સંસ્કારી અને પુણ્યાવાન માતા જ ઉત્તમોત્તમ પુત્રને જન્મ આપે છે.)૨૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્વામામનન્તિ મુનયઃ પરમં પુમાંસ—
માદિત્યવર્ણ મમલં તમસઃપુરસ્તાત્ ।
ત્વામેવ સમ્યગુપલભ્ય જયંતિ મૃત્યું:
નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીન્દ્ર પન્થાઃ (૨૩)

ભાવાર્થ :— આપને મુનિરાજો પરમ પુરુષ માને છે. કેમકે અંધકારની આગળ આપ ચમકતા સૂર્ય જેવા છો. આપને સંપૂર્ણપણે ધારણ કરીને (આપની આજ્ઞાનું સંપૂર્ણ પાલન કરીને) મૃત્યુ પર વિજય મેળવાય છે. મુક્તિનો કલ્યાણકારી માર્ગ આપના સિવાય બીજો કોઇ જ નથી (આત્માની મુક્તિ આપની આજ્ઞાના પાલનમાં જ રહેલી છે.) ૨૩

ત્વામવ્યયં વિભુમચિન્ત્યમ—સંખ્ય માદ્યં
બ્રહ્માણ મીશ્વર મનન્ત મનંગ કેતુમ્ ।
યોગીશ્વરં વિદિત—યોગ મનેક મેકમ્ ।
જ્ઞાન સ્વરૂપમ—મલં પ્રવદન્તિ સન્તઃ (૨૪)

ભાવાર્થ :— સંત મહાત્માઓ આપને અવ્યય, વિભુ, અચિન્ત્ય, અસંખ્ય, આદિપુરૂષ, બ્રહ્મા, ઇશ્વર, કામદેવ, યોગીશ્વર, યોગવિદ્, અનેક, એક; જ્ઞાન સ્વરૂપ અને નિર્મળ વગેરે નામથી ઓળખે છે (એ દરેક નામના ગુણો આપનામાં પ્રગટપણે રહેલા છે) ૨૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુદ્ધસ્ત્વમેવ-વિબુધાર્ચિત-બુદ્ધિ-બોધાત્ ।
ત્વં શંકરોઽસિ ભુવનત્રય શંકરત્વાત્ ।
ધાતાસિ ધીર ! શિવ માર્ગ વિધે વિંધાનાત્
વ્યક્તં ત્વમેવભગવન્ ! પુરુષોત્તમોસિ (૨૫)

ભાવાર્થ :– હે દેવોના પૂજનીય ! બુદ્ધિગમ્ય ઉપદેશ દેવા વડે આપ જ બુદ્ધ છો, ત્રણે લોકના પ્રાણીનું કલ્યાણ કરનાર છો માટે આપ જ શંકર છો. મહાકલ્યાણકારી મોક્ષ માર્ગના નિર્માતા હોવાથી આપ જ બ્રહ્મા છો. હે ભગવાન ! સ્પષ્ટ જ છે કે આપ દરેક પુરૂષોમાં ઉત્તમ છો. ૨૫

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ !
તુભ્યં નમઃક્ષિતિ તલામલ ભૂષણાય !
તુભ્યં નમસ્ત્રિ જગતઃ પરમેશ્વરાય
તુભ્યં નમો જિન ભવોદધિ-શોષણાય (૨૬)

ભાવાર્થ :– ત્રણે જગતનાં પ્રાણીઓના દુઃખને હરણ કરવાવાળા એવા હે નાથ ! આપને મારા નમસ્કાર હો, આખી પૃથ્વીના નિર્મળ ભુષણ એવા આપને મારા નમસ્કાર હો, ત્રણે જગતના પરમેશ્વર એવા આપને મારા નમસ્કાર હો જન્મ-મરણરૂપ સંસારનું શોષણ કરવાવાળા એવા હે જિનેશ્વર ! આપને મારા નમસ્કાર હો. (સર્વ ગુણસંપન્ન એવા જિનેશ્વર જ વંદનીય છે. પંચ પરમેષ્ઠીને મેળવ્યા પછી જ્યાં ત્યાં મસ્તક ઝુકાવનાર સમજહિન બાળક લેખાય છે) ૨૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કો વિસ્મયયોઽત્ર ! યદિ નામ ગુણૈર-શેષૈ
સ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ !
દોષૈરુપાત્ત—વિવિધાશ્રયજાત ગર્વૈઃ
સ્વપ્નાન્તરેઽપિ ન કદાચિદ પીક્ષિતોઽસિ (૨૭)

ભાવાર્થ :–હે મુનિઓના નાથ ! સંપૂર્ણ ગુણોએ આપનામાં આવીને અવકાશ રહિતપણે વાસ કર્યો છે. તેમાં આશ્ચર્ય શું છે ! કેમકે અન્ય દરેક સ્થળે વિવિધરૂપે આશ્રય મળવાથી ગર્વ પેદા થયો છે જેને એવા દોષોએ સ્વપ્નમાં પણ કદી આપની સામે જોયું નથી (આપ કેવળ ગુણો-નાજ સમૂહ છો.) ૨૭

ઉચ્ચૈરશોક તરુસંશ્રિત મુન્મયુખ—
માભાતિ રુપમ-મલં ભવતો નિતાન્તમ્ ।
સ્પષ્ટોલ્લસત્કિરણ મસ્ત-તમો વિતાનમ્
બિમ્બં રવેરિવ પયોધર પાર્શ્વવર્તિ (૨૮)

ભાવાર્થ :– ઉંચા અશોક તરૂની નીચે બિરાજેલા એવા આપના શરીરની કાન્તિ ખરેખર ચમકતા કિરણો વડે અંધકારનો નાશ કરી ઉર્ધ્વમુખ કિરણો બની શરીરના નિર્મળરૂપને મેઘના કાળા વાદળાં નજીક રહેલા સૂર્યની માફક પ્રકાશીત કરે છે. ૨૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિંહાસને મણિ–મયૂખ–શિખા–વિચિત્રે !
વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્ ।
બિમ્બં વિયદ્વિલ સદંશુ–લતા–વિતાનમ્
તુંગોદયાદ્રિ–શિરસીવ સહસ્ત્ર રશ્મેઃ (૨૯)

ભાવાર્થ :– કિરણો વેરતાં વિવિધ મણી જડીત સિંહાસનમાં આપનું શરીર સુવર્ણ જેવું શોભી રહે છે, તે માનો ઊંચા ઉદયાચળના શિખર પર નિર્મળ તેજસ્વી કિરણવાળા સૂર્ય સમાન દેખાય છે.) ૨૯

કુન્દાવદાંત–ચલ-ચામર–ચારુ–શોભમ્ ।
વિભ્રાજતે. તવ વપુઃ કલ–ધૌત–કાન્તમ્,
ઉદ્યચ્છશાઙ્ક–શુચિ-નિર્ઝર-વારિ ધાર–
મુચ્ચૈઃસ્તટં સુર–ગિરેરિવ શાંત–કૌમ્ભમ્ (૩૦)

ભાવાર્થ :– દેવો વડે વિંઝાતા સુંદર શોભનીય શ્વેત ચામરો વડે આપનું શરીર સુવર્ણ સમાન શોભે છે. તે માનો કે ઉગતા ચંદ્રની ચાંદની જેવા નિર્મળ ઝરતાં ઝરણો વડે દેવગિરિ (મેરૂપર્વત) ના સુવાર્ણમય ઉંચા શિખર શોભી રહ્યા હોય તેમ દેખાય છે. ૩૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છત્રં ત્રયં તવ વિભાતિ શશાંક કાન્ત-
મુચ્ચૈઃ સ્થિતં સ્થગિત ભાનુકર-પ્રતાપમ્
મુક્તા-ફલ-પ્રકર -જાલવિવૃદ્ધ-શોભમ્
પ્રખ્યાપયત્ત્રિજગતઃ પરમેશ્વરત્વમ્ (૩૧)

ભાવાર્થ :- ચંદ્ર સમાન તેજસ્વી છે કાન્તિ જેની વળી સૂર્યના પ્રતાપને જેણે રોકી રાખ્યો છે. સાચા મોતીના સમૂહ વડે જેની શોભામાં વૃદ્ધિ થઈ રહી છે, એવા આપની ઉપર આકાશમાં રહેલા ત્રણ છત્રો માનવીઓના મનને હરણ કરતાં શોભી રહ્યા છે. તે આપના ત્રણ જગતના આધિપત્યને દર્શાવે છે. ૩૧

ગમ્ભીર તાર રવ-પૂરિત દિગ્વિભાગ-
સ્ત્રૈલોકય-લોક-શુભ-સંગમ-ભૂતિ-દક્ષઃ
સદ્ધર્મરાજ-જયઘોષણ - ઘોષક સન્
ખે દુ દુ ભિ ર્વનતિ તે યશસઃ પ્રવાદી (૩૨)

ભાવાર્થ :- ગંભીર અને મોટી સ્વર વડે જેણે દિશાઓ ગજાવી મુકી છે, પણ જગતના લોકોને શુભ સમાગમ આપવામાં કુશળ અને સદ્ધર્મની જયઘોષણા કરતો એવો આકાશમાં થતો દુન્દુભીનો નાદ આપના વિમળ યશને પ્રગટ કરી રહ્યો છે. ૩૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંદાર–સુંદર– નમેરુ – સુપારિજાત–
સંતાનકાદિ–કુસુમોત્કર–વૃષ્ટિ રૂદ્ધા ॥
ગંધોદ–બિંદુ–શુભ–મંદ–મરૂત્પ્રપાતા–
દિવ્યા દિવઃ પતતિ તે વચસાં તતિર્વા (૩૩)

ભાવાર્થ :– મંદાર સુન્દર નમેરૂ, સુપારિજાતક અને સંતાનક વગેરે કલ્પવૃક્ષોના કુસુમોની દેવો તરફથી દિવ્ય વૃષ્ટિ જે સુગંધી જળકણ સહિત શુભ ધીમા પવનથી પ્રેરાયલી આપની સમીપે વર્ષી રહી છે તે આપના મુખ કમળમાંથી નીકળતાં વચનોની પંક્તિ સમાન શોભે છે. ૩૩

શુમ્ભત્પ્રભાવલય - ભૂરિ–વિભા વિભોસ્તે
લોકત્રયદ્યુતિમતાં દ્યુતિમાક્ષિપન્તિ ।
પ્રોદ્યદ્દ દિવાકર–નિરંતર–ભૂરિ–સંખ્યા
દીપ્ત્યા જયત્યપિનિશામપિસોમ–સૌમ્યામ્ (૩૪)

ભાવાર્થ :– હે વિભો ! આપના ઉજ્જવળ પ્રભા–વલયની શ્રેષ્ઠ કાન્તિ ત્રણ જગતના તેજસ્વી પદાર્થોના તેજને હણી નાખે છે અને રાત્રિને વિષે રહેલ શીતળ ચંદ્ર કે દિવસે ઉદયમાન થયેલ સેંકડો કિરણો ફેલાવતા સૂર્યની મહા તેજસ્વી કાન્તિ પર પણ વિજય મેળવે છે. (ભામંડળની પ્રભા સૂર્ય કરતાં પણ તેજસ્વી છે.) ૩૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વર્ગાપવર્ગ ગમ માર્ગ વિમાર્ગણેષ્ટઃ ।
સદ્ધર્મ-તત્વ-કથનૈક પટુ સ્ત્રિલોકયામ્ ॥
દિવ્ય ધ્વનિ ર્ભવતિ તે વિશદાર્થ સર્વ ।
ભાષા સ્વભાવ પરિણામગુણૈઃ પ્રયોજ્ય ॥ (૩૫)

ભાવાર્થ :– સ્વર્ગ અને મોક્ષના માર્ગને બતાવનાર, ત્રણ લોકમાં સદ્ધર્મનાં તત્વો કહેવામાં પૂરો કુશળ અને નિર્મળ અર્થ સહિત સર્વે ભાષામાં સહજ પરિણમતો એવો આપનો દિવ્ય નાદ ગાજે છે. ૩૫

ઉન્નિદ્ર હેમનવ-પંકજ પુંજ-કાન્તિ ।
પર્યુલ્લસન્નખ મયૂખ શિખાભિરામૌ ॥
પાદૌ પદાનિ તવ યત્ર જિનેન્દ્ર ! ધત્તઃ ।
પદ્મનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયન્તિ ॥ (૩૬)

ભાવાર્થ :– હે જિનેન્દ્રે ! તપાવેલા સુવર્ણમય નવા ખીલેલા કમળના સમુહની કાન્તિ જેવા અને વિકસિત કિરણોવાળા નખ વડે શોભી રહેલા આપના ચરણ કમળો જ્યાં જ્યાં મૂકાય ત્યાં ત્યાં સુંદર સુવર્ણ કમળની દેવો રચના કરે છે. ૩૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇત્થં યથા તવ વિભૂતિ રભૂજ્જિનેન્દ્ર, ।
ધર્મોપદેશ ન–વિધૌ ન તથા પરસ્ય ॥
યાદક્ પ્રભા દિનકૃતઃ પ્રહતાંધકારાઃ ।
તાદક્ કુતો ગ્રહ–ગણસ્ય વિકાશિનોપિ ॥ (૩૭)

ભાવાર્થ :– હે જિનેશ્વર ! ધર્મોપદેશ સમયે અશોક વૃક્ષ; રત્નમય સિંહાસન વગેરે, ઉપર પ્રમાણે આપને માટે જે વિશિષ્ટ સંપત્તિ દેવો દ્વારા થાય છે, તેવી બીજા કોઈને માટે થતી નથી. રાત્રીના અંધકારને નાશ કરનારા તેજસ્વી સૂર્યની જે પ્રભા હોય છે તેવી વિકાસ પામેલા એવા ગ્રહોના સમૂહની પણ ક્યાંથી હોય ? (આપના ઉપર મુજબના અતિશયો પણ આપનું પ્રભુત્વ પ્રગટ કરે છે.) ૩૭

શ્ચ્યોતન્મદા–વિલ–વિલોલ–કપોલ–મૂલ–
મત્ત–ભ્રમદ્–ભ્રમર–નાદ–વિવૃદ્ધ–કોપમ્ ॥
ઐરાવતા ભૂમિ ભમુદ્ધત માપતન્મ્ ॥
દૃષ્ટ્વા ભયં ભવતિ નો ભવદાશ્રિતાનામ્ ॥ (૩૮)

ભાવાર્થ :– ઝરતા મદ વડે જેનું ગંડસ્થળ ભીંજાઈ રહ્યું છે અને એ મદની સુગંધથી આકર્ષાઇ આવેલા મસ્ત ભ્રમરોના ગુંજારવ વડે જેનો કોપ વૃદ્ધિ પામ્યો છે, એવા ભયંકર ઐરાવત જેવા મદમસ્ત અને સુંઢ ઉછાળીને આવતા હાથીને જોઇને પણ આપના આશ્રિતને જરા પણ ભય લાગતો નથી. (હસ્તી ભય નિવારણ કરવા પ્રભુનો આશ્રય અંગીકાર કરો) ૩૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભિન્નેભ કુમ્ભ ગલદુજ્જવલ શોણિતાક્ત ।
મુક્તાફલ પ્રકર ભૂષિત ભૂમિ ભાગઃ ॥
બદ્ધ ક્રમઃ ક્રમગતં હરિણાધિપોપિ ।
ના ક્રામતિ ક્રમ યુગાચલ સંશ્રિતં તે ॥ (૩૯)

ભાવાર્થ :– પહાડ જેવા હાથીના ગંડસ્થળને ભેદીને ઉજ્જવળ પણ લોહીથી રંગાએલા મોતીના સમુહ વડે જેણે જંગલની ભૂમિને શોભાવી દીધી છે, એવો છલાંગ મારીને ઉછાળી આવતો વિક્રાળસિંહ પણ જેણે આપના ચરણરૂપ પર્વતનું શરણ સ્વીકાર્યું છે. તેના પર જરા પણ આક્રમણ કરી શકતો નથી. (જિનેશ્વરના શરણા સ્વીકારો, સિંહ પણ શિયાળ બની જશે.) ૩૯

કલ્પાન્ત–કાલ–પવનોદ્ધત વન્હિ કલ્પમ્ ।
દાવાનલં જ્વલિત મુજ્જવલ મુત્સ્પુલિંગમ્ ॥
વિશ્વં જિઘત્સુમિવ સંમુખમાપતન્તમ્ ।
ત્વન્નામ કીર્તન જલં–શમયત્ય શેષમ્ ॥ (૪૦)

ભાવાર્થ :– પ્રલય કાળના પવન વડે આકાશમાં ઉછળી રહી છે, અગ્નિની જ્વાળાઓ, જેમાં એવો અને ઉજ્જવલ ઉડતી ચમકતી ચીનગારીઓવાળો આખા જગતને બાળી નાખવાનો તલપતો સામે આવી ઉપસ્થિત થયેલ દાવાનળ પણ આપના કીર્તન રૂપ જળ વડે સંપૂર્ણ શાન્ત થઈ જાય છે; (જિનેશ્વર દેવના ગુણગ્રામ બાહ્ય અને આભ્યંતર બન્ને અગ્નિ બુજાવે છે.) ૪૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રકતેક્ષણં સમદ કોકિલકંઠનીલમ્ ।
ક્રોધોદ્ધતં ફણિન મુત્ફણ માપતન્તમ્ ॥
આક્રામતિ ક્રમયુગેન નિરસ્ત શંક ।
સ્ત્વન્નામ નામ દમની હૃદિયશ્ય પુંસઃ (૪૧)

ભાવાર્થ :- જેની આંખ લાલઘુમ બની છે અને વિષ વડે જેનું ગળું નીલવર્ણી બન્યું છે. એવા ક્રોધથી ઉન્મત્ત બની ફેણ ઊંચી ઉપાડી સામે ધસી આવતા મહાવિષધર નાગને પણ જે માનવીના હૃદયમાં આપના નામરૂપ નાગદ-મની વિદ્યા છે તે શંકા રહિતપણે ક્રમસર પગ ઉપાડી ચાલતા ઓળંગી જાય છે. (આપના નામરૂપ પ્રભાવે ભયં-કર નાગ પણ નિર્જીવ દોરડી જેવો થઈ જાય છે.) ૪૧

વલ્ગતુરંગગજ ગર્જિત્ ભીમ નાદ ।
માજૌ બલં બલવતામપિ ભૂપતીનામ્ ॥
ઉદ્યદ્ દિવાકર મયૂખ શિખાપવિદ્ધમ્ ।
ત્વત્કીર્તનાત્તમ ઈવાશુભિદાયુપૈતી (૪૨)

ભાવાર્થ :- જેની અંદર હણહણાટપૂર્વક ઘોડાઓ કુદી રહ્યા છે. હાથીઓની ભયંકર ગર્જનાઓના નાદ થઈ રહ્યા છે. એવા મહાભયંકર રણ મેદાનમાં યુદ્ધઘેલા મહા બળવાન રાજાના મોટા સૈન્યને પણ જેમ ઊગતા સૂર્યના કિરણો અંધકાર ભેદાય છે, તેમ તમારા કીર્તન વડે બહુ જલદીથી ભેદી શકાય છે (મતલબ કે આપના કિર્તન કરનાર ભક્તને આવા ભયંકર સૈન્યો પર વિજય મેળ-વવો ઘણો જ સહેલો છે.) ૪૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કુન્તાગ્ર-ભિન્ન-ગજશોણિત-વારિવાહ ।**
**વેગાવતાર તરણાતુર યોધ ભીમે ।**
**યુદ્ધેજયં વિજિત દુર્જય-જેય-પક્ષા ।**
**સ્ત્વત્પાદ પંકજવનાશ્રયિણોલભન્તે ॥ (૪૩)**

ભાવાર્થ :- ભાલાઓની તીક્ષ્ણ અણીઓ વડે છેદાયેલા હાથીના મહાભારી અંગોમાંથી છુટતી લોહીની ધારાઓ પૃથ્વી પર પડી સાથે મળી જવાથી વહેતી રૂધિરની નદીઓના પ્રવાહમાં તરવાને આતુર બની રહેલાં કેસરીઆ કરી કુદી પડેલા મહાન યોદ્ધાઓ શોભે છે. જેમાં, એવા ભયંકર યુદ્ધને વિષે પણ આપના ચરણકમળરૂપ વનનો આશ્રય કરી રહેનાર અજેય શત્રુઓને પણ જીતી જાય છે. ૪૩

**અંભો-નિધૌ ક્ષુભિત ભીષણ નક્રચક્ર ।**
**પાઠીન પીઠ ભયદોલ્વણ વાડવાગ્નૌ ॥**
**રંગત્તરંગ-શિખર-સ્થિત-યાન પાત્રા ।**
**સ્ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્વ્રજન્તિ ॥ (૪૪)**

ભાવાર્થ - જેમાં ભયંકર મગરો, મચ્છો આદિ અથડાઈ રહ્યા છે, વળી વડવાનલ જેમાં પ્રજ્વલી રહ્યો છે એવા ખળભળી ઉઠેલા ભયંકર મહાસાગરના ઉછળતા મોજા ઉપર ડોલી રહેલ છે. જેના વહાણો-એવા માનવીઓ પણ આપના સ્મરણ માત્રથી ઉપરના ત્રાસનાંથી મુકત થઈ પોતાના વહાણ સહિત કિનારે સહી સલામત આવી પહોંચે છે. (જલસાગર અને ભવસાગર બન્નેના કિનારે લઈ જાય છે.) ૪૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદ્ભુત ભીષણ–જલોદર ભાર ભુગ્ના
શોચ્યાં દશા મુપગતા ચ્યુત જીવિતાશા ॥
ત્વત્પાદ પંકજ રજોઽમૃત દિગ્ધ દેહા
મર્ત્યા ભવંતિ મકરધ્વજ તુલ્ય રૂપાઃ ! (૪૫)

ભાવાર્થ – ભયંકર જલોદરની મહાવ્યાધીથી ઘેરાઇ ચુકયું જેનું શરીર અને તેથી શોચનીય કરૂણદશાએ પહોંચ્યું અને જીવનની આશા જ જેણે છોડી દીધી છે એવા મહા બિમારીમાં ઘેરાયેલા માનવીઓ પણ આપના ચરણકળની અમૃત સમાન રજ ધારણ કરે તો સર્વ બીમારીઓને દુર કરી કામદેવ સમાન સર્વાંગસુંદર રૂપવાળા નિરોગી બને છે. (કાયાની અને આત્માની બંનેની બિમારીને દુર કરનાર અજબ ઔષધ ચરણરજ.) ૪૫

આપાદ કણ્ઠ મુરૂ શૃંખલ વેષ્ટિતાંગાઃ ।
ગાઢં બૃહન્નિગડ કોટિ સિઘૃષ્ટ જંઘાઃ ॥
ત્વન્નામ મન્ત્ર મુનિશં મનુજાઃ સ્મરન્તઃ ॥
સદ્યઃ સ્વયં વિગત બન્ધ ભયા ભવન્તિ (૪૬)

ભાવાર્થ :– પગથી માથા સુધી ગાઢ બંધન બાંધ્યા છે અને જડેલી ભારે બેડીઓની અણીઓના ઘસારાથી સાથળ અને પીંડીઓ જેની છોલાઈ રહી છે એવા મહાદુઃખી આજીવન કેદી બનેલ માનવી પણ જો આપના નામનું સ્મરણ કરે તો ઘણી જ જલ્દીથી પોતે બંધનના ભયથી રહિત થાય છે. (એટલે કે ગાઢ બંધનોથી પણ મુકત થાય છે.) ૪૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મત્ત દ્વિપેન્દ્ર મૃગરાજ દવાઽનલાહિ ।
સંગ્રામ વારિધિ મહોદર બન્ધનોત્થમ ॥
તસ્યાશુ નાશ મુપયાતિ ભયં ભિયેવ ।
યસ્તાવકં સ્તવમિમં મતિમાનધીતે ॥ (૪૭)

ભાવાર્થ :– મદથી ઉન્મત્ત બનેલ હાથી, ઉછળતો કુદતો કેસરી સિંહ; જગત ભક્ષી દાવાનળ. ક્રોધથી ઉન્મત્ત ફણાવાળો નાગ, ભયંકર યુદ્ધક્ષેત્ર, ખળભળી ઉઠેલો સાગર, દેહનાશક જળોદર જેવા મહા વ્યાધિ. જેલના ભયંકર બંધનો વગેરેથી ઉત્પન્ન થયેલા ભયને જે બુદ્ધિમાન પુરુષ આપનું આ સ્તવન કરે છે તે શીઘ્રતાથી નાશ કરે છે (આ સ્તવન સર્વ દોષોને દુર કરવાવાળું છે; સર્વ પ્રકારનાં ઉપસર્ગના કે અશુભ કર્મોદયના ભયને નાશ કરી આત્માને નિડર બનાવે છે.)

સ્તોત્ર સ્ત્રંજ તવ જિનેન્દ્ર ! ગુણૈર્નિબદ્ધામ્ ।
ભક્ત્યા મયા રૂચિર વર્ણ વિચિત્ર પુષ્પામ્
ધત્તો જનો ય ઇહ કણ્ઠ ગતામજસ્ત્રમ્
તં માનતુંગમવશા સમુપૈતિ લક્ષ્મીઃ ॥ (૪૮)

(ઇતિ ભક્તામર સ્તોત્ર સમ્પૂર્ણમ્)

ભાવાર્થ ;– હે જિનેન્દ્ર ! અપના ગુણરૂપ દોરામાં વિવિધ વર્ણરૂપ અક્ષર રૂપ વિચિત્ર પુષ્પો મૂકી ભક્તિભાવથી આ સ્તોત્રરૂપ માળા મેં બનાવી છે. જે માનવી આ માળાને પોતાના કંઠમાં ધારણ કરશે. (એટલે કે ભક્તિ અને પ્રેમ પૂર્વક એક ચિત્તો તન્મય બની આ સ્તોત્રની નિત્ય પ્રભાતે પ્રાર્થના કરશે) તેવા માન સન્માનથી ઉન્નત બનેલ મહા–નુંભાવને લક્ષ્મી સહજભાવે વિનમ્ર થઈ આવી મળશે. ૪૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી મોટી સાધુ વંદના

નમું અનંત ચોવિશી, ઋષભાદિક મહાવીર
આરજ ક્ષેત્રમાં, ઘાલી ધર્મની શીર. ॥૧॥
મહા અતુલ્ય બળિ નર શૂર વીર ને ધીર,
તીરથ પ્રવર્તાવી, પહોંચ્યા ભવજળ તીર. ॥૨॥
શ્રીમંધર પ્રમુખ, જઘન્ય તીર્થંકર વીશ !
છે અઢી દ્વિપમાં, જયવંતા જગદીશ. ॥૩॥
એકસો ને સિત્તોર, ઉત્કૃષ્ટ પદે જગીશ ।
ધન્ય મહોટા પ્રભુજી, તેહને નમાવું શીશ. ॥૪॥
કેવળી દોય કોડી, ઉત્કૃષ્ટા નવ ક્રોડી ।
મુનિ દોય સહસ્ત્રક્રોડી, ઉત્કૃષ્ટા નવ સહસ્ત્રક્રોડી ॥૫॥
વિચરે વિદેહે, મહોટા તપસી ઘોર !
ભાવે કરી, વંદુ. ટાળે ભવની ખોડ. ॥૬॥
ચોવીશે જિનના સઘળા એ ગણધાર,
ચૌદસેં ને બાવન, તે પ્રણમું સુખકાર. ॥૭॥
જિનશાસન નાયક, ધન્ય શ્રી વીર જિણંદ,
ગૌતમાદિક ગણધરે, વર્તાવ્યો આણંદ. ॥૮॥
શ્રી ઋષભદેવના, ભરતાદિક સો પુત્ર !
વૈરાગ્ય મન આણી, સંયમ લીયો અદ્દભુત ॥૯॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવળ ઉપરાજ્યું, કરી કરણી કરતુત ?
જિનમત દીપાવી, સઘળા મોક્ષ પહુતં. ॥૧૦॥
શ્રી ભરતેશ્વરના હુવા પટોધર આઠ !
આદિત્ય જશાદિક; પહોચ્યા શિવપુર વાટ. ॥૧૧॥
શ્રી જિન અંતરના હુવા પાટ અસંખ્ય !
મુનિ મુકતે પહોચ્યા, ટાળી કર્મના વંક ॥૧૨॥
ધન્ય કપિલ મુનિવર, નમિ નમું અણગાર !
જેણે તત્ક્ષણ ત્યાગ્યો, સહસ્ર રમણી પરિવાર ॥૧૩॥
મુનિવર હરિકેશી ચિત્ત મુનિશ્વર સાર !
શુદ્ધ સંયમ પાળી, પામ્યા ભવનો પાર ॥૧૪॥
વળી ઇક્ષુકાર રાજા ઘેર કમળાવતી નાર !
ભગુ ને જસા, તેહના દોય કુમાર. ॥૧૫॥
છયે રૂદ્ધિ છાંડિને, લીધો સંયમ ભાર !
ઇણિ અલ્પકાળમાં, પામ્યા મોક્ષ દુવાર. ॥૧૬॥
વળી સંયતિ રાજા હરણ આહિડે જાય,
મુનિવર ગર્દભાળી, આણ્યો મારગ ઠાય. ॥૧૭॥
ચારિત્ર લઈને, ભેટયા ગુરૂના પાય !
ક્ષત્રિરાજ ઋષીશ્વર, ચર્ચા કરી ચિત્તલાય. ॥૧૮॥
વળી દશે ચક્રવૃર્તિ, રાજ્ય રમણી ઋદ્ધિ છોડ !
દશે મુગતે પહોચ્યા, કુળને શોભા ચોડ ॥૧૯॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇણ અવસર્પિણીમાં, આઠ રામ ગયા મોક્ષ !
બળભદ્ર મુનીશ્વર, ગયા પાંચમે દેવલોક ॥૨૦॥

દશાર્ણભદ્ર રાજા, વીર વાંધા ધરી માન !
પછી ઇંદ્ર હઠાયો, દીયો છકાય અભયદાન. ॥૨૧॥

કરકંડુ પ્રમુખ ચારે પ્રત્યેક બુદ્ધ !
મુનિ મુકતે પહોંચ્યા, જીત્યા કર્મ મહાજોદ્ધ ॥૨૨॥

ધન્ય મહોટા મુનિવર, મૃગાપુત્ર જગીશ !
મુનિવર અનાથી, જીત્યા રાગ ને રીસ ॥૨૩॥

વળી સમુદ્રપાળ, મુનિ, રાજેમતિ રહનેમ ?
કેશી ને ગૌતમ, પામ્યા શિવપુર ક્ષેમ. ॥૨૪॥

ધન્ય વિજયઘોષ મુનિ, જયઘોષ વળી જાણ !
શ્રી ગર્ગાચારજ પહોચ્યા છે નિર્વાણ. ॥૨૫॥

શ્રી ઉત્તરાધ્યનમાં, જિનવરે કર્યા વખાણ ।
શુદ્ધ મને ધ્યાવો, મનમેં ધીરજ આણ. ॥૨૬॥

વળી ખંધક સંન્યાસી રાખ્યો ગૌતમ સ્નેહ !
મહાવીર સમીપે, પંચ મહાવ્રત લેહ. ॥૨૭॥

તપ કઠણ કરીને ઝોંસી આપણી દેહ ।
ગયાં અચ્યુત દેવલોકે, ચ્યવિલેશે ભવ છેહ. ॥૨૮॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી ઋષભદત્ત મુનિ, શેઠ સુદર્શન સાર !
શિવરાજ ઋષીશ્વર, ધન્ય ગાંગેય અણગાર. ॥૨૯॥

શુદ્ધ સંયમ પાળી, પામ્યા કેવળ સાર !
એ ચારે મુનિવર, પહોંચ્યા મોક્ષ મોઝાર. ॥૩૦॥

ભગવંતની માતા, ધન્ય ધન્ય સતી દેવાનંદા ।
વળી સતી જયંતિ, છોડ દીયા ઘર ફંદા ॥૩૧॥

સતી મુકતે પહોંચ્યા, વળી તે વીરની નંદા !
મહાસતી સુદર્શના ઘણી સતીયોનાં વૃંદ. ॥૩૨॥

વળી કાર્તિક શેઠે, પડિમા વહી શૂરવીર !
જમ્યો મહોરા ઉપર, તાપસ બળતી ખીર ! ॥૩૩॥

પછી ચારિત્ર લીધું મિત્રએક સહસ્ર આઠ ધીર
મરી હુંવા શકેંદ્ર, ચ્યવિ લેશે ભવતીર. ॥૩૪॥

વળી રાય ઉદાઇ, દીયો ભાણેજને રાજ !
પછી ચારિત્ર લઇને સાર્યાં આતમ કાજ ॥૩૫॥

ગંગદત્ત મુનિ આણંદ, તરણ તારણ જહાજ !
કુશળ મુનિ રૂહો, દીયો ઘણાને સાજ. ॥૩૬॥

ધન્ય સુનક્ષત્ર મુનિવર, સર્વાનુભૂતિ અણગાર !
આરાધિક હુઇને, ગયા દેવલોક મોઝાર. ॥૩૭॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચ્યવિ મુગતે જાશે, વળી સિંહ મુનિશ્વર સાર !
બીજા પણ મુનિવર, ભગવતિમાં અધિકાર. ॥૩૮॥

શ્રેણિકનો બેટો મોટો મુનિવર મેઘ !
તજી આઠ અંતેઉરિ, આણ્યો મન સંવેગ. ॥૩૯॥

વીરપેં વ્રત લઇને, બાંધી તપની તેગ !
ગયા વિજય વિમાને, ચ્યવિ લેશે શિવ વેગ, ॥૪૦॥

ધન્ય થાવચ્ચા પુત્ર, તજી બત્રીસે નાર !
તેની સાથે નીકળ્યા, પુરૂષ એક હજાર ॥૪૧॥

શુકદેવ સંન્યાસી, એક સહસ્ત્ર શિષ્ય સાર !
પંચસયશું શેલક, લીધો સંયમ ભાર ॥૪૨॥

સર્વ સહસ્ત્ર અઢાઈ, ઘણા જીવોને તાર !
પુંડરગિરિ ઉપર, કીયો પાદોપગમન સંથાર. ॥૪૩॥

આરાધિક હુઇને, કીધો ખેવો પાર !
હુવા મોટા મુનિવર, નામ લીયા નિસ્તાર, ॥૪૪॥

ધન્ય જીનપાળ મૂનિવર દોય ધનાવા સાધ !
ગયા પ્રથમ દેવલોક, મોક્ષ જાશે આરાધ ॥૪૫॥

મલ્લિનાથના છ મિત્ર, મહાબળ પ્રમુખ મૂનિરાય !
સર્વે મુકતે સીધાવ્યા, મ્હોટી પદવી પાય ॥૪૬॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી જીતશત્રુ રાજા, સુબુદ્ધિ નામે પ્રધાન !
પોતે ચારિત્ર લઈને, પામ્યા મોક્ષ નિધાન ॥૪૭॥

ધન્ય તેતલી મુનિવર દીયો છકાય અભયદાન, !
પોટિલા પ્રતિબોધ્યા, પામ્યા કેવળજ્ઞાન ॥૪૮॥

ધન્ય પાંચે પાંડવ, તજી દ્રૌપદી નાર !
સ્થવીરની પાસે, લીધો સંયમ ભાર ॥૪૯॥

શ્રી નેમિ વંદનનો એહવો અભિગ્રહ કીધ !
માસ માસખમણ તપ, શત્રુંજય જઈ સિદ્ધ ॥૫૦॥

ધર્મઘોષ તણાં શિષ્ય, ધર્મરૂચિ અણગાર !
કીડીયોની કરુણાં; આણી દયા અપાર ॥૫૧॥

કડવા તુંબાનો, કીધો સઘળો આહાર !
સર્વાર્થસિદ્ધ પહોંચ્યા, ચ્યવી લેશે ભવપાર ॥૫૨॥

વળી પુંડરિક રાજા, કુંડરિક ડગિયો જાણ !
પોતે ચારિત્ર લઈને, ન ઘાલી ધર્મમાં હાણ ॥૫૩॥

સવાર્થસિદ્ધ પહોંચ્યા, ચવી લેશે નિરવાણ !
શ્રી જ્ઞાતા સૂત્રમાં જિનવરે કર્યાં વખાણ ॥૫૪॥

ગૌતમાદિક કુંવર, સગા અઢારે ભ્રાત !
સર્વ અંધકવિષ્ણ સુત ધારિણી જ્યારી માતા ॥૫૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તજી આઠ આઠ અંતેઉરી, કાઢી દીક્ષાની વાત !
ચારિત્ર લેઈને, કીધો મુક્તિનો સાથ ॥૫૬॥

શ્રી અનેક સેનાદિ, છયે સહોદર ભાય !
વસુદેવના નંદન, દેવકી જ્યારી માય ॥૫૭॥

ભદ્દિલપુર નગરી, નાગ ગાહાવઈ જાણ !
સુલસા ઘેર વધિયા, સાંભળી નેમિની વાણ ॥૫૮॥

તજી બત્રીસ અંતેઉરી, નીકળીયા છટ કાય !
નળકુબેર સમાણા, ભેટયા શ્રી નેમિના પાય ॥૫૯॥

કરી છઠ છઠ પારણાં, મનમાં વૈરાગ્ય લાય !
એક માસ સંથારે, મુક્તિ બિરાજ્યા જાય ॥૬૦॥

વળી દારુક સારણ, સુમુખ દુમુખ મુનિરાય !
વળી કુમાર અનાદષ્ટિ, ગયા મુક્તિગઢ માંય ॥૬૧॥

વસુદેવના નંદન, ધન્ય ધન્ય ગજસુકુમાર !
રૂપે અતિ સુંદર, કલાવંત વય બાલ ॥૬૨॥

શ્રી નેમી સમીપે, છોડયો મોહ જંજાળ !
ભિક્ષુની પડિમાં, ગયા મસાણ મહાકાળ ॥૬૩॥
દેખી સોમિલ કોપ્યો, મસ્તકે બાંધી પાળ !
ખેરતણા ખીરા, શિર ઠવિયા અસરાળ ॥૬૪॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિ નજર ન ખંડી, મેટી મનની જાળ !
પરિષહ સહીને, મુક્તિ ગયા તત્કાળ ॥૬૫॥

ધન્ય જાલી મયાળી, ઉવયાલાદિક સાધ !
સાંબ ને પ્રદ્યુમન, સનિરૂદ્ધ સાધુ અગાધ ॥૬૬॥

વળી સચ્ચનેમિ, દઢનેમિ, કરણી કીધી સાથ !
દશે મુક્તે પહોંચ્યા, જિનવર વચન આરાધ ॥૬૭॥

ધન્ય અર્જુનમાળી, કર્યો કદાગ્રહ દૂર !
વીરપે વ્રત લેઇને, સત્યવાદી હુવા શુર ॥૬૮॥

કરી છઠ છઠ પારણાં, ક્ષમા કરી ભરપૂર !
છ માસની માંહિ, કર્મ કીયા ચકચૂર ॥૬૯॥

કુમાર અઇમુત્તે, દીઠા ગૌતમસ્વામી !
સુણી વીરની વાણી, કીધું ઉત્તમ કામ ॥૭૦॥

ચારિત્ર લેઇને, પહોંચ્યા શિવપુર ઠામ !
ધુર આદિ મકાઈ, અંત અલક્ષમુનિ નામ ॥૭૧॥

વળી કૃષ્ણરાયની અગ્રમહિષી આઠ !
પુત્ર–વહુ દોયે, સંચ્યા પુણ્યના ઠાઠ ॥૭૨॥

યાદવકુળ સતીયાં, ટાળ્યો દુઃખ ઉચાટ !
પહોંચ્યા શિવપુરમાં, એ છે સૂત્રનો પાઠ ॥૭૩॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રેણિકની રાણી, કાલીઆદિક દશ જાણ !
દશે પુત્ર વિયોગે, સાંભળી વીરની વાણ ॥૭૪॥

ચંદનબાળાપેં, સંયમ લેઇ હુવા જાણ !
તપ કરી દેહ ઝોંશી, પહોંચ્યાં છે નિર્વાણ ॥૭૫॥

નંદાદિક તેરે, શ્રેણિક નૃપની નાર !
સઘળી ચંદનબાળાપેં, લીધો સંયમભાર. ॥૭૬॥

એક માસ સંથારે, પહોંચ્યા મુક્તિમોઝાર !
એ નેવું જણાનો, અંતગડમાં અધિકાર. ॥૭૭॥

શ્રેણિકના બેટા, જાલિયાદિક ત્રેવીશ !
વીરપેં વ્રત લઇને, પાળ્યો વિશ્વાવીશ. ॥૭૮॥

તપ કઠણ કરીને, પૂરી મન જગીશ,
દેવલોકે પહોંચ્યા, મોક્ષ જાશે તજી રીસ. ॥૭૯॥

કાકંદિનો ધન્નો, તજી બત્રીસે નાર !
મહાવીર સમીપે; લીધો સંયમ ભાર ॥૮૦॥

કરી છઠ છઠ પારણા, આયંબિલ ઉચ્છિત્ત આહાર !
શ્રી વીરે વખાણ્યા, ધન્ય ધન્નો અણગાર ॥૮૧॥

એક માસ સંથારે, સર્વાર્થસિદ્ધ પહુંત !
મહાવિદેહ ક્ષેત્રમાં કરશે ભવનો અંત ॥૮૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધન્નાની રીતે, હુવા નવે સંત !
શ્રી અનુત્તરોવવાઈમાં, ભાખી ગયા ભગવંત ॥૮૩॥

સુબાહુ પ્રમુખ, પાંચ પાંચસેં નાર !
તજી વીરપેં લીધાં, પંચ મહાવ્રત સાર ॥૮૪॥

ચારિત્ર લેઈને, પાળ્યાં નિરતિચાર !
દેવલોકે પહોંચ્યા, સુખવિપાકે અધિકાર. ॥૮૫॥

શ્રેણિકના પૌત્રો, પૌમાદિક હુવા દસ !
વીરપેં વ્રત લેઈને, કાઢયો દેહનો કસ ॥૮૬॥

સંયમ આરાધી, દેવલોકમાં જઇ વસ !
મહાવિદેહ ક્ષેત્રમાં, મોક્ષ જાશે લેઈ જશ ॥૮૭॥

બળભદ્રના નંદન, નિષધાદિક હુવા બાર; !
તજી પચાસ અંતેઉરી, ત્યાગ દીયો સંસાર ॥૮૮॥

સહુ નેમિ સમીપે, ચાર મહાવ્રત લીધ !
સર્વાર્થ સિદ્ધ પહોંચ્યા, હોશે વિદેહે સિદ્ધ ॥૮૯॥

ધન્નો ને શાલિભદ્ર, મુનીશ્વરોની જોડ !
નારીનાં બંધન, તત્ક્ષણ નાખ્યાં તોડ ॥૯૦॥
ઘર કુટુંબ કબીલો, ધન કંચનની કોડ !
માસે માસખમણ તપ, ટાળશે ભવની ખોડ ॥૯૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી સુધર્માસ્વામીના શિષ્ય, ધન્ય ધન્ય જમ્બુસ્વામ
તજી આઠ અંતેઉરી, માતપિતા ધનધામ. ॥૯૨॥
પ્રભવાદિક તારી, પહોંચ્યા શિવપુર ઠામ !
સૂત્ર પ્રવર્તાવી, જગમાં રાખ્યું નામ ॥૯૩॥

ધન્ય ઢંઢણ મુનિવર, કૃષ્ણરાયના નંદ !
શુદ્ધ અભિગ્રહ પાળી, ટાળી દીયો ભવફંદ ॥૯૪॥

વળી ખંધક ઋષિની, દેહ ઉતારી ખાલ !
પરિસહ સહીને, ભવફેરા દીયા ટાળ ॥૯૫॥

વળી ખંધક ઋષિના, હુવા પાંચસો શિષ્ય !
ઘાણીમાં પીલ્યા, મુક્તિ ગયા તજી રીસ ॥૯૬॥

સંભૂતિવિજય શિષ્ય, ભદ્રબાહુ મુનિરાય !
ચૌદ પુરવધારી, ચંદ્રગુપ્ત આણ્યો ઠાય ॥૯૭॥

વળી આર્દ્રકુમાર મુનિ, સ્થુલિભદ્ર નંદિષેણ !
અરણિક અઇમુત્તો, મુનીશ્વરોની શ્રેણ. ॥૯૮॥
ચોવીસે જિન, મુનિવર સંખ્યા અઠાવીસ લાખ !
ઉપર સહસ્ર અડતાલીસ, સૂત્ર પરંપરા ભાખ ॥૯૯॥
કોઈ ઉત્તમ વાંચો, મોઢે જયણા રાખ !
ઉઘાડે મુખે બોલ્યા; પાપ લાગે વિપાક. ॥૧૦૦॥

ધન્ય મરુદેવી માતા, ધ્યાયું નિર્મલધ્યાન !
ગજ હોદદે પામ્યા, નિર્મળ કેવળ જ્ઞાન. ॥૧૦૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધન્ય આદિશ્વરની પુત્રી, બ્રાહ્મી સુંદરી દોય !
ચારિત્ર લેઈને, મુક્તિ ગયા સિદ્ધ હોય ॥૧૦૨॥
ચોવિસે જિનની વડી શિષ્યણી ચોવીસ !
સતી મુક્તિ પહોંચ્યા, પુરી મન જગીશ ॥૧૦૩॥
ચોવીસે જિનનાં સર્વ સાધ્વી સાર !
અડતાલીસ લાખ ને આઠસેં સીત્તેર હજાર ॥૧૦૪॥
ચેડાની પુત્રી, રાખી ધર્મ શું પ્રીત !
રાજેમતી વિજ્યા, મૃગાવતી સુવિનીત ॥૧૦૫॥
પદ્માવતી મયણરેહા, દ્રૌપદી દમયંતી સીત !
ઇત્યાદિક સતીયો, ગઈ જન્મારો જીત ॥૧૦૬॥
ચોવીસે જિનના, સાધુ સાધવી સાર !
ગયા મોક્ષ દેવલોકે, હૃદયે રાખો ધાર ॥૧૦૭॥
ઇણ અઢી દ્વીપમાં, ઘરડા તપસી બાળ;
શુદ્ધ પંચ મહાવ્રતધારી નમો નમો ત્રણ કાળ ॥૧૦૮॥
એ જતિઓ સતીઓના, લીજે નિત પ્રત્યે નામ !
શુદ્ધ મને ધ્યાવો, એહ તરણનો ઠામ ॥૧૦૯॥
એ જતિઓ સતીઓશું, રાખો ઉજ્જવળ ભાવ !
એમ કહે ઋષિ જેમલજી, એહ તરણનો દાવ ॥૧૧૦॥
સંવત અઢાર ને, વર્ષ સાતો શિરદાર !
શહેર ઝાલોરમાંહિ, એહ કહ્યો અધિકાર ॥૧૧૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી નાની સાધુ વંદના

સાધુજીને વંદણા નિત નિત કીજે,
પ્રહ ઉગમતે સુર રે પ્રાણી;
નીચ ગતિમાં તે નવિ જાવે,
પામે રિદ્ધિ—ભરપૂર રે પ્રાણી....સા૦ ૧
મોટા તે પંચ મહાવ્રત પાળે,
છકાયનાં પ્રતિપાળ રે પ્રાણી;
ભ્રમર ભિક્ષા મુનિ સુઝતિ લેવે,
દોષ બેંતાલીશ ટાળ રે પ્રાણી....સા૦ ૨
રિદ્ધિ સંપદા મુનિ કારમી જાણી,
દીધી સંસારને પુંઠ રે પ્રાણી,
એરે પુરૂષોની બંદગી કરતાં,
આઠે કરમ જાય તુટ રે પ્રાણી....સા૦ ૩
એક એક મુનિવર રસના ત્યાગી,
એક એક જ્ઞાનભંડાર રે પ્રાણી,
એક એક મુનિવર વૈયાવચ્ચ વૈરાગી,
એના ગુણનો ના'વે પાર રે પ્રાણી સા૦ ૪
ગુણ સત્તાવીશ કરીને દીપે,
જીત્યા પરિસહ બાવીશ રે પ્રાણી,
બાવન તો અનાચારણ ટાળે,
તેને નમાવું મારૂં શીશ રે પ્રાણી....સા૦ ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જહાજ સમાન તે સંત મુનીશ્વર,
ભવ્ય જીવ બેસે આય રે પ્રાણી,
પર ઉપકારી મુનિ દામ ન માગે,
દેવે તે મુક્તિ પોંચાય રે પ્રાણી....સા૦ ૬
એ ચરણે પ્રાણી શાતા રે પાવે,
પાવે તે લીલ વિલાસ રે પ્રાણી,
જન્મ જરા અને મરણ મિટાવે,
નાવે ફરી ગર્ભાવાસ રે પ્રાણી....સા૦ ૭
એક વચન એ સદ્ગુરુ કેરો,
જો બેસે દિલમાંય રે પ્રાણી,
નરક ગતિમાં તે નહિ જાવે;
એમ કહે જિનરાય રે પ્રાણી....સા૦ ૮
પ્રભાતે ઉઠીને ઉત્તમ પ્રાણી,
સુણો સાધુના વ્યાખ્યાન રે પ્રાણી,
એ પુરુષોની સેવા કરતાં પાવે,
તે અમર વિમાન રે પ્રાણી....સા૦ ૯
સંવત અઢારને વર્ષ આડત્રીસે,
બુસી તે ગામ ચોમાસો રે પ્રાણી,
મુનિ 'આસકરણજી' એણી પેરે જંપે,
હું તો ઉત્તમ સાધુનો દાસ રે પ્રાણી,
સાધુજીને વંદના નિત નિત કીજે....સા૦ ૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી ચિંતામણી પાર્શ્વનાથ સ્તોત્ર

## ( શાર્દૂલ છંદ )

*કિં કર્પુરમયં સુધારસમયં કિં ચંદ્રરોચિર્મયં ।
કિં લાવણ્યમયં મહામણિમયં કારૂણ્યકેલિમયં ॥
વિશ્વાનંદમયં મહોદયમયં શોભામયં ચિન્મયમ્ ।
શુકલધ્યાનમયં વપુર્જિનપતેર્ભુયાદ્દ્ભવાલંબનમ્ ॥૧॥

**ભાવાર્થ** :– શ્રી જિનેંદ્ર ભગવાનનું શરીર અહા ! કર્પુર જેવું શ્વેત, અમૃત જેવું મીષ્ટ, ચંદ્રની કાન્તિ જેવું શીતળ અને પ્રકાશિત. સુંદર મોટા ફણી જેવું પ્રકાશિત કારૂણ્યતાની ભૂમિકારૂપ, સમગ્ર વિશ્વને આનંદમય, મહા ઉદયવાળું, શોભાવાળું, સચિત સ્વરૂપ, શુકલ ધ્યાનમાં નિમગ્ન. એવાં શ્રી જિનેન્દ્ર ભગવાન સંસારના આધાર રૂપે હો. ॥ ૧ ॥

પાતાલંકલયન્ ધરાંધવલયન્નાકાશ મા પૂરયન્ ।
દિક્ચક્રં ક્રમયન્ સુરાસુરનર શ્રેણીં ચ વિસ્માપયન્ ॥
બ્રહ્માંડં સુખયન્ જલાનિ જલધેઃફેનોચ્છલાસલોલયન્ ।
શ્રી ચિંતામણિ પાર્શ્વસંભવયશો હંસશ્ચિરંરાજતે ॥૨॥

**ભાવાર્થ** :– પાતાળમાં પણ પ્રવેશ કરી રહેલો, પૃથ્વીને ઉજ્વલ કરતો, આકાશમાં સર્વ સ્થળે વ્યાપ્ત થતો, દિશાઓના ચક્રને પણ ઉલ્લંઘી જતો, દેવ દાનવોને વિસ્મય

* **किं** શબ્દ આશ્ચર્યતા સૂચવે છે. એનો અર્થ અહા ! જેવો થાય છે. તો દરેક વિશેષણની શરૂઆતમાં વાપરી લેવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પમાડતો, ત્રણે જગતને સુખ આપતો, સમુદ્રમાં શ્વેત ફીણથી શોભાયમાન જળને ડહોળી નાંખતો; એવો શ્રી પાર્શ્વનાથ ચિંતામણીનો યશરૂપી હંસ ચીરંકાળ શોભે છે. ॥ ૨ ॥

**પૂણ્યાનાં વિપણિ સ્તમોદિનમણિઃ કામેભકુંભે શૃણિઃ ।**
**મોક્ષે નિસ્સરણિઃસૂરેંદ્રકરિણિઃ જ્યોતિઃ પ્રકાશારણિ ॥**
**દાને દેવમણિર્નતોત્તમજનશ્રેણીઃ કૃપાસારણી ।**
**વિશ્વાનંદ સુધા ઘૃણિર્ભવભિદેશ્રીપાર્શ્વ ચિંતામણિ ॥૩॥**

ભાવાર્થ :– પુણ્યના હાટ (ભંડાર) રૂપ, પાપરૂપી અંધકારમાં સૂર્યરૂપ, વિષયરૂપી હાથીને વશ કરવામાં અંકુશરૂપ, મોક્ષમાં ગમન કરવા માટે નિસરણીરૂપ, આત્મજ્ઞાનરૂપ જ્યોતિને પ્રકાશ આપવામાં અરણીના વૃક્ષ સમાન, દાન દેવામાં ઇન્દ્ર સમાન, એમની (શ્રી પાર્શ્વનાથની) આગળ નમન કરી રહેલી, સજ્જન પુરુષોની પંક્તિને કૃપાની નદી સમાન, વિશ્વમાં આનંદરૂપી અમૃતના તરંગ સમાન શ્રી પાર્શ્વ-ચિંતામણી (ભગવાન) સંસાર સમુદ્રનું ઉચ્છેદન કરનાર આપ જ છો. ॥ ૩ ॥

**શ્રી ચિંતામણિ પાર્શ્વ વિશ્વજનતા સંજીવનસ્ત્વં મયા ।**
**દૃષ્ટ સ્તાત તતઃ શ્રિયઃ સમ ભવન્નાશ ક્રમા ચક્રિણમ્ ॥**
**મુક્તિઃ ક્રીડતિ હસ્તયો બહુવિધં સિદ્ધં મનોવાંચ્છિતં ॥**
**દુર્દૈવં દુરિતં ચ દુર્દિનં ભયં કષ્ટં પ્રણષ્ટં મમ ॥૪॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ** :-. હે તાત ! (હે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ !) આખા વિશ્વના જીવનરૂપ, સચ્ચિદાનંદ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જ્યારથી મને આપનાં દર્શન થયાં છે, ત્યારથી જ ઇન્દ્ર દેવ તથા ચક્રવતીં પર્યંતની સમૃદ્ધિ મને પ્રાપ્ત થઇ છે. મારા હસ્તમાં જ મુક્તિરૂપી દેવી ક્રીડા કરી રહી છે, મારી વિવિધ પ્રકારની મનની અભિલાષાઓ સિદ્ધ થઈ છે, અને મારૂં દુર્દૈવ, મારૂં દુઃખ તથા મારો દારિદ્રતાનો ભય સમૂળ નાશ પામ્યો છે. ॥ ૪ ॥

**યસ્ય પ્રૌઢતમઃ પ્રતાપ તપનઃ પ્રોદ્દામધામા જગ ।**
**જંઘાલઃ કલિકાલ કેલિ દહનો મોહાન્ધ વિધ્વંસકઃ ॥**
**નિત્યોદ્યોતપદં સમસ્ત કમલા કેલિગ્રહં રાજતે ।**
**સ શ્રીપાર્શ્વજિનોજનંહિતકૃતેઃશ્ચિંતામણીપાતુ મામ્ ।૫।**

**ભાવાર્થ** :- હે અતિશય પ્રતાપવાન્ સૂર્યરૂપ, અતિ ઉત્કટ જગતરૂપી ધામને તથા કળીકાળના મહિમાને દહન કરનારા, મોહરૂપી અંધકારનો નાશ કરનારા, અને જેનું સમસ્ત પ્રકારની સમૃદ્ધિ ધારણ કરનાર પદ હંમેશ શોભી રહ્યું છે એવા શ્રી પાર્શ્વનાથ ભગવાન જગતના જીવોનું હીત કરનાર ચિંતામણી મારૂં રક્ષણ કરો. ॥ ૫ ॥

**વિશ્વવ્યાપિ તમોહિનસ્તિ તરણિર્બાલોડપિ કલ્પાંકુરો ।**
**દારિદ્રાણિ ગજાવલીં હરિ શિશુઃ કાષ્ટાનિ વહ્નેઃ કણઃ ॥**
**પીયૂષસ્યલવોપિ રોગનિવહં યદ્વત્તથા તે વિભો ।**
**મૂર્તિઃસ્ફૂર્તિમતીસતી ત્રિજગતિ કષ્ટાનિહર્તું ક્ષમા ॥૬॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ** :— સૂર્ય બાલ્યાવસ્થામાં હોવા છતાં પણ વિશ્વમાં વ્યાપી રહેલા અંધકારનો નાશ કરે છે, કલ્પવૃક્ષનો એક જ અંકુર (ફણગો) દારિદ્ર્યતાનો નાશ કરવામાં સમર્થ છે. સિંહનું એક નાનું બાળક જ હાથીઓના સમૂહનો નાશ કરે છે. અગ્નિનો એક સૂક્ષ્મ કણ કાષ્ટના જથ્થાને ભસ્મવત્ કરી નાંખે છે, અમૃતનું એકજ બિંદુ રોગને નિર્વંશ કરે છે, તે જ પ્રમાણે હે વિભો! મનુષ્યોની મતિમાં સ્ફુરણા કરનારૂં તમારૂં શરીર ત્રણે જગતનાં દુઃખો હણવાને માટે સમર્થ છે. ॥ ૬ ॥

શ્રી ચિંતામણિ મંત્ર મોંકૃતિયુતં હ્રીંકાર સારાશ્રિતં ।
શ્રી મર્હંનમિઉણં પાશ કલિતં ત્રૈલોકય વશ્યા વહં ॥
દ્વૈધા ભૂત વિષાપહં વિષહરં શ્રેયઃ પ્રભાવાશ્રયં ।
સોલ્લાસં વસહાંકિતં જિન ફુલ્લિંગા નંદનં દેહિનાં ॥૭॥

ભાવાર્થ :— ૐ શબ્દની આકૃતિવાળો હ્રીંકારથી યુક્ત શ્રી મર્હંનમિઉણના મંત્રથી બદ્ધ થયેલો ત્રણે લોકને વશ વર્તાવનાર વિષયરૂપી ઝેરનો નાશ કરનાર, કલ્યાણકારક પ્રભાવવાળો, વ સ હ ઇત્યાદિ અક્ષરોથી યુક્ત એવા મનુષ્ય માત્રને આનંદરૂપી શ્રી ચિંતામણી નામનો મંત્ર છે. ॥ ૭ ॥

હ્રીં શ્રીં કારવરં નમોક્ષરપરં ધ્યાયન્તિ યે યોગીનો ।
હૃત્પદ્મે વિનિવેશ્ય પાર્શ્વમધિપં ચિંતામણિ સંજ્ઞકં ॥
ભાલે વામભુજે ચ નાભિકરયોર્ભુયોર્ભુજે દક્ષિણે ।
પશ્ચાદષ્ટ દલેષુ તે શિવપદં દ્વીત્રૈર્ભવૈર્યાંત્યહો ॥૮॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ** :– હ્રીં શ્રીં ઇત્યાદિ આકારથી યુક્ત મંત્રનું જે યોગીઓ હૃદયકમળમાં અધિષ્ટાતા ભગવાનના ચિંતામણીની સંજ્ઞાવાળો જેની પૂર્વમાં નમો મૂકેલા છે એવો હ્રીં શ્રીંકારાદિ ઉત્તમ વર્ણયુક્ત મંત્રને હૃદયકમળમાં ધારણ કરીને કપાળને વિષે, ડાબા હાથને વિષે, નાભિમાં અને ઘણે ભાગે જમણા હાથમાં અને ત્યાર પછી આઠે દલોની વિષે ધ્યાન ધરે છે તે બે ત્રણ ભવ પછી મોક્ષ ધામમાં સિધાવે છે. એ શું આશ્ચર્યજનક નથી ! ॥ ૮ ॥

( સ્રગ્ધરા છંદ. )

નોરોગા નૈવશોકા ન કલહ કલના નારિ મારિ પ્રચારા ।
નૈવ્યાધિર્નાસમાધિર્ન ચદર દુરિતે દુષ્ટ દારિદ્રતાનો ॥
નોશાકિન્યોગ્રહાનો ન હરિકરિગણાવ્યાલ વૈતાલ જાલા
જાયન્તેપાર્શ્વચિંતામણિમતિવસતાંપ્રાણિનાંભક્તિભાજાં ૯

**ભાવાર્થ** :–જે ભક્તિવાન પ્રાણીઓ શ્રી ચિંતામણી પાર્શ્વનાથમાં પોતાની વૃત્તિ જોડે છે, તેઓને રોગ, શોક, ક્લેશ, અશાન્તિ, ભય; પાપ, દુષ્ટ, દારિદ્રપણું, શત્રુદ્વારા ઉપજતી વ્યાધિ તથા શાકિની, ભૂત, પિશાચ વિગેરે તથા હાથી તથા સિંહના સમૂહો દુઃખરૂપ થઈ શકતાં નથી. ॥ ૯ ॥

( શાર્દૂલ છંદ. )

ગીર્વાણ દ્રુમધેનુ કુંભમણિ યસ્તસ્યાંગણે રંગીણો ।
દેવા દાનવ માનવાઃ સવિનયં તસ્મૈહિતં ધ્યાયિનઃ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લક્ષ્મી સ્તસ્ય વશાવશેવ ગુણિનાં બ્રહ્માંડ સંસ્થાયિની ।
શ્રીચિંતામણિપાર્શ્વનાથમનિશંસંસ્તૌતિયોધ્યાયતિ ૧૦

**ભાવાર્થ** :—જે પ્રાણી શ્રી ચિંતામણી પાર્શ્વનાથની હંમેશ સ્તુતિ કરે છે તથા ધ્યાન ધરે છે તેના આંગણામાં રાગદિ આનંદ થયા જ કરે છે. તેને કલ્પવૃક્ષ, કામદુર્ઘા ધેનુ, પારસમણી ઇત્યાદિ અલૌકિક પદાર્થ પ્રાપ્ત થાય છે. દેવ, દાનવ અને મનુષ્યો સુદ્ધાં વિનયથી તેના હિતનું જ ચિંતવન ક્યાં કરે છે. ગુણવાન પુરુષોને આ બ્રહ્માંડમાં પ્રાપ્ત થતી સમસ્ત લક્ષ્મી તેને વશ વર્તે છે. ॥ ૧૦ ॥

( માલીની છંદ. )

ઇતિ જિનપતિ પાર્શ્વ પાર્શ્વઃ પાર્શ્વાખ્ય યક્ષઃ ।
પ્રદલિત દુરિતૌઘઃ પ્રીણિતપ્રાણિ સાર્થઃ ॥
ત્રિભુવન જન વાંચ્છા દાન ચિંતામણિકઃ ।
શિવપદ તરૂ બીજં બોધિબીજં દદાતુ ॥૧૧॥

**ભાવાર્થ** :— આ પ્રમાણે જિનપતિ પાર્શ્વનાથ ભગવાનની પાસે રહેનારો પાર્શ્વ નામનો યક્ષ, જેનાં પાપકર્મો નષ્ટ થઈ ગયાં છે, અને તે ભગવાને જનસમુદાયના સંતુષ્ટ કર્યા છે. અને જે ત્રણે ભુવનની વાંચ્છા પુરવામાં ચિંતામણી સમાન છે, તે મોક્ષપદ રૂપી વૃક્ષનું બીજરૂપ સમકીત મને અર્પણ કરો. ॥ ૧૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી વર્દ્ધમાનભક્તામર સ્તોત્રમ્ ।

(વસન્તતિલકાવૃત્તમ્)

ભક્તામર–પ્રવર–મૌલિ–મણિ–પ્રજેષુ,
જ્યોતિ:–પ્રભૂત–સલિલેષુ સરોવરેષુ ।
ચેતોલિ– મંજુ – વિકસત્કમલાયમાનં,
શ્રી–વર્દ્ધમાન–ચરણં શરણં વ્રજામિ ॥ (૧)

ભક્તિના ઉત્કર્ષ ભાવથી નમસ્કાર કરવા લચી પડેલા દેવોના મસ્તકોના મુગટમણિઓ, જ્યોતિરૂપ સરોવરો છે, તેમાં જ્યોતિરૂપ જલ ભરેલું છે. તેમાં પ્રભુના ચરણ પંચવર્ણી કમળવન સમાન શોભે છે અને ભવ્ય જીવોના મનરૂપી ભ્રમરોને આકર્ષે છે. તેવા શ્રી મહાવીર સ્વામીના ચરણોનું શરણ હું ગ્રહું છું. (૧)

આનન્દ–નન્દન–વનં સવનં–સુખાનાં,
સદ્દભાવનં શિવ–પંદસ્ય પરં નિદાનમ્ ।
સંસાર–પારકરણં કરણં ગુણાનાં,
નાથ ! ત્વદીય–ચરણં શરણં પ્રપદ્યે ॥ (૨)

હે નાથ ! આપનાં ચરણો આનંદનું નંદન–વન છે. સદ્દભાવ ઉત્પન્ન કરનાર અને મોક્ષ પદ આપનાર છે. સંસાર-સાગર તારનાર સમ્યક્ જ્ઞાનાદિ અનેક ગુણોનો ભંડાર છે એવા હે નાથ ! આપના ચરણનું હું શરણ લઉં છું. (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધૌષધં સકલ–સિદ્ધિ–પદં સમૃદ્ધં,
શુદ્ધં–વિશુદ્ધ–સુખદં ચ ગુણૈઃ સમિદ્ધમ્ ।
જ્ઞાનપ્રદં શરણદં વિગતા–ઘ–વૃન્દં,
ધ્યાનાસ્પદં શિવપદં શિવદં પ્રણૌમિ ॥ (૩)

હે પ્રભુ ! આપના ચરણો, કર્મરૂપી રોગ માટે સિદ્ધ ઔષધ છે, શુદ્ધ, અવ્યાબાધ સુખાદિ આત્મિક ગુણોથી ઉજ્જવળ છે. આપ જ્ઞાનનો પ્રકાશ કરનાર, અભયના દેનાર શાંતિના ધામ છો એવા ધ્યાન નિમગ્ન વીર પ્રભુને હું વારંવાર પ્રણામ કરૂં છું. (૩)

બાલો વિવેક–વિકલો નિજ–બાલ–ભાવા
દાકાશ–માન–મપિ કર્તુમિવ પ્રવૃત્તઃ ।
જ્ઞાના–ઘનન્ત–ગુણ–વર્ણન કર્તુ કામઃ,
કામં ભવામિ કરૂણાકર ! તે પુરસ્તાત્ ॥ (૪)

જેમ બાળક બાલભાવે કુદતું વિવેક વિના આકાશને માપી લેવા તૈયાર થાય છે, તેમ આપની આગળ આપના જ્ઞાનાદિ અનંત ગુણોનું ગાન કરવા હું તત્પર થયો છું તો મને ક્ષમા કરજો પ્રભુ ! (૪)

સ્પર્શો મણિર્નયતિચેન્નિજ–સંનિધાનાત્,
લોહં હિરણ્ય–પદવી–મિતિ નાત્ર ચિત્રમ્ ।
કિન્તુ ત્વદીય–મનુચિન્તન–મેવ દૂરાત,
સામ્યં તનોતિ તવ સિદ્ધિ પદે સ્થિતસ્ય ॥ (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પારસમણિના સ્પર્શથી લોખંડ સોનું બને છે તેમાં આશ્ચર્ય નથી. પણ આપ ઘણે દૂર છો છતાં આપનું ધ્યાન ધરવા માત્રથી જીવ આપસમાન બને છે, તે ખરેખર આશ્ચર્ય છે. (૫)

કુન્દેન્દુ–હાર–રમણીય–ગુણાન્ જિનેન્દ્ર, !
વક્તું ન પારયતિ કોપિ કદાપિ લોકે ।
કઃસ્તાત્ સમસ્ત–ભુવનસ્થિત–જીવ–રાશે-
રેકૈક–જીવ–ગણના–કરણે સમર્થઃ ? ॥ (૬)

હે પ્રભુ ! જેમ સમસ્ત લોકના અનંત જીવ રાશિની એક એક જીવ કરીને સંખ્યાની ગણત્રી કરવા કોઈ શક્તિમાન નથી, તેમ આપના કુન્દ પુષ્પ, ચન્દ્ર અને મોતી સમાન નિર્મળ ગુણોનું વર્ણન કરવા કોઈ સમર્થ નથી. (૬)

શક્ત્યા વિનાપિ મુનિનાથ ! ભવદ્ગુણાનાં,
ગાને સમુદ્યત–મતિર્નહિ લજ્જિતોસ્મિ ॥
માર્ગેણ યેન ગરુડસ્ય ગતિ પ્રસિદ્ધા,
તેનૈવ કિં ન વિહગસ્ય શિશુઃપ્રયાતિ ? ॥ (૭)

હે મુનીશ્વર ! આપના ગુણોનું વર્ણન કરવા હું શક્તિહીન છું; છતાં ઉદ્યમવંત થાઉં છું તેની શરમ મને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. કારણ જે માર્ગે પક્ષીરાજ ગરૂડ ઉડે છે તે માર્ગે પક્ષીનું બચ્ચું શું નથી જતું ! અર્થાત્ તે પણ એ જ માર્ગે ઉડે છે. (૭)

ત્વદ્વાક્-સુધા સુરુચિરેવ વિભો ! બલાન્માં,
વક્તું પ્રવર્ત્તયતિ નાથ ! ભવદ્દગુણાનામ્ ।
યદ્ વર્દ્ધતે જલનિધિ-સ્તરલૈ-સ્તરંગૈ-,
સ્તત્રાસ્તિ ચન્દ્ર-કિરણો-દય એવ હેતુઃ ॥ (૮)

જેમ પૂર્ણિમાને દિવસે ઉગતા ચંદ્રના કિરણોના પ્રભાવથી સમુદ્રના ચંચલ તરંગો ઉછળે છે તેમ, હે પ્રભુ ! આપની અમૃતમયી વાણી અને આપના જ્ઞાનાદિ નિર્મળ ગુણોનું વર્ણન કરવા બળથી પ્રેરે છે. (૮)

અજ્ઞાન-મોહ-નિકરં ભગવન્ ! હૃદિસ્થં,
હર્ત્તું પ્રભુ પ્રવચનં ભવદીયમેવ ।
ગાઢં સ્થિરં ચિરતરં તિમિરં દરીસ્થં,
હર્તું પ્રભુઃ સુરુચિરા રુચિરેવ નાન્યત્ ॥ (૯)

જેમ લાંબા વખતથી ગુફામાં જામેલ અંધકારને દૂર કરવા મણીના પ્રકાશ સિવાય બીજો ઉપાય નથી; તેમ હે ભગવાન ! અનાદિ કાળથી હૃદયમાં રહેલ અજ્ઞાન મોહ-સમૂહના આવરણરૂપી અંધકારને દૂર કરવા માત્ર આપના પ્રવચનનો પ્રકાશ એક જ સમર્થ છે. (૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાક્યં પ્રમાણ-નય-રીતિ-ગુણૈ-ર્વિહીનં,
નિર્ભૂષણં યદપિ બોધિદ ! મામકીનમ્ ।
સ્યાદેવ દેવ-નર-લોક હિતાય યુષ્મત્-
સંગાદ્ યથાભવતિ શુક્તિ-ગતોદ-બિન્દુઃ ॥ (૧૦)

હે તરણતારણ નાથ ! મારૂં કથન ગુણના પ્રભાવ આદિથી શૂન્ય છે, છતાં તે કથન દ્વારા આપના અનુપમ નિર્મળ ગુણો ગવાતા હોવાથી જેમ સ્વાતિ નક્ષત્રમાં પાણીનું બિન્દુ છીપમાં પડવાથી મોતી બને છે, તેમ મારૂં કથન આપના પ્રભાવશાળી નામ અને ગુણોના સુયોગે આ લોક અને પરલોકમાં દેવ અને મનુષ્યને કલ્યાણનું સાધન થશે. (૧૦)

આસ્તાં તવ સ્તુતિ-કથા મનસોઽપ્યગમ્યા,
નામાપિ તે ત્વયિ પરં કુરુતેઽનુરાગમ્ ।
જમ્બીર-મસ્તુ ખલુ દૂરતરેઽપિ દેવ !
નામાપિ તસ્યં કુરુતે રસનાં રસાલામ્ ॥ (૧૧)

હે પ્રભુ ! જેમ દૂર પડેલ લીંબુને યાદ કરવાથી મોંઢામાં પાણી આવે છે, અને તેના રસનો સ્વાદ કરાવે છે તેમ આપના કલ્યાણકારી નામનો જાપ કરનારના હૃદયમું આપના નામનો ઉચ્ચારણ, આપના અપૂર્વ મહિમાવાન ગુણોની ભક્તિનો ભાવરસ ઊત્પન્ન કરે છે. (૧૧)

નાના-મણિ-પ્રચુર-કાંચન-રત્ન-રમ્યં,
સ્વીયં પ્રયચ્છતિ પદં જનકઃ સુતાય ।
ત્વદ્-ધ્યાન-મેવ-જિનદેવ ! પદં ત્વદીયં,
ભવ્યાય નિત્ય-સુખદં પ્રકટી-કરોતિ ॥ (૧૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પિતા પોતાના પુત્રને મણિ, રત્ન, સુવર્ણ વગેરે મૂલ્યવાન ધન–સંપત્તિનો વારસો આપે છે, તે નાશવંત છે. પણ હે જિનેન્દ્ર ભગવાન ! ભવ્ય જીવોને આપનું ધ્યાન, નિત્ય સુખદાયી, મોક્ષ પદ આપે છે એ સત્ય છે. (૧૨)

જ્ઞાના–ઘનન્ત–ગુણ–ગૌરવપૂર્ણ–સિન્ધું,
બન્ધું ભવન્ત–મપહાય પરં ક ઇચ્છેત્ ? ।
પ્રાજ્યં પ્રલભ્ય ભુવનત્રિતયસ્ય રાજ્યં,
કઃ કામયેત કિલ કિંકરતા–મબુદ્ધિ ॥ (૧૩)

હે પ્રભુ ! આપ જ્ઞાનાદિ અનંત ગુણોનાં સમુદ્ર છો. સંસારના અશરણ જીવોને શરણરૂપ છો, દયાના સાગર છો, બાન્ધવહીનના બંધુ છો. એવા આપનું શરણ છોડી કોણ બીજાને ઇચ્છે ? કારણ કોણ એવો મૂર્ખ હોય કે જે ત્રિભુવનનું રાજ્ય પ્રાપ્ત કર્યા છતાંયે તે ત્યજી દાસત્વની ઇચ્છા કરે ? અર્થાત્ કોઈ ન કરે. (૧૩)

ત્વદ્–ગાત્રતા–પરિણતાઃ પરમાણવોપિ,
સર્વોત્તમા નિરુપમાઃ સુષમા ભવન્તિ ।
લબ્ધ્વા શરણ્ય ! શરણં ચરણં જનાસ્તે,
સિદ્ધા ભવેયુ-રિતિ નાથ ! કિમત્ર ચિત્રમ્ ॥ (૧૪)

હે જિનેન્દ્ર ! આપના શરીરપણે પરિણમેલા જડ પરમાણુઓ પણ સુંદર સર્વોત્તમ થઈ સુખશાંતિદાયક કર્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. તો પછી હે પ્રભુ ! કોઈ પુરુષ આપના ચરણનું શરણ મેળવી સિદ્ધપદને પ્રાપ્ત કરે તેમાં શું આશ્ચર્ય છે ! (૧૪)

કશ્ચંડકૌશિકસમં ભવ—સિન્ધુ—પારં,
નેતા સુદર્શન સમં ચ જગત્ત્રયેઽપિ ।
હે નાથ ! તત્ કથય તે ચરણાંબુજસ્ય,
યેનોપમા ગુણલવેન ઘટેત લોકે ॥ (૧૫)

ચંડકૌશિક જેવા પરમ ઝેરી, દ્રષ્ટિ વિષ સર્પ જેવા અધમને, અને શીલવંતા સુદર્શન શેઠ જેવા ઉત્તમને સમભાવથી ભવસિંધુ પાર કરાવનાર આપ સિવાય અન્ય કોઈ નથી તો પછી હે નાથ ? દયા કરી આપ જ કહો કે કઈ વસ્તુથી આપના ચરણકમલની ઉપમા આપી શકાય ! (૧૫)

લોકોત્તરં સકલમંગલ—મોદ—કન્દં,
શ્ચન્દં વચો—મૃતરસ્ય જગત્યમન્દમ્
સ્વર્ગા—પવર્ગ—સુખદં ભવદાસ્ય—ચંદ્રમ્,
દષ્ટ્વા મુદં ભજતિ ભવ્ય—ચકોર—વૃન્દમ્ ॥ (૧૬)

હે પ્રભુ ! સર્વ લોકમાં ઉત્તમ તથા સર્વ રીતે મંગલકારી એવું આપનું મુખરૂપી ચંદ્ર—મંડળ, આનંદ મંગળનું ધામ, સમોસરણમાં દેશનારૂપી અમૃતરસનો ઝરો છે, તેવું મુક્તિધામ આપનારૂં આપનું મુખચંદ્ર જોઈ ચકોર ભવ્ય જીવસમૂહો સદા હર્ષ પામે છે. (૧૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભ્રાન્ત્યાપિ ભદ્ર–મુદિતં ભવદીય–નામ,
સિદ્ધેર્વિધાયિ ભગવન્ ! સુકૃતાનિ સૂતે ।
અજ્ઞાનતોપિ પતિતં સિતખંડ–ખંડમ્,
ધત્તે મુખે મધુરિમાણ મખંડ મેવ ॥ (૧૭)

જેમ અજ્ઞાનથી પણ મોઢામાં પડેલા સાકરના ગાંગડાની મીઠાશ જીભ ઉપર કાયમ રહી જાય છે. તેમ હે પ્રભુ ! આપનું કલ્યાણકારી નામ ભૂલથી પણ કોઈ લીએ તો તે સુખ, સંપત્તિ અને સાચું પુણ્ય મેળવે છે. (૧૭)

યેં મસ્તકં નમયતે જિન ! તેંઘ્રિપદ્મે,
સર્વર્દ્ધિ–સિદ્ધિ–નિચયઃ શ્રયતે તમેવ ।
તીર્થંકરઃ શુભકરઃ પ્રવિભૂય સોઽયં,
સ્થાનં પ્રયાતિ પરમં ધ્રુવ-નિત્ય-શુદ્ધમ્ ॥ (૧૮)

હે પ્રભુ ! આપના ચરણકમલમાં જે જીવ પોતાનું મસ્તક નમાવી આપને સર્વદા નમસ્કાર કરે છે તેને આ જગતમાં સર્વ પ્રકારની રિદ્ધિ–સિદ્ધિ મળે છે. એટલું જ નહિ પણ નમસ્કાર કરનાર આત્મા તેના ફળરૂપે પુણ્યના ઉદય વડે ક્રમશઃ તીર્થંકર થઈ કલ્યાણ કરનાર બને છે અને શાશ્વત મોક્ષપદ પ્રાપ્ત કરે છે. (૧૮)

પૃચ્છામિ નાવ–મધુના મુનિનાથ ! નિત્યં,
પ્રાપ્તા ત્વયા તરણ–તારણતા હિ કસ્માત્ ? ।
સા નોત્તરં વિતનુતે ત્વમપિ પ્રયાત—,
સ્તદ્બ્રૂહિ કોઽસ્તિ પરિતોષકર-સ્તૃતીયઃ ॥ (૧૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે મુનિઓના નાથ! હું આ શરીર રૂપી નૌકાને નિત્ય પૂછું છું કે, આ તરવા તારવાની કળા તું ક્યાંથી શીખી ? પરંતુ નૌકા મને કાંઈ ઉત્તર આપતી નથી, આપ પણ નિર્વાણ પામ્યા અને સિદ્ધિ ગતિમાં બિરાજ્યા છો, માટે પ્રભુ ! આપ જ મને કહો કે આ પ્રશ્નનો સંતોષકારક ઉત્તર આપે એવો ત્રીજો કોણ છે ? (સદ્‌ગુરૂ સિવાય કોઈ ઉત્તર આપી શકશે નહિ.) (૧૯)

પીયૂષ-મત્ર નિજ-જીવન-સાર-હેતું,
પીત્વાઽપ્નુવન્તિ મનુજાસ્તનુમાત્રરક્ષામ્ ।
સ્યાદ્વાદ-સુન્દર-રુચ્યં ભવતસ્તુ વાચં,
પીત્વા પ્રયાન્તિ સુતરા-મજરા-મરત્વમ્ ॥ (૨૦)

હે નાથ ! આ લોકમાં મનુષ્ય અમૃતરસ પીધા થકાં લાંબો કાળ તંદુરસ્ત જીવન ગાળે છે પણ તેથી કાંઈ અમર બનતા નથી; પણ આપની અમૃતમય સ્યાદ્‌વાદ વાણીનું જે ભવ્ય જીવ પાન કરી મનના ફળ રૂપે તેના અલૌકિક રસનો સ્વાદ કરે છે તે અજર અમર મોક્ષપદને પ્રાપ્ત કરે છે. (૨૦)

ચક્રી યથા વિપુલ-ચક્ર-બલાદખંડં,
ભૂમંડલં પ્રભુતયા સમલંકરોતિ ।
રત્ન-ત્રયેણ મુનિનાથ ! તથા પૃથિવ્યાં,
જૈનેન્દ્ર-શાસન-પરાન્ ભવિનો વિધત્સે ॥ (૨૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે પ્રભુ ! જેમ ચક્રવર્તી છ ખંડના ધણી પોતાના ચક્રથી વિજય કરીને પોતાનું આધિપત્ય છ ખંડમાં જમાવે છે, તેમ આપ પણ આપના સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્-ચારિત્ર રૂપી ત્રણ રત્ન ચક્રોના બળથી મિથ્યાત્વને હરી, શાસન પ્રણેતા બની આપ ભવ્ય જીવને જૈનશાસનના પથ પર ચઢાવો છો. (૨૧)

કાલસ્ય માન-મખિલં શશિ-ભાસ્કરાભ્યાં.
પક્ષ-દ્વયેન ગગને ગમનં ખગાનામ્ ।
તદ્વદ્ ભવાનપિ ભવાદ્ ભગવન ! જનાનાં;
જ્ઞાન-ક્રિયો-ભય-વશા-દિહ મુક્તિમાહ ॥ (૨૨)

જેમ સમયની એટલે દિવસ-રાત્રીની જાણ જગતમાં સૂર્ય ચંદ્રના ઉદય અને અસ્તથી થાય છે, અને જેમ પક્ષીઓ આકાશમાં બે પાંખ વડે ઉડી શકે છે તેમ હે ભગવન્ ! ભવ્ય જીવોને સંસારથી ભિન્ન, અવિનાશી મોક્ષપદ પામવાને માટે જ્ઞાન અને ક્રિયા-દ્વારા આપે મોક્ષમાર્ગ બતાવ્યો છે. (૨૨)

જ્ઞાનાદિકં હૃદિગતં વિષમં વિષાક્તમ્,
સંસાર-કાનન-પરિભ્રમણૈક-હેતુમ્ ।
મિથ્યાત્વ-દોષ મખિલં મલિનસ્વરૂપં,
ક્ષિપ્રં પ્રણાશયતિ તે વિમલઃ પ્રભાવઃ ॥ (૨૩)

હે પરમાત્મા ! અનાદિ કાળથી સંસારી જીવ મિથ્યા-ત્વરૂપી અંધકારથી ભવભ્રમણ કરે છે, અને મિથ્યાત્વરૂપી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઝેરના કેફથી જન્મ મરણના દુઃખો ભોગવે છે. આવા મલિન-સ્વરૂપી મિથ્યાત્વના દોષને આપનો નિર્મળ પ્રભાવ સત્વર નાશ કરે છે. (૨૩)

પ્રામાદિકા વિષય-મોહ-વશં ગતા યે,
કર્ત્તવ્ય-માર્ગ વિમુખાઃ કુમતિ-પ્રસક્તાઃ ।।
અજ્ઞાનિનો વિષય ઘૂર્ણિત-માનસાશ્ચ,
સન્માર્ગ-માનયતિ તાન્ભવતઃ પ્રભાવઃ (૨૪)

હે નાથ ! આ સંસારમાં જે જીવો પ્રમાદી, વિષયી, મોહવશ, કર્તવ્યવિમુખ જીવન ગુજારે છે; પાપીઓની સોબતમાં ઉન્માર્ગ જીવન જીવી રહ્યા છે; અજ્ઞાનને આધીન જેઓનું મન ઇંદ્રિયોના વિષયોનું ઉત્પત્તિસ્થાન બની રહ્યું છે, એવાઓને આપનો પ્રભાવ સન્માર્ગમાં લાવે છે. (૨૪)

કલ્પ-દ્રુમા-નિવ ગુણાંસ્તવ ચન્દ્ર-શુભ્રાન્
ચિન્તા-મણી-નિવ સમીહિત-કામ-પૂર્ણાન્
જ્ઞાનાદિકાન્ જન-મનઃ-પરિતોષ-હેતૂન્,
સંસ્મૃત્યકો ન પરિતોષ-મુપૈતિ ભવ્યઃ ।। (૨૫)

હે પ્રભુ ! ચંદ્રસમાન નિર્મળ શીતલ, કલ્પવૃક્ષ અને ચિંતામણિસમાન મનવાંછિત કામના પૂર્ણ કરનાર આપના ગુણોની સ્તુતિ કરીને કોણ ભવ્ય જીવ સંતોષ મેળવતા નથી ? અર્થાત્ સર્વ જીવો શાંતિ અનુભવે છે (૨૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિન્તામણિઃ સુરતરુ-ર્નિધય સ્તથૈવ,
તેભ્યઃ સુખં ક્ષણિક નશ્વર માપ્નુવન્તિ ।
ત્વત્સેવિનો ભવિ જનાધ્રુવ નિત્ય સૌખ્યં,
તસ્માદિતોઽપ્યધિકતાં સમુપૈષિ નાથ ! ॥ (૨૬)

સંસારી જીવ ચિન્તામણિ કલ્પવૃક્ષ અને નવનિધાનના યોગ વડે ક્ષણિક અને નાશવંત સુખ મેળવે છે. પણ આપની આરાધના કરનાર ભવ્ય જીવો નિત્ય અને અવ્યાબાધ સુખને પ્રાપ્ત કરે છે તેથી આપ તે સર્વથી અધિક છો. (૨૬)

ધ્વાન્તં ન યાતિ નિકટે રવિ મંડલસ્ય,
ચિન્તામણેશ્ચ સવિધે ખલુ દુઃખલેશઃ ।
રાગાદિ દોષ નિચયા ભગવં સ્તથૈવ,
નો યાંતિ કિંચિદપિ ! દેવ ભવત્સમીપે ॥ (૨૭)

જેમ સૂર્ય મંડળ પાસે અંધકાર આવી શકતો નથી. ચિન્તામણિ રત્ન પાસે દુઃખ આવી શકતું નથી. તેમ હે દોષહર દેવ ! આપની અનુપમ પ્રભા આગળ રાગ આદિ અઢાર પાપ સ્થાનમાંથી કોઈ પાપ કર્મ નજીક આવી શકતું નથી. (૨૭)

શીતાંશુ મંડલ જલા મૃત ફેનપુંજં,
પ્રોત્ફુલ્લિતેપ્સિત સુપુષ્પ વિશાલ કુંજમ્
ધર્મં નિરૂપ્ય પરમં ખલુ દુઃખભંજં,
નિત્યં વિકાસયસિ ભવ્યદ ! ભવ્ય કંજમ્ ॥ (૨૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે પ્રભુ ! આપે જે ધર્મનો ઉપદેશ કરેલ છે તે ખરેખર દુઃખનો નાશ કરનાર છે. તે ચંદ્રમંડલ, જલ. અમૃત અને ફીણના પુંજ સમાન નિર્મળ અને શાંતિપ્રદ છે. મનોરથરૂપ અને ફૂલોનો વિશાળ લતામંડપ છે. અને આપ ભવ્યરૂપી કમલોનો વિકાસ કરો છો. (૨૮)

**દૂરસ્થિતોપિ શીતરશ્મિ–રલં સ્વકીયૈઃ,**
**શુભ્રૈ–ર્વિકાસિ–કિરણૈઃ સુવિકાસભાવમ્ ।**
**અન્તર્ગતં વિતનુતે કિલ કૈરવાણાં,**
**તદ્–વદ્જિનેન્દ્ર ! ગુણ-રાશિરયં જનાનામ્ (૨૯)**

જેમ ચંદ્રમાં પોતાના કિરણોના પ્રભાવથી સરોવરમાં ઉગેલા કમળોના અંતરનો વિકાસ કરે છે તેમ હે જિનેન્દ્ર ! આપના ઉજ્જવળ ગુણોના સમૂહનો પ્રભાવ ભવ્ય જનોના હૃદય પર પડવાથી સર્વથા આનંદ આપી ખિલવે છે. (૨૯)

**શીતાંશુ–રશ્મિ–નિકર–પ્રસરા–નુસંગાદ્,**
**યચ્ચન્દ્રકાન્ત–મણયઃ પરિતો દ્રવન્તિ ।**
**તદ્–વત્ત્વદયિ–મહિમ–શ્રવણેન ભવ્યાઃ,**
**શાન્તાઃ પ્રવૃદ્ધ–કરુણા દ્રવિતા ભવન્તિ ॥ (૩૦)**

હે પ્રભુ ! જેમ ચંદ્રનાં શીતળ કિરણોની નિર્મળ પ્રભા, પૃથ્વી ઉપરના શ્રેષ્ઠ ચંદ્રકાન્ત મણિને પીગળાવે છે. તેમ આપના અનુપમ મહિમાનું શ્રવણ કરતાં ભવ્ય જીવોના હૈયામાંથી દયા અને અહિંસાનાં ઝરણાં ઝરે છે. (૩૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુઃખ–પ્રધાન–શિવ–વર્જિત–હીયમાને,
કાલે સદા વિષય–જાલ–મહા–કરાલે ।
ભવ્યા ભવત્પ્રવચનં શિવદં જિનેન્દ્ર !
પીત્વાઽઽત્મશાન્તિમુપયાન્તિ
નિતાન્ત–શુદ્ધામ્ । (૩૧)

હે પ્રભુ ! ઉતરતા આ વિષમ પંચમકાળમાં સંસારી જીવો મોક્ષ પ્રાપ્ત કરી શકતા નથી. દુઃખનો ભાવ વૃદ્ધિ પામે છે, આયુષ્ય આદિ બળ ઘટતું રહે છે. એવા આ પાંચમા આરામાં ભવ્યજનો આપના અમૃત રસથી ભરપૂર વચનનું પાન કરી આપના ધ્યાનથી આત્મશાંતિ પ્રાપ્ત કરે છે. (૩૧)

ષટકાયનાથ ! મુનિનાથ ! ગુણાધિનાથ !
દેવાધિનાથ ! ભવિનાથ ! શુભૈકનાથ !
અસ્માન્ પ્રબોધય જિનાધિપ ! દૂરતોપિ.
કિં નો સ્મિતાનિ કુરુતે કુમુદાનિ ચન્દ્રઃ ॥ (૩૨)

હે જિન ભગવાન ! છ કાયના નાથ ! મુનિઓના સ્વામી ! જ્ઞાન દર્શન આદિ અનંત ગુણોના ધારક ! દેવોના નાયક ! કલ્યાણકારક ! ભવિજીવના સહાયક ! આપ ઘણે દૂર બિરાજો છો તો પણ કૃપા કરી અમને જ્ઞાનરસના પૂરથી જગાડો, કારણ ચંદ્રમા આકાશમાં ઘણે દૂર છે છતાં શું કુમુદોને પ્રફુલ્લિત નથી કરતો? અર્થાત્ કરે છે. (૩૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૃક્ષોપિ શોકરહિતો ભવદાશ્રયેણ,
જાતસ્તતઃ સ યદશોક ઇતિ પ્રસિદ્ધઃ ।
ભવ્યાઃ પુનર્જિન ! ભવચ્ચરણાશ્રયેણ,
કિં નામ કર્મરહિતા ન ભવન્ત્યશોકાઃ ! ॥ (૩૩)

હે પ્રભુ ! કંકેલી નામનું વૃક્ષ આપના આશ્રયથી શોક રહિત બની જગતમાં અશોક નામથી પ્રસિદ્ધિ પામ્યું. તો પછી હે નાથ ! ભવ્ય જીવ આપના ચરણોનો આશ્રય લઈ કર્મરહિત થઈ અશોક (શોકરહિત) અવસ્થા પ્રાપ્ત કરે, તેમાં આશ્ચર્ય નથી. (૩૩)

સિંહાસને મણિમયે પરિભાસમાનં,
નાથં નિરીક્ષ્ય કિલ સંદિહતે વિધિજ્ઞાઃ ॥
ઇન્દુઃ કિમેષ ? નહિ યત્ સકલંકરંકુઃ
કિં વા રવિર્ન સ તુ ચંડતરપ્રકાશઃ ॥ (૩૪)

સમોસરણમાં મણિરત્નો જડિત સિંહાસને બિરાજમાન, તેમજ તેજના પુંજરૂપ આપને જોઇ હે નાથ ! તત્ત્વજ્ઞાન બુદ્ધિમાનજનો આપના સ્વરૂપ વિષે શંકાશીલ બને છે અને વિચાર કરે છે કે આ ચંદ્રમા હશે ? પણ ના. કારણકે તે કલંકયુક્ત છે, અથવા શું સૂર્ય હશે ? તે પણ હોય નહિ કારણ તેનો તાપ પ્રચંડ હોય છે. (૩૪)

પુંજ–રિત્વષા–મિતિ પુરા નિરણાયિ પશ્ચાદ્,
વ્યાક્તાકૃતિ–સ્તનુધરોઽય–મિતિ પ્રબુદ્ધૈઃ ।
ભવ્યૈઃ પ્રમાનિતિ પુનઃ પ્રશમ–સ્વભાવઃ,
કારુણ્ય–રાશિ–રિતિ વીરજિનઃ ક્રમેણ ॥ (૩૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે પ્રભુ ! ઉપર પ્રમાણે વિચાર કરવા છતાં બુદ્ધિમાન્ "ભવ્ય જનોએ આપના સ્વરૂપ વિષે, તે તેજનો પુંજ છે. એમ નિર્ણય કર્યો. આકાર જોઈ દેહધારી પુરુષ છે એમ જાણવામાં આવ્યું, વિશેષ નજીક જતાં જાણ્યું કે આ શાન્ત સ્વભાવવાળા કોઈક મહાન વ્યક્તિ છે. વળી નજીક જતાં નિર્ણય કર્યો કે આ તો કરુણાના સાગર વીર જીનેશ્વર ભગવાન છે. (૩૫)

દેવૈ-રચિત્ત-કુસુમ-પ્રકરસ્ય વૃષ્ટયા,
દિક્મંડલં સુરભિતં ભવતોઽતિશેષાત્ ।
સ્યાદ્વાદ-ચારુ-રચના-વચના-વલીનાં,
વૃષ્ટયા ભવન્તિ ભવિનઃ પ્રશમે નિમગ્નાઃ ॥ (૩૬)

સમોસરણમાં હે પ્રભુ ! આપના અતિશય મહિમાથી, દેવો અચિત્ત પુષ્પોની વૃષ્ટિ કરે છે તેથી દશે દિશાઓ (દિગ્મંડળ) સુગંધિત થઈ શુદ્ધ વાતાવરણમય થઈ જાય છે, અને આપની અનેકાંન્તવાદની સુંદર દિવ્યવાણી વરસે છે, તેનાથી ભવ્યજીવો શાંતિના સાગરમાં નિમગ્ન થઇ અપૂર્વ આનંદ અનુભવે છે. (૩૬)

લોકોત્તરા સકલ-જીવ-વચો-વિલાસા,
પીયૂષવત્ પરિણતા ભવદીય-ભાષા ।
સર્વર્દ્ધિ-સિદ્ધિ-ગુણવૃદ્ધિ-વિધાન-દક્ષા,
સાક્ષાત્તનો કુશલં સકલં સુલક્ષા ॥ (૩૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે ભગવાન! આપની દેશના (ધર્મોપદેશ) સર્વ જીવોની ભાષામાં સમજી શકાય તેવી છે. અમૃત સમાન મધુર મોહહર છે, કલ્યાણકારી, સિદ્ધિ આપનાર, તેમજ શાન્તિ આદિ અનુપમ ગુણરત્ન દેનાર છે. (૩૭)

**ગોક્ષીર નીર–શશિ–કુન્દ–તુષાર–હાર—,**
**શુક્લૈ ર્વિંયદ્–વિલસિતૈઃ શુભ–ચામરૌઘૈઃ,**
**ધ્યાનં સિતં તવ વિભો ! વિનિવેધતે યત્,**
**સર્વજ્ઞતા તદનું કર્મ–સમૂલ–નાશઃ ॥ (૩૮)**

હે પ્રભુ ! ગાયનું દૂધ, નિર્મળ પાણી, ચંદ્ર; કુન્દ કમળ પુષ્પ હિમ અને મોતીના હાર સમાન ઉજ્જવળ જે સફેદ ચામરો આપના ઉપર ચમકતાં ઢોળાઇ રહ્યાં છે તે આપનું શુકલધ્યાન, સર્વજ્ઞતા અને સર્વ કર્મનો નાશ કરનાર આપ જ છો તેમ સુચવે છે. (૩૮)

**આંખંડલૈ–સ્વનિ–મંડલ–માગતૈ–સ્તૈ–**
**ભામિંડલં તવ નુતં મુનિમંડલૈશ્ચ ।**
**મોહા–ન્ધકાર–પરિહાર–કરં જિનેન્દ્ર !**
**તુલ્ય કરં ભવતિ તદ્ રવિમંડમંડલેન ॥ (૩૯)**

હે નાથ ! પૃથ્વી પર ઉતરી આવેલા ઇન્દ્રો તથા પૃથ્વી પર રહેનારા મુનિઓ આપના ભામંડળની સ્તુતિ કરે છે અને કહે છે–આપનું ભામંડળ મોહરૂપી અંધકારનો નાશ કરે છે તો તેને સૂર્યમંડળની ઉપમા કેમ આપી શકાય ? અર્થાત્ ન આપી શકાય. કારણ ભામંડળ તો દ્રવ્ય અને ભાવ બન્ને અંધકારનો નાશ કરે છે. (૩૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યત્કર્મ-વૃન્દ-સુભટં વિકટં વિજેતા,
લોકત્રય-પ્રભુ-રસા-વતિશેષ-ધારી ।
તસ્મા-જ્જિનેન્દ્રસરણિં શરણીકુરુધ્વં,
ભવ્યા ઇતિ ધ્વનતિ ખે કિલ દુન્દુભિસ્તે ॥ (૪૦)

હે નાથ ! આપના પ્રભાવથી આકાશમાં દુંદુભિનાદ થાય છે. તે ચોક્કસ કહે છે:– "હે ભવ્ય જીવો ! આ વિકટ કર્મ સમૂહરૂપી વેરીના જીતનાર, ત્રણ લોકના નાથ, ચોત્રીસ અતિશયોના ધારક, જિનેન્દ્ર ભગવાન જે માર્ગ બતાવે છે તેનું શરણ ગ્રહણ કરો." (૪૦)

અત્યુજ્જવલં વિજિત-શારદ-ચન્દ્ર-બિમ્બં
સંમોદકં સકલ-મંગલ-મંજુ-કન્દમ્
છત્રત્રય તવ નિવેદયતે જિનેન્દ્ર !,
રત્નત્રયં પ્રભુપદં શિવદં દદાતિ ॥ (૪૧)

હે જિનેન્દ્ર ! સમવસરણમાં આપના ઉપર જે ત્રણ ઉજ્જવળ છત્રો ધરાય છે તેની શીતળતા શરદ ઋતુના ચન્દ્રની પ્રભાથી અત્યંત ઉજ્જવળ છે, તે એમ સૂચવે છે કે આપના સમ્યક્ જ્ઞાન સમ્યક્ દર્શન, સમ્યક્ ચારિત્ર રૂપ રત્નત્રય પ્રભુપદ અને મોક્ષપદને આપે છે. (૪૧)

યત્ર ત્વદીય-પદ-પંકજ-સન્નિધાનં.
સન્ધાનભૂમિ-રસમાપિ સમા-સમન્તાત્ ।
સર્વર્ત્તવશ્ચ સુખદા વિલસન્તિ લોકા,
મન્યે નુ કલ્પતરુરેવ ભવત્-પદાબ્જમ્ ॥ (૪૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે પ્રભુ ! આપના ચરણુકમળો પૃથ્વી પર જ્યાં પગલાં ભરે છે તે ભૂમિ વિષમ હોય તો પણ સપાટ થઈ સુખદાયક થાય છે. સર્વ ઋતુઓ એકીસાથે આનંદદાયક નિવડે છે. તેથી આપના ચરણુકમળ એજ કલ્પતરૂ છે. (૪૨)

દિવ્યો ધ્વનિર્ગુણગણશ્ચ યશોપિ દિવ્યં,
દિવ્યાપિ ભાવસમતા પ્રભુતાપિ દિવ્યા ।
તસ્માદ્ વિભો ! ક્વ તુલના ભુવનત્રયેપિ,
જ્યોતિર્ગણાઃ કિમિહ ભાનુસમા વિભાન્તિ ? (૪૩)

હે પરમાત્મા ! આપની વાણી, ગુણો, યશ, સમતા અને પ્રભુતા અનુપમ અને દિવ્ય છે, તેથી હે વિભુ ! આપના તુલ્ય જગતમાં બીજું કોઈ છે નહિ. કારણ તારાના સમૂહ ચમકે છે, પણ તે કદી સૂર્ય જેવો પ્રકાશ આપી શકતા નથી. (૪૩)

દિવ્યં પ્રભાવ-મવલોકય સુરાદયસ્તે,
પીયૂષ-સાર-વચનાનિ નિશમ્ય સમ્યક્ ।
આનન્દ-વારિધિ-તરંગ-નિમગ્ન-ચિત્તા-,
સ્ત્વદ્વર્ણના-ક્ષમતયા પ્રણમન્તિ ભાવાત્ ॥ (૪૪)

હે પ્રભુ ! આપનો દિવ્ય પ્રભાવ જોઈ ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષી અને વૈમાનિક દેવો વગેરે આપની અમૃત-મય વાણી સાંભળતાં આનંદસાગરના તરંગમાં પ્રેમથી નિમગ્ન થઈ ભક્તિભાવથી આશ્ચર્યના આવેશમાં આપને નમસ્કાર કરે છે. (૪૪)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુભ્યં નમઃ સકલ-મંગલ-કારકાય,
તુભ્યં નમઃ સકલ-નિર્વૃત્તિ-દાયકાય ।
તુભ્યં નમઃ સકલ-કર્મ-વિનાશકાય,
તુભ્યં નમઃ સકલ-તત્ત્વ નિરૂપકાય ॥ (૪૫)

એવા હે પ્રભુ! સર્વ મંગળ કરનાર આપને હું નમસ્કાર કરૂં છું, સર્વપ્રકારે સુખશાંતિ દેનાર આપને હું નમસ્કાર કરૂં છું, જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોનો ક્ષય કરનાર આપને હું નમસ્કાર કરું છું સકલ તત્ત્વના પ્રરૂપક હે નાથ! આપને હું નમસ્કાર કરું છું. (૪૫)

તુભ્યં નમઃ સકલ-જીવ-દયા-પરાય,
તુભ્યં નમઃ શિવદ-શાસન-ભાસ્કરાય,
તુભ્યં નમઃ સકલ-લોક-શુભંકરાય,
તુભ્યં નમઃ સતતમસ્તુ જિનેશ્વરાય ॥ (૪૬)

હે પ્રભો! સમગ્ર લોકના જીવોને અભયદાન દેનાર આપને હું નમસ્કાર કરૂં છું. મોક્ષપદ પ્રાપ્ત કરાવનાર શાસનના સૂર્યસમાન આપને હું નમસ્કાર કરૂં છું. હે દયાનિધિ જિનેશ્વર! આપને હું સર્વદા નમસ્કાર કરૂં છું. (૪૬)

રક્ષઃ-પિશાચ-નિકરૈ-રદયો-પસૃષ્ટં,
દુર્વૃત્ત-દુષ્ટ-ખલ-સૃષ્ટ-વિસૃષ્ટ-મુષ્ટમ્ ।
દારિદ્રય-દુઃખ-ગદ-જાલ-વિશાલ-કષ્ટં,
નષ્ટં ભવત્યખિલ-માશુ-ભવત્પ્રભાવાત્ ॥ (૪૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ જિનેશ્વર ભગવાનના પ્રભાવથી પ્રભુની સ્તુતિ કરનાર ભવ્ય જીવોને રાક્ષસ--પિશાચના ઉપસર્ગો, દુષ્ટ જનોની મૂઠ, દારિદ્રયના દુઃખમાંથી ઉત્પન્ન થતાં મહાન કષ્ટો હે નાથ ! આપના તેજથી સઘળાં નાશ પામે છે. (૪૭)

ચૌરારિ–સિંહ–ગજ–પન્નગ–દુષ્ટ–દાવ–,
હિંસ્રપ્રચાર–ખલબન્ધન–દુર્ગ–ભૂમૌ ।
સર્વં ભયં ભયકરં પ્રણિહન્તિ નાથ !
ત્વદ્ધ્યાનમાત્ર–મખિલં–ભુવનત્રયેસ્મિન્ (૪૮)

હે નાથ ! ચોર, દુશ્મન, સિંહ હાથી, સર્પ, દાવાનળ આદિ સંહારક તત્ત્વોથી, તેમજ દુષ્ટ બંધનથી ઉત્પન્ન થતો ભય, એવા સર્વ પ્રકારના ભયંકર ભયના કારણોને દૂર કરવા આપનું ધ્યાનમાત્ર ભવ્ય જીવોને ત્રણ ભુવનમાં બરાબર ઉપાય છે. (૪૮)

સિંહો–રગ–પ્રખર સૂકર–હિંસ્રજાલૈ,
વ્યાપ્તા–રવી–વિકટ–લુંટક–કંટનાલૈઃ ।
સર્વર્તુ–પુષ્પ ફલ–પલ્લવ–શોભમાના,
સા નન્દનં ભવતિ તે સ્મરણાજ્જિનેન્દ્ર ! ॥ (૪૯)

હે જિનેન્દ્ર ! સિંહ, સાપ, સુવર, આદિ હિંસક પ્રાણીના વાસથી, વિકરાળ ચોર લુંટારાના ત્રાસથી ભયાનક તીક્ષ્ણ કાંટાની જાળથી દુર્ગમ છે. તેવી ઘોર અટવી આપના સ્મરણમાત્રથી સર્વ ઋતુના પત્ર, પુષ્પ ફલથી શોભાયમાન થઈ નંદનવનસમાન આનંદદાયક બને છે. (૪૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘોરા-તિઘોર વિકટે સુભટેતિકષ્ટે,
ભ્રષ્ટે બલે વિવિધ-દુઃખ-શતૈ ર્વિશિષ્ટે,
શસ્ત્રા-હતિ-પ્રવિચલ રુધિર પ્રવૃદ્ધે ।
યુદ્ધે તનોતિ તવ નામ વિશુદ્ધશાન્તિમ્ ॥ (૫૦)

હે પ્રભુ ! બન્ને પક્ષને મહાકષ્ટકારી દારૂણ જ્યાં યુદ્ધ ત્યાં ચાલતું હોય, શત્રુના અનેક ત્રાસથી ભૂખ, તૃષા આદિથી વ્યાકુળ સેનાબળ ઓસરતું હોય, રણમેદાને શસ્ત્રથી ઘવાયેલ યોદ્ધાના શરીરમાંથી રૂધિરપ્રવાહ જોસભેર વહેતો હોય એવા ઘોર સંગ્રામમાં પણ આપનું નામસ્મરણ ભવ્ય જીવોને શાંતિ આપે છે. (૫૦)

સર્વર્દ્ધિ-સિદ્ધિદ-મિદં પરમં-પવિત્રં,
સ્તોત્રં ચ યઃ પઠતિ વીર-જિનેશ્વરસ્ય ।
ચિન્તામણિઃ સુરતરુઃ સકલાર્થ-સિદ્ધિઃ,
સંસેવિતું તમનુકુલયિતુ સમેતિ ॥ (૫૧)

શ્રી વીર જિનેશ્વર ભગવાનનું પરમ પવિત્ર, સર્વદા રિદ્ધિસિદ્ધિ આપનાર સ્તોત્રને જે જીવ સદા ભાવથી ભણે છે. તેને ચિન્તામણિ રત્ન, કલ્પવૃક્ષ અને અનેક પ્રકારની સિદ્ધિઓ અનુકૂળ થઈ આવી મળે છે. (૫૧)

શ્રી-વર્દ્ધમાન-શુભનામ-ગુણા-નુબદ્ધાં,
શુદ્ધાં વિશુદ્ધ-ગુણ-પુષ્પ-સુકીર્ત્તિ-ગન્ધામ્ ।
યો ઘાસિલાલ-રચિતાં સ્તુતિ-મંજુ-માલાં,
કંઠે બિભર્તિ ખલુ તં સમુપૈતિ લક્ષ્મીઃ ॥ (૫૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી વર્ધમાન પ્રભુના શુભ—નામ—રૂપી દોરામાં પ્રભુના શુદ્ધ, નિર્મળ ગુણરૂપી ફૂલોને ગુંથી, કીર્તિરૂપ સુગંધથી ભરપૂર પૂજ્ય શ્રી ઘાસીલાલજી મહારાજ સાહેબે બનાવેલ આ સ્તુતિરૂપ સુંદર માળા જે જીવ કંઠમાં ધારણ કરે છે તેને અથવા આ સ્તોત્રના કર્તા શ્રી ઘાસીલાલજી આચાર્યને ત્રણ લોકની-રાજ્ય અને ભાવલક્ષ્મી આપમેળે આવીને વરે છે. (૫૨)

॥ ઇતિશ્રી જૈનાચાર્ય—જૈનધર્મ દિવાકર—

## પૂજ્યશ્રીઘાસીલાલવ્રતિ વિરચિત શ્રીવર્દ્ધમાન ભક્તામર સ્તોત્ર સમ્પૂર્ણમ્

# પૂચ્છિસુણં—વીરસ્તુતિનું

## મહાત્મ્ય—માર્ગદર્શન—પ્રેરણા

**૧ મહત્ત્વ** :— 'પુચ્છિસુણં' જેનું બીજું નામ 'વીર-સ્તુતિ' છે અને જેમા નામ પ્રમાણે જ ભગવાન મહાવીર સ્વામીની સ્તુતિ છે, તેનું ઘણું જ મહત્ત્વ છે; કેમકે (૧) તે ગણધર રચિત છે, (૨) તેનો અંગસૂત્રમાં સમાવેશ છે, (૩) તે મહાવિદેહક્ષેત્રની અપેક્ષાએ શાશ્વત છે અને (૪) ભરતક્ષેત્રમાં પણ પાંચમા આરામાં બીજી કોઈ સ્તુતિ કરતાં દીર્ઘકાળ સુધી ટકનારી છે, અને દેવ અધિષ્ઠિત પણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૨ પ્રભાવ** :– 'પુચ્છિસુણું' ની રચના ખૂબ જ ઉત્કૃષ્ટ કોટિની છે. એના શબ્દો, ભાવો, એની શૈલી, એની ઉપમાઓ, બધું જ અનન્ય છે. આ સ્તુતિ તીર્થંકર પ્રભુ પ્રત્યે પરમશ્રદ્ધા, ભાવને ઉત્પન્ન કરનારી અને શાંતિ આપનારી છે. આ સ્તુતિની પોતાના આત્મા ઉપર અને ઇતિર સકળ જીવ–અજીવ વિશ્વ ઉપર અચિન્ત્ય ચમત્કારિક અસર થાય છે. આ સ્તુતિમાં ભવનપતિ દેવો, વનના દેવતાઓ, જ્યોતિષી દેવો અને વૈમાનિક દેવો અને ઇન્દ્રોની સ્તુતિ પણ એ રીતે વણી લેવામાં આવી છે કે જેથી તીર્થંકરોની શ્રેષ્ઠતા પણ સાબિત થાય અને અન્ય કોઈ સ્તુતિ તંત્ર, મંત્ર, યંત્રની જરૂર પણ ન રહે.

**૩ સર્વમાન્ય** :– જેમ નમસ્કારમંત્ર સર્વ જૈન માત્રને માન્ય છે, તેમ આ વીરસ્તુતિ બધાં જ શ્વેતાંબરોને, દેરાવાસી, સ્થાનકવાસી, તેરાપંથીઓને સમાન ભાવે આદરણીય છે, પૂજ્ય છે. જેમ નમસ્કાર–મંત્રથી દ્વાર ઊઘડ્યાં, નાગની, ફૂલમાળા બની, અગ્નિ જળ બન્યું, શૂળી સિંહાસન બન્યું; તેમ આ વીરસ્તુતિ પણ લૌકિક અને લોકોત્તર બન્ને ફળ આપનારી છે, તે પણ મહત્તમ, શીઘ્રતમ અને શ્રેષ્ઠતમ ફળ આપનારી છે.

**૪ દાખલો** :– ઋષિ સંપ્રદાયના પૂજ્ય શ્રી વેલજી ઋષિજી આદર્શ સંયમી અને મહાન તપસ્વી થઈ ગયા છે. તેઓએ માત્ર છાશના આધારે ૧૭ વર્ષની લાંબી તપસ્યા કરી હતી. તેઓ પુચ્છિસુણંનો સદાય સ્વાધ્યાય કરતાં અને તે થકી તેઓ વિવિધ લબ્ધિસંપન્ન બની ગયા હતા. અને મોટો જનસમૂહ જૈનધર્મ પ્રત્યે માર્ગાનુસારી બન્યો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૫ ભાષા** :– જેમ ભક્તામરની ભાષા સંસ્કૃત છે. તેમ આની ભાષા અર્ધમાગધી, પ્રાકૃત ભાષા છે, અને પ્રાકૃત ભાષા સંસ્કૃત્ત ભાષા કરતાં ઉચ્ચારમાં ઘણી સહેલી અને સુગમ છે. ઉપરાંત આ મુદ્રણમાં 'જ્યાં વધુ અક્ષરો હોય ત્યાં ક્યાં કઈ રીતે છુટા પાડીને બોલવું ?' તે બરાબર સમજી શકાય તે રીતે મુદ્રણ કરેલ છે; એટલે ઉચ્ચારમાં કોઇ મુશ્કેલી આવવાની નથી.

**૬ અર્થકાવ્ય** :– ઉપરાંત પુચ્છિસુણંનો અર્થ સમજાય તેના ભાવોનો આનંદ માણી શકાય એવો સરસ,સરળ,ઉત્તમ, ગુજ-રાતી કાવ્ય-અનુવાદ પણ એની સાથે જ * અને તે રીતે મુદ્રિત કરવામાં આવેલ છે કે—મૂળ અને કાવ્ય બન્ને સ્વતંત્રપણે વાંચી શકાય અને મૂળ સાથે અર્થ પણ જાણી શકાય બેસાડી શકાય.

**૭ સ્વાધ્યાયકાળ** :– આ સ્તુતિ રાત્રે ૩ા થી સવારે ૯ા સુધી સુર્યોદય પહેલાંની અને પછીની ૪૮ મિનિટ બાદ કરીને તેમજ બપોરે ૩ા થી રાત્રે ૯ા સુધી સુર્યાસ્ત પહેલાની અને પછીની ૪૮ મિનિટ બાદ કરીને દરરોજ બોલી શકાય છે, માત્ર ત્રણ ચૌમાસી પૂર્ણિમાં અને બે ઓળી પૂર્ણિમા અને ત્યાર પછીની પાંચ એકમ એ ૧૦ જ દિવસ જ બાધ છે. અને એના કાવ્યાનુવાદમાં તો કોઈ પણ કાળનો બાધ જ નથી. માટે અસ્વાધ્યાયનો ખોટો પ્રશ્ન કે ભય રાખ્યા વિના દરરોજ આ સ્તુતિ કરવી જોઈએ.

**૮ અસ્વાધ્યાય** :– ચાતુર્માસ કાળ દરમ્યાન જયારે સંઘમાં વધુ પમાણમાં ધર્મ આરાધના અને તે માં સ્તુતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વાધ્યાયાદિ કરવામાં આવે છે, તે ચાતુર્માસ કાળ દરમ્યાન દર વર્ષે ૨૧ જુન થી ૨૨ ઓકટોમ્બર સુધી ગાજવીજની કોઈ અસ્વાધ્યાય નડતી નથી. અને માત્ર વાદળાં હોય તેની અસ્વાધ્યાય તો બારે માસ કયારેય નડતી નથી. પોતાના રૂમમાં અશુચિ પદાર્થો ન હોય તો બહારની કોઈ અશુચિનો સ્વાધ્યાય બાધ ગણવો જોઈએ નહી.

**૯ અનિવાર્યતા** :– છ આવશ્યકોમાં તીર્થંકરોની સ્તુતિને બીજું આવશ્યક ગણવામાં આવેલ છે. સ્તુતિથી આસ્તિકતા દઢ બને છે. તીર્થંકરો પ્રત્યે અહોભાવ ઊંડો બને છે અને વિનયભાવ પુષ્ટ બને છે. વિનય ધર્મનું મૂળ છે અને ધર્મથી જ સ્વર્ગ-અપવર્ગની સુખસંપદા મળે છે માટે સ્તુતિ ચોક્કસ અનિવાર્યપણે દરેક આસ્તિકના જીવનમાં પાયા તરીકે હોવી જ જોઇએ. અને સર્વ સ્તુતિઓમાં વીરસ્તુતિ સર્વ શ્રેષ્ઠ અને પ્રધાન હોઈ આ સ્તુતિ કર્યા વિના સ્નાન-મંજન પણ ન કરવું તેવો નિયમ રાખવો જોઈએ.

**૧૦ પરંપરા** : 'પુચ્છિસુણં–વીરસ્તુતિ' દરરોજ બોલવાની પરંપરા આદિકાળથી ચાલી આવે છે. કેટલાક આ પુચ્છિસુણં વીરસ્તુતિ દર પૂનમ–અમાસે ત્રણવાર પાંચવાર અને સત્તાવીસ વાર કરનારા પણ હોય છે અને દિવાળીના ત્રણ દિવસમાં તો ૧૦૮ વાર "પુચ્છિસુણં" હાલ પણ ઘણાં ક્ષેત્રોમાં ઘણાં કરનારા છે. અને તે અવિચ્છિન્નં પરંપરામાં આપણે પણ જોડાવું જ જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પુચ્છિસ્સુણં—મહાવીરસ્તુતિ

પુચ્છિસુ-ણં સમણા માહણા ય
આગારિણો યા પર-તિત્થિયા ય
'સે કેઇ ણેગંત-હિય ધમ્મ-માહુ
અ-ણેલિસં સાહુ સમિક્ખ-યાએ.' ૧

(ગુજરાતી અનુવાદ)

૧—શ્રી સુધર્માસ્વામી પ્રત્યે જંબુસ્વામીએ પૂછ્યું કે હે ભગવન્ ! શ્રમણો, બ્રાહ્મણો, ગૃહસ્થો અને પરતીર્થીઓ મને પૂછે છે કે, એકાંત હિતકારી અને એના જેવો બીજો કોઈ છે નહિ એવો ધર્મ યથાસ્થિત કોણે કહ્યો છે ?

કહં ચ ણાણં કહં ચ દંસણં સે
સીલં કહં નાય-સુયસ્સ આસિ ?
જાણાસિ ણં ભિક્ખુ જહા-તહેણં
અહા-સુયં બૂહિ જહા ણિસંતં. ૨

૨—તે જ્ઞાતપુત્ર શ્રી મહાવીર દેવનું જ્ઞાન કેવું હતું ? વળી દર્શન કેવું હતું ? તેનો શીલાચાર કેવો હતો ? તે હે ભિક્ષુ તમે જાણો છો ? તે જેમ તમે સાંભળ્યું હોય અને ધાર્યું હોય તેમ કહો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખેયન્નએ સે કુસલે મહેસી
અણંત-નાણી ય અણંત-દંસી
જસંસિણો ચક્ખુ-પહે ઠિયસ્સ
જાણાહિ ધમ્મં ચ ધિઇં ચ પેહિ. ૩

૩—તે (ભગવાન) સંસારી જીવોના દુઃખના જાણ, કર્મ કાપવામાં કુશળ, અનંતજ્ઞાની અનંતદર્શી, મોટા યશસ્વી અને લોકના ચક્ષુભૂત એવા શ્રી મહાવીરદેવના પ્રરૂપેલા ધર્મને તથા તેમની ધીરજને જાણ અને દેખ.

ઉડ્ઢં અહે-યં તિરિયં દિસાસુ
તસા ય જે થાવર જે ય પાણા
સે ણિચ્ચાણિચ્ચેહિ સમિક્ખ-પણ્ણે
દીવેવ ધમ્મં સમિયં ઉદાહુ ૪

૪—ઊંચી, નીચી અને તીરછી ત્રણે-દિશાઓને વિષે જે ત્રસ અને સ્થાવર જીવો છે તેને, પ્રજ્ઞાવંત મહાવીર દેવે, નિત્યાનિત્ય ભેદે સમ્યક્ પ્રકારે જાણીને સંસાર સમુદ્રમાં બુડતા જીવોને તારવા સારૂ દીપ્યમાન અને સમભાવી એવો ધર્મ કહ્યો છે.

સે સવ્વ-દંસી અભિ-ભૂય-ણાણી
નિ-રામ ગંધે ધિઇમં ઠિયપ્પા
અણુત્તરે સવ્વ જગંસિ વિજ્જં
ગંથા અતીતે અભએ અણાઉ. ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫—તે ભગવાન લોકાલોકને દેખનારા, બાવીશ પરિષહ જીતીને કેવળજ્ઞાન પામ્યા છે એવા મૂળ તથા ઉત્તર ગુણે સંયમના પાળનારા, ધૈર્યવાન, સર્વ કર્મ નાશ થવાથી બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ રહિત, સાત ભયરહિત અને ચાર ગતિના આયુષ્ય રહિત શ્રી મહાવીર દેવ હતા.

સે ભૂઈ–પણ્ણે અ–ણિએ અ–ચારી
ઓહં–તરે ધીરે અણંત–ચક્ખુ
અણુત્તરં તપ્પઇ સૂરિએ વા
વઇ–રોયણિંદે વ તમં પગાસે. ૬

૬—એ ભગવંત અનંત જ્ઞાનવાળા, અપ્રતિબંધ વિહારી, સંસાર-સમુદ્રને તારનાર, ધીરજવાન, અનંત જ્ઞાનરૂપ ચક્ષુવાળા તથા સૂર્ય જેમ સર્વથી અધિક તપે છે તેમ જ્ઞાને કરી સર્વોત્તમ છે. વિરોચન અગ્નિ જેમ સળગવાથી (ઇન્દ્રની પેઠે) અંધકારને દૂર કરી પ્રકાશ કરે છે તેમ શ્રી મહાવીરદેવ પણ અજ્ઞાનરૂપ અંધકાર દૂર કરી પ્રકાશ કરે છે.

અણુત્તર ધમ્મ–મિણં જિણાણં
ણેયા મુણી કાસવ આસુ–પણ્ણે
ઇંદેવ દેવાણ મહા–ણુભાવે
સહસ્સ–ણેયા દિવિ–ણં વિસિટ્ઠે. ૭

૭—દેવલોકને વિષે ઇંદ્ર જેમ દેવોમાં મહાપ્રભાવિક, હજારો દેવોના નાયક અને સર્વોત્તમ છે તેમ સર્વ તીર્થંકરોએ પ્રરૂપેલો આ જે સર્વોત્તમ ધર્મ તેને પ્રકાશ કરનાર કાશ્યપગોત્રી અને કેવળજ્ઞાની શ્રી મહાવીરદેવ સર્વથી ઉત્તમ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સે પણ્ણયા અક્ખય સાગરે વા
મહો-દહી વા વિ અણંત-પારે
અણાઇલે વા અકસાઇ ભિક્ખુ
સક્કેવ દેવા-હિવઇ જુઇમં. ૮

૮—તે ભગવાન પ્રજ્ઞાએ કરી અક્ષય, જેમ સ્વયંભૂરમણ નામે મોટો સમુદ્ર અનંત, અપાર અને નિર્મળ જળવાળો છે તેમ ભગવાનનું જ્ઞાન નિર્મળ છે. વળી તે ભગવંત કષાય રહિત તથા ભિક્ષાએ આજીવિકા કરનાર, દેવતાના અધિપતિ શક્રેન્દ્રની પેઠે તેજસ્વી છે.

સે વીરિએણં પડિ-પુણ્ણ-વીરિએ
સુ-દંસણે વા ણગ-સવ્વ-સેટ્ઠે
સુરા-લએ વા સિ મુદા-ગરે સે
વિ-રાયએ ણેગ-ગુણો-વવેએ. ૯

૯—તે ભગવાન બળે કરી પ્રતિપૂર્ણ બળવાન છે. સર્વ પર્વતોમાં મેરૂ પર્વત જેમ શ્રેષ્ઠ છે, તેમ ભગવાન પણ વીર્યાદિક ગુણે કરી સર્વોત્તમ છે. મેરૂ પર્વત જેમ સ્વર્ગવાસી દેવોને હર્ષ ઉત્પન્ન કરે છે તથા અનેક ગુણોએ કરી શોભે છે તેમ ભગવંત પણ અનેક ગુણોએ કરી શોભે છે.

સયં સહસ્સાણ ઉ જોયણાણં
તિ-કંડગે પંડગ-વેજયંતે
સે જોયણે ણવ-ણવઈ-સહસ્સે
ઉડ્ઢુ-સ્સિતો હેટ્ઠ સહસ્સ-મેગં. ૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦—તે મેરૂ પર્વત એક લાખ જોજનનો છે. તેના એક ભૂમિમય, બીજો સુવર્ણમય અને ત્રીજો વૈડુર્ય રત્નમય એવા ત્રણ કાન્ડ છે. તથા તે મેરૂ પર્વતની ટોચ ઉપર પંડગવન ધ્વજની માફક શોભી રહ્યું છે. તે મેરૂ પર્વત નવાણું હજાર જોજન ઉંચો અને એક હજાર જોજન નીચે જમીનમાં છે.

પુટ્ઠે નભે ચિટ્ઠઈ ભૂમિ-વટ્ઠિએ
જં સૂરિયા અણુ—પરિ-વટ્ટયંતિ
સે હેમ-વણ્ણે બહુ-નંદણે ય
જંસિ રઈં વેદયતી મહિંદા. ૧૧

૧૧—તે મેરૂ પર્વત આકાશને સ્પર્શી રહ્યો છે; ભૂમિને અવગાહી રહ્યો છે. એટલે ઊંચા, નીચા અને તીરછા લોકને સ્પર્શી રહ્યો છે. જે મેરૂ પર્વતની આસપાસ સૂર્ય પ્રમુખ જ્યોતિષી દેવો પ્રદક્ષિણા કરી રહ્યા છે. તે મેરૂ પર્વત સુવર્ણના જેવી કાંતિવાળો છે. તેના ઉપર ઘણાં એટલે ચાર નંદનવન છે, જેને વિષે મોટા ઇન્દ્રો પણ આવીને રતિસુખ ભોગવે છે.

સે પવ્વએ સદ્દ મહ-પ્પગાસે
વિ-રાયઈ કંચણ મટ્ઠ વણ્ણે
અણુત્તરે ગિરિસુય પવ્વ દુગ્ગે
ગિરિ-વરે સે જલિએવ ભોમે. ૧૨

૧૨—વળી તે મેરૂપર્વત—૧ મંદિર, ૨ મેરૂ, ૩ મનોરમ ૪ સુદર્શન, ૫ સ્વયંપ્રભ, ૬ ગિરિરાજ, ૭ રત્નોચ્ચય, ૮ તિલકોપમ; ૯ લોકમધ્ય, ૧૦ લોકનાભિ, ૧૧ રત્ન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨ સૂર્યાવર્ત, ૧૩ સૂર્યાવરણ, ૧૪ ઉત્તમ, ૧૫ દિશાદિ અને ૧૬ અવતંસ–એ સોળ નામે કરી મહાપ્રકાશવાન શોભે છે તથા સુવર્ણની પેઠે શુદ્ધ વર્ણવાળો, સર્વ પર્વતોમાં પ્રધાન, મેખલાએ કરી વિષમ છે અને વળી તે ગિરિરાજ મણિ અને ઔષધિઓએ કરી દેદીપ્યમાન છે, તેથી જમીનની પેઠે ઝળઝળામાન થઈ છે.

મહિએ મજ્ઝંમિ ઠિએ ણગિંદે
પણ્ણાયતે સૂરિએ સુદ્ધ–લેસે
એવં સિરિએ ઉ સ –ભૂરિ–વણ્ણે
મણો–રમે જોયઈ અચ્ચિ–માલી. ૧૩

૧૩—પૃથ્વીના મધ્ય ભાગમાં રહેલો સર્વ પર્વતોનો ઇંદ્ર મેરૂપર્વત સૂર્યની પેઠે શુદ્ધ લેશાવંત પ્રકર્ષે કરીને જણાય છે. ઉપર કહી એવી શોભાએ કરી તથા અનેક પ્રકારનાં રત્નોના વર્ણોએ કરી મનને આનંદ આપે છે અને સૂર્યની પેઠે સર્વ દિશાઓને દીપાવે છે.

સુ–દંસણ–સ્સેવ જસો ગિરિસ્સ
પવુચ્ચઇ મહતો પવ્વયસ્સ
એતોવમે સમણે નાયપુત્તે
જાઈ જસો દંસણ નાણ–સીલે. ૧૪

૧૪—આ યશ મેરૂ ગિરિરાજ પર્વતનો કહેવાય છે એ પૂર્વોક્ત ઉપમાએ શ્રમણ ભગવાન જ્ઞાતપુત્ર શ્રી મહાવીરદેવ જાતિએ, યશે, દર્શને, જ્ઞાને એવં આ ચારે પ્રકારે સર્વોત્તમ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગિરિ-વરે વા નિસહા-યયાણં
રુયએ વ સેટ્ઠે-વલયા-યતાણં
તઓ-વમે સે જગ-ભૂઈ પણ્ણે
મુણીણ મજ્ઝે તમુ-દાહુ પણ્ણે. ૧૫

૧૫—લાંબા પર્વતોમાં નિષધ પર્વત મોટો છે. ગોળાકાર પર્વતોમાં રુચક પર્વત શ્રેષ્ઠ છે, તે ઉપમાએ શ્રી મહાવીર દેવ જગતમાં પ્રજ્ઞાએ કરી શ્રેષ્ઠ કહ્યા છે તથા સર્વ મુનિઓને વિષે પ્રજ્ઞાવંત કહ્યા છે.

અણુ-ત્તરં ધમ્મ-મુઇ રઇત્તા
અણુ-ત્તરં ઝાણ-વરં ઝિયાઇ
સુ-સુક્ક સુક્કં અપ-ગંડ-સુક્કં
સંખિંદુ એગંત-વદાત-સુક્કં. ૧૬

૧૬—તે ભગવાન પ્રધાન ધર્મ પ્રકાશિત, પ્રધાન ઉજ્જવળમાં ઉજ્જવળ, દોષરહિત, ઉજ્જવળ શંખ અને ચંદ્રમાની પેઠે એકાંત ઉજ્જવળ, સર્વ ધ્યાનમાં સર્વોત્તમ એવું શુકલ ધ્યાન ધ્યાય છે.

અણુ-ત્તરગ્ગં પરમ મહેસી
અ-સેસ કમ્મં સ વિ-સોહઇતા
સિદ્ધિં ગએ સાઇ-મણંત-પત્તે
ણાણેણ સીલેણ ય દંસણેણ. ૧૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૭—તે મોટા ઋષીશ્વર (મહાવીરદેવ) સમસ્ત કર્મ ખપાવીને જ્ઞાને કરી, ચારિત્રે કરી, દર્શને કરી, સર્વોત્તમ, લોકને અગ્રભાગે ઉત્કૃષ્ટ સાદિ-અનંત ભાગે સિદ્ધગતિને પામ્યા—

રુક્ખેસુ ણાએ જહ સામલિ વા
જંસિ રઇં વેદયંતિ સુવણ્ણા
વણેસુ વા ણંદણ-માહુ સેટ્ઠં
ણાણેણ સીલેણ ય ભૂઈ-પણ્ણે. ૧૮

૧૮—જેમ વૃક્ષોને વિષે શાલ્મલી વૃક્ષ પ્રસિદ્ધ છે, જે વૃક્ષને વિષે સુવર્ણકુમાર દેવતાઓ રતિસુખ વેદે છે. વનને વિષે જેમ નંદનવન શ્રેષ્ઠ કહ્યું છે તેમ શ્રી મહાવીરદેવ જ્ઞાને અને ચારિત્રે કરી પ્રજ્ઞાવંત છે.

થણિયં વ સદ્દાણ અણુ-ત્તરે ઉ
ચંદો વ તારાણ મહા-ણુભાવે
ગંધેસુ વા ચંદણ-માહુ સેટ્ઠં
એવં મુણીણં અપડિણ્ણ-માહુ. ૧૯

૧૯—શબ્દોમાં જેમ મેઘની ગર્જનાનો શબ્દ, તારાઓને વિષે જેમ ચંદ્રમા અને સુગંધીઓમાં જેમ ચંદન શ્રેષ્ઠ ત, તેમ મુનિઓમાં આકાંક્ષારહિત એટલે લોકપરલોકની વાંછના રહિત શ્રી મહાવીર દેવ શ્રેષ્ઠ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જહા સયંભુ ઉદહીણ સેટ્ઠે
નાગે સુવા ધરણિંદ-માહુ સેટ્ઠે
ખોઓદએ વા રસ-વેજયંતે
તવો-વહાણે મુણિ-વેજયંતે. ૨૦

૨૦—જેમ સર્વ સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમુદ્ર, નાગકુમાર વતાઓમાં ધરણેંદ્ર અને રસમાં શેરડીનો રસ શ્રેષ્ઠ છે .મ ઉપધાન તપે કરી મુનિઓમાં શ્રી મહાવીર દેવ શ્રેષ્ઠ છે.

હત્થીસુ એરાવણ-માહુ ણાએ
સીહો મિયાણં સલિલાણ ગંગા
પક્ખિસુ વા ગરુલે વેણુ-દેવો
ણિવ્વાણ-વાદી-ણિહ ણાય-પુત્તે. ૨૧

૨૧—હાથીઓને વિષે જેમ ઐરાવત હાથી, મૃગાદિક 'નાવરોમાં સિંહ, પાણીમાં ગંગાનદીનું પાણી, પક્ષીઓને ષે ગરૂડ પક્ષી (વેણુદેવ) પ્રધાન છે, તેમ નિર્વાણવાદીઓમાં ાતપુત્ર શ્રી મહાવીરદેવને કહ્યા છે.

જોહેસુ ણાએ જહ વીસ-સેણે
પુપ્ફેસુ વા જહ અરવિંદ-માહુ
ખત્તીણ સેટ્ઠે જહ દંત-વક્કે
ઇસીણ સેટ્ઠે તહ વદ્ધમાણે. ૨૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૨—યોદ્ધાઓમાં જેમ વિશ્વસેન (ચક્રવર્તી), ફૂલોમાં જેમ અરવિંદ કમળ, ક્ષત્રિઓમાં જેમ દંતવાક્ય (વચન) પાળનારો એવો ચક્રવર્તી તે શ્રેષ્ઠ છે તેમ ઋષિઓને વિષે શ્રી વર્ધમાન સ્વામી શ્રેષ્ઠ કહ્યા છે.

દાણાણં સેટ્ઠં અભય-પ્પયાણં
સચ્ચેસુ વા અણ-વજ્જં વયંતિ
તવેસુ વા ઉત્તમ બંભ-ચેરં
લોગુ-ત્તમે સમણે ણાય-પુત્તે. ૨૩

૨૩—દાનમાં અભયદાન, સત્ય વચનમાં અનવદ્ય વચન અને તપને વિષે બ્રહ્મચર્ય શ્રેષ્ઠ કહ્યું છે, તેમ લોકમાં ઉત્તમ શ્રમણ, જ્ઞાતપુત્ર શ્રી મહાવીર શ્રેષ્ઠ છે.

ઠિઈણ સેટ્ઠા લવ-સત્તમા વા
સભા સુહમ્મા વ સભાણ સેટ્ઠા
ણિવ્વાણ સેટ્ઠા જહ સવ્વ-ધમ્મા
ણ ણાય-પુત્તા પરમ-ત્થિ ણાણી. ૨૪

૨૪—સ્થિતિવાળા દેવલોકમાં જેમ લવ સપ્તમ દેવો (પાંચ અનુત્તર વિમાનવાસી દેવતા); સભાઓમાં સૌધર્મ સભા અને સર્વ ધર્મોમાં જેમ મોક્ષમાર્ગ શ્રેષ્ઠ છે, તેમ જ્ઞાતપુત્ર શ્રી મહાવીર દેવથી કોઈ ઉત્કૃષ્ટ જ્ઞાની નથી એટલે શ્રી મહાવીર દેવ સર્વથી શ્રેષ્ઠ જ્ઞાની છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુઢો વમે ધુણઇ વિગય-ગેહિ
ન સણ્ણિહિં કુવ્વઈ આસુ-પણ્ણે
તરિઉં સમુદ્દં ચ મહાભવોઘં
અભયં-કરે વીરે અણુંત-ચક્ખુ. ૨૫

૨૫—જેમ પૃથ્વી સર્વ વસ્તુને આધારભૂત છે તેમ શ્રી મહાવીરદેવ પણ પૃથ્વી સમાન છે, તથા આઠ પ્રકારનાં કર્મ ખપાવીને અભિલાષા રહિત દ્રવ્યસન્નિધિ તે ધન, ધાન્ય, દુપદ અને ચતુષ્પદાદિ અને ભાવસન્નિધિ તે ક્રોધ, માન, માયા અને લોભ એ બે પ્રકારની સન્નિધિ ન કરનાર, એવા પ્રજ્ઞાવાન, ચાર ગતિરૂપ મોટા સમુદ્રને તરીને મોક્ષ પામ્યા છે. અભય કરનાર શૂરવીર તથા અનંત ચક્ષુવાળા છે.

કોહં ચ માણં ચ તહેવ માયં
લોભં ચઉત્થં અજ્ઝત્થ-દોસા
એયાણી વંતા અરહા મહેસી
ણ કુવ્વઈ પાવ ણ કારવેઈ. ૨૬

૨૬—ક્રોધ, માન, માયા તેમજ ચોથો લોભ એ ચાર અધ્યાત્મ દોષોને ત્યાગીને અરિહંત અને મોટા ઋષિ થયા તેથી પાપકર્મ કરે નહીં અને કરાવે પણ નહીં.

કિરિયા-કિરિયં વેણઇયા-ણુવાયં
અણ્ણાણિ-યાણં પડિ-યચ્ચ-ઠાણં
સે સવ્વં વાયં ઇઇ વેયઇત્તા
ઉવ-ટ્ઠિએ સંજમ-દીહ-રાયં. ૨૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૭—ક્રિયાવાદીના ૧૮૦, અક્રિયાવાદીના ૮૪, વિનયવાદિના ૩૨ તથા અજ્ઞાનવાદીના ૬૭ એ સર્વ ૩૬૩ પાખંડીઓના ભેદ જાણવા. શ્રી મહાવીર દેવ તે સર્વ ભેદને (દુર્ગતિ જવાના કારણ) જાણીને તેનો ત્યાગ કરી ચારિત્રરૂપ ધર્મને વિષે જાવજીવ સુધી સાવધાનપણે રહ્યા.

**સે વારિયા ઇત્થિ સ—રાઇ–ભત્તં**
**ઉવ–હાણવં દુક્ખ ખયટ્ઠયાએ**
**લોગં વિદિત્તા આરં પારં ચ**
**સવ્વં પ્રભુ વારિય સવ્વ–વારં. ૨૮**

૨૮—તે ભગવાન રાત્રિભોજન રહિત સ્ત્રીનું નિવારણ કરીને, અષ્ટ કર્મરૂપ દુઃખનો ક્ષય કરવાને અર્થે ઉપધ્યાન-વાન (તપસ્યા વડે દેહ સુકાવી નાંખ્યો એવા) થયા. વળી તે પ્રભુએ આલોક અને પરલોકનાં સ્વરૂપ જાણીને સર્વ પ્રકારનાં પાપનાં સ્થાનકોને ઘણીવાર નિવારણ કર્યા.

**સોચ્ચા ય ધમ્મં અરિહંત–ભાસિયં**
**સમાહિયં અટ્ઠ–પદો–વસુદ્ધં**
**તં સદ્દહાણા ય જણા અણાઉ**
**ઇંદેવ દેવાહિ વ આગમિસ્સંતિ ત્તિબેમિ. ૨૯**

૨૯—હે જંબુ ! સમ્યક્ પ્રકારે અર્થ અને પદવડે શુદ્ધ એવા અરિહંતભાષિત ધર્મને સાંભળીને તથા શ્રદ્ધીને લોકો અનાયુષ સિદ્ધ થયા અને જે લોકોને કર્મ બાકી રહ્યા હતાં તે લોકો દેવોના અધિપતિ તથા ઇંદ્રાદિક થઇ આગમિક કાળે સિદ્ધ થશે. એ રીતે હું (સુધર્મા સ્વામી) જેવું મહાવીર સ્વામી પાસેથી સાંભળ્યું હતું તેવું (ત્તિબેમિ) કહું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીર–સ્તુતિ પવિત્ર જે પઠન કરે, કે સાંભળે
વિશુદ્ધ પદને અર્થવાળી ભાવથી જે આદરે
આ ભવમાં કષ્ટ જશે, ને ઇષ્ટ સહુ પુરાં થશે
સિદ્ધ અગર દેવ થઈ, શાશ્વત સુખી સિદ્ધ થશે. (૧)

તીર્થંકરો તારા ગુણો અતિશય ગમે અતિશય ગમે
બીજા કોઈ પણ દેવમાં નહી ચિત્ત જરા પણ રમે
સ્તુતિ કરું છું જેમ તેમ રાગ તારામાં વધે
શ્રદ્ધા વધે ભક્તિ વધે તેવા થવા નિશ્ચય વધે. (૨)
હે નાથ ગુણસમુદ્ર છો ગુણગાન કરવા અસમર્થ હું
ઉદ્ધારનારો પાપીને ઉપકારી તું ઉપકારી તું
અહો ભક્ત તારો મોક્ષમાં કે દેવલોક ઉપજે
ફરી રત્નત્રય, આરાધીને સિદ્ધત્વ તેનું નીપજે (૩)

'કેવલગુરુ' પારસમુનિ સૂત્રકૃતાંગ સૂત્રમાં
પ્રથમ શ્રુતસ્કંધમાં, છઠ્ઠા અહો અધ્યયનમાં
પુચ્છિંસુણં વીરસ્તુતિ આ ગણધરો રચિત છે
સર્વ સ્તુતિમાં સર્વશ્રેષ્ઠ મહિમા વિશ્રુત છે. (૪)
ગણધર–કૃત વીર સ્તુતિ મૂકી કરે અન્ય સ્તુતિ
ચિંતામણિ મૂકી ગ્રહે, તે કાંકરો મૂઢમતિ
જીવનમરણ સુખદુ:ખ હાનિલાભમાં નિત ઉચ્ચરો
સાચા દઢ જૈની બનો, અનંદ મંગળમાં રહો. (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રાસ્તાવિક ગાથાઓ

(૧) પંચ મહવ્વય સુવ્વય મૂલં,
સમણ મણાઈલ સાહુ સુચિણ્ણં ।
વેર વિરમણ પજ્જવસાણં,
સવ્વ સમુદ્દ મહોદહિ તિત્થં ॥

અર્થ :–પાંચ મહાવ્રતો રૂપી સુવ્રતો રહેલા છે. તેનું મૂલ આધાર બ્રહ્મચર્ય વ્રત છે. નિર્મલ રીતે આદરેલું બ્રહ્મચર્ય વ્રત સાધુને સમાધિ ઉત્પન્ન કરનાર છે. વેર–વિરોધને અટકાવી ને પરમ પ્રેમને પ્રકટાવનાર છે અને સર્વ સમુદ્ર સમાન મહાસાગરને તરવામાં તીર્થરૂપ છે.

(૨) તિત્થંકરેહિં સુદેસિય મગ્ગં,
નરગ તિરિય વિવજ્જિય મગ્ગં ।
સવ્વ–પવિત્તં, સુનિમ્મિય સારં,
સિદ્ધિ વિમાણ અવંગુય દારં ॥

અર્થ :–તિર્થંકરોએ સમ્યક્ પ્રકારે ઉપદેશેલ માર્ગ છે, તે માર્ગ નારકી તેમજ તિર્યંચની ગતિને રોકનાર છે. સર્વને પવિત્ર કરનાર, રૂડા વ્રત, નિયમોમાં સારભૂત સિદ્ધગતિ અથવા વૈમાનિક દેવની ગતિના દ્વાર ઉઘાડનારૂ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) દેવનરિંદ, નમંસિય પૂઇયં,
સવ્વ જગુત્તમ મંગલ મગ્ગં
દુદ્ધરિસં ગુણનાયગ મેગં,
મોક્ખ પહસ્સ વડિંસગ ભૂયં ॥

અર્થ :– દેવ–નરેંદ્રને પણ નમન કરવા યોગ્ય, પૂજનીય, સર્વજગતમાં ઉત્તમ, મંગલ માર્ગ છે. અપરાજીત–સર્વ સદ્ગુણોમાં નાયક શિરોમણી, એક–અદ્વિતીય મોક્ષ માર્ગના મુગટમણી સમાન છે.

(૪) ધમ્મારામે ચરે ભિક્ખૂ,
ધિઇમં ધમ્મ સારહી ।
ધમ્મારામે રયા દન્તે,
બંભચેર સમાહિએ ॥

અર્થ :– ધર્મરૂપ બાગમાં રમણ કરનાર. ધર્મરથનો સારથી, ધૈર્યવાન, ઇન્દ્રિયોને દમનાર અને બ્રહ્મચર્ય સમાધિનો ધારક સાધુ હંમેશા ધર્મ બગીચામાં વિહાર કરે.

(૫) દેવ દાનવ ગંધવ્વા,
જક્ખરક્ખસ્સ કિન્નરા ॥
બંભયારિં નમંસંતિ,
દુક્કરં જે કરન્તિ તં ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ :—દુષ્કર વ્રતનું પાલન કરનાર બ્રહ્મચારીને દેવો, દાનવો, ગંધર્વો, યક્ષો, રાક્ષસો, કિન્નરો નમસ્કાર કરે છે.

(૬) એસ ધમ્મે ધુવે નિચ્ચે,
સાસએ જિણદેસિએ ।
સિદ્ધા સિજ્ઝન્તિ ચાણેણ,
સિંજ્જિઝસ્સંતિ તહાવરે ॥

અર્થ :— આ ધર્મ ધ્રુવ; નિત્ય, શાશ્વત, જિનેશ્વરોએ ઉપદેશેલો છે. એનું પાલન કરનાર અનેક જીવો સિદ્ધ થયા છે અને થશે.

(૭) અરિહંત સિદ્ધ પવયણ,
ગુરૂ થેર બહુસ્સુએ તવસ્સીસુ ।
વચ્છલ્લયા ય તેસિં,
અભિકખ નાણોવગએ ॥

અર્થ :— (૧) અરિહંત, (૨) સિદ્ધ (૩) પ્રવચન (૪) ગુરૂ (૫) સ્થવિર (૬) બહુશ્રુત (૭) તપસ્વી એ સાતે પર વાત્સલ્ય ભાવ રાખવાથી (ગુણ કીર્તન કરવાથી) (૮) જ્ઞાનમાં વારંવાર ઉપયોગ મુકવાથી.

(૮) દંસણ વિણય આવસ્સેય,
સીલવ્વએ નિરઈયારે ।
ખણલવ તવ ચ્ચિયાએ,
વેયાવચ્ચે સમાહીએ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ :– (૯) નિર્મલ સમકિતની આરાધનાથી (૧૦) ગુરૂનો–જ્ઞાનનો વિનય કરવાથી (૧૧) કાળોકાળ પ્રતિક્રમણ-પ્રતિલેખન કરવાથી (૧૨) શીલવ્રતનું નિરતિચાર પાલન કરવાથી (૧૩) પ્રત્યેક ક્ષણે સંવેગ ભાવ રાખવાથી (૧૪) ૧૨ પ્રકારના તપ કરવાથી (૧૫) ચ્ચિયાએ–ત્યાગથી, સુપાત્રે દાન દેવાથી (૧૬) ગુરુ, રોગી, તપસ્વી, નવદીક્ષિત વિ.ની વૈયાવચ્ચ કરવાથી (૧૭) સમાધિભાવ–ક્ષમાભાવ રાખવાથી

(૯) અપુવ્વ નાણગહણે,
સુયભત્તી પવ્વયણે પભાવણયા ।
એએહિં કારણેહિં,
તિત્થયરત્તં લહઇ જીવો ॥

અર્થ :–(૧૮) પૂર્વે નહી એવો નવા જ્ઞાનાભ્યાસથી (૧૯) શ્રુતજ્ઞાન અને શ્રુતજ્ઞાનની ભક્તિ કરવાથી (૨૦) પ્રવચનની પ્રભાવના કરવાથી. આટલા કારણો (એક કે વધારે) થી જીવ તીર્થંકર નામ ગોત્ર કર્મ ઊપાર્જન કરે છે.

(૧૦) જિણવયણે અણુરત્તા,
જિણવયણં જે કરેંતિ ભાવેણં ।
અમલા અસંકિલિટ્ઠા,
તે હુંત્તિ પરિત્ત સંસારી ॥

અર્થ :–જે જિનવચનમાં અનુરક્ત છે. જે જિન વચનનું ભાવપૂર્વક સેવન કરે છે તે કર્મમલથી રહિત થઈ, રાગ–દ્વેષ આદિ સંકલેશથી રહિત થઈને, તે પરિમિત (મર્યાદિત) સંસારવાળા થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૧) એવં ખુ નાણિણો સારં,
જં ન હિંસઈ કિંચણં ।
અહિંસા સમયં ચેવ,
એતાવત્તં વિયાણિયા ॥

અર્થ :– જ્ઞાનીના જ્ઞાનનો સાર એજ છે કે કોઇ પણ જીવની હિંસા ન કરે અને અહિંસા વડે જ સમતા આવે એમ જાણી જ્ઞાની કોઈને પીડા ન ઉપજાવે.

(૧૨) જાઈ ચ વુડ્ઢિં ચ ઇહજ્જ પાસં,
ભૂતેહિં જાણે પડિલેહ સાયં ।
તમ્હા તિ–વિજ્જો પરમંતિનચ્ચા,
સમ્મત્તદંસી ન કરેઇ પાવં ॥

અર્થ :– જન્મ તથા વૃદ્ધાવસ્થા અથવા એકેંદ્રિયાદિ જાતિરૂપ સંસારની વૃદ્ધિને રાગ–દ્વેષરૂપી બંધન જાણ, પ્રાણી માત્ર સાથે શાતા સમન્વય કર માટે તત્વજ્ઞ–વિદ્વાન તેને કલ્યાણકારી જાણી, સમ્યક્‌દષ્ટિ જીવ તેવા પાપ કરતો નથી.

(૧૩) ઉમ્મુચ્ચ પાસંઈહ મચ્ચિએહિં,
આરંભજીવી ઉભયાણુપસ્સી ।
કામેસુ ગિદ્ધા નિચયં કરંતિ,
સંસિંચમાણા પુણરેતિ ગબ્ભં ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ :- આ સંસારમાં જન્મીને સ્વજનાદિ મનુષ્યો સાથેના સ્નેહબંધનોને તોડે. આરંભ સમારંભ કરીને જીવનાર, ઉભય (શારીરિક અને માનસિક) સુખનો ઇચ્છુક હોય તે, કામભોગોમાં આસક્ત થઈને કર્મનો સંગ્રહ કરે છે અને તે કર્મોનું સિંચન થવાથી ફરી ફરીને ગર્ભમાં આવે છે.

(૧૪) સવણે નાણે ય વિન્નાણે,
પચ્ચક્ખાણેય સંજમે ।
અણાસવે તવે ચેવ,
વોદાણે અકિરિયા સિદ્ધિ ॥

અર્થ :-(૧) વીતરાગ ધર્મ સાંભળવાથી શ્રુતજ્ઞાન, શ્રુત જ્ઞાનથી વિજ્ઞાન (હેય-ઉપાદેય રૂપ), વિજ્ઞાનથી ૧૮ પાપના પચ્ચખાણરૂપ ફલ થાય, પચ્ચક્ખાણથી શ્રાવક રૂપ સંયમ અથવા સાધુ થવા રૂપ સંયમનું ફલ, સંયમથી અનાશ્રવ-નવા કર્મ બંધ ન થાય, અનાશ્રવથી તપ કરવાની ભાવના રૂપ ફલ, તપથી કર્મ ઓછા થાય અને કર્મ ઓછા થવાથી મન, વચન-કાયાના યોગનો નિરોધ રૂપ અક્રિય થાય. અને અક્રિય થવાથી સિદ્ધ ગતિ રૂપ ફલની પ્રાપ્તિ થાય.

(૧૫) સારં દંસણ નાણં,
સારં તવ નિયમ સંજમ-શીલં ।
સારં જિણવર ધમ્મં
સારં સંલેહણા પંડિયમરણં ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ :– સમ્યક્ દર્શન અને સમ્યક્જ્ઞાન સાર છે; તપ, નિયમ, સંજમ શીલ એ જ સાર છે. જિનેશ્વર કથિત ધર્મ એ જ સાર છે, સંલેખના પંડિત મરણ એ જ લોકમાં સાર છે.

(૧૬) કલ્લાણકોડિ–કારિણી,
દુગ્ગઈ દુહ નિદ્ઠવણી ।
સંસાર જલ તારણી,
એગંત હોઈ જીવદયા ॥

અર્થ :– કરોડો કલ્યાણની કરવાવાળી, દુર્ગતિ તથા દુખને દૂર કરનારી સંસાર સમુદ્રથી તારનારી એકમાત્ર (એકાંત) જીવદયા જ છે.

(૧૭) આરંભે નત્થિ દયા,
મહિલા સંગેણ નાસઈ બંભં ।
શંકાએ સમ્મત્તં નાસઈ,
પવજ્જા અત્થગહણેણં ચ ॥

અર્થ :– આરંભ (હિંસા) છે ત્યાં દયા નથી, સ્ત્રીના પરિચયથી બ્રહ્મચર્યનો નાશ થાય છે. જિનવચનમાં શંકા કરવાથી સમકિતનો નાશ થાય છે, અર્થ (પરિગ્રહ) ગ્રહણ કરવાથી સંયમ નાશ પામે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૮) મદ વિષય કષાયા,
નિદ્દા વિકહાય પંચમી ભણીયા ।
એ એ પંચ પમાયા,
જીવા પાડંતિ સંસારે ॥

અર્થ :– મદ, વિષય, ભોગ, કષાય, નિંદા અથવા નિન્દ્રા. વિકથા એ પાંચેયને પ્રમાદ કહ્યા છે અને તે પ્રમાદ જીવને સંસારમાં રખડાવે છે.

(૧૯) લબ્ભંતિ વિમલા ભોએ,
લબ્ભંતિ સુરસંપયા ।
લબ્ભંતિ પુત્તમિત્તં ચ,
એગો ધમ્મો ન લબ્ભઈ ॥

અર્થ :–મનોરમ્ય કામભોગોની પ્રાપ્તિ થાય છે, દેવોની સંપદા પ્રાપ્ત થાય છે પુત્ર–મિત્રની પ્રાપ્તિ થાય છે પણ જિનેશ્વરનો કહેલો એકમાત્ર ધર્મ સહેલાઈથી મેળવી શકાતો નથી.

(૨૦) એગોહં નત્થિ મે કોઈ,
નાહ મન્નસ્સ કસ્સઈ ।
એવં અદીણ મણસા,
અપ્પાણ–મણુસાસઈ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ :- હું એકલો છું મારૂ કોઈ નથી. અને હું પણ બીજાનો નથી. એમ દીનતા રહિત સ્વસ્થ ચિત્તે આત્માને હિતકારી શિખામણ આપે. આત્મા પર અનુશાસન કરે.

(૨૧) એગો મે સાસઓ અપ્પા,
નાણદંસણ સંજુઓ ।
સેસા મે બાહિરા ભાવા,
સવ્વે સંજોગ લક્ખણા ॥

અર્થ :- મારો આત્મા એકલો છે. શાશ્વત છે, જ્ઞાન-દર્શનથી યુક્ત છે, તેના સિવાય બધા બાહ્ય ભાવ છે; સર્વે સંયોગ રૂપ લક્ષણવાળા છે.

(૨૨) નવિ સુહી દેવતા દેવલોએ,
નવિ સુહી પુઢવી પઈ-રાયા ।
નવિ સુહી સેઠિ-સેણાવઈય,
એગંત સુહી મુણી વીયરાગી ॥

અર્થ :- દેવલોકમાં રહેલ દેવતા સુખી નથી, પૃથ્વી પતિ રાજા સુખી નથી. શેઠ-સેનાપતિ સુખી નથી. એક ફક્ત વીતરાગી મુનિ સુખી છે.

(૨૩) એવં લોએ પલિત્તમ્મિ,
જરાએ મરણેણ ।
અપ્પાણં તારઈસ્સામિ,
તુબ્ભેહિ અણુમન્નિઓ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ :- એ પ્રમાણે સારોય લોક જન્મ-જરા-મરણથી બળી જળી રહ્યો છે. તેમાંથી હે માતા-પિતા ! આપની આજ્ઞા મળતા વીતરાગ માર્ગે ચાલીને સળગતા સંસારમાંથી મારા આત્માને તારીશ.

(૨૪) એગે જિએ જિયા પંચ,
પંચ જિએ જિયા દસ ।
દસહા તુ જિણિત્તાણં,
સવ્વ સત્તુ જિણામહં ॥

અર્થ :- એક બાહિર-આત્માને જીતવાથી ચાર કષાયો અને પાંચમા મનને જીતી લેવાય છે. એ પાંચને જીતવાથી પાંચ ઇંદ્રિયો મળી દસને જીતાય છે. અને દશને જીતી લેવાથી હું સર્વ શત્રુઓને જીતી લઉં છું.

(૨૫) નગરી સોહંતી જલ વૃક્ષ બાગા,
રાજા સોહંતા ચતુરંગી સેના ।
નારી સોહંતી પર પુરુષ ત્યાગી
સાધુ સોહંતા નિરવદ્ય વાણી ॥

અર્થ :- નગરી, જલ, વૃક્ષ, બગીચાથી શોભે છે, રાજા ચતુરંગી સેનાથી શોભે છે. નારી પરપુરુષના ત્યાગથી શોભે છે, તેમ સાધુ નિરવદ્ય (નિર્દોષ) વાણીથી શોભે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨૬) ચૌદ પૂરવ ધાર કહીએ,
જ્ઞાન ચાર વખાણીએ ।
જિન નહીં પણ જિન સરીખા,
સુધર્મા સ્વામી જાણીએ ॥

અર્થ :– શ્રી સુધર્મા સ્વામી ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના ધારક હતા. તેમજ જિન નહી પણ જિન સરીખા હતા.

(૨૭) માતા–પિતા કુલ જાત નિર્મલ,
રૂપ અનુપ વખાણીએ ।
દેવતાને વલ્લભ લાગે,
એવા શ્રી જંબુસ્વામી જાણીએ ॥

અર્થ :– શ્રી જંબુસ્વામીના માતા–પિતા તેમજ કુલ-જાત નિર્મલ હતા તેમજ અનુપમ રૂપથી શોભતા–દેવતાને પણ વલ્લભ લાગે તેવા હતા.

(૨૮) રુપ અનુપમ નહી કોઈ તોલે,
વાણી સુણંતાં શિવસુખ હોય ।
દેહ સુગંધી રહે પુષ્ફવાસા,
ચોસઠ ઇંદ્ર કરે અરદાસ ॥

અર્થ :–એમનું રૂપ અનુપમ હતું. કોઇની સાથે તુલના થઇ શકે નહી એવું અનુપમ હતું. તેમની વાણી સાંભળતા મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨૯) અશોક વૃક્ષઃ સુર પુષ્પ વૃષ્ટિ,
દિવ્ય ધ્વનિચામરમાસન ચ ।
ભામંડલં દુંદભિશતપત્રં,
સત્પ્રાતિહાર્યાણિ જિનેશ્વરાણાં ।।

અર્થ :–(૧) અશોકવૃક્ષ (૨) દિવ્ય પુષ્પોની વૃષ્ટિ (૩) દિવ્ય ધ્વનિ (૪) ચામર (૫) સુવર્ણ સિંહાસન (૬) ભામંડલ (૭) દેવ દુંદુભી (૮) પ્રભુના શીરે ત્રણ છત્ર આ પ્રમાણે તીર્થંકર ભગવંતોના આઠ પ્રતિહાર્ય હોય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી

## શ્રી દશવૈકાલિક સૂત્રના ચાર અધ્યયન

### અધ્યયન પહેલું

**ધમ્મો મંગલ મુક્કિટ્ઠં, અહિંસા સંજમો તવો,**
**દેવાવિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયામણો ॥૧॥**

**ભાવાર્થ** :– જીવદયા રૂપ અહિંસા, ૧૭ પ્રકારનો સંયમ, ૧૨ પ્રકારનો તપ, આવો, ધર્મ તે ઉત્કૃષ્ટ મંગલ છે. જેનું મન હંમેશા ધર્મમાં છે તેને દેવો પણ વંદન કરે છે ॥૧॥

**જહા દુમસ્સ પુપ્ફેસુ, ભમરો આવિયઈ રસં;**
**ન ય પુપ્ફં કિલામેઇ, સોય પીણેઇ અપ્પયં ॥૨॥**

**ભાવાર્થ** :– જેવી રીતે વૃક્ષના પુષ્પો ઉપર ભ્રમર પુષ્પને દુભવ્યા વિના મર્યાદામાં પુષ્પનો રસ લઈ તૃપ્ત થાય છે, તેવી રીતે મુનિભ્રમર સંયમ અને તપની મર્યાદામાં રહીને વિશ્વોદ્યાનના પુષ્પોમાંથી નિર્દોષ આહાર. વસ્ત્ર, પાણી લઈ ને સંતોષ માને છે. સાધુનું જીવન કોઇને કિલામના કરનાર હોતું નથી. ॥૨॥

**એમે એ સમણા મુત્તા, જે લોએ સન્તિ સાહુણો;**
**વિહંગમા વ પુપ્ફેસુ, દાણ ભત્તેસણે રયા ॥૩॥**

**ભાવાર્થ** :– આમ લોકને વિષે શ્રમણ સમતાયુક્ત સાધુઓ મુક્ત–અપરિગ્રહી અને અપ્રતિબદ્ધ હોય છે. તેઓનું નિર્દોષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવન, નિર્દોષ આહાર, વસ્ત્ર, પાણી અને ઉપધિરૂપ પુષ્પોને વિષે ભ્રમર જેવું છે. ॥૩॥

**વયં ચ વિત્તિં લબ્ભામો, ન ય કોઇ ઉવહમ્મઇ;**
**અહાગડેસુ રીયન્તે, પુપ્ફેસુ ભમરા જહા ॥૪॥**

**ભાવાર્થ** :– અમે પણ અમારી વૃત્તિ નિર્દોષ આહાર–પાણીથી અર્થાત્ કોઈને દુભવ્યા વિના ગૃહસ્થે પોતાના માટે કરેલા આહારમાંથી નિર્દોષ રીતે લઈને, પુષ્પો વિષે ભ્રમરની જેમ વિચરીશું. ॥૪॥

**મહુકાર સમા બુદ્ધા, જે ભવન્તિ અણિસ્સિયા;**
**નાણાપિંડ રયા દંતા, તેણ વુચ્ચંતિ સાહુણો ॥૫॥**
**॥ ત્તિ બેમિ ॥**

**ભાવાર્થ** :– જ્ઞાની સાધુ પુરુષો મધુકર જેવા છે અને તેઓ અનાસકત છે તેઓ વિવિધ પ્રકારના આહાર, વસ્ત્ર, પાણીને વિષે રકત અને ઇન્દ્રિયોને દમનારા છે અને તેથી જ તેઓ સાધુ કહેવાય છે. ॥૫॥

## ॥ ઈતિ દુમપુપ્ફિયા ॥

**સાર** :– આ અધ્યયનમાં સાધુ ગૃહસ્થના ઘેરથી મર્યાદા પ્રમાણે આહારાદિક લઈને પોતાના આત્માને સંતોષે, પણ ગૃહસ્થને તેથી દુઃખ ન ઉપજે તે લક્ષ્યમાં રાખે. આહાર ગવેષક મુનિ અનાસક્ત, ઇંદ્રિયોને દમન કરનાર અને લભ્ય વસ્તુમાં સંતોષી છે.

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (બીજું અધ્યયન)

કહં નુ કુજ્જા સામણ્ણં, જો કામે ન નિવારએ ।
પએ પએ વિસીયંતો, સંકપ્પસ્સ વસંગઓ ॥૧॥

**ભાવાર્થ** :– સંકલ્પ–વિકલ્પને વશ થએલ શ્રમણ કામ–ભોગોની આસક્તિથી છૂટતા નથી અને તે પગલે પગલે ખેદ પામે છે. આવો સાધુ સમતારૂપ શ્રમણપણું કેવી રીતે પાળે ? અથવા તે પાળી શકતો નથી. ૧

વત્થગંધ–મલંકારં, ઇત્થીઓ સયણાણિ ય ।
અચ્છંદા જે ન ભુંજંતિ, ન સે ચાઇ ત્તિ વુચ્ચઇ ॥૨॥

**ભાવાર્થ** :– તે ત્યાગી નથી કહેવાતો જે વસ્ત્ર, ગંધ, અલંકારો, સ્ત્રી અને શયનો હોવા છતાં પણ પરવશપણાને લીધે ભોગવી શકતો નથી. ૨

જે ય કંતે પિએ ભોએ, લદ્ધે વિપિટ્ઠિ કુવ્વઇ ।
સાહીણે ચયઇ ભોએ, સે હુ ચાઇ ત્તિ વુચ્ચઇ ॥૩॥

**ભાવાર્થ** :– તે જ ત્યાગી કહેવાય છે જે મનગમતા, કાન્ત અને પ્રિય ભોગો પ્રાપ્ત અને સ્વાધીન હોવા છતાં તેને ત્યાગે છે અને તેના પ્રતિ પુંઠ કરે છે. ૩

સમાઇ પેહાઇ પરિવ્વયંતો,
સિયા મણો નિસ્સરઇ બહિદ્ધા ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન સા મહં નોવિ અહંપિ તીસે,
ઇચ્ચેવ તાઓ વિણએજ્જ રાગં ॥૪॥

**ભાવાર્થ**-સમદૃષ્ટિએ વિહરતા મુનિનું મન કદાપિ(સંયમમાંથી) બહાર નીકળે, તો મુનિ એમ વિચારે કે પ્રકૃતિ એ હું **નથી** અને પ્રકૃતિનો હું નથી, એમ વિચારી પ્રકૃતિના રાગનો વિશેષ પ્રકારે સંયમ કરે. ૪

આયા વયાહી ચય સોગમલ્લં,
કામે કમાહિ કમિયં ખુ દુકખં ।
છિંદાહી દોસં વિણએજ્જ રાગં,
એવં સુહી હોહિસિ સંપરાએ ॥૫॥

**ભાવાર્થ**—હે આત્મા ! તું સુકુમારપણું છોડ. અને તપ (બાહ્યાભ્યંતર) સેવ. વાસનાને ઓળંગી જા, (પાર થા) તો તેને દુઃખ સ્પર્શશે નહિ, દ્વેષને છેદ અને રાગને દૂર કર તો તું સંસારમાં સુખી થઈશ. ૫

પખ્ખંદે જલિયં જોઈં, ધુમકેઉં દુરાસયં ।
નેચ્છંતિ વંતયં ભોત્તું, કુલે જાયા અગંધણે ॥૬॥

**ભાવાર્થ**—અગન્ધન કુલમાં જન્મેલો સર્પ દુઃસહ અને ધુમાડાવાળા-તાપવાળા બળતા અગ્નિમાં પડવું પસંદ કરશે પરંતુ તે વમેલ વિષને પાછું ચુસી લેશે નહિ, તેમ સંયમી સાધુ સંસારને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફરી ભોગવવો પસંદ કરશે નહિ. (રાજેમતી–રહનેમીનો પ્રસંગ છે તેમાં ચલિત રહનેમીને રાજમેતી સદ્‌બોધ આપે છે.) ૬

ધિરત્થુ તેઽજસોકામી, જો તં જીવિય કારણા।
વંતં ઇચ્છસિ આવેઉં, સેયં તે મરણં ભવે ॥૭॥

**ભાવાર્થ**–તું અપયશરૂપી વાસનાનો કામી થયો છે. તને ધિક્કાર હો. તું અસંયમથી જીવવા માટે વમેલ સંસારને ફરીથી ગ્રહણ કરવા ઇચ્છે છે, એનાથી મરણ શ્રેષ્ઠ છે. ૭

અહં ચ ભોગરાયસ્સ, તં ચઽસિ અંધગવણ્હિણો।
મા કુલે ગંધણા હોમો, સંજમં નિહુઓ ચર ॥૮॥

**ભાવાર્થ**–હું ભોગરાજાના કુલમાં ઉત્પન્ન થયેલી છું. તું અંધક વિષ્ણુના કુલમાં જન્મેલો છું. ગંધન કુલના સર્પ જેવો અનિશ્ચિત તું ન થા. પરંતુ સંયમમાં દૃઢ નિશ્ચયવાળો થઈને વિચર. ૮

જઇ તં કાહિસિ ભાવં, જા જા દિચ્છસિ નારીઓ।
વાયા વિદ્ધોવ્વ હડો, અટ્ઠિઅપ્પા ભવિસ્સસિ ॥૯॥

**ભાવાર્થ**–જો તું સ્ત્રીઓને જોઈશ અને ત્યાં તારો મનોભાવ બગાડીશ તો તારો આત્મા હડ નામની વનસ્પતિના પુષ્પ જેવો અસ્થિર થશે. ૯

તીસે સો વયણં સોચ્ચા, સંજયાએ સુભાસિયં।
અંકુસેણ જહા નાગો, ધમ્મે સં પડિવાઇઓ ॥૧૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવાર્થ–રહનેમીજી રાજેમતીજીના સુભાષિત વચનો સાંભળીને સંયમથી ભ્રષ્ટ થતા એવા પોતાના મનને, અંકુશ વડે જેમ હાથીને વશ રખાય છે તેમ(સંયમ) ધર્મમાં સ્થિર કર્યું. ૧૦

એવં કરેંતિ સંબુદ્ધા, પંડિયા પવિયક્ખણા ।
વિણિયટ્ટંન્તિ ભોગેસુ, જહા સો પુરિસોત્તમો ॥૧૧॥
ત્તિ બેમિ

ભાવાર્થ–આમ રહનેમીએ રાજેમતીના પ્રતિબોધથી પોતાના આત્માને બુઝવ્યો તેમ સ્વયંબુદ્ધ, જ્ઞાની પંડિતો અને પ્રવિચક્ષણ પુરૂષો; કુશાગ્ર બુદ્ધિ, સંપન્ન પુરૂષો કામ-ભોગોથી પાછા હઠે છે અને પરમ પુરુષાર્થ વડે મોક્ષને સાધે છે ૧૧ એમ હું કહું છું.

## (અધ્યયન ત્રીજું)

સંજમે સુટ્ઠિઅપ્પાણં, વિપ્પમુક્કાણ તાઇણં ।
તેસિ–મેય–મણાઇન્નં, નિગ્ગંથાણ મહેસિણં ॥૧॥

સત્તર પ્રકારના સંયમને વિષે જેમણે પોતાના આત્માને સારી રીતે સ્થિર કર્યાં છે, જેઓ બાહ્યાભ્યંતર પરિગ્રહોથી મુકત છે, જેઓ સ્વ–પર રક્ષક છે, તે નિર્ગ્રંથ મહર્ષિઓનો ન આચરવા યોગ્ય આચાર કહું છું. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉદ્દેસિયં કીયગડં, નિયાગં અભિહડાણિ ય ।**
**રાઇભત્તે સિણાણે ય, ગંધમલ્લે ય વીયણે ॥૨॥**

૧ ઔદ્દેશિક–પોતાને ઉદ્દેશીને તૈયાર કરેલો આહાર સાધુને ન કલ્પે.

૨ વેચાતો લાવેલ આહાર સાધુને ન કલ્પે.

૩ આમંત્રણ આપી જાય તેમના ઘેર આહાર લેવા જવું સાધુને ન કલ્પે.

૪ ઘેરથી ઉપાશ્રયમાં આહાર લાવીને આપે તેવો આહાર સાધુને ન કલ્પે.

૫ રાત્રિ ભોજન સાધુને ન કલ્પે.

૬ સાધુને સ્નાન ન કલ્પે.

૭ ચંદન વગેરે ગંધોનો ઉપયોગ સાધુને ન કલ્પે.

૮ પુષ્પમાળા પહેરવી સાધુને ન કલ્પે.

૯ વિંજણાથી પવન નાંખવો સાધુને ન કલ્પે.

**સંન્નિહી ગિહિમત્તે ય, રાયપિંડે કિમિચ્છએ ।**
**સંવાહણ દંતપહોયણા ય,**
**સંપુચ્છણા દેહ પલોયણા ય ॥૩॥**

૧૦ સંનિધિ–પોતાને માટે કે બીજાને માટે ખાદ્ય વસ્તુ વગેરે રાત્રે રાખવાં સાધુને ન કલ્પે.

૧૧ ગિહિમત્તો-ગૃહસ્થના પાત્રમાં આહાર લેવો સાધુને ન કલ્પે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨ રાયપિણ્ડે–રાજાઓનો આહાર–અતિ પૌષ્ટિક આહાર સાધુને ન કલ્પે.

૧૩ કિમિચ્છએ–તમારે શું કલ્પે એમ પૂછીને બનાવેલ આહાર સાધુને લેવો ન કલ્પે.

૧૪ સમ્બાહણા–તૈલ વગેરેની માલિસ કરવું સાધુને ન કલ્પે.

૧૫ દંત પહોયણાય–દાતણ કરવું સાધુને ન કલ્પે.

૧૬ સંપુચ્છણા–ગૃહસ્થોના યોગક્ષેમની વાર્તામાં રસ લેવો સાધુને ન કલ્પે.

૧૭ દેહપલોયણા—શરીરના રૂપને જોવા અરિસો વાપરવો સાધુને ન કલ્પે.

અટ્ઠાવએ ય નાલિએ, છત્તસ્સ ય ધારણટ્ઠા એ ।
તેગિચ્છં પાહણાપાએ સમારંભં ચ જોઈણો ॥૪॥

૧૮ અટ્ઠાવએ–આઠ પાસા જુગાર રમવો કે નિમિત્તાદિ કહેવું સાધુને ન કલ્પે.

૧૯ નાલીય–નાલિકા, શેતરંજ વગેરે બીજી રમતો રમવી સાધુને ન કલ્પે.

૨૦ છત્તસ્સ ધારણટ્ઠાએ–છત્રીનો ઉપયોગ કરવો સાધુને ન કલ્પે.

૨૧ તેગિચ્છં–શરીરના રોગની સાવદ્ય ચિકિત્સા, દવા કરાવવી તે સાધુને ન કલ્પે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૨ પાહણુપાએ—પગમાં પગરખાં વાપરવા સાધુને ન કલ્પે.

૨૩ સમારંભં ચ જોઈણો—અગ્નિનો આરંભ-સમારંભ સાધુને ન કલ્પે.

**સેજ્જાયર પિંડં ચ, આસંદી પલિયંકએ ।**
**ગિહંતર નિસેજ્જાય, ગાયસ્સુવ્વટ્ટણાણિ ય ॥૫॥**

૨૪ સિજ્જાયરપિંડં—જે ગૃહસ્થે રહેવા માટે ગૃહ આપ્યું હોય તેનો આહાર લેવો સાધુને ન કલ્પે.

૨૫ આસંદી પલિયંકએ—ખાટલા કે પલંગ ઉપર બેસવું સાધુને ન કલ્પે.

૨૬ ગિહંતરનિસિજ્જા—ગૃહસ્થોના ઘેર બેસી રહેવું સાધુને ન કલ્પે.

૨૭ ગાયસ્સુવ્વટ્ટણાણિય—શરીરને પીઠી વગેરે લગાડી મેલ ઉતારવો સાધુને ન કલ્પે.

**ગિહિણો વેયાવડિયં, જા ય આજીવવત્તિયા ।**
**તત્તા-નિવ્વુડ ભોઈત્તં, આઉરસ્સરણાણિય ॥૬॥**

૨૮ ગિહિણો વેયાવડિયં—ગૃહસ્થની સેવા લેવીદેવી સાધુને ન કલ્પે.

૨૯ આજીવવત્તિયા—પોતાનું કુળ કે જાતિની ઓળખાણ આપી ભિક્ષા લેવી સાધુને ન કલ્પે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૦ તત્તાનિવ્વુડભોઈત્ત'—ઉકાળ્યા વિનાનું કે ઓછું ઉકાળેલું પાણી લેવું સાધુને ન કલ્પે.

૩૧ આઉરસ્સરણાણિય—મુશ્કેલીમાં કોઈનું શરણુ ઇચ્છી દીનતા કરવી સાધુને ન કલ્પે.

**મૂલએ સિંગબેરે ય, ઉચ્છુખંડે અનિવ્વુડે ।**
**કંદે મૂલે ય સચ્ચિત્તો, ફલે બીએ ય આમએ ॥૭॥**

૩૨ મૂલએ—મૂળો સાધુને ન કલ્પે, ૩૩ સિંગબેરે—આદુ સાધુને ન કલ્પે. ૩૪ ઉચ્છુખંડે અનિવ્વુડે—સચેત શેલડી કકડા કર્યા સિવાયની આખી શેલડી સાધુને ન કલ્પે, ૩૫ કંદ—સૂરણ વગેરે કંદ સાધુને ન કલ્પે. મૂલે—૩૬ જડીબુટ્ટી સાધુને ન કલ્પે. ૩૭ ફલે—સજીવ ફળ—જેમકે આમ્ર આખી કેરી સાધુને ન કલ્પે. ૩૮ બીએ—સચિત્ત બીજ—ધાન્ય—વગેરે લેવાં સાધુને ન કલ્પે.

**સોવચ્ચલે સિંધવેલોણે, રોમાલોણે ય આમએ ।**
**સામુદ્દે પંસુખારે ય, કાલાલોણે ય આમએ ॥૮॥**

૩૯ સોવચ્ચલે—ખાણનું સંચળ સાધુને ન કલ્પે,

૪૦ સિંધવે— સિંધાલુણ સાધુને ન કલ્પે; ૪૧ લોણે—કાચું મીઠું સાધુને ન કલ્પે. ૪૨ રોમાલોણે આમએ—રોમક ખાર સાધુને કલ્પે. ૪૩ સામુદ્દે—સમુદ્રનું મીઠું, ૪૪ પંસુખારે- પાંશુલૂણ; ૪૫ કાલાલોણે—કાચું મીઠું સાધુને ન કલ્પે- લેવાય નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ધુવણે ત્તિ વમણે ય વત્થિકમ્મ વિરેયણે ।**
**અંજણે દંતવણે ય, ગાયબ્ભંગ વિભૂસણે ॥૯॥**

૪૬ ધૂવણે—ધૂપથી વસ્ત્રાદિ સુગંધિત કરવા સાધુને ન કલ્પે.
૪૭ વમણે—વમન-ઔષધદ્વારા ઉલટી કરવી સાધુને ન કલ્પે.
૪૮ વત્થી કમ્મ—વિવેચન કરવા બસ્તી લેવી સાધુને ન કલ્પે.
૪૯ વિરેયણે—વિરેચનની દવા લેવી સાધુને ન કલ્પે.
૫૦ અંજણે—આંખમાં સુરમો મેંશ વગેરે આંજવું સાધુને ન કલ્પે.
૫૧ દંતવણે—દાંત રંગવા સાધુને ન કલ્પે.
૫૨ ગાયબ્ભંગ વિભૂસણે—શરીરને શોભાવવા વિભૂષા કરવી સાધુને ન કલ્પે.

**સવ્વ-મેય-મણાઈન્નં, નિગ્ગંથાણ મહેસિણં ।**
**સંજમંમિ ય જુત્તાણં, લહુભૂય વિહારિણં ॥૧૦॥**

નિર્ગ્રંથ મહર્ષિઓએ, સત્તર પ્રકારના સંયમ અને બાર પ્રકારના તપમાં જોડાયેલા અને પરિગ્રહના ભારથી વિમુક્ત થઈને અપ્રતિબદ્ધ થઈને વિચારનારા સાધુ પુરુષોને ઉપરના બાવન પ્રકારના અનાચાર આચરવા યોગ્ય નથી. ૧૦

**પંચાસવ પરિન્નાયા, તિગુત્તા છસુ સંજયા ।**
**પંચ નિગ્ગહણા ધીરા, નિગ્ગંથા ઉજ્જુદંસિણો ॥૧૧॥**

હિંસાદિક પાંચ આશ્રવોને સારી રીતે જાણી, મન વચન કાયાને ગોપવી, છકાયના જીવોની રક્ષા કરનાર નિગ્રંથ મુનિઓ સરળ દૃષ્ટિવાળા અને ધીરજવાળા હોય છે. ૧૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આયાવયંતિ ગિમ્હેસુ, હેમંતેસુ અવાઉડા ।
વાસા [illegible]ંલીણા, સંજયા સુસમાહિયા ॥૧૨॥

પૂર્ણ સમાધિવાળા સંયમી પુરૂષો ઉનાળામાં આતાપના લે છે, શિયાળામાં ખુલ્લા શરીરે ઠંડી સહન કરે છે અને વર્ષાઋતુમાં અંગોપાંગ ગોપવી શાંતિથી તપ સેવે છે. ૧૨

પરીસહ રિઉ દંતા, ધુયમોહા જિઇંદિયા ।
સવ્વ દુક્ખ પહીણટ્ઠા, પક્કમંતિ મહેસિણો ॥૧૩॥

સંસારના સર્વ દુઃખોનો વિશેષ પ્રકારે ક્ષય કરવા માટે મહર્ષિઓ બાવિસ પરિસહરૂપી શત્રુને દમન કરનારા, મોહને દૂર કરનારા અને ઇંદ્રિયોના વિષયને જીતનારા હોય છે. ૧૩

દુક્કરાઇં કરિત્તાણં, દુસ્સહાઇં સહિતુ ય ।
કેઇત્થ દેવલોએસ, કેઇ સિજ્ઝન્તિ નીરયા ॥૧૪॥

દુઃખે કરીને સિદ્ધ થઇ શકે તેવા તપો કરીને તેમજ દુઃખે કરીને સહન થઇ શકે તેવા દુઃખો સહન કરીને કેટલાક ભવ્યાત્માઓ દેવલોકમાં જન્મે છે અને કેટલાક આત્માઓ કર્મ રજથી વિમુક્ત થઇ સિદ્ધ–બુદ્ધ–મુક્ત થાય છે. ૧૪

ખવિત્તા પુવ્વ કમ્માઇં, સંજમેણ તવેણ ય ।
સિદ્ધિમગ્ગ–મણુપ્પત્તા, તાઇણો પરિણિવ્વુડા ॥૧૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવલોકમાંથી ઉત્પન્ન થયેલા સંયમી પુરુષો અને છ જીવ રક્ષક પુરુષો મનુષ્યમાં જન્મીને સંયમ અને તપ સેવીને નિર્વાણ માર્ગને પામે છે. ૧૫ ॥ ત્તિબેમિ ॥ એમ હું કહું છું.

## (અધ્યયન ચોથું)

**અજયં ચરમાણો ય પાણભૂયાઈ હિંસઈ !**
**બંધઈ પાવયં કમ્મં, તં સે હોઈ કડુયં ફલં ॥૧॥**

અયત્ના—અનુપયોગથી ચાલતાં પ્રાણી—ભૂતો—જુદી જુદી જાતના જીવોની હિંસા થાય છે અને તેનાથી પાપમય કર્મ બંધાય છે એને તેનું કડવું ફલ નીપજે છે જે પોતાને જ ભોગવવું પડે છે. ૧

**અજયં ચિટઠમાણો ય, પાણભૂયાઈ હિંસઈ ।**
**બંધઈ પાવયં કમ્મં, તં સે હોઈ કડુય ફલં ॥૨॥**

અયત્નાથી ઉભો રહેનાર-ઉભા રહેતાં નાના પ્રકારના જીવો હણાય છે અને તેનાથી તે પાપકર્મ બાંધે છે, અને તેનું કડવું ફળ તેને પોતાને ભોગવવું પડે છે. ૨

**અજયં આસમાણો ય, પાણભૂયાઈ હિંસઈ ।**
**બંધઈ પાવયં કમ્મં, તં સે હોઈ કડુયં ફલં ॥૩॥**

અયત્નાથી બેસનારને—બેસતાં નાના પ્રકારના જંતુઓ હણાય છે. તેનાથી તે પાપકર્મ બાંધે છે અને તેનું કડવું ફળ તેને પોતાને ભોગવવું પડે છે. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજયં સયમાણો ય, પાણભૂયાઇં હિંસઇ
બંધઇ પાવયં કમ્મં, તં સે હોઇ કડુયં ફલં ॥૪॥

અયત્ના—અનુપયોગથી સુનારને પ્રાણભૂતોની હિંસા લાગે છે, તેથી પાપકર્મ બંધાય છે અને તેના કડવા ફળો તેને પોતાને ભોગવવા પડે છે, ૪

અજયં ભૂંજમાણો ય, પાણભૂયાઇં હિંસઇ ।
બંધઇ પાવયં કમ્મં, તં સે હોઇ કડુયં ફલં ॥૫॥

અયત્નાથી—ભોજન કરતાં કિંવા રસની આસક્તિથી ભોજન કરતાં પ્રાણીભૂતની હિંસા કરે છે અને તેથી જે પાપકર્મ બાંધે છે. તેનું તેને કડવું ફળ ભોગવવું પડે છે. ૫

અજયં ભાસમાણો ય, પાણભૂયાઇં હિંસઇ ।
બંધઇ પાવયં કમ્મં, તં સે હોઇ કડુયં ફલં ॥૬॥

અયત્નાથી વગર વિચાર્યું બોલનાર પ્રાણીભૂતની હિંસા કરે છે અને તેનાથી તે જે પાપકર્મ બાંધે છે તેનું તેને કડવું ફળ ભોગવવું પડે છે. ૬

કહં ચરે કહં ચિટ્ઠે ? કહં માસે ? કહં સએ ।
કહં ભુંજંતો, ભાસંતો પાવકમ્મં ન બંધઇ ॥૭॥

(શિષ્ય પૂછે છે—હે ભગવાન ! મારે કેમ વર્તવું ?)

કેમ ચાલવું ? કેમ ઉભા રહેવું ? કેમ બેસવું ? કેમ સુવું ? કેમ ખાવું ? અને કેમ બોલવું ? કે જેથી પાપકર્મ બંધાય નહિ. ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જયં ચરે જયં ચિટ્ઠે, જયં માસે જયં સએ ।**
**જયં ભુંજતો, ભાસંતો, પાવકમ્મં ન બંધઈ ॥૮॥**

ઈર્યા સમિતિપૂર્વક ચાલવું, ઉપયોગપૂર્વક ઉભા રહેવું, ઉપયોગપૂર્વક બેસવું, ઉપયોગપૂર્વક સુવું, ઉપયોગપૂર્વક. ભોજન કરવું અને ઉપયોગપૂર્વક બોલવું, તેમ કરવાથી પાપકર્મ બંધાય નહિ. ૮

**સવ્વ ભૂયપ્પ ભૂયસ્સ, સમ્મં ભૂયાઈં પાસઓ ।**
**પિહિઆસવરસ્સ, દન્તસ્સ, પાવ કમ્મં ન બંધઈ ॥૯॥**

સર્વ પ્રાણીમાત્રને નિજ આત્મસમ જોનાર તથા પ્રાણીમાત્ર ઉપર સમદૃષ્ટિથી જોનાર, આશ્રવોને રોકે છે, ઈન્દ્રિયોને દમે છે અને તે પાપકર્મને બાંધતો નથી. ૯

**પઢમં નાણં તઓ દયા; એવં ચિટ્ઠઈ સવ્વ સંજએ,**
**અન્નાણી કિં કાહી, કિં વા નાહી સેય પાવગં ॥૧૦॥**

પ્રથમ દયાનું જ્ઞાન અને પછી જ દયાનું સ્થાન છે. આ પ્રમાણે સજાગ–સજ્ઞાન દયા સાચવવાથી સાધુ સર્વ પ્રકારના સંયમને સાચવી શકે છે. અજ્ઞાની જન દયાને નહિ ઓળખનાર દયા શી રીતે પાળી શકશે ? તે કંઈ કરી શકશે નહિ અથવા પોતાને માટે શ્રેય કે પાપને જાણી શકશે નહિ. અહિંસાનું જ્ઞાન કે વિવેક ન હોય તો હિંસામાંથી બચી અહિંસા પાળવી અઘરી છે. ૧૦

**સોચ્ચા જાણઈ કલ્લાણં સોચ્ચા જાણાઈ પાવગં**
**ઉભયંપિ જાણઈ સોચ્ચા, જં સેયં તં સમાયરે ॥૧૧**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મને યથાર્થ સાંભળીને આત્માને હિતકારી—કલ્યાણ-કારી શું છે તે, તે જાણે છે, પાપને યથાર્થ સાંભળીને આત્માને અહિતકારી જાણી તે છોડે છે, જે આત્માને હિતકારી તથા અહિતકારી બન્નેને જાણે છે, તે શ્રેયને સમ્યક્ પૂર્વક આચરે છે. ૧૧

જો જીવે વિ ન યાણઈ, અજીવે વિ ન યાણઈ ।
જીવાજીવે અયાણંતો, કહં સો નાહીઈ સંજમં ॥૧૨॥

જે જીવોના સ્વરૂપને જાણતો નથી, જે અજીવોના સ્વરૂપને જાણતો નથી, એમ જે જીવ અજીવ બન્નેને જાણતો નથી તે સંયમના સ્વરૂપને કેવી રીતે જાણે ? ૧૨

જો જીવે વિ વિયાણઈ, અજીવે વિ વિયાણઈ ।
જીવાજીવે વિયાણંતો, સો હુ નાહીઈ સંજમં ॥૧૩॥

જે જીવોના સ્વરૂપને જાણે છે. અજીવના સ્વરૂપને જાણે છે, જે જીવાજીવ બન્નેને સારી રીતે જાણે છે, તે સંયમને યથાર્થ જાણે છે. ૧૩

જયા જીવમજીવે ય, દોવિ એએ વિયાણઈ ।
તયા ગઈ બહુવિહં, સવ્વ જીવાણ જાણઈ ॥૧૪॥

જ્યારે જીવ અજીવ બન્ને તત્ત્વોને તે જાણે છે ત્યારે તે બધા જીવોની ઘણી જાતની ગતિને જાણી શકે છે. ૧૪

૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જયા ગઈ બહુવિહં, સવ્વ જીવાણ જાણઈ ।**
**તયા પુન્નં ચ પાવં ચ, બંધ મોક્ખં ચ જાણઈ ॥૧૫॥**

જ્યારે જીવ બધા જીવોની જુદી જુદી જાતની ગતિને જાણે છે ત્યારે તે પુન્ય, પાપ, બંધ અને મોક્ષને જાણે છે. ૧૫

**જયા પુન્નં ચ પાવં ચ, બંધ મુક્ખં ચ જાણઈ ।**
**તયા નિવ્વિંદએ ભોએ, જે દિવ્વે જેય માણુસે ॥૧૬॥**

જ્યારે જીવ પુણ્ય, પાપ, બંધ અને મોક્ષના સ્વરૂપને જાણે છે, ત્યારે તે મનુષ્ય અને દેવ અંગેના કામભોગોથી નિર્વેદ–નિવૃત્તિ પામે છે એટલે તે ભોગવતો નથી. ૧૬

**જયા નિવ્વિંદએ ભોએ, જે દિવ્વે જેય માણુસે ।**
**તયા ચયઇ સંજોગં, સબ્ભિતરં બાહિરં ॥૧૭॥**

જ્યારે જીવ દેવો અને મનુષ્યોના કામભોગોથી નિવૃત્ત થાય છે, ત્યારે તે જીવ બાહ્ય પરિગ્રહ, ધન વગેરે તેમજ અભ્યંતર પરિગ્રહ ક્રોધ, માન, માયા, લોભ વગેરેને છોડે છે. ૧૭

**જયા ચયઇ સંજોગં, સબ્ભિતરં બાહિરં ।**
**તયા મુંડે ભવિત્તાણં, પવ્વઈએ અણગારિયં. ॥૧૮॥**

જ્યારે જીવ બાહ્ય અભ્યંતર પરિગ્રહને છોડે છે, ત્યારે દ્રવ્યભાવે મુંડિત થાય છે અને અણગાર ધર્મ અંગીકાર કરે છે–સ્વીકારે છે. ૧૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જયા મુંડે ભવિત્તાણં, પવ્વઇએ અણગારિયં ।
તયા સંવરમુક્કિટ્ઠં, ધમ્મં ફાસે અણુત્તરં. ॥૧૯॥

જ્યારે જીવ મુંડિત થઈને પ્રવજ્યા અણગાર ધર્મ સ્વીકારે છે. ત્યારે તે ઉત્કૃષ્ટ સંયમ–સંવરરૂપ પાપના રુંધનરૂપ અનુત્તર ધર્મને સ્પર્શે છે. ૧૯

જયા સંવરમુક્કિટ્ઠં, ધમ્મં ફાસે અણુત્તરં ।
તયા ધુણઇ કમ્મરયં, અબોહિકલુસંકડં ॥૨૦॥

જ્યારે ઉત્કૃષ્ટ સંવર રૂપ અનુત્તર ધર્મનો સ્પર્શ થાય છે, ત્યારે જીવ મિથ્યાત્વ દૃષ્ટિ રૂપ કલુષિતતાથી એકઠાં કરેલાં પાપ કર્મરૂપી મેલને દૂર કરે છે. ૨૦

જયા ધુણઈ કમ્મરયં, અબોહિકલુસંકડં ।
તયા સવ્વત્તગં નાણં, દંસણં ચાભિગચ્છઇ ॥૨૧॥

જ્યારે કર્મ રજને જીવ ખેરવી નાંખે છે ત્યારે સર્વત્ર વ્યાપી કેવળજ્ઞાન અને કેવળ દર્શનને પામે છે. કેવળજ્ઞાન, દર્શન એટલે ભૂત, વર્તમાન અને ભાવિનું યથાર્થ જ્ઞાન. ૨૧

જયા સવ્વત્તગ નાણં, દંસણ ચાભિગચ્છઈ ।
તયા લોગમલોગં ચ જિણો જાણઈ કેવલી ॥૨૨॥

જ્યારે જીવ સર્વ વ્યાપી કેવળ જ્ઞાન, કેવળ દર્શન પામે છે, ત્યારે તે જીવ રાગ–દ્વેષથી મુક્ત થઈને–કેવળી થઇને લોકાલોકના સ્વરૂપને જાણે છે. ૨૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જયા લોગમલોગં ચ, જિણો જાણઈ કેવલી ।**
**તયા જોગે નિરુંભિત્તા, સેલેસિં પડિવજ્જઈ ॥૨૩॥**

જ્યારે જીવ જિન થઈ કેવળી બને છે અને લોકાલોકને જાણે છે, ત્યારે તે મન, વચન, કાયાના યોગને નિયમા રૂંધે છે અને શૈલેશીકરણ એટલે મેરુ જેવી આત્માની નિષ્કંપદશાને પામે છે. ૨૩

**જયા જોગે નિરુંભિત્તા, સેલેસિં પડિવજ્જઈ ।**
**તયા કમ્મં ખવિત્તાણં, સિદ્ધિં ગચ્છઈ નીરઓ ॥૨૪॥**

જ્યારે જીવ મન, વચન, કાયાના સર્વ શુભાશુભ યોગોને શૈલેશી અવસ્થા નિષ્કંપ ભાવને પામે છે, ત્યારે સર્વ કર્મનો ક્ષય કરીને કર્મરૂપી રજથી વિમુક્ત દશા—નિરંજન દશા સિદ્ધ ગતિને પામે છે. ૨૪

**જયા કમ્મં ખવિત્તાણં, સિદ્ધિં ગચ્છઈ નીરઓ**
**તયા લોગમત્થયત્થો, સિદ્ધો હવઈ સાસઓ ॥૨૫॥**

જ્યારે જીવાત્મા સર્વ કર્મ ખપાવીને નિરંજન સિદ્ધ ગતિને પામે છે ત્યારે તે સહજ લોકાગ્રે જઈ શાશ્વત સિદ્ધ થાય છે. ૨૫

**સુહસાયગસ્સ સમણસ્સ, સાયાઉલગસ્સ નિગામસાઈસ્સ**
**ઉચ્છોલણા પહોઅસ્સ દુલ્લહા સુગઈ તારિસગસ્સ ॥૨**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે સુખનો જ અને કેવળ બાહ્ય શરીરના સુખનો રસીઓ હોય, સાતાની જ ચિંતાવાળો હોય, ઘણું સુવાની ટેવવાળો હોય, જે શરીરની વિભૂષા કરવામાં મશગૂલ હોય એવા શ્રમણોને સુગતિ દુર્લભ છે. ૨૬

તવો ગુણપહાણસ્સ, ઉજ્જુમઈ ખન્તિ સંજમ રયસ્સ ।
પરીસહે જિણન્તસ્સ,સુલ્લહા સુગઈ તારિસગસ્સ॥૨૭॥

જે શ્રમણને વિષે બ્રાહ્યાભ્યંતર તપ ગુણ વિશેષ કરીને છે, જેની બુદ્ધિ સરળ છે, જે ક્ષમા તથા સત્તર પ્રકારના સંયમમાં રક્ત છે, જે બાવીસ પરિસહોને જીતનારા છે એવા શ્રમણને સુગતિ સુલભ છે, સહજ છે. ૨૭

પચ્છા વિ તે પયાયા ખિપ્પં ગચ્છન્તિ અમર ભવણાઈં ।
જેસિં પીઓ તવો સંજમો અ, ખન્તી, અ
બમ્ભચેરં ચ ॥૨૮॥

જેમને તપ, સંયમ, ક્ષમા અને બ્રહ્મચર્ય પ્રિય છે તેઓ શીઘ્ર દેવલોકમાં જાય છે, તેમની ઉચ્ચ ગતિ થાય છે. ૨૮

ઇચ્ચેયં છજ્જીવણિઅં, સમદિટ્ઠી સયા જએ ।
દુલ્લહં લહિતુ સામણ્ણં, કમ્મુણાં ન વિરાહિજ્જાસિ
ત્તિ બેમિ ॥૨૯॥

આમ આ છ જીવનિકા નામના અધ્યયનને સમ્યક્‌દૃષ્ટિ સાધુઓ હંમેશા પ્રયત્ન કરીને, દુર્લભ એવું શ્રમણપણું પાળે, પરંતુ શ્રમણપણાની અસત્ કર્મદ્વારા-પ્રમાદદ્વારા વિરાધના ન કરે. ૨૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું (ત્રીજું અધ્યયન)

**ચત્તારિ પરમંગાણિ, દુલ્લહાણીહ જન્તુણો**
**માણુસત્તં સુઇ સદ્ધા, સંજમમ્મિય વીરિયં. ॥૧॥**

અર્થ :—આ સંસારમાં પ્રાણીઓને મનુષ્ય જન્મ, ધર્મ શ્રવણ, શ્રદ્ધા, અને સંયમમાં વીર્યશક્તિ આ ચાર ઉત્કૃષ્ટ અંગો દુર્લભ છે. ૧ ॥

**સમાવન્નાણ સંસારે, નાણાગોત્તાસુ જાઇસુ ।**
**કમ્મા નાણાવિહા કટ્ટુ, પુઢો વિસ્સંભયા પયા ॥૨॥**

અર્થ :—આ જીવ સંસારમાં જુદાં જુદાં કર્મ કરીને અનેક ગોત્રવાળી જાતિઓમાં ઉત્પન્ન થઈને આખા વિશ્વમાં વ્યાપ્ત થયો છે.

**એગયા દેવલોએસુ, નરએસુ વિ એગયા ।**
**એગયા આસુરં કાયં, અહા કમ્મેહિં ગચ્છઇ ॥૩॥**

અર્થ :—આ જીવ પોતાના કર્માનુસાર કોઈ વખત દેવલોકમાં તો કોઈ વખત અસુર કાયમાં કોઈ વખત નર્ક ગતિમાં ઉત્પન્ન થાય છે.

**એગયા ખત્તિયો હોઇ તઓ ચંડાલ બુક્કસો ।**
**તઓ કીડ-પયંગો ય, તઓ કુન્થુ-પિપીલિયા ॥૪॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ :-આ જીવ ક્યારેક ક્ષત્રિય થાય છે. તો ક્યારેક ચંડાલ અને વર્ણશંકર થાય છે. ક્યારેક કીડો, પતંગીયો, કુંથુ અને કીડી થાય છે.

**એવમાવટ્ટ-જોણીસુ, પાણિણો કમ્મ-કિબ્બિસા ।**
**ન નિવિજ્જન્તિ સંસારે, સવ્વટ્ઠેસુ વ ખત્તિયા ॥૫॥**

**અર્થ** : ક્ષત્રિયોને સર્વ પ્રકારની ઋદ્ધિ હોય તો પણ તેની રાજ્યની તૃષ્ણા શાન્ત થતી નથી, એવી રીતે અશુભકર્મ-વાળા પ્રાણીઓ અનેક યોનિઓમાં પરિભ્રમણ કરતાં છતાં વિરક્ત થતા નથી.

**કમ્મસંગેહિં સમ્મૂઢા, દુક્ખિયા બહુ-વેયણા ।**
**અમાણુસાસુ જોણીસુ, વિણિહમ્મન્તિ પાણિણો ॥૬॥**

કર્મોના સંબંધોથી સંમૂઢ થયેલ પ્રાણીઓ દુઃખી અને અત્યંત વેદનાવાળા મનુષ્ય સિવાય નરકાદિ યોનિઓમાં અનેક પ્રકારના કષ્ટ ભોગવે છે.

**કમ્માણં તુ પહાણાએ, આણુપુવ્વી કયાઈ ઉ ।**
**જીવા સોહિમણુપત્તા, આયયંતિ મણુસ્સયં ॥૭॥**

અર્થ :-મનુષ્યતાને બાધક કર્મોનો અનુક્રમથી નાશ થવાથી, શુદ્ધિ થયા પછી જીવ મનુષ્ય જન્મ પ્રાપ્ત કરે છે.

**માણુસ્સં વિગ્ગહં લદ્ધું, સૂઈ ધમ્મસ્સ દુલ્લહા ।**
**જં સોચ્ચા પડિવજ્જન્તિ, તવં ખંતિમહિંસયં ॥૮॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ :—મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને ધર્મની શ્રુતિ દુર્લભ છે, ધર્મને સાંભળીને જીવ ક્ષમા અને અહિંસા ધર્મ અંગીકાર કરે છે.

**આહચ્ચ સવણં લદ્ધું, સદ્ધા પરમ દુલ્લહા ।**
**સોચ્ચા નેયાઉયં મગ્ગં, બહવે પરિભસ્સઈ ॥૯॥**

અર્થ :–કદાચિત ધર્મનું શ્રવણ થાય તો તેની ઉપર શ્રદ્ધા થવી અત્યંત દુર્લભ છે. ન્યાય માર્ગને સાંભળીને પણ ઘણા મનુષ્યો ભ્રષ્ટ થઈ જાય છે.

**સુઈં ચ લદ્ધું સદ્ધં ચ, વીરિયં પુણ દુલ્લહં ।**
**બહવે રોયમાણાવિ, નોયણં પડિવજ્જએ ॥૧૦॥**

અર્થ :—ધર્મનું શ્રવણ અને ધર્મની શ્રદ્ધા પ્રાપ્ત થાય તો પણ સંયમમાં ઉદ્યમી થવું દુર્લભ છે. કેટલાક માણસો શ્રદ્ધાળુ હોય છે છતાં પણ તથા પ્રકારે આચરણ કરતા નથી,

**માણુસત્તમ્મિ આયાઓ, જો ધમ્મં સોચ્ચાસદ્દહે ।**
**તવસ્સી વીરિયં લદ્ધું, સંવુડે નિદ્ધુણે રયં ॥૧૧॥**

અર્થ :—જો આત્મા મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને ધર્મ સાંભળે છે. ધર્મમાં શ્રદ્ધા કરે છે અને સંયમમાં વીર્ય ફોરવે છે તે સંવૃત્ત તપસ્વી કર્મોનો નિરોધ કરે છે.

**સોહી ઉજ્જુય ભૂયસ્સ, ધમ્મો સુદ્ધસ્સ ચિટ્ઠઇ ।**
**નિવ્વાણં પરમં જાઇ, ઘયસિત્તિ વ્વ પાવએ ॥૧૨॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ** :-એવા સરળભાવી આત્માની શુદ્ધિ થાય છે, શુદ્ધ આત્મામાં ધર્મ ટકે છે ઘીથી સિંચેલ અગ્નિની માફક દેદિપ્યમાન થતો એ પરમપદ નિર્વાણને મેળવે છે.

**વિગિંચ કમ્મુણો હેઉં, જસં સંચિણુ ખંતિએ ।**
**પાઢવં સરીરં હિચ્ચા, ઉડ્ઢં પક્કમઈ દિસં ॥૧૩॥**

**અર્થ** :-કર્મો ઉત્પન્ન થાય તેના કારણને દૂર કરો. જ્ઞાનાદિ ક્ષમા ધર્મ કરીને સંયમરૂપી યશ એકઠો કરો. ઉપર પ્રમાણે કર્મના હેતુને ત્યાગનાર સંયમી પુરૂષ આ પાર્થિવ શરીરને છોડીને ઊર્ધ્વ ગતિને પ્રાપ્ત થાય છે.

**વિસાલિસેહિં, સીલેહિં, જક્ખા ઉત્તર ઉત્તરા ।**
**મહાસુક્કાવ દિપ્પંતા, મન્નંતા અપુણચ્ચવં ॥૧૪॥**

**અર્થ** :-ઉત્કૃષ્ટ આચારને પાળવાવાળો જીવ ઉત્તરોત્તર વિમાન વાસીદેવ થાય છે, સૂર્ય-ચન્દ્રની માફક પ્રકાશમાન થતો એ માને છે કે હું અહીંથી ચ્યવીશ નહીં. મરીને ફરી જન્મ લઈશ નહીં.

**અપ્પિયા દેવકામાણં, કામરુવવિઉવ્વિણો ।**
**ઉડ્ઢં કપ્પેસુ ચિટ્ઠંત્તિ, પુવ્વા વાસસયા બહૂ ॥૧૫॥**

**અર્થ** :-દેવ સંબંધી કામોને પ્રાપ્ત થયેલ અને ઇચ્છાનુસાર રૂપ બનાવવાની શક્તિવાળો દેવ સેંકડો પૂર્વ વર્ષો સુધી વિમાનોમાં રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તત્થ ઠિચ્ચા જહા–ઠાણં, જકખા આઉકખએ ચુયા ।**
**ઉવેંતિ માણુસં જોણિં, સે દસંગેડભિજાયઈ ॥૧૬॥**

**અર્થ** :—આ દેવ પોતાનું આયુષ્ય ક્ષય થયા પછી ત્યાંથી ચ્યવીને મનુષ્ય યોનિને પ્રાપ્ત કરે છે ત્યાં તેને દશ અંગોની પ્રાપ્તિ થાય છે.

**ખેતં વત્થું હિરણ્યં ચ, પસવો દાસ પોરુસં ।**
**ચત્તારિ કામ–ખંધણિ, તત્થ સે ઉવવજ્જઈ ॥૧૭॥**

**અર્થ** :— જ્યાં તેને ચાર સ્કંધો, ક્ષેત્ર, ખેતર, બગીચા, મહેલ, સોનું, ચાંદી કે દાસદાસી તથા પશુ હોય ત્યાં તેની ઉત્પત્તિ થાય છે.

**મિત્તવં નાયવં હોઈ, ઉચ્ચાગોએ ય વન્નવં ।**
**અપ્પાયંકે મહાપન્ને, અભિજાએ જસોબલે ॥૧૮॥**

**અર્થ** :—મનુષ્ય જન્મમાં તે મિત્ર, જ્ઞાતિ, ઉચ્ચગોત્ર, સુંદર; નિરોગી, મહાબુદ્ધિશાળી, યશસ્વી અને બલવાન થાય છે.

**ભોચ્ચા માણુસ્સએ ભોએ, અપ્પડિરુવે અહાઉયં ।**
**પુવ્વિં વિસુદ્ધ–સદ્ધમ્મે;કેવલં બોહિ બુજ્જિયા॥૧૯॥**

**અર્થ** :—આયુષ્યના અનુસાર, મનુષ્યના ઉત્તમ ભોગો ભોગવીને પૂર્વ ભવમાં શુદ્ધ ધર્મનું આચરણ કરવાથી શુદ્ધ સમ્યકત્વ પ્રાપ્ત કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચઉરંગં દુલ્લહં નચ્ચા, સંજમં પડિવજ્જિયા ।
તવસા ધુયકમ્મંસે, સિધ્ધે હવઈ સાસએ ॥૨૦॥ત્તિબેમિ

અર્થ :—ધર્મના આ ચાર અંગ દુર્લભ જાણીને સંયમ ચારિત્ર ગ્રહણ કરીને તપવડે કર્મોને બાળીને જીવ શાશ્વત સિદ્ધ થાય છે.

॥ ઇતિ ત્રીજું અધ્યયન ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ઉત્તરાધ્યયન સૂત્રનું ચોથું અધ્યયન

અસંખયં જીવિય મા પમાયએ,
જરોવણીયસ્સ હુ નત્થિ તાણં ।
એવં વિયાણાહિ જણે પમત્તે,
કિંનુવિહિંસા અજયા ગહિંતિ ॥૧॥

**ભાવાર્થ** : તૂટેલું જીવન ફરી સંધાતું નથી, એટલા માટે પ્રમાદ ન કરો અને વિચારો કે વૃદ્ધાવસ્થામાં કોઇ રક્ષક નથી, એમ જાણી હિંસક અને અયત્નાવાળા જીવો કોના શરણમાં જશે ?

જે પાવકમ્મેહિં ધણંમણૂસા,
સમાયયંતી અમઈ ગહાય ।
પહાય તે પાસ પયટ્ટિએ નરે,
વેરાણુ બદ્ધા નરયં ઉવેંતિ ॥૨॥

**ભાવાર્થ** : જે મનુષ્ય પાપ કર્મોથી ધન સંચય કરે છે, તે મોહમાં ફસેલા વેરથી બંધાયેલા ધનને અહીં છોડીને નરકમાં જાય છે.

તેણે જહા સંધિમુહે ગહીએ,
સકમ્મુણા કિચ્ચઈ પાવકારી ।
એવં પયા પેચ્ચ ઇહં ચ લોએ,
કડાણ કમ્માણ ન મોકખ અત્થિ ॥૩॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવાર્થ :-જેવી રીતે સિંધવ લગાડેલો પકડાયેલો ચોર પોતાના જ કર્મથી દુઃખ પામે છે, તેવી રીતે જીવ પોતાના પાપનું ફલ આલોક અને પરલોકમાં મેળવે છે. કરેલા કર્મને ભોગવ્યા વિના છુટકારો નથી.

સંસાર માવન્ન પરસ્સ અટ્ઠા,
સાહારણં જં ચ કરેઇ કમ્મં ।
કમ્મસ્સ તે તસ્સ ઉવેયકાલે,
ન બંધવા બંધવવયં ઉવેંતિ ॥૪॥

ભાવાર્થ :- સંસારાપન્ન જીવ બીજાને અર્થે જે સાધારણ કર્મ કરે છે તે કર્મનું ફળ ભોગવવાને વખતે ભાઈઓ તેનો હિસ્સો લેતા નથી.

વિત્તેણ તાણં ન લભે પમત્તો,
ઇમમ્મિ લોએ અદુવા પરત્થા ।
દીવપ્પણટ્ઠેવ અણન્ત મોહે,
નેયાઉયં દુટ્ઠુમદટ્ઠુમેવ ॥૫॥

ભાવાર્થ :-પ્રમાદી પુરુષ આ લોકમાં અથવા પરલોકમાં ધનથી રક્ષણ મેળવી શકતો નથી. તેનો જીવન દીપ બુઝાઈ જાય છે. તેને અનંત મોહવાળા પ્રાણી ન્યાયમાર્ગને દેખીને પણ નહિ દેખાવાવાળો જ કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુત્તેસુ યાવી પડિ–બુદ્ધ જીવી,
ન વીસસે પંડિયે આસુપન્ને ।
ઘોરા મુહુત્તા અબલં સરીરં,
ભારંડપકખીવ ચરે પમત્તો ॥૬॥

ભાવાર્થ :– મોહમાં સૂતેલા લોકોના વચમાં પ્રજ્ઞાવાન સંયમી પુરુષ પ્રમાદમાં વિશ્વાસ ન કરે, કાળ ભયાનક છે અને શરીર નિર્બળ છે માટે ભારંડ પક્ષીની માફક અપ્રમત્ત થઈને વિહાર કરો.

ચરે પયાઈ પરિસંકમાણો,
જંકિંચિ પાસંઈહ મન્નમાણો ।
લાભંતરે જીવિય બૂહઈત્તા,
પચ્છા પરિન્નાય મલાવ ધંસી ॥૭॥

ભાવાર્થ :–ચારિત્રમાં હંમેશાં દોષોની તરફ શંકિત રહે, લોકનો થોડો પરિચય પણ બંધન માની વિહાર કરે. જ્ઞાનાદિનો લાભ હોય ત્યાં સુધી, જીવનની અપેક્ષા કરે, પછી સજ્ઞાન પૂર્વક આત્માનો ત્યાગ કરે.

છંદ નિરોહેણ ઉવેઈ મોકખં,
આસે જહા સિકિખયવમ્મધારી ।
પુવ્વાઈ વાસાઈ ચરેપ્પમત્તો,
તમ્હા મુણી ખિપ્પમુવેઈ મોક્ખં ॥૮॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવાર્થ :- જેવી રીતે સ્વારની શિક્ષામાં રહેનાર કવચધારી ઘોડો વિજયી થાય છે તેમ સ્વચ્છંદ છોડીને ગુરુ આજ્ઞામાં રહેનાર બ્રહ્મચારી સાધુ પૂર્વ વર્ષો સુધી અપ્રમત્ત વિચરે આથી તેનો શીઘ્ર મોક્ષ થાય છે.

સપુવ્વમેવં ન લભેજ્જપચ્છા,
એસોવમા સાસયવાઇયાણં ।
વિસીયઇ સિઢિલે આઉંયમ્મિ,
કાલોવણીએ સરીરસ્સ ભેએ ॥૯॥

ભાવાર્થ :-જેણુ પહેલી અવસ્થામાં ધર્મ કર્યો નથી, એ પશ્ચાત્ અવસ્થામાં ધર્મ કરી શકશે નહીં, જેને આયુષ્યનો નિશ્ચય છે કે હું પાછલી અવસ્થામાં ધર્મ કરીશ એવા નિશ્ચયવાદીનું કથન કદાપિ ઠીક હોય, પરંતુ જેના જીવનનો ભરોસો નથી એ પ્રમાદી આયુષ્યની શિથિલતા વખતે પોતાના પ્રમાદનો શરીરનાં નાશ વખતે મૃત્યુ સમીપ આવે ત્યારે ખેદ કરે છે.

ખિપ્પં ન સક્કેઇ વિવેગમઉં,
તમ્હા સમુટ્ઠાય પહાય કામે ।
સમિચ્ચ લોગં સમયા-મહેસી,
અપ્પાણં રક્ખી ચરે પમત્તો ॥૧૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવાર્થ :-વિવેકની પ્રાપ્તિ શીઘ્ર થતી નથી એમ જાણીને આત્મલક્ષી સાધુ કામભોગોનો સર્વથા ત્યાગ કરે સમભાવપૂર્વક લોકના સ્વરૂપને જાણીને સાવધાનીથી અપ્રમત્ત થઈને વિચરે.

મુહું મુહું મોહ–ગુણે જયન્તં,
અણેગ–રુવા સમણં ચરંતં
ફાસા ફુસન્તિ અસમંજસં ચ,
ન તેસિ ભિક્ખૂ મણસા પઉસ્સે ॥૧૧॥

ભાવાર્થ :–નિરંતર મોહ કર્મોને જીતતો હોવા છતાં મુનિ સંયમમાં વિચરે અને અનેક રૂપના પ્રતિકૂળ વિષયને સ્પર્શ કરતો છતાં તેના ઉપર મનમાં પણ દ્વેષ ન કરે.

મન્દા ય ફાસા બહુ લોહણિજ્જા,
તહપ્પગારેસુ મણં ન કુજ્જા ।
રક્ખિજ્જ કોહં વિણએજ્જ માણં,
માયં ન સોવેજ્જ પહેજ્જ લોહં ॥૧૨॥

ભાવાર્થ :–લુબ્ધ માણસ વિવેકને મંદ કરીને વિષયોમાં મનને ન લગાવે, ક્રોધને શાન્ત કરે માનને હઠાવે, માયા સેવે નહિં અને લોભનો ત્યાગ કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે સંખયા તુચ્છ પરપ્પવાઈ,
તે પિજજ દોસાણુ ગયા પરજઝા ।
એ એ અહમ્મેત્તિ દુગુંછમાણો,
કંખે ગુણે જાવ સરીર ભેઉઓ
॥૧૩॥ ત્તિબેમિ ॥

ભાવાર્થ :—જે તુચ્છ, નિસાર સંસ્કૃત કે પ્રવાદી અને અન્યથા વાદી છે, એ રાગ દ્વેષ યુક્ત હોવાથી, પરાધીન છે. અને અધર્મનો હેતુ છે. આથી ધૃણા કરતાં છતાં જ્યાં સુધી શરીરનો નાશ ન થાય ત્યાં સુધી ગુણોની ઇચ્છા કરે.

॥ ઇતિ ચોથું અધ્યયન ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચોત્રીસ અસજ્ઝાય

## આકાશની દસ અસજ્ઝાય

૧ તારો આકાશે ખરે તો, ૨ ચારે દિશા રાતી થાય તો, ૩ અકાળે ગાજે તો, ૪ અકાળે વીજળી થાય તો, ૫ અકાળે કાટકો થાય તો, ૬ બીજના ચંદ્રની, ૭ જક્ષના ચિન્હની, ૮ કરા પડે તો, ૯ ધૂમસ વરસે તો, ૧૦ રજુ વરસે તો

## ઔદારિક શરીરની દસ અસજ્ઝાય

૧ તત્કાળનાં તાજાં હાડકાં પડયાં હોય તો, ૨ માંસ પડયું હોય તો; ૩ લોહી પડયું હોય તો, ૪ વિષ્ટા અને ઉલટી પડયાં હોય તો, ૫ મુડદું બળતું હોય તો, ૬ ચંદ્રગ્રહણ થાય તો. ૭ સૂર્યગ્રહણ થાય તો, ૮ મોટો રાજા મરે તો, ૯ સંગ્રામ થાય તો, ૧૦ પંચેન્દ્રિયનું કલેવર પડયું હોય તો.

## વખત (કાળ) ની અસજ્ઝાય

(૧) ચૈત્ર શુદી ૧૫ ની, (૨) ચૈત્ર વદી ૧ ની, (૩) અષાઢ શુદી ૧૫ ની, (૪) અષાઢ વદી ૧ ની (૫) ભાદરવા શુદી ૧૫ ની, (૬) ભાદરવા વદી ૧ ની, (૭) કાર્તિક સુદી ૧૫ ની, (૮) કાર્તિક વદી ૧ ની, (૯) પ્રભાતની, (૧૦) મધ્યાન્હ (૧૧) સંધ્યાની, (૧૨) મધ્ય રાત્રિની. (૧૩) હુતાશની પ્રગટે તે વખતની, (૧૪) ધુળેટીના દિવસની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે ચોત્રીશ અસજઝાય હોય ત્યારે સૂત્ર વંચાય નહિ, ભણાય નહિં, સ્વાધ્યાય થાય નહિ.

## બત્રીસ સિધ્ધાંતોના નામ

### અગીયાર અંગના નામ

(૧) આચારાંગજી, (૨) સુયગડાંગજી, (૩) ઠાણાંગજી,
(૪) સમવાયાંગજી, (૫) ભગવતી વિવાહ–પન્નતિજી,
(૬) જ્ઞાતાધર્મકથાજી, (૭) ઉપાસકદશાંગજી,
(૮) અંતગડ દશાંગજી (૮) અનુત્તરોવવાઇજી,
૧૦) પ્રશ્ન વ્યાકરણજી, (૧૧) વિપાકજી.

### બાર ઉપાંગના નામ

(૧) ઉવવાઈ, (૨) રાયપ્રસેણી, (૩) જીવાભિગમજી, (૪) પન્નવણાજી, (૫) જંબુદ્વીપ પન્નતિજી, (૬) ચન્દ્રપન્નતિજી (૭) સૂર્ય પન્નતિજી, (૮) નિરયાવલિકાજી, (૯) કપ્પવડિસીયા. (૧૦) પુપ્ફિયાજી, (૧૧) પુપ્ફ ચુલીયાજી, (૧૨) વન્હિદશાજી

### ચાર મૂલસૂત્રના નામ

(૧) ઉત્તરાધ્યયનજી, (૨) દશવૈકાલિકજી, (૩) નંદીજી
(૫) અનુયોગદ્વારજી

### ચાર છેદ સુત્રોનાં નામ

(૧) બૃહત્કલ્પજી, (૨) વ્યવહાર સૂત્ર, (૩) નિશિથસૂત્ર,
(૪) દશાશ્રુતસ્કંધજી.

### બત્રીસમું આવશ્યક સુત્ર

મા બત્રિસ આગમો વિદ્યમાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૨૪ તીર્થંકરના નામ

૧ શ્રી ઋષભદેવ સ્વામી
૨ ,, અજીતનાથ સ્વામી
૩ ,, સંભવનાથ સ્વામી
૪ ,, અભિનંદન સ્વામી
૫ ,, સુમતિનાથ સ્વામી
૬ ,, પદ્મપ્રભ સ્વામી
૭ ,, સુપાર્શ્વનાથ સ્વામી
૮ ,, ચન્દ્રપ્રભુ સ્વામી
૯ ,, સુવિધિનાથ સ્વામી
૧૦ ,, શીતલનાથ સ્વામી
૧૧ ,, શ્રેયાંસનાથ સ્વામી
૧૨ ,, વાસુપુજ્ય સ્વામી
૧૩ શ્રી વિમળનાથ સ્વામી
૧૪ ,, અનંતનાથ સ્વામી
૧૫ ,, ધર્મનાથ સ્વામી
૧૬ ,, શાંતિનાથ સ્વામી
૧૭ ,, કુંથુનાથ સ્વામી
૧૮ ,, અરનાથ સ્વામી
૧૯ ,, મલ્લિનાથ સ્વામી
૨૦ ,, મુનિસુવ્રત સ્વામી
૨૧ ,, નમિનાથ સ્વામી
૨૨ ,, નેમનાથ સ્વામી
૨૩ ,, પાર્શ્વનાથ સ્વામી
૨૪ ,, મહાવીર સ્વામી

# વીર વિહરમાન તીર્થંકરોના નામ

૧. શ્રી સીમંધર સ્વામી
૨. ,, યુગમંધર સ્વામી
૩. ,, બાહુ સ્વામી
૪. ,, સુબાહુ સ્વામી
૫. ,, સુજાતનાથ સ્વામી
૬. ,, સ્વયંપ્રભ સ્વામી
૭. ,, ઋષભાનન સ્વામી
૮. ,, અનંતવીર્ય સ્વામી
૯. ,, સુરપ્રભ સ્વામી
૧૦. ,, વિશાલપ્રભ સ્વામી
૧૧. શ્રી વજ્રધર સ્વામી
૧૨. ,, ચંદ્રાનન સ્વામી
૧૩. ,, ચંદ્રબાહુ સ્વામી
૧૪. ,, ભુજંગદેવ સ્વામી
૧૫. ,, ઈશ્વર સ્વામી
૧૬. ,, નેમપ્રભ સ્વામી
૧૭. ,, વીરસેન સ્વામી
૧૮. ,, મહાભદ્ર સ્વામી
૧૯. ,, દેવજશ સ્વામી
૨૦. ,, અજિતસેન સ્વામી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અગીયાર ગણધરનાં નામ

૧. શ્રી ઇંદ્રભૂતિ ૨. શ્રી અગ્નિભૂતિ ૩. શ્રી વાયુભૂતિ ૪. શ્રી વ્યક્તજી ૫. શ્રી સુધર્માસ્વામી ૬. શ્રી મંડિતસ્વામી ૭. શ્રી મૌર્યપુત્ર ૮. શ્રી અંકપિતાજી ૯. શ્રી અચળભ્રાતા ૧૦ શ્રી મેતાર્ય ૧૧. શ્રી પ્રભાસ.

## દશ શ્રાવકોનાં નામ

| | | |
|---|---|---|
| ૧ આણંદ | ૨ કામદેવ | ૩ ચુલણીપિયા |
| ૪ સુરાદેવ | ૫ ચુલશતક | ૬ કુંડ કૌલિક |
| ૭ સકડાલપુત્ર | ૮ મહાશતક | ૯ નન્દિનીપિયા |
| ૦ શાલીહિપિયા | | |

## ૧૬ સતીઓનાં નામ

| | |
|---|---|
| ૧ બ્રાહ્મી | ૯ સીતાજી |
| ૨ સુંદરી | ૧૦ દમયંતી |
| ૩ ચંદનબાળા | ૧૧ શિવાદેવી |
| ૪ રાજીમતી | ૧૨ કુંતાજી |
| ૫ દ્રૌપદી | ૧૩ સુભદ્રા |
| ૬ કૌશલ્યા | ૧૪ ચેલણા |
| ૭ મૃગાવતી | ૧૫ પ્રભાવતી |
| ૮ સુલસા | ૧૬ પદ્માવતી |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી ગૌતમ પૃચ્છા

પ્ર.—શ્રી ગૌતમ સ્વામી પૃચ્છા કરે, કહોને સ્વામી શ્રી વર્દ્ધમાનજી. કેણે કર્મે નિરધન નિરવંશી, કેણે કર્મે નિષ્ફળ હોય; ॥ કહોને૦ ॥ ૧ ॥

ઉ.—પર ધન ભાગે ને પર દમે, તેણે કર્મે નિરધન હોય; હો વત્સ ગોયમા, સાંભળો ॥૨॥ થાપણ મોસોરે જે કરે, તેણે કર્મે નિરવંશ હોય વત્સ૦ ॥૩॥ ઘાત ઘાલે ગર્ભાવાસની, તેણે કર્મે નિષ્ફળ હોય ॥ હો વત્સ૦ ॥૪॥

પ્ર.—કેણે કર્મે વેશ્યા ને વિધવા, કેણે કર્મે નપુંસક હોય ॥ કહોને૦ ॥૫॥

ઉ.—દુગંછા કરે જૈન ધર્મની તેણે કર્મે વેશ્યા જ હોય ॥ હો વત્સ ॥૬॥ શિયળ ખંડીને ભોગ ભોગવ્યા, તેણે કર્મે વિધવા હોય વત્સ૦ ॥૭॥ વેશ્યાનો સંગ જ જે કરે, તેણે કર્મે નપુંસક હોય ॥ હો વત્સ૦ ॥૮॥

પ્ર.—કેણે કર્મે ગર્ભથી ગળી જાય, કેણે કર્મે પીઠી ભર્યા જાય ॥ કહોને૦ ॥૯॥

ઉ.—વાડી વેડાવે કુણા મોગરા, તેણે કર્મે ગર્ભથી ગળી જાય ॥ હો વત્સ૦ ॥૧૦॥ ફૂલ વીંધાવી કર્મો બાંધીયાં, તેણે કર્મે પીઠી ભર્યા જાય ॥ હો વત્સ૦ ॥૧૧॥

પ્ર.—કેણે કર્મે ઠુંઠાને પાંગળા, કેણે કર્મે જાતિ અંધ હોય ॥ કહોને૦ ॥૧૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉ.—જે જીવ ફરે રે ચૌરંગમાં, તેણે કર્મે પાંગળા હોય ॥ હો વત્સ૦ ॥૧૩॥ આંખો કાઢે રે પર જીવની, તેણે કર્મે જાતિ અંધ હોય ॥ વાત્સ૦ ॥૧૪॥

પ્ર.—કેણે કર્મે શોક્ય જ ઉપજે, કેણે કર્મે કલંક્યચઢે કહો ને૦ ॥૧૫॥

ઉ.—વેરો ને વંચો રે જે કરે. તેણે કર્મે શોક્ય જ ઉપજંત ॥ વત્સ૦ ॥૧૬॥ કુડી શાખ ભરીને કર્મ બાંધીયા, તેણે કર્મે કલંક ચઢંત ॥ હો વત્સ૦ ॥૧૭॥

પ્ર—કેણે કર્મે વિષધર ઉપજે, કેણે કર્મે જશહીણ હોય ॥ કહોને૦ ॥૧૮॥

ઉ.—રીસ ભર્યા ભરે રે અણબોલડે, તેણે કર્મે વિષધર હોય ॥ હો૦ વત્સ૦ ॥૧૯॥ જે જીવ રાગે રે વ્યાપીઓ, તેણે કર્મે જશહીણ હોય ॥ હો વત્સ૦ ॥૨૦॥

પ્ર.—કેણે કર્મે જીવ નિગોદમાં, કેણે કર્મે તિર્યંચમાં જાયઃ ॥ કહોને૦ ॥૨૧॥

ઉ.....જે જીવ મોહમાં વ્યાપીઓ, તેણે કર્મે નિગોદમાં જાય ॥ હો વત્સ૦ ॥૨૨॥ જે જીવ માયામાં વ્યાપીઓ, તેણે કર્મે તિર્યંચમાં જાય ॥ હો વત્સ૦ ॥૨૩॥

પ્ર.—કેણે કર્મે જીવ એકેંદ્રિ, કેણે કર્મે પંચેંદ્રિય હોય ॥ હો વત્સ૦ ॥૨૪॥

ઉ.—પંચઈંદ્રિય જેણે વશ ન કરી, તેણે કર્મે એકેંદ્રિ હોય ॥ હો વત્સ૦ ॥૨૫॥ પંચઈંદ્રિય જેણે વશ કરી, તેણે કર્મે પંચ-ઇંદ્રિય હોય ॥હો વત્સ૦ ॥૨૬॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર.—કેણે કર્મે જીવડો બહુ ભમે, કેણે કર્મે થોડેરો સંસાર કહોને૦ ॥૨૭॥

ઉં—જે જીવ મોહ-મત્સર કરે, તેણે કર્મે સંસાર ફરંત ॥હો વત્સ૦ ॥૨૮॥ જે જીવ વિનય ભક્તિ કરે, તેણે કર્મે સંસાર તરંત ॥હો વત્સ૦ ॥૨૯॥

પ્ર.—કેણે કર્મે જીવડો નીચ કુળે, કેણે કર્મે ઉંચકુળ હોય ॥કહોને૦ ॥૩૦॥

ઉ.—દાન દીધાં રે અસુઝતા તેણે કર્મે નીચ કુળ હોય ॥હો વત્સ૦ ॥૩૧॥ દાન દીધાં રે સુપાત્રને, તેણે કર્મે ઉંચ કુળ હોય ॥વત્સ૦ ॥૩૨॥

પ્ર.—કેણે કર્મે જીવડો નરકમાં, કેણે કર્મે સ્વર્ગ વિમાન ॥કહોને૦ ॥૩૩॥

ઉ—જે જીવ જીભ સ્વાદે રે વ્યાપીઓ, તેણે કર્મે નરક મોઝાર ॥હો વત્સ૦ ॥૩૪॥ દાન, શિયળ, તપ, ભાવના, તેણે કર્મે સ્વર્ગ વિમાન ॥હો વત્સ૦ ॥૩૫॥

પ્ર.—ગૌતમે કેવળ માંગીયું, દ્યો સ્વામી શ્રી વર્દ્ધમાન; આપો રે સ્વામી શ્રી વર્દ્ધમાનજી ॥૩૬॥

ઉ.—એણે મોહે કેવળ ન પામીએ; મોહથી ન હોય નિરવાણ ॥હો વત્સ૦ ॥૩૭॥ ગૌતમ કેવળ પામીયા, મહાવીર સ્વામી પહોંચ્યા નિવારણ ॥હો વત્સ૦ ॥૩૮॥

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ધર્મ-ધ્યાનનો કાઉસગ્ગ

સેકિંતં-શું તે. **ધમ્મેજઝાણે**-ધર્મધ્યાન, **ધમ્મેજઝાણે**-ધર્મધ્યાન. **ચઉવ્વિહે**-ચાર જાતના. **ચઉપ્પડિયારે**-ચાર ચાર પડભેદ છે. **પન્નત્તો** પરૂપ્યા. **તંજહા**-તે આ પ્રમાણે. **આણાવિજયે**-આજ્ઞાનો વિચાર કરવો. **અવાયવિજયે**-દુઃખનો વિચાર કરવો. **વિવાગ-વિજયે**-સુખ ને દુઃખ શાથી ભોગવે છે તેનો વિચાર કરવો. **સંઠાણવિજયે**-લોકના આકારનો વિચાર કરવો. **ધમ્મસ્સણંઝાણસ્સ**-ધર્મ ધ્યાનના **ચત્તારિલક્ખણા**-ચાર લક્ષણ **પન્નતા તંજહા**-આ પ્રમાણે કહ્યા. **આણા-રૂઈ**-વીતરાગ આજ્ઞાની રૂચિ. **નિસગ્ગરૂઈ**-વીતરાગ દેવે પરૂપ્યું તેના ઉપર સ્વભાવથી રૂચિ. **ઉવએસરૂઇ**-ઉપદેશની રૂચિ. **સુત્તરૂઇ**-સૂત્ર સિદ્ધાંતની રૂચિ. **ધમ્મસણંઝાણસ્સ**-ધર્મ ધ્યાનના. **ચત્તારિ આલંબણા**-ચારપ્રકારના આધાર. **પન્નતા તંજહા**-તે આ પ્રમાણે કહ્યા. **વાયણા**-વાંચવું. **પુચ્છણા**-પૂછવું. **પરિયટ્ટણા**-શીખેલુ સંભાળવું. **ધમ્મ-કહા**-ધર્મકથા કરવી. **ધમ્મસ્સણંઝાણસ્સ**-ધર્મ ધ્યાનના **ચત્તારિ આણુપ્પેહા**-ચાર પ્રકારનો વિચાર. **પન્નતા તંજહા**-તે આ પ્રમાણે કહ્યા. **એગચ્ચાણુપ્પેહા**-એકલા, પણાનો વિચાર, જીવ એકલો આવ્યો ને એકલો જશે તેનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવી. સંસાર અનિત્ય છે. કોઈ કોઈનું નથી એવો વિચાર, **અસરણાણુ પ્પેહા**–અશરણપણાનો વિચાર. સંસારમાં કોઈ કોઈને ત્રાણ–શરણ નથી એવો વિચાર કરવો. **સંસારાણુપ્પેહા**–સંસાર વિષે કે વિચાર કેવો અસ્થિર છે. તે વિષે વિચાર કરવો તે.

એ ધર્મ ધ્યાનનો સૂત્રપાઠ કહ્યો હવે તેનો અર્થ કહે છે,

**ધર્મધ્યાનના પહેલા ચાર ભેદ—૧. અ ણાવિજયે ૨. અવાયવિજયે, ૩ વિવાગ વિજયે. ૪ સંઠાણવિજયે**

**પહેલો ભેદ**–આણાવિજયે કહેતાં વીતરાગ દેવની આજ્ઞાનો વિચાર ચિંતવવો તે. વીતરાગદેવની આજ્ઞા એવી છે કે સમકિત સહિત શ્રાવકનાં બાર વ્રત અને અગિયાર પડિમા તથા સાધુનાં પંચ મહાવ્રતને બાર ભિકખુની પડિમા, શુભધ્યાન શુભજોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર તપ, છકાય જીવની રક્ષા એ વીતરાગની આજ્ઞા આરાધવી, તેમાં સમય માત્રનો પ્રમાદ ન કરવો. ચતુર્વિધ તીર્થનાં ગુણ કીર્તન કરવાં એ ધર્મ ધ્યાનનો પહેલો ભેદ કહ્યો.

**બીજો ભેદ**–અવાયવિજયે કહેતાં જીવ સંસારના દુઃખ શાથી ભોગવે છે. તેનો વિચાર ચિંતવવો તેનો વિચાર એ કે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભ જોગ, અઢાર પાપસ્થાનક, છકાય જીવની હિંસા એથી જીવ દુઃખ પામે છે, એવું દુઃખનું કારણ જાણી; એવો આશ્રવ માર્ગ છાડી સંવર માર્ગ આદરવો, જેથી જીવ દુઃખ ન પામે. એ ધર્મ ધ્યાનનો બીજો ભેદ કહ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ત્રીજો ભેદ** –વિવાગવિજયે કહેતાં જીવ જે સુખ દુઃખ ભોગવે છે તે શા થકી ? તેનો વિચાર ચિંતવવો. તેનો વિચાર એ કે જીવે જેવે રસે કરી પૂર્વે જેવાં શુભાશુભ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ ઉપાર્જ્યાં છે, તે શુભાશુભ કર્મના ઉદયથી જીવ તે પ્રમાણે સુખ દુઃખ અનુભવે છે. તે અનુભવતાં થકાં કોઈ ઉપર રાગ-દ્વેષ ન આણીએ, સમતા ભાવ આણી, મન, વચન, કાયાના શુભ જોગ સહિત જૈન ધર્મને વિષે પ્રવર્તીએ; જેથી નિરાબાધ પરમ સુખને પામીએ. એ ધર્મ ધ્યાનનો ત્રીજો ભેદ કહ્યો.

**ચોથો ભેદ**–સંઠાણવિજયે કહેતાં ત્રણ લોકના આકારનું સ્વરૂપ સુપઈઠીકતે આકારે છે. લોક જીવ અજીવે કરી સંપૂર્ણ ભર્યો છે. અસંખ્યાતા જોજનની ક્રોડાક્રોડ ત્રિછો લોક છે. ત્યાં અસંખ્યાતા દ્વીપ સમુદ્ર છે, તથા અસંખ્યાતા વાણવ્યંતરના નગર છે, તથા અસંખ્યાતા જ્યોતિષીના વિમાન છે, તથા અસંખ્યાતી રાજધાની છે. તેને મધ્યભાગે અઢી દ્વીપ છે, તેમાં જઘન્ય તીર્થંકર વીશ ને ઉત્કૃષ્ટા એકસો સીત્તેર હોય તથા જઘન્ય બે ક્રોડને ઉત્કૃષ્ટા નવ ક્રોડ કેવળી હોય, તથા જઘન્ય બે હજાર ક્રોડ ઉત્કૃષ્ટા નવ હજાર ક્રોડ સાધુ સાધ્વી હોય, તેમને તિક્ખુત્તો, આયાહિણં, પયાહિણં વંદામિ, નમંસામિ, સક્કારેમિ, સમ્માણેમિ, કલ્લાણં, મંગલ, દેવયં, ચેઇયં, પજ્જુવાસામિ તથા ત્રિછાલોક માંહે અસંખ્યાતા શ્રાવક શ્રાવિકા છે. તેમના ગુણગ્રામ કરવા, તે ત્રિછાલોક થકી અસંખ્યાતા ગુણો અધિક ઉર્ધ્વલોક છે, ત્યાં બાર દેવલોક નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન છે, તે સર્વે મળી ચોરાશી લાખ સત્તાણું હજાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રેવીશ વિમાન છે તથા તે ઉપર સિદ્ધશિલા છે, ત્યાં શ્રી સિદ્ધ ભગવંતજી નિરંજન નિરાકાર બિરાજે છે, તેને તિક્ખુત્તોથી જાવ પજ્જુવાસામિ, સુધી કહેવું. તે ઉર્ધ્વલોક થકી કાંઈક વિશેષ અધિક અધોલોક છે, ત્યાં સાત નરકના ચોરાશી લાખ નરકાવાસા છે, સાત ક્રોડ બહોંતેર લાખ ભવનપતિનાં ભવન છે એવા ત્રણ લોકનાં, સર્વ સ્થાનક સમકિત કરણી વિના સર્વ જીવે અનંતી અનંતી વાર જન્મ મરણે કરી ફરસી મૂકયાં છે. એમ જાણી સમકિત સહિત શ્રુત અને ચારિત્ર ધર્મની આરધના કરવી. જેથી અજર અમર નિરાબાધ પરમ સુખને પામીએ. એ ધર્મધ્યાનનો ચોથો ભેદ કહ્યો. ઈતિ ધર્મધ્યાનનો કાઉસગ્ગ સંપૂર્ણ.

卐

# ભાવ પ્રતિક્રમણ શા માટે ?

આજના યુવાન વર્ગને પ્રતિક્રમણ કરવાને સમય નથી. રાતના સૂતા પહેલા અને સવારે ઉઠીને, આ ભાવપ્રતિક્રમણના ભાવો સ્મરણ કરતાં ફક્ત દશ જ મીનીટ લાગશે.

આ ભાવ પ્રતિક્રમણના ભાવો જો કંઠસ્થ થઈ જશે તો આત્માને લાભ થશે. આયુષ્ય ક્યારે પુરું થશે તેનો ભરોસો નથી. મૃત્યુ સમયે આ ભાવ પ્રતિક્રમણના ભાવો જો યાદ આવી જાય, આત્માના શુભ પરિણામ હોવાથી જીવ સુગતિ પ્રાપ્ત કરી શકે છે. આ ભાવો આપણાં મહાન ઉપકારી સ્વ. પંડિત રત્ન બા. બ્ર. આચાર્ય શ્રી **પુરૂષોત્તમજી મહારાજ**શ્રીના ભાવ પ્રતિક્રમણના છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ભાવ પ્રતિક્રમણ

## ભાવપ્રતિક્રમણ એટલે જીવે કરેલા અનંતા ભાવોના પાપનો પશ્ચાતાપ

" હા પશ્ચાત્તાપ વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું એ
પાપી, તેમાં ડુબકી દઇને પુણ્યશાળી બને છે."

કવિ કલાપી

(૧) અહો પરમ કૃપાળુ ગુરૂદેવો–વીસ તીર્થંકર પ્રભુજી તથા અનંતા સિદ્ધ પ્રભુજી મારા આત્માનું સ્વરૂપ છે. અણ–આહારક (એટલે આહાર રહિત) છતાં મારા આત્માએ સચેત, અચેત, અને મિશ્ર આહાર કરી, ચીકણા ગાઢા કર્મ, આ ભવઆશ્રી પરભવઆશ્રી, અનંતા ભવઆશ્રી, ઉપાર્જન કર્યા છે. જે દિવસે આપના જેવું અણુ આહારક સ્વરૂપ પ્રગટ કરીશ તે દિવસ ધન્ય થશે.

(૨) વીસ તીર્થંકર પ્રભુજી મારા આત્માનું સ્વરૂપ છે. અનારંભી અપરિગ્રહી (આરંભ રહિત) છતાં આત્માએ સંરંભ, સમારંભ અને આરંભ કરી, કરાવી, અનુમોદના કરી, ચીકણાં ગાઢા કર્મ, આ ભવઆશ્રી, પરભવ આશ્રી, અનંતાભવ આશ્રી, ઉપાર્જન કર્યાં, દુષ્ટ આત્માને કરોડોવાર ધિક્કારી આપના જેવું અનારંભી સ્વરૂપ પ્રગટ કરવાની મને ભવોભવ શક્તિ આપો. જે દિવસે આપનાં જેવું અનારંભી સ્વરૂપ પ્રગટ કરીશ તે દિવસ ધન્ય થશે !

(૩) વીસ તીર્થંકર પ્રભુજી મારા આત્માનું સ્વરૂપ છે. અકષાયી (ક્રોધાદિ રહિત) છતાં મારા આત્માએ વિભાવમાં જઈને ક્રોધ કષાય, માન કષાય, માયા કષાય, અને લોભ કષાયનું સેવન કરી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગદ્વેષ કરી, ચીકણા ગાઢા કર્મ આ ભવઆશ્રી પરભવઆશ્રી, અનંતા ભવઆશ્રી ઉપાર્જન, કર્યા છે જે દિવસે આપના જેવા સ્વરૂપ ક્ષમાના ગુણો, નિશ્ચય ક્ષમાના ગુણો પ્રગટ થશે તે દિવસ ધન્ય થશે !

(૪) વીસ તીર્થંકર પ્રભુજી મારા આત્માનું સ્વરૂપ છે. અહિંસક છતાં મારા આત્માએ ત્રસજીવો (બે ઈન્દ્રીય, ત્રિઈન્દ્રીય, ચૌરિન્દ્રીય, પંચેન્દ્રિય) અને સ્થાવર જીવો (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ) મારા શરીરના પોષણ માટે મારા આત્માએ એકેન્દ્રીયથી પંચેન્દ્રીયના ભવોમાં જ્યાં જન્મ મરણના ફેરા કર્યાં, મારા શરીરના પોષણ માટે ત્યાં ત્યાં બધા જીવોનો કુટો કાઢી નાખ્યો છે, દુષ્ટ આત્માને કરોડોવાર ધિક્કાર. અનંતા ભવમાં કોઈ પણ જીવદયા પાળી નથી. આપના જેવું અહિંસક સ્વરૂપ પ્રગટ થશે તે દિવસ ધન્ય થશે !

(૫) વીસ તીર્થંકર પ્રભુજી મારા આત્માનું સ્વરૂપ છે અભાષક (મૌન છતાં મારા આત્માએ કર્કશકારી (કાંકરાના પ્રહાર સમાન) કઠોરકારી (પથ્થરના પ્રહાર સમાન) છેદકારી (તલવારના પ્રહાર સમાન) ભેદકારી (ભાલાના પ્રહાર સમાન) વેદકારી વિરોધકારી, નિશ્ચયકારી, સાવદ્યકારી અને પરને પીડાકારી ભાષા બોલી, આભવઆશ્રી, પરભવઆશ્રી, અનંતાભવઆશ્રી ચીકણા ગાઢાકર્મ ઉપાર્જન કર્યાં દુષ્ટ આત્માને કરોડોવાર ધિક્કાર, આપના જેવું અભાષક સ્વરૂપ પ્રગટ થશે તે દિવસ ધન્ય થશે, સત્ય અને વ્યવહારિક ભાષા બોલવાની મને શક્તિ આપો.

(૬) વીસ તીર્થંકર પ્રભુજી મારા આત્માનું સ્વરૂપ છે. (અચૌર્ય ચોરી રહિત) છતાં મારા આત્માએ જીવઅદત્ત, સ્વામી અદત્ત, તીર્થંકર અદત્ત અને ગુરૂઅદત્ત ચોરી કરી, કરાવી અનુમોદના કરી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચીકણા ગાઢા કર્મ ઉપાર્જન કર્યા. દુષ્ટ આત્માને કરોડોવાર ધિક્કાર, આપના જેવું અચૌર્ય સ્વરૂપ પ્રગટ કરવાની શક્તિ આપો.

વીસ તીર્થંકર પ્રભુજી મારા આત્માનું સ્વરૂપ છે. અવેદી છતાં મારા આત્માએ સ્ત્રી વેદમાં, પુરૂષ વેદમાં, નપુંસક વેદમાં દ્રષ્ટીથી, પોષાકથી, ખોરાકથી અને ભાષાથી અબ્રહ્મનું સેવન મન, વચન, કાયાના યોગોથી સાત પ્રકારે કરાવી, અનુમોદના કરી, ચીકણા ગાઢા કર્મ ઉપાર્જન કર્યા, દુષ્ટ આત્માને કરોડોવાર ધિક્કાર આપના જેવું અવેદી, નિર્વિકારી સ્વરૂપ પ્રગટ કરવાની મને ભવોભવ શક્તિ આપો. મારા આત્માનું આપના જેવું અવેદી સ્વરૂપ પ્રગટ થશે તે દિવસ ધન્ય થશે.

વીસ તીર્થંકર પ્રભુજી! મારા આત્માનું સ્વરૂપ છે. અપરિગ્રહી, છતાં મારા આત્માએ સચેત, અચેત અને મિશ્ર પરિગ્રહ. ભેગો કરી, કરાવી, અનુમોદના કરી, ચીકણા ગાઢા કર્મ ઉપાર્જન કર્યા. દુષ્ટ આત્માને કરોડોવાર ધિક્કાર. બાહ્ય પરિગ્રહ નવ પ્રકારનો અને અભ્યંતર પરિગ્રહ ચૌદ પ્રકારનો છોડવાની મને શક્તિ આપો.

અઢાર પાપસ્થાનક, પચીસ પ્રકારનું મિથ્યાત્વ અને ૧૪ પ્રકારના સમુચ્છિંમ જીવો સંબંધી કોઈ પ્રકારનું પાપ લાગ્યું હોય તો અરિહંત સિદ્ધ, કેવલી, ગુરૂદેવ અને આત્માની સાક્ષીએ મિચ્છામિ દુક્કડમ્.

) ૮૪ લાખ જીવાયોનિના જીવોને, હાલતા, ચાલતા, ઉઠતા બેસતાં છેદયા-ભેદયા હોય, પરિતાપના કિલામના ઉપજાવી હોય તો મિચ્છામિ દુક્કડમ્.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૧) હું જગતના સર્વે જીવોને ખમાવું છું. જગતના સર્વે જીવો મારા ગુન્હામાફ કરો. બધા જીવો સાથે મારે મિત્રતા છે. કોઈની સાથે વેર નથી.

## વિશ્વ વાત્સલ્ય ભાવના

(૧૨) જગતના સર્વે જીવો સુખી થાઓ, જગતના સર્વે જીવો નિરોગી બનો, જગતના સર્વે આત્માનું કલ્યાણ થાઓ. જગત સર્વે દુઃખમાંથી મુક્ત થાઓ. સર્વે જીવોને શાસન રસીક ક્યારે કરૂં એવી ભાવના મનમાં ઉદ્ભવો, ઉદ્ભવો, ઉદ્ભવે.

卐

### સ્વ. બા. બ્ર. પંડિતરત્ન આચાર્ય

# શ્રી પુરૂષોત્તમજી મહારાજ સાહેબનું માંગલીક

## મોટું માંગલિક

શ્રી શ્રી ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા, મંગલં, સાહૂ મંગલં કેવળી પન્નતો ધમ્મો મંગલં. શ્રી શ્રી ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવળીપન્નતો ધમ્મો લોગુત્તમા, ચત્તારિ શરણુ પવજ્જામિ, અરિહંતા શરણું પવજ્જામિ, સિધ્ધાશરણું પવજ્જામિ સાહૂ શરણું પવજ્જામિ કેવળી પન્નતં ધમ્મં શરણું પવજ્જામિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહો પરમકૃપાળુ ગુરૂદેવ ! આ ભવ, પરભવ ભવોભવ સદાને માટે આપશ્રીનું શરણુ અંગીકાર કરીએ છીએ. આપના શરણાથી આપની સ્તુતિ, ભક્તિ અને ગુણકીર્તન કરવાથી અમારો ઉપયોગ આપના ગુણોમાં પ્રવર્તન કરવાથી, આપના જેવા ઉજ્જવળ, નિર્મળ નિર્દોષ અને નિર્વિકારી બનશું તેમાં અમોને જરાય શંકા કે સંશય નથી. માટે અમારા મન, વચન અને કાયાના યોગને આપના ચરણકમળમાં સમર્પિત કરીએ છીએ. તે સમર્પણ કરવાથી અમારામાં રહેલી અનાદિ કાળની કુબુદ્ધિ, કુટેવ અને કુસંસ્કાર સર્વ ક્ષય થશે અને આપના જેવી સુબુદ્ધિ, સુટેવ અને સુસંસ્કારને પ્રગટ કરવા માટે તેમજ અનાદિ કાળના જન્મ, જરા મરણુ, વેદના, મહાવેદના, અસહ્ય વેદના, ભયંકર વેદના પ્રતિકુળ સયોગો, દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય ઉપભોગાંતરાય વીર્યાન્તરાય નામની ગાઢી ચીકણી કર્મની પ્રકૃત્તિઓ બાંધી ને તે સર્વ ક્ષય થશે.

મને ચોકક્સ ખાત્રી છે કે જેના શરણે જઇએ તેના જેવા થઇએ, અરિહંત પ્રભુજીના શરણે જઈએ તો અરિહંત પ્રભુ જેવા થઇએ. સિધ્ધપ્રભુના શરણે જઇએ તો સિદ્ધ પ્રભુજી જેવા થઈએ. કેવળી ભગવાનના શરણે જઈએ તો કેવળી ભગવાન જેવા થઇએ. સાધુ-સંતોના શરણે જઇએ તો સાધુ સંતો જેવા જ થઈએ.

માટે આપના જેવી ઝળહળતી જ્યોત પ્રકટ કરવાને માટે પરમજ્ઞાન, પરમદર્શન, પરમચારિત્ર, પરમસુખ, પરમશાંતિ, પરમઆનંદને પ્રાપ્ત કરવાને માટે ચત્તારિ શરણં પવજ્જામિ, અરિહંતે શરણં પવજ્જામિ, સિધ્ધે શરણં પવજ્જામિ; સાહુ શરણં પવજ્જામિ, કેવળી પન્નતં ધમ્મં શરણં પવજ્જામિ.

એ ચાર માંગલિક, ચાર ઉત્તમ ને ચાર શરણુ કરે જે, ભવસાગરમાં તરે તે, સકળ કર્મનો આણે અંત, મોક્ષ તણાં સુખ લહે અનંત,

૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવ ધરીને જે ગુણ ગાય, તે જીવ તરીને મુક્તે જાય, સંસારમાંહી શરણા ચાર, અવર ન શરણું કોય, જે નરનારી આદરે, તેને અક્ષય અવિચળ પદ હોય, અંગૂઠે અમૃત વસે લબ્ધિતણા ભંડાર; ગુરૂ ગૌતમને સમરીએ તો સદાય માનવાંછિત ફળ દાતાર.

ભાવે ભાવનાં ભાવીએ. ભાવે દીજીએ દાન, ભાવે ધર્મ આરાધીએ, ભાવે કેવળજ્ઞાન ભાવે પદનિર્વાણ,

# વીર વંદણા

વંદે મહાવીરં વંદે મહાવીરં
અકલં સકલં લલિત મહાબલં
નિત્ય નિર્મલં શ્રી જિનમ-વંદે મહાવીરં
વિશ્વા સ્વામિનં નિરૂપમનામીનં
ત્રીશલા નંદનં મુક્તિ નિવાસીનમ્
વિભાસીનં સ્વગુણ વિલાસિનં
શીવદં સુખદં શ્રી જીનમ્-વંદે મહાવીરં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રાવકના ત્રણ મનોરથ

## ૧ લો મનોરથ

શ્રાવક-શ્રાવિકા દિન પ્રત્યે ત્રણ મનોરથ (ત્રણ ભાવના) ભાવે. એમાં ૧ લો મનોરથ! (પહેલી ભાવના) એમ ભાવે કે હે નાથ! હે દયાળુ! હે અંતર્યામિ! હું અનંત કાળથી અજ્ઞાનપણે મહાઆરંભ, મહા સમારંભ કરી મહા મોહમાં લુબ્ધ થઈ, મહા પરિગ્રહ વધારી ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ રૂપી કષાયને આધીન થઈને આ અસાર એવા સાર વગરના સંસારમાં રખડી રહ્યો છું. જન્મ-જરા-મરણ આધિ-વ્યાધિ-ઉપાધિ દુઃખ પીડા ભોગવી રહ્યો છું, તો પણ પ્રભુ ક્યાંયથી પાર પામ્યો નહીં. આમ અનંતકાળથી રખડતાં રખડતાં રઝળતાં-રઝળતાં કર્મના વિપાક-પરિપાક ચાખતાં-ચાખતાં, કોઈ શુભ કર્મના ઉદયે કરી, પુણ્યનાં યોગે કરી હે નાથ! તમારી કૃપાએ કરી આ ઉત્તમ મનુષ્ય દેહ, આર્યક્ષેત્ર, ઉત્તમ,-કુળ સંપૂર્ણ ઈન્દ્રિયો અને સર્વોત્કૃષ્ટ એવો જૈન ધર્મ પામ્યો છું. હે નાથ, આવી છતી રિદ્ધિ, છતી જોગવાઈ હોવા છતાં મારા અનાદિ કાળના ઊલટા સ્વભાવનાં પરિણામે કરી, ગાફેલ રહી પ્રમાદ સેવી આળસ કરી, આ રત્ન ચિંતામણી સરીખો મનુષ્ય દેહ હારી ન જાઉં. મારો ફેરો નિષ્ફળ ન જાય, માટે હે નાથ! હે દયાળુ! હે કૃપાળુ! મને એવી સદ્બુદ્ધિ-સન્મતિ આપો કે જેથી એમ સમજાય કે મહાઆરંભ, મહાસમારંભ દુઃખનું કારણ છે, મહામોહ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહા પરિગ્રહ અનંત કાળ સુધી સંસારસાગરમાં રખડાવનાર છે, રઝળાવનાર છે, એવું જાણી મહા આરંભ મહામોહ, મહાપરિગ્રહ ત્યાગીને શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કરૂં, અહો પ્રભુ, ! આવું અપૂર્વ શ્રાવકપણું હું આ દેહે, જન્મે પ્રાપ્ત કરું તે દિન, તે ઘડી મારી લેખાની ગણીશ. મારી લેખાની 'ગણીશ.'

## બીજો મનોરથ

બીજી ભાવના શ્રાવક-શ્રાવિકા એમ ભાવે કે હે નાથ, ! હે દયાળુ ! હું આ ભવમાં શ્રાવકના બાર વ્રત અંગીકાર કરું. કાળ ક્રમે મારો આત્મા દૃઢ જોરાવર થયે કે હું સાધુજીના પંચ મહાવ્રત ધારણ કરું, વિશુદ્ધ અપૂર્વ સાધુપણું જે પૂર્વે કદી નથી પ્રાપ્ત થયું એવું મહાદુર્લભ સાધુપણું આ ભવે, આ દેહે, પ્રાપ્ત કરું તે દિન, તે ઘડી હું મારી લેખાની ગણીશ, લેખાની ગણીશ.

## ત્રીજો મનોરથ

ત્રીજી ભાવના શ્રાવક-શ્રાવિકા એમ ભાવે કે હે નાથ ! હે દયાળુ ! મારા કાળના અંતે, મરણના અવસરે, આલોઈ પડિક્કમી, નિંદી નિઃશલ્ય થઈ જગતના જીવોને ખમાવી, સંસારની સર્વ પાપકારી ક્રિયાઓથી મુક્ત થઈ અઢાર પાપ, ચાર આહાર અને શરીરનો ત્યાગ કરી, સંથારો કરી, શુદ્ધ ભાવે સમતા પરિણામે આ દેહ ઉપરથી માયા મમત્વ મૂર્છાભાવ ઉતારી મૃત્યુને અણવાંચ્છતો થકો જીવતરની ઇચ્છા રહિતપણે, સમાધિ મરણે, પંડિતમરણે, સંથારા સહિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્યારે મરીશ ? અહો પ્રભુ ! આવું સમાધિમરણ, પંડિત મરણ, સકામમરણ આ દેહે, આ ભવે પ્રાપ્ત થાય તે દિન તે ઘડી હું મારી લેખાની ગણીશ, લેખાની ગણીશ. તે મૃત્યુ મારૂં લેખાનું ગણીશ, લેખાનું ગણીશ.

卐

## દરરોજ ધારવાના ૧૪ નિયમો

સચિત દ્રવ્ય વિગય વાણી. તંબોળ વથ્થ કુસુમેસુ. વાહન સયણ, વિલેવણ બંભ દિસી ન્હાણ ભત્તેસુ, (પૃથ્વી, અપ, તેઉ, વાયુ, વનસ્પતિ અને ત્રસ એ છકાયની રક્ષા તથા અસિ, મસિ ને કૃષિ એ રીતે ૨૩ બાબતના નિયમ કરવા) સચિત– માટી, પાણી, ફળ કાષ્ટ, પત્ર, બીજ તથા જે કાંઇ લીલી વસ્તુ છેદ્યાને બે ઘડી થઈ ન હોય તેનું વજન ધારવું, તે દ્રવ્ય સચિત અને અચિત્ત વસ્તુ વાપરવી હોય, તેની ગણત્રી કરવી વિગઈ–દૂધ, દહીં, તેલ, ઘી, ગોળ, ખાંડ, સાકર અને મિષ્ટાન એ આઠ વિગઇની ગણત્રી કરવી. વાણી–જોડા, મોજાં વિગેરેનું પ્રમાણ કરવું. તંબોળ-પાન સોપારી ઇલાયચી, ચુરણ, લવીંગ આદિનું પ્રમાણ કરવું. વથ્થ–વસ્ત્રો રેશમી સુતરાઉ, શણ તથા ઉનના વિગેરેનું પ્રમાણ કરવું. કુસુમેસુ– ફુલ, છીંકણી, અત્તર વગેરે સુંઘવાની ચીજનું પ્રમાણ કરવું. વાહન–ચરતાં ફરતાં, તરતાં કે ઉડતાં વાહનો જેવા કે ગાડી, આગબોટ, બલુન વગેરેનું પ્રમાણ કરવું–સયણ–બિછાનું, પાટ, પાટલા, ખુરશી, વગેરેનો નિયમ કરવો. વિલેપન–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખડ ચંદન વિગેરે વિલેપનનું પ્રમાણ કરવું. બંભ બ્રહ્મચર્ય નો નિયમ કરવો. દિસી—છ દિશાએ જવાના ગાઉનું પ્રમાણ કરવું. ન્હાણ—આખા શરીરે ન્હાવાની મર્યાદા કરવી, ભત્તેસુ-જમવાની વસ્તુઓનું પ્રમાણ કરવું, પૃથ્વીકાય—માટી, મીઠું ખડી, રમચી, ખારો વિગેરેનું પ્રમાણ કરવું, અપકાય—ટાઢું તથા ઉના પાણીનું પ્રમાણ કરવું, તેઉકાય—દીવા, ચુલા, સગડીઓ વિગેરેનું પ્રમાણ કરવું, વાઉકાય—પંખા, ધમણો, હીંચકા વિગેરેનું પ્રમાણ કરવું, અસિધાર—અણી અને ધબાકો એટલે તલવાર, ભાલો કે તોપ અને બંદુક છરી વિગેરે શસ્ત્રોનું પ્રમાણ કરવું, મસિ—શાહી, ખડીયા કલમ, રંગવાનું પાણી વિગેરેની ગણત્રી કરવી. કૃષિ—ખેતી, ટાંકા, ભોયરાં, કુવા, તળાવ, વાવ વિગેરેનું પ્રમાણ કરવું.

## તપશ્ચર્યાનું ફળ

કષાય ભાવ રહિત કરેલી તપશ્ચર્યા મહાફળને આપે છે. તે આ પ્રમાણે —

૧ એક નોકારસી કરે તો ૧૦૦ વર્ષના અશુભ કર્મને ખપાવે છે

૨ એક પોરસી કરે તો હજાર વર્ષના અશુભ કર્મોને ખપાવે છે.

૩ દોઢ પોરસી તપ કરવાથી દશ હજાર વર્ષના કર્મોનો ક્ષય થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪ પુરીમઢ પોરસી તપ કરવાથી એક લાખ વર્ષના અશુભ કર્મોનો ક્ષય થાય છે

૫ એકાસણું કરવાથી દશલાખ વર્ષના અશુભ કર્મનો ક્ષય થાય.

૬ એકલઠાણા (એક સ્થાને બેસીને ખાધા પછી ઠામ ચઉવિહાર કરે) કરવાથી એક ક્રોડ વર્ષના અશુભ કર્મનો ક્ષય કરે.

૭ એકલદાત તપ કરવાથી દસ ક્રોડ વર્ષના અશુભ કર્મોનો નાશ થાય.

૮ અયંબિલ તપ કરવાથી ૧૦૦ ક્રોડ વર્ષના અશુભ કર્મોનો નાશ થાય છે

૯ એક ઉપવાસથી એક હજાર ક્રોડ વર્ષના અશુભ કર્મોનો નાશ થાય છે.

૧૦ છઠ્ઠ (બેલું) કરવાથી દશ હજાર ક્રોડ વર્ષના અશુભ કર્મોનો ક્ષય કરે છે.

૧૧ અઠમ કરવાથી લાખ ક્રોડ વર્ષના અશુભ કર્મોનો ક્ષય થાય છે,

૧૨ એક સાથે ચાર ઉપવાસ (ચોલુ) કરે તો દશ લાખ ક્રોડ વર્ષના અશુભ કર્મોનો ક્ષય થાય છે.

૧૩ એક સાથે પાંચ ઉપવાસ (પંચોલું) કરે તો ક્રોડાક્રોડ વર્ષના અશુભ કર્મનો ક્ષય થાય છે. આ રીતે આગળના બધા તપનું ફળ દશ ગણું જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ૨ ઉપવાસ સાથે કરવાથી | | ૫ ઉપવાસનો લાભ મળે છે. | |
| ૩ | ,, ,, | ૨૫ | ,, ,, |
| ૪ | ,, ,, | ૧૨૫ | ,, ,, |
| ૫ | ,, ,, | ૬૨૫ | ,, ,, |
| ૬ | ,, ,, | ૩૧૨૫ | ,, ,, |
| ૭ | ,, ,, | ૧૫૬૨૫ | ,, ,, |
| ૮ | ,, ,, | ૭૮૧૨૫ | ,, ,, |
| ૯ | ,, ,, | ૩૯૦૬૨૫ | ,, ,, |
| ૧૦ | ,, ,, | ૧૯૫૩૧૨૫ | ,, ,, |
| ૧૧ | ,, ,, | ૮૭૬૫૬૨૫ | ,, ,, |
| ૧૨ | ,, ,, | ૪૮૮૨૮૧૨૫ | ,, ,, |
| ૧૩ | ,, ,, | ૨૪૪૧૪૦૬૨૫ | ,, ,, |
| ૧૪ | ,, ,, | ૧૨૨૦૭૦૩૧૨૫ | ,, ,, |
| ૧૫ | ,, ,, | ૬૧૦૩૫૧૫૬૨૫ | ,, ,, |
| ૧૬ | ,, ,, | ૩૦૫૧૭૫૭૮૧૨૫ | ,, ,, |

આ રીતે ૧૭ આદિ ઉપવાસમાં પાંચ પાંચ ગણો વધારે લાભ થાય છે તે સમજવું.

ભવરોગ અને ભાવરોગ રૂપ કર્મનો જડમૂળથી નાશ કરવા માટે તપ એક અમોઘ સાધન છે,

૧૫ એક શુદ્ધ સામાયિકથી ૯૨ કરોડ, ૫૯ લાખ, ૨૫ હજાર, નવસો પચ્ચીસ પલ્યોપમ અધિક કર્મના દળિયા બળી જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬ એક પ્રહરની સામાયિક (૩૨ દોષ રહિત) કરવાથી ત્રણુસો છેંતાલીશ ક્રોડ, બાવીશ લાખ, બાવીસસો હજાર, બસો બાવીસ પલ્ય અને એક પલ્યના આઠ ભાગમાંથી આઠમ ભાગ જેટલું દેવનું આયુષ્ય બાંધે.

૧૭ એક મુહૂર્ત (૪૮ મીનીટ) મૌન સામાયિક કરવાથી બાણું કરોડ, ઓગણુસાઠ લાખ, પચ્ચીસ હજાર નવસો પચ્ચીસ પલ્યોપમ તથા એક પલ્યના ચોથા ભાગનું દેવતાનું આયુષ્ય બાંધે.

૧૮ એક ઘડી સંવર કરે તો છેંતાલીસ ક્રોડ ઓગણત્રીસ લાખ બાસઠ હજાર, નવસો સાડીબાસઠ પલ્ય દેવના આયુષ્યનો બંધ કરે.

૧૯ એક પરિપૂર્ણ (આઠ પ્રહરનો ૨૪ કલાકનો) પૌષધ કરે તો (અઢાર દોષ રહિત) શુદ્ધ પૌષધ કરવાથી સત્યાવીસ અબજ, સત્તર ક્રોડ, સત્તોતેર લાખ. સત્તોતેર હજાર સાતસો સત્તોતેર પલ્યોપમ તથા એક પલ્યોપમના નવ ભાગમાંથી સાત ભાગ જેટલા દેવના આયુષ્યનો બંધ કરે.

૨૦ નવકાર મંત્રની એક માળા સ્થિર ચિત્તથી ગણુવાથી ઓગણુત્રીસ લાખ, ત્રેસઠ હજાર, બસો સડસઠ પલ્ય જેટલું દેવતાનું આયુષ્ય બાંધે.

૨૧ એક વખત શુદ્ધ ચિત્તથી અનુપૂર્વી ગણુવાથી જઘન્ય ૬૬ સાગર ઉત્કૃષ્ટ ૫૦૦ સાગરના પાપ કર્મ ક્ષય કરે.

૨૨ એક ઉપવાસ તપ ઉપર એક પોરસી કરે તો બે ઉપવાસનું ફળ મળે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૩ બેલાના (છઠ) તપ ઉપર પોરસી કરે તો દસઉપવાસનું ફળ મળે.

૨૪ તેલાના (અઠ્ઠમ) તપ ઉપર પોરસી કરે તો પચાસ ઉપવાસનું ફળ મળે.

૨૫ ચોલા તપ ઉપર પોરસી કરે તો અઢીસો ઉપવાસનું ફળ મળે.

૨૬ પંચોલાના તપ ઉપર પોરસી કરે તો પાંચસો ઉપવાસનું ફળ મળે. તે મુજબ દરેક તપની ઉપર પોરસી કરવાથી પાંચ ગણુ ફળ મળે છે.

૨૭ કરોડની સંખ્યાને કરોડથી ગુણતાં જે સંખ્યા આવે તેને ક્રોડા ક્રોડ કહે છે.

૨૮ ૭૦ લાખ ૫૬ હજાર વર્ષને એક ક્રોડથી ગુણીએ ત્યારે (૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦) આટલા વર્ષનું એક પૂર્વ થાય છે.

૨૯ પૂર્વ કોને કહેવાય ? ચોરાશી લાખ વરસનો એક પૂર્વાંગ અને ચોરાશી લાખ પૂર્વાંગનો એક પૂર્વ થાય (એક પૂર્વના સીત્તોર લાખ, છપ્પન હજાર ક્રોડ વર્ષ થાય.)

૩૦ પલ્યોપમ કોને કહેવાય ? અસંખ્યાત પૂર્વનો એક પલ્યોપમ થાય.

૩૧ ૧૦ ક્રોડક્રોડી (કરોડ × કરોડ) = પલ્યોપમનો એક સાગરોપમ

૩૨ ૧૦ ક્રોડાકોડી સાગરોપમ–એક ઉત્સર્પિણી અથવા અવસર્પિણી કાળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૩ ૨૦ કોડાકોડી સાગરોપમ=કાળચક્ર
૩૪ અનંતા કાલ ચક્ર=અર્ધ પુદ્ગલ પરાવર્ત
૩૫ અનંતા પુદ્ગલ પરાવર્તન કાળ=ભૂતકાળ
૩૬ ભૂતકાલ કરતાં એક સમય અધિક અનંત પુદ્ગલ પરાવર્તન કાળ=ભવિષ્ય કાલ
૩૭ એક સમય=વર્તમાન કાળ
૩૮ ભૂત, ભવિષ્ય. વર્તમાન કાળ=અદ્ધાકાળ
૩૯ જઘન્ય અંતમુહૂર્ત=૯ સમયનો કાળ
૪૦ ઉત્કૃષ્ટ = મુહૂર્તમાં માત્ર એક જ સમય બાકી રહે તેટલો કાળ.
૪૧ ઉત્સર્પિણી– ચઢતો કાળ, આયુષ્યબળ, સંઘયણ શુભ વર્ણાદિ અનેક ભવોની અનુક્રમે વૃદ્ધિ થાય.
૪૨ અવસર્પિણી=ઉતરતો કાળ, ઉપર પ્રમાણે બતાવેલા ભાવોની અનુક્રમે હાનિ થાય.
૪૩ પલ્યોપમની સમજુતી =પલ્ય પલ્યોપમઃ પલ્ય=કુવો જેને કુવાની ઉપમા હોય તે પલ્યોપમ.

ઉદાહરણ :–એક યોજન (૪ ગાઉ) લાંબો, પહોળો અને ઊંડો કુવો હોય તેમાં યુગલિયા મનુષ્યના (મુંડાયેલા માથાના ૧ થી ૭ દિવસના) વાળના અતિ સૂક્ષ્મ કટકા કરી કુવામાં એવી રીતે ઠાંસી ઠાંસીને ભરવામાં આવે કે એ ભરેલા કુવા ઉપરથી=ચક્રવતીનું આખું સૈન્ય પસાર થઈ જાય તો પણ એક વાળ જેટલી જગ્યા દબાય નહિ એવા કુવામાંથી ૧૦૦ વર્ષે એક એક વાળ કાઢતા અને કુવો ખાલી થતા જે સમય લાગે તેને પલ્યાપમ્ કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જ્ઞાન પંચમીની આરાધના

જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ (વિકાસ) કરવા શાસ્ત્રમાં તપની અને જપની આરાધના–સાધના બતાવેલ છે. આ જ્ઞાન પંચમીની સાધના કરનાર સાધક દરેક માસની શુકલ પક્ષની પાંચમનો ઉપવાસ આયંબિલ કે એકાસણાંથી સાડાપાંચ વરસ તપ કરી "ૐ હ્રીં શ્રીં નમો નાણસ્સ" પદના બે હજાર જાપ કરવાથી જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ થઈ જ્ઞાનની વૃદ્ધિ થાય છે

જૈન ગ્રંથોમાં આ જ્ઞાનપંચમી ઘણા આત્માઓએ આરાધી છે. તેમાં માતુષ. મારૂષ (માસતુષ મુનિ) મહાન જ્ઞાની આચાર્ય હતા. તેના નાનાભાઈએ પણ દીક્ષા લીધી હતી. પણ મંદ બુદ્ધિના કારણે વિશેષ જ્ઞાનઅભ્યાસ નહીં હોવાથી સાધુ સમાજની સેવા કરે અને નિરાંતે ખાઈ પી સૂઈ રહે. પરંતુ માસતુષ આચાર્યને, જ્ઞાન જીજ્ઞાસુ ચતુર્વિધ સંઘના સભ્યો વાંચન-પ્રશ્નોનું પૂછવા વગેરેનું ખૂબ જ કાર્ય થતાં આચાર્યને કંટાળો આવે અને વિચારે આ મારા લઘુ સાધુ ભ્રાતાને કેવી નિરાંત છે ! હું પોતે જ્ઞાની થયો તેથી બધાય મને પજવે છે. આના કરતાં અજ્ઞાની રહેવું સારૂં. જેથી પોતાના શિષ્ય તથા સંપ્રદાયને છોડી દઈ એકલા દેશાંતરમાં વિહાર કરી ગયા ને નિરાંતનો દમ ખેંચ્યો એક શહેરમાં ગોવાળ જાતિના લગ્ન પ્રસંગે મોટા વૃક્ષને માણેક સ્થંભ સ્થાપના કરી, તેને ધજા-પતાકા ને તોરણ વગેરેથી શણગારી ગોળ, ઘી વગેરેનાં અર્ધ્ય ચઢાવે છે ને નાચગાનનો આનંદ મનાવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. લગ્ન પ્રસંગ પતી જતાં બધો શણગાર ઉતારી લઈ ગોવાળો વિખેરાઈ જાય છે. જેથી પેલું ઝાડ સાવ શોભાહીન બની જાય છે. તે જનસમુદાય રહિત સુનકાર લાગે છે. માસતુસ આચાર્ય આ પ્રસંગ જોઈ મનમાં વિચારવા લાગ્યા. અહો મારા શિષ્ય પરિવારથી શોભતો હું આજ આ ઝાડની જેમ અશોભનિક બની ગયો છું. માટે મારા પરિવાર પાસે જઈ ફરીથી વાચણા-પૂછણા-આદિ જ્ઞાન-ધ્યાન ને સ્વાધ્યાયમાં લીન રહેવું જોઈએ આમ વિચારી પોતાના પરિવાર પાસે પુનઃ આવી ગયા. કાળાંતરે આયુષ્ય પૂરૂં થતાં ભરવાડના કુળમાં જન્મ લીધો. મોટી ઉંમર થતા સંસારનું સ્વરૂપ દુઃખીયારૂં માની જૈન સાધુ પાસે દીક્ષા લીધી, પણ અભણ હોવાથી જ્ઞાન ચડે નહી. ત્યારે ગુરૂ મહારાજે જ્ઞાન પંચમીની આરાધના કરવા ફરમાવ્યું. ગુરુની આજ્ઞાનો સ્વીકાર કરી વિનયપૂર્વક ગુરૂદેવે આપેલા તપ ને જપ કરતાં જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થતાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષમાં પધાર્યા. આવીરીતે શ્રદ્ધાપૂર્વક જે જ્ઞાનપંચમીની આરાધના કરે છે તેમને અવશ્ય જ્ઞાનની વૃદ્ધિ થાય છે

નોંધ : જો દરેક માસની સુદ અને વદ એમ બન્ને પાંચમ આરાધે તો પોણા ત્રણ વરસે આ જ્ઞાનપંચમીની આરાધના પૂર્ણ થાય છે

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દિવાળી જાપની વિધિ

મહાવીર નિર્વાણ કલ્યાણક

## દિવાળીના દિવસે સાંજે ૬–૧૫ થી સવારના ૬.૦૦ સુધી નીચે મુજબ જાપ કરવાના છે

| | |
|---|---|
| શ્રી મહાવીર સર્વજ્ઞાય નમઃ | ૬–૧૫ થી ૯–૧૫ |
| શ્રી મહાવીર પારંગતાય નમઃ | ૯–૧૫ થી ૧૨–૧૫ |
| શ્રી મહાવીર સ્વામી પહોંચ્યા નિર્વાણ<br>શ્રી ગૌતમ સ્વામી પામ્યા કેવળ જ્ઞાન | સવારના<br>૪ થી ૬ |

ઉપરના પદ જાપ જપવાથી જ્ઞાન દર્શન ચારિત્ર બોધિબીજની પ્રાપ્તિ થાય છે.

## સુપાત્ર દાન વિભાગ

### સુપાત્રની સમજણ

(૧) જૈન સાધુ-સાધ્વીજી ઉત્તમ પ્રકારના સુપાત્ર કહેવાય.

(૫) વ્રતધારી દીક્ષાર્થીઓ બીજા પ્રકારના સુપાત્ર કહેવાય.

(૩) સ્વધર્મી સમકિતી ત્રીજા પ્રકારના સુપાત્ર કહેવાય. તેઓને જે કાંઈ દેવું તે સુપાત્ર દાન કહેવાય.

(૪) સુપાત્ર જૈન સાધુ-સાધ્વીજીને આહાર, પાણી વિગેરે ૧૪ પ્રકારનું દાન દેવાય સુપાત્ર દાન આપતો થકો જીવ કર્મોની ક્રોડો ખપાવે અને ઉત્કૃષ્ટ રસ આવે તો તીર્થંકર નામ ગોત્રને ઉપાર્જે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સુપાત્ર દાનની વસ્તુઓ

(ચૌદ પ્રકારના દાન)

(૧) **અસણું**–રાંધેલું અનાજ તેમજ દુધ, દહીં, થી વિગેરે,

(૨) **પાણું**–પાણી, વીસ જાતના ધોવણ પાણી તથા ઉકાળેલું પાણી.

(૩) **ખાઈમં**–અચિત્ત મેવો તથા મિષ્ટાન વિગેરે

(૪) **સાઈમં**–મુખવાસ, જેમકે શેકેલા સુવાદાણા, વરિયાળી વિગેરે.

(૫) **વત્થ**–સુતરાઉ વસ્ત્ર, ખાદી મલમલ વિગેરે.

(૬) **પડિગ્ગહ**–પાત્રા લાકડાના (તે ન મળે તો તુંબી કે માટીનાં)

(૭) **કંબલં**–કાંબળી, ઉનની સાલ,

(૮) **પાય પુચ્છણેણું**–રજોહરણ, ગુચ્છો વિગેરે પાઢીયારૂ. પાછું લેવા, દેવાની શરત વિના (લીધાં પછી પાછું આપી, શકાય તે છ વસ્તુઓ)

(૯) **પીઢ**–પાટ–પાટલા–સુવા–બેસવા માટે

(૧૦) **ફલગ**–પાટીયા, બાજોઠ વિગેરે

(૧૧) **સેજ્જા**–મકાન,(સ્ત્રી–પશુ–નપુંસક રહિત)

(૧૨) **સંથારએણં**–પથારી, પાથરવા માટે ઘાસ-તૃણ વિગેરે

(૧૩) **ઓસહ**–ઔષધ, એક વસ્તુની બનેલી દવા (હિમેજ, સુંઠ, પીપરામૂલ વિગેરે પાવડર–ખાંડેલા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૪) **ભેસજ્જેણું**-દવા, અનેક વસ્તુની બનેલી દવા (ફાકી, ગોળી, વિગેરે) તેમજ પુસ્તક, પાના, નોટબુક, પેન્સિલ, રબ્બર, શાહી, સોય, કાતર દોરા-પટી, કાન-ખોતરણી, ચીપીયા વિગેરે.

## સુપાત્ર દાનના લાભો

(૧) સુપાત્ર દાન દેવાથી જઘન્ય કર્મોની ક્રોડો ખપે છે. (૨) ઉત્કૃષ્ટ રસ આવતા તીર્થંકર પદને ઉપાર્જે છે. (૩) સમ્યગ્ દર્શન-સમક્તિ-સાચી શ્રદ્ધાને પામે. (૪) તેનાં અનંત ભવના ફેરા મટી જાય. (૫) ક્ષાયક સમક્તિવાળો તે જ ભવે મોક્ષ પામી શકે. (૬) અન્ય સમક્તિવાળા પંદર ભવમાં મોક્ષ પામી શકે (૭) દેવલોક સ્વર્ગનું આયુષ્ય પામે. (૮) નરક અને તિર્યંચની ગતિમાં જાય નહિ. (૯) દેવ અને મનુષ્યની સુગતિ પામે છે. (૧૦) મનુષ્ય ભવ, આર્ય ક્ષેત્ર અને ઉત્તમ કુલ પામે છે. (૧૧) ત્યાં શુભ દીર્ઘાયુ, પાંચે ઇન્દ્રિય પૂરી અને નિરોગી શરીર મળે. (૧૨) જિનેશ્વર ભગવાનનો જૈન ધર્મ મળે. (૧૩) પંચ મહાવ્રતધારી ગુરૂનો સંયોગ મળે (૧૪) જિન વાણી-આગમ શાસ્ત્ર સાંભળવા મળે. (૧૫) તેના પર શ્રદ્ધા પામી વ્રત આદરે. (૧૬) વિશુદ્ધ શ્રાવકપણુ કે સાધુ પણું આરાધે (૧૭) અને સર્વ કર્મ ખપાવી મોક્ષસુખ પામે.

નોંધ-મોક્ષ પામવું એજ સાચી સિદ્ધિ છે, અને અહિંસા-દયા પાળવી એજ પરમ ધર્મ છે. તેના આરાધક સુપાત્ર જૈન સંતો જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# તપની આલોયણા

## (પ્રથમ માંગલિક કહેવું)

પરિપૂર્ણ શુદ્ધ આત્મ સ્વરૂપ સિદ્ધ ભગવાન જેવું અણાહારક છે, તેને લક્ષમાં લઈને પૂર્ણ અણાહારક પદની પ્રાપ્તિ માટે ઇચ્છા નિરોધ તપનું સેવન કરતાં રાગદ્વેષનું સેવન થઈ ગયું હોય તો અરિહંત પ્રભુની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં. મોહરૂપી રાજાની રાજધાની સમાન સંસારનો નાશ કરનાર તપ એટમબોંબ છે. તપ તે પરલોક સાથે આવનાર પરમમિત્ર છે, પરમ ધર્મ છે. દ્રવ્યકર્મ અને ભાવકર્મનો સંબંધ છોડીને અણાહારક પદ પ્રાપ્ત કરવા માટે સમ્યક્ તપની આરાધના વડે જ્ઞાનમાં સ્થિર થતાં, વિભાવ ભાવ અને રાગદ્વેષની ગાંઠ છેદાઇને નાશ પામે એવું તપનું ફળ પ્રગટયું ન હોય અને આત્મસ્વરૂપની વિરાધના થઇ હોય અરિહંત સિદ્ધની સાખે મિચ્છામિ દુક્કડં.

અતિ ઈન્દ્રિય જ્ઞાન દર્શન ચારિત્ર તપસ્વરૂપમોક્ષમાર્ગમાં પ્રવર્તવા માટે તપનું સેવન છે. તે શાશ્વત આત્મધર્મનો સદ્‌ભુત વ્યવહાર છે. તે વ્યવહારના આચરણમાં મન, વચન, કાયાથી દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં, તપ ગુણના સેવન વડે શુદ્ધ અણાહારક પદ પ્રગટે છે. એટલે રાજા, ચક્રવતી અને ઇન્દ્રાદિ સ્વર્ગના સુખો, પુન્યની ઋદ્ધિ સમૃદ્ધિ એબધું ઉપાધિભાવ છે, મોહકર્મની વિકારી અવસ્થા છે. તે પરભાવની ઉપેક્ષા બુદ્ધિ થવાને બદલે અપેક્ષાવૃત્તિ થઈ ગઈ હોય તો અરિહંત સિદ્ધ ભગવંતની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં. આત્મસ્વરૂપે લક્ષ્યે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપનું સેવન કરતાં કર્મની નિર્જરા સિવાય શુભાશુભ ભાવનો અનાદર કે વિકલ્પ તેમજ રાગનો અવકાશ ન થવો જોઈએ. છતાં આત્મવીર્યની નબળાઈથી રાગાદિસંકલ્પ વિકલ્પ કર્યા હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. આહારની વૃત્તિ આવે ને ઈન્દ્રિયોનું દમન હોય છે, તેનું મૂળ કારણ ઇચ્છા નિરોધ–સમ્યક્ તપ છે. કામ ક્રોધાદિ દોષોનું ઓપરેશન કરનાર કુશળ સર્જન ધર્મ છે. અને એ જ હેતુએ દેહાદિનું પ્રવર્તવું હોય છે. એ હેતુ સાચવવા જતાં સચવાયો ન હોય અને પાપ લાગ્યું હોય તો અરિહંત સિદ્ધ ભગવંતની સાક્ષીએ મિચ્છામિ દુક્કડં....

જ્યાં સુધી અણાહારક પદ પ્રગટયું નથી ત્યાં સુધી અલ્પરાગ હોય છે. સાધુ–સાધ્વીઓને આહાર લેવાની વૃત્તિ છે, પણ તેમાં મૂર્છાલોલુપતા કે વૃત્તિનું લોલુપપણું કે ધણીપણું કે સ્વામીપણું નથી હોતું, શરીરના રાગાર્થે નહિ, પણ સંયમના નિર્વાહ માટે આહાર છે. અણાહારક પદ પૂર્ણ કયારે થાય, તેવો લક્ષ હોય છે. તે સ્વરૂપ જાગૃતદશા, નબળાઈના કારણે આ જાગૃત દશા ન રહી હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. આત્માનું મૂળસ્વરૂપ અણાહારક પદ પવિત્ર અને શુદ્ધ છે. માટે અણાહારક સ્વરૂપના ભાવમાં રહીને તપના સેવનદ્વારા, મોક્ષમાર્ગમાંઅણાહારક દશા વધારૂં અને ઇચ્છા તથા રાગ દ્વેષનો નાશ થતો દેખું, મારા સ્વરૂપનો વિકાશ થતો પેખું, એ જ તપના સ્વરૂપનું ફળ છે. એ ફળ પ્રાપ્ત થતાં જે કાંઈ મન, વચન, કાયાથી, તીવ્ર કષાય ભાવથી વિરાધના થઈ હોય તો અ. સિ. ભ. ની સાક્ષીએ તસ્સ મચ્છામિ દુક્કડં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મસ્વરૂપના લક્ષે તપનું સેવન કરતાં બાવીસ પરિસહમાંથી કોઈ પણ પરિસહ ઉદય આવે તે વખતે શોક કે ખેદ ભાવ થયો હોય, તપ કરતાં અણગમો થયો હોય, તપની વિરાધના થઈ હોય તો, અરિહંત..... સિદ્ધ ભગવંતની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

મેં ગુરૂદેવની સમીપે વરસીતપ આદર્યો, તેનું સેવન કરતા મારે ઘણું સહન કરવું પડયું. મહા મુશીબતે પણ પૂર્ણ થયો, એવો સંકલ્પ ન આવવા દેવો જોઈએ. છતાં આવ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. આત્માનો સ્વભાવ આહાર લેવાની બંધનવૃત્તિ રહિત છે. એવો વસ્તુ—સ્વભાવ નહી સ્વીકારતાં, હું આહારવાળો છું તે પ્રકારે ૧૦ સંજ્ઞામાં રાગદ્વેષની એકતા થઈ હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

તપ કરતાં મારે અણાહારક દશા પ્રાપ્ત કરવાનો સહજ અવસર આવ્યો ત્યારે એકાંતરે આહારની ઈચ્છા છુટી. તેનું ફળ સમતા અને આત્મસ્થિરતાની વૃત્તિનું હોય. છતાં મનમાં તાપ થયો હોય, શરીરની કૃશતાની ગ્લાની થઈ હોય, ખેદઃભાવ વ્યક્ત થયો હોય અને તપની વિરાધના થઈ હોય તો તસ્સ....સહજ આનંદ સાગર અણાહારક દશામાં રમતા અને ઝુલતા ઉગ્રતપસ્વી મહાવીરદેવને સમ્યક્ તપના સેવનમાં ખેદનો અંશ પણ ન થયો હોય એવી વીરપ્રભુની સાધક દશાને ધન્ય છે. મને અધન્ય છે એવી નિરાભિમાન પણાની ભાવના ભાવવી જોઈએ, તે ભાવના ન ભાવતાં લોકોના માન, પ્રશંસા મોટાઈ કે શ્લાઘાનું લક્ષ સેવાઈ ગયું હોય તો અરિહંત સિદ્ધ ભગવંતની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપસ્યા કરતાં દેહ દુબળો પડે, શરીરનું વજન ઘટી જાય, હાડકાની કડકડાટી બોલે, છતાં અંતરમાં આત્મા સમતારસથી ભરેલો છે. માટે આહાર એ જડ શરીરનો ખોરાક છે, આત્માનો નહિં—એવું લક્ષ હોવા છતાં અશાતાના ઉદયે નબળાઈને કારણે આકુળતા કે કષાયનો ભાવ થઈ ગયો હોય તો મિચ્છામિ દુક્કડં.

અણાહારક ચૈતન્યની રમણતામાં તપના સેવનદ્વારા સમ્યક્ પુરૂષાર્થની જમાવટ ઘુંટાવી જોઈએ. એ સમ્યક્ ઘુંટન આહારની ઈચ્છાને ન ટકવા દે, છતાં ઈચ્છા થઈ હોય તો, તપમાં ઉપયોગ ન રહ્યા હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

અનંતકાળ સુધી આહાર પાણી ન મળે તો પણ અણાહારક પદમાં જ્ઞાતા દ્રષ્ટાપણે ટકવાનું આત્મામાં અનંત અનંત—સામર્થ્ય રહેલું છે એવું ઊત્કૃષ્ટ લક્ષ રાખ્યું ન હોય અને માત્ર વ્યવહાર તપનું લક્ષ રાખ્યું હોય તો તે લક્ષ ફેરને લઈને જે કાંઈ શુભાશુભનો લાગણીવૃત્તિ સંબંધી પાપ દોષ સેવાઈ ગયા હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. પારણાના દિવસે આહાર કરતા પહેલા પા ઘડી અણાહારક પદની ભાવના ભાવવી જોઈએ, તેના બદલે આહારનો સ્વાદ લેવા માટે આકુળતા થઈ ગઈ હોય, ઉતાવળ થઈ ગઈ હોય, આહાર વાપરતી વખતે હર્ષ-રતિ—અરતિ, ખેદ કર્યા હોય. સરસ જમણની હોંશ રાખી હોય અને પ્રતિકૂળ આહાર મલવાથી ખેદ થયો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

તપના પારણે આહારની વૃત્તિ આવી ત્યાં કોઈ શ્રીમાન શેઠને ત્યાંથી સુંદર પુષ્ટ આહાર મલ્યો, તે જોઈને આહાર પ્રસન્નતા સેવી હોય, આહાર પ્રત્યે રાગ કર્યો હોય, તેવી જ રીતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિકૂળ આહાર મળતા તે આહાર પ્રત્યે ખિન્નતા અનુભવી હોય, અણાહારક પદ ભૂલાઈ ગયું હોય અને જે પાપદોષ લાગ્યા હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

સ્વરૂપ લક્ષે તપનું સેવન કરતાં આત્માની સાથે ઉપયોગ ભાવની ઐકયતા થવી જોઇએ તે ન થઈ હોય, અને વળી આત્મગુણ પ્રાપ્તિકારક ધ્યાન, ધારણા સ્મરણ આદિ પુરૂષાર્થ કર્યો ન હોય, આત્મ વીર્યની કચાશને લીધે પ્રમાદના કારણે જે કોઈ પાપદોષ લાગ્યા હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

વરસીતપ આદરતી વખતે ગુરૂદેવનો સંયોગ હતો પરંતુ સંયોગવશાત્ વરસીતપની પૂર્ણાહૂતિ પ્રસંગે વિયોગ થયો હોય, હાજર ન રહી શકયા હોય અને તે સંબંધીનો ખેદ કર્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

આત્મ સ્વરૂપના લક્ષે તપનું સેવન કરતા શાતા—અશાતાનો ઉદય થાય તે વખતે સમભાવ રાખે તો તપના ફળ રૂપે ભાવ સંવરપણું પ્રાપ્ત થાય અને અનંતા કર્મોની નિર્જરા થાય અને પોતાના સ્વરૂપમાં વર્તી શકાય એવું ઉત્કૃષ્ટ સ્વરૂપ સમ્યક્ તપ ન વરતાવ્યું હોય, અને વર્તવાનો ઉગ્ર પુરૂષાર્થ ન કર્યો હોય અને તે સ્વરૂપની અસાવધાની સંબંધી જે કોઈ પાપ દોષ લાગ્યા હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

તપનું સમ્યક્ લક્ષે સેવન કરતાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષા વ્રત, (સાધુના પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ) શ્રાવકના આ ૧૨ વ્રતોમાં અનેક પ્રકારના ત્યાગ—પચ્ચખાણમાં તથા ત્રસ—સ્થાવર જીવોની વિના ઉપયોગે વિરાધના થઈ ગઈ હોય અને કોઈ પણ પ્રકારે અતિ-ક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અણાચાર, થઈ ગયા હોય. મન, વચન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાયાએ કરી કોઈ પણ પ્રકારના દોષ લાગ્યા હોય તો અરિહંત સિદ્ધ કેવળી ભગવંતની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

શુદ્ધ સ્વરૂપના લક્ષે કોઈપણ જાતની ઈચ્છા લાલસા વાસના રહિત એક ઉપવાસથી હજાર વર્ષના નર્કના નદાવા થાય છે. પરભવમાં મારાપણાની બુદ્ધિ તુટી જતાં કર્મ વર્ગણાની નિર્જરા થાય છે—તે ધ્યેય ન રહેતા બીજાની દેખાદેખીથી—કે વરસી તપ આદિ તપશ્ચર્યા કરતાં મારા નામના ગાણાં ગવાશે, (વરઘોડા) શોભાયાત્રા નીકળશે, સાંગીઓ ગવાશે. બહુમાન કરાશે, બધા મને સાતા પૂછવા આવશે, આવી માન પોષક વૃત્તિ જાણ પણે-અજાણપણે સ્વપ્નમાં કે જાગૃત અવસ્થામાં પોષાણી હોય તો અ. સિ. ભ.ની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

તપના મહિમા તરીકે ઘરના કુટુંબીઓએ આડંબર ન કર્યો. કંકોત્રી ન છપાવી, સાંગીઓ ન ગવરાવી, પ્રભાવનાઓ ન કરી તેથી તેમના પ્રત્યે ખેદ કે તિરસ્કાર મનમાં થયો હોય કે આ બધા લોભી છે. અમે બાર બાર માસની તપશ્ચર્યા કરી. પણ તેઓને કોઈ જાતની ગણતરી નથી, એવી પુદ્ગલ આશાએ, આકુળ—વ્યાકુળ પણું થઈ ગયું હોય, તો અરિહંત સિદ્ધ ભગવંતની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

ઉપવાસના પારણે આહારથી આ દેહ ટકી રહ્યો છે, એવા હર્ષથી એકાકાર થઈ, છોડી દીધેલા એક ટંકનું વળતર ઉત્તર પારણામાં અને એક ટંકનું વળતર પારણામાં વાળી આનંદ માન્યો હોય, તો અરિહંત સિદ્ધ ભગવંતની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

ઉપવાસમાં કોઈએ સેવા ન કરી હોય, શાતા ન પૂછી હોય, તેથી મનમાં ખેદ કે તણતણાટ થઈ ગયો હોય. તપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતાં. કોઈપણ પ્રકારની પ્રતિકૂળતા આવી હોય રોગ અગર વ્યાધિ થઈ હોય ત્યારે હાય હું મરી ગયો, એમ કર્મની સાથે તાદાત્મ્યભાવ સેવીને રોવા બેસી ગયો હોઉં, તો અરિહંત સિદ્ધ ભગવંતની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

સ્વ એટલે આત્મા, અધ્યાય એટલે ચિંતવન આત્માનુ, ચિંતવન, હું જ્ઞાન સ્વરૂપી છું, મારો ખોરાક જ્ઞાન જ છે જ્ઞાનથી જ હું પુષ્ટ બનું છું, તેમ ચિંતાવણા ન કરી હોય તો અરિહંત સિધ્ધ ભગવંતની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડ.

બાહ્ય તપની સાથે અભ્યંતર સમ્યક્ સ્વાધ્યાય તપ ન હોય તો આત્મામાં જ્ઞાનદીપક પ્રગટતો નથી અને અંધારા ઓસરતા નથી, એવું લક્ષ ચુકી ગયો હોઉં, અને હરવા ફરવામાં; ખાવા-પિવામાં એશઆરામમાં વૃત્તિઓ દોડાવી હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

"તવેસુવા ઉત્તમ બંભચેરમ્" તપમાં ઉત્તમમાં ઉત્તમ બ્રહ્મચર્ય છે. તેનું પાલન કરતાં, આનંદને બદલે દુઃખ થયું હોય, યૌવનના ઉન્માદમાં વિકાર થયો હોય, અગર તેને તૃપ્ત કરવાનો તલસલાટ થયો હોય, તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

બાર માસની તપશ્ચર્યામાં આ લોક પરલોકની આશા ધન, કીર્તિ, આબરૂ, ધનથી સુખ મેળવવું વગેરે ઇચ્છાઓ કરી હોય, તથા ઇન્દ્રાદિની પદવી માટે નહીં, પરંતું એકાંત કર્મોની નિર્જરા માટે આ તપશ્ચર્યા કરેલ છે. તે સંવર-નિર્જરાનો મૌલિક સિધ્ધાંત જળવાણો ન હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

(બા. બ્રા સ્વ. પૂ. પૂ, લીલાવતી બાઈ મ. સ. એ ચૂડા મધ્યે આપેલ વ્યાખ્યાન માંથી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વ્યાખ્યાન વખતે બોલવામાં આવતી શ્રી મહાવીર પ્રભુની સ્તુતિ

હવે ઇહિંકણે કોણ જે જાણવા. શ્રી શ્રી શ્રમણ ભગવંત શ્રી શ્રી મહાવીર દેવ, દેવાધિદેવ, પરમતારૂ, પરમવારૂ, દયાનિધિ, કરુણાસાગર, ભાનુભાસ્કર, જીવદયા પ્રતિપાલ, કર્મશત્રુના કાળ મહામાહણ, મહાગોવાળ, પરમનિર્યામિક, પરમવૈદ્ય, પરમગારૂડી, પરમસનાતન, અનાથના નાથ, અશરણના શરણ, અબંધવના બંધવ ભાંગ્યાના ભેરૂ, સંત ઉધ્ધારણ, શિવ સુખકારણ, રાજરાજેશ્વર પુરૂષ, હંસ પુરૂષ, સુપાત્ર પુરૂષ. નિર્મલ પુરૂષ, નિઃકલંકિ પુરૂષ, નિર્મોહિ પુરૂષ, ઇચ્છાનિરોધ તપસ્વી, ચોત્રીશ અતિશયે કરી બિરાજમાન , પાંત્રીશ પ્રકારની સત્ય વચન વાણી ગુણેકરી સહિત, એક હજાર અષ્ટઉત્તમ લક્ષણના ધરણહાર,શ્રી શ્રી સિધ્ધાર્થનંદન, ત્રિહુજગવંદન, અઘમલમંજન ભવભયભંજન, અરિદલ ગંજન, પાપ દુઃખનિકંદન, ક્ષમા દયાએ કરી શીતલ શીતળ ચંદન દીનદયાળ, પરમદયાળ, પરમકૃપાળ, પરમપવિત્ર, પરમસજ્જન, પરમ મિત્ર, પરમવાલેશ્વરી, પરમહિતવંચ્છક, પરમ આધાર સફરીજહાજસમાન, જગતત્રાતા, જગતમાતા, જગતભ્રાતા, જગતજીવન, જગતમોહન, જગતસોહન, જગતપાવન, જગતભાવન, જગતઇશ્વર, જગતવીર, જગતધીર, જગતગંભીર, જગતઇષ્ટ, જગતપિતા, જગતશ્રેષ્ઠ, જગતમિત્ર, જગતવિભુ, જગતમુકુટ, જગતપ્રકટ, જગતનંદન, જગતવંદન, ચૌદ રાજલોકને વિષે, ચુડામણી મુકુટ સમાન, ભવ્ય જીવના, હૃદયના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવ સરા હારસમાન, શિયલનાપુંજ, જગતશિરોમણિ, ત્રિભુવનતિલક સમવસરણના સાહેબ, સરસ્વતીના તુરંગ, ગણધરના ગુરૂરાજ, છકાયના છત્ર, ગરીબના નિવાજણહાર, મોહના ઘરંટ, વાણીનાપદ્મસરોવર, સાધુના સેહરા, લોકના અગ્રેસર, અલોકના નિરીક્ષણહાર, ત્રાસિતના શરણાગત, મોક્ષના દાનેશ્વરી, ભવ્ય જીવના લોચન, સંતોષના મેરૂ; સુજશના કમલ, સુખના સમુદ્ર, ગુણના હંસ, શબ્દના કેસરી, જમના જિતણહાર, કાળના ભક્ષણહાર, મન્મથના અંકુશ, મનુજના કલ્પવૃક્ષ, સમદૃષ્ટિના માતાપિતા, ચતુર્વિધ સંઘના ગોવાલ, ધરતીના ઈંદ્રધ્વજ, આકાશસ્થંભ, મુક્તિના વરરાજા, કેવલના દેણહાર, ચોસઠ ઈંદ્રના વંદનિક, પૂજનિક, અર્ચનિક, સ્મરણનિક એવા દીનોદ્ધાર. દીનબંધુ, દીનઆધાર સબદેવનકા દેવ સર્વમુનિના નાથ, સર્વયોગીના ઠાકુર પુરુષ, તરણતારણ, દુઃખનિવારણ, અધમ ઉધ્ધારણ, ભવ દુઃખ ભંજન, સમતાના સિંધુ, ધ્યાનાસાગર, ગુણના આગાર ચિંતામણિ રત્ન સમાન, પાર્શ્વમણિ સમાન, કામદુગ્ધાધેનુ સમાન, ચિત્રાવેલ સમાન, મોહનવેલ સમાન, અમૃતરસ કુંભસમાન, સુખના કરણહાર, દુઃખના હરણહાર, પાપ પડલ તિમિરના ટાલણહાર, ચંદ્રમાની પેરે શીતલ દશાના ધરણહાર, સૂર્યની પેરે ઉદ્યોતના કરણહાર, સમુદ્રની પેરે ગંભીર, મેરૂની પેરે અડોલ, વાયુની પેરે અપ્રતિબંધ વિહારી, ગગનની પેરે નિરાલંબી, મારવાડી વૃષભધોરી સમાન, પંચાનન કેશરીસિંહ સમાન એવા લોકોત્તર પુરુષ, અભયદાતા, ચક્ષુદાતાઃ માર્ગદાતા, એહવા ચરમજિણેશ્વર જગધણી, જિણશાસન શણગાર, ભાવ ધરીને સમરતાં. પામિજે ભવપાર ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવા તત્ત્વાનંદી, તત્ત્વવિશ્રામિ, અનંતગુણના ધણી અલક્ષગુણના ધણી, અનંતબળના ધણી, અનંતરૂપના ધણી, અનંત તેજના ધણી, અનંત અવ્યાબાધ; આત્મિકસુખના ધરણહાર, સફલનામ ને સફલ ગોત્રના ધરણહાર, માહણો,માહણો, શબ્દના પ્રકાશણહાર. અહો ભવ્યજીવો, જો કોઇ જીવને હણશો તો હણાવવું પડશે, છેદશો તો છેદાવું પડશે, ભેદશો તો ભેદાવવું પડશે કર્મ બાંધશો તો ભોગવવા પડશે એવી નિર્વદ્ય વાણીના પ્રકાશણહાર, સમણ ભગવંત મહાવીરે ઉપન્નનાણદંસણધરે અહા જિન કેવલી અનાશ્રીવ પુરુષ. તે પ્રભુજીના ગુણ કહ્યામાં ન આવે, મળ્યામાં ન આવે, વર્ણવ્યામાં ન આવે. એહ્‌વા અકળ સ્વરૂપી જિનેશ્વર દેવ તેપ્રભુએ સાડાબારવર્ષને પંદર દિવસસુધી મહા મહેનતે કરી, કર્મને ગાળી,કર્મને પ્રજાળી, કર્મને દૂર છંડી કર્મના દેણાં દઈ કરી કર્મથી નિઃકરજા થઈ, કેવળશ્રી વરી, આત્મદશા પ્રગટ કરી, જિનેશ્વરદેવ, વીતરાગદેવ, મોક્ષનગરે પધાર્યા.

પણ જગતવાસી જંતુજીવના ઉપકાર નિમિત્તે, સાતા નિમિત્તે, કલ્યાણ કરવા વાસ્તે, ભવ્ય જીવનાં દુઃખ મટાડવા વાસ્તે, ચારગતિ, ચોવીસ દંડક ચોરાશી લક્ષ જીવાયોનિને વિષે, એક કોડાકોડ સાડીસત્તાણું લાખ ક્રોડ કુળને વિષે જીવ અટન પરિભ્રમણ કરે છે. સંયોગી વિયોગી શારીરિક, માનસિક વેદનાઓ સહન કરે છે તે દુઃખ મટાડવા માટે ઉધ્ધાર કરવા માટે, એકાંત હિતબુધ્ધિએ પરમેશ્વર–દેવે સિધ્ધાંતરૂપ વાણી લાખ ભાવભેદ વૃતાંત વિસ્તારપણે વર્ણવ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી રત્નાકર પચ્ચીશી

(હરિગીત છંદ)

મંદિર છો મુક્તિ તણાં, માંગલ્ય ક્રીડાના પ્રભુ !
ને ઇંદ્ર નર ને દેવતા, સેવા કરે તારી વિભુ !
સર્વજ્ઞ છો સ્વામી વળી શિરદાર અતિશય સર્વના
ઘણું જીવ તું ઘણું જીવ તું, ભંડાર જ્ઞાનકળા તણા. ૧

ત્રણ જગતના આધારને, અવતાર હે ! કરૂણા તણાં,
વળી વૈદ્ય ! હે દુર્વાર આ, સંસારનાં દુઃખો તણાં,
વીતરાગ વલ્લભ વિશ્વના, તુજ પાસ અરજી ઉચ્ચરૂં,
જાણો છતાં પણ કહી અને આ હૃદય હું ખાલી કરૂં. ૨

શું બાળકો માબાપ પાસે, બાળક્રીડા નવ કરે,
ને મુખમાંથી જેમ આવે, તેમ શું નવ ઉચ્ચરે !
તેમજ તમારી પાસ તારક, આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહું, તેમાં કશું ખોટું નથી. ૩

મેં દાન તો દીધું નહિ ને, શિયળ પણ પાળ્યું નહિ,
તપથી દમી કાયા નહિ, શુભ ભાવ પણ ભાવ્યો નહિ !
એ ચાર ભેદે ધર્મમાંથી, કાંઈપણ પ્રભુ મેં નવ કર્યું,
મારું ભ્રમણ ભવસાગરે, નિષ્ફળ ગયું નિષ્ફળ ગયું. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને
ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવું તને ?
મન મારૂં માયાજાળમાં મોહન ! મહા મૂંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં ચેતન ઘણો ચગદાય છે. ૫

મેં પરભવે કે આ ભવે, પર હિત કાંઈ કર્યું નહિ,
તેથી કરી સંસારમાં, સુખ અલ્પ પણ પામ્યો નહિ,
જન્મો અમારા જિનજી, ભવ પૂર્ણ કરવાને થયા.
આવેલ બાજી હાથમાં, અજ્ઞાનથી હારી ગયા. ૬

અમૃત ઝરે તુજ મુખરૂપી, ચંદ્રથી તો પણ પ્રભુ !
ભીંજાય નહિ મુજ મનન અરેરે ! શું કરૂં હું તો વિભુ ?
પત્થર થકી પણ કઠણ મારૂં મન, ખરે ક્યાંથી દ્રવે ?
મર્કટસમાન આ મન થકી, હું તો પ્રભુ હાર્યો હવે. ૭

ભમતાં મહાભવ સાગરે પામ્યો પસાયે આપના,
જે જ્ઞાનદર્શન ચરણરૂપી, રત્નત્રય દુષ્કર ઘણાં,
તે પણ ગયા પ્રમાદના વશથી પ્રભુ ! કહું છું ખરૂં,
કોની કને કિરતાર ! આ પોકાર, જઈને હું કરું ? ૮

ઠગવા વિભુ ! આ વિશ્વને વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મના ઉપદેશ રંજન લોકને કરવા કર્યાં,
વિદ્યા ભણ્યો હું વાદ માટે, કેટલી કથની કહું ?
સાધુ થઈને બહારથી દાંભિક અંદરથી રહું. ૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેં મુખને મેલું કર્યું, દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિંદિત કર્યાં, પરનારીમાં લપટાઈને
વળી ચિત્તને દોષિત કર્યું, ચિંતવી નઠારૂં પરતણું,
હે નાથ ! મારૂં શું થશે, ચાલાક થઈ ચુકયો ગણું. ૧૦

કરે કાળજાને કતલ પીડા, કામની બીહામણી,
એ વિષયમાં બની અંધ હું, વિટંબના પામ્યો ઘણી,
તે પણ પ્રકાશ્યું આજ લાવી, લાજ આપ તણી કને,
જાણો સહુ તેથી કહું, કર માફ મારા વાંકને. ૧૧

નવકાર મંત્ર વિનાશ કીધો, અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાકયો વડે, હણી આગમોની વાણીને;
કુદેવની સંગત થકી, કર્મો નઠારાં આચર્યાં,
મતિ ભ્રમથકી રત્નો ગુમાવી, કાચ કટકા મેં ગ્રહ્યા. ૧૨

આવેલ દૃષ્ટિ માર્ગમાં, મૂકી મહાવીર આપને,
મેં મૂઢધીએ હૃદયમાં ધ્યાયા, મદનનાં ચાપને,
નેત્રબાણો ને પયોધર, નાભી ને સુંદર કટી,
શણગાર સુંદરીઓ તણા, છટકેલ થઈ જોયા અતિ. ૧૩

મૃગનયણી સમ નારીતણા, મુખચંદ્ર નિરખવાવતી.
મુજ મન વિષે જે રંગ લાગ્યો, અલ્પ પણ ગૂઢો અતિ;
તે શ્રુત રૂપ સમુદ્રમાં, ધોયા છતાં જાતો નથી,
તેનું કહો કારણ તમે બચું કેમ હું આ પાપથી ? ૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુંદર નથી આ શરીર કે સમુદાય ગુણતણો નથી;
ઉત્તમ વિલાસ કળાતણો દેદીપ્યમાન પ્રભા નથી.
પ્રભુતા નથી તો પણ પ્રભુ, અભિમાનથી અક્કડ ફરૂં,
ચોપાટ ચાર ગતિતણી, સંસારમાં ખેલ્યા કરૂં. ૧૫
આયુષ્ય ઘટતું જાય તો પણ, પાપ બુદ્ધિ નવ ઘટે;
આશા જીવનની જાય તો પણ, વિષયાભિલાષા નવ મટે,
ઔષધ વિષે કરૂં યત્ન પણ હું, ધર્મને તો નવ ગણું.
બની મોહમાં મસ્તાન હું, પાયા વિનાના ઘર ચણું. ૧૬
આત્મા નથી પરભવ નથી, વળી પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વીની કટુવાણી મેં, ધરી કાન પીધી સ્વાદથી,
રવિ સમ હતા જ્ઞાને કરી પ્રભુ આપશ્રી તો પણ અરે,
દીવો લઈ કુવે પડયો, ધિક્કાર છે મુજને ખરે. ૧૭
મેં ચિત્તથી નહી દેવની, કે સુપાત્રની પૂજા ચહી,
ને શ્રાવકો કે સાધુઓનો, ધર્મ પણ પાળ્યો નહિ,
પામ્યો પ્રભુ નરભવ છતાં, રણમાં રડયા જેવું થયું,
ધોબીતણા કુત્તા સમું, મમ જીવન સહુ એળે ગયું. ૧૮
હું કામધેનું કલ્પતરૂ, ચિંતામણીના પ્યારમાં
ખોટા છતાં ઝંખ્યો ઘણું; બની લુબ્ધ આ સંસારમાં
જે પ્રગટ સુખ દેનાર, તારો ધર્મ તે સેવ્યો નહિ
મુજ મુર્ખ ભાવોને નિહાળી, નાથ કર કરુણા કંઈ. ૧૯
મેં ભોગ સારા ચિંતવ્યા, ને રોગ સમ ચિંતવ્યા નહિ
આગમન ઈચ્છયું ધનતણું પણ મૃત્યુને પ્રીછયું નહિં
નહિં ચિંતવ્યું મેં નર્ક કારાગ્રહ સમી છે નારીઓ
મધુબિંદુની આશા મહીં, ભય માત્ર હું ભૂલી ગયો. ૨૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હું શુદ્ધ આચારો વડે સાધુ હૃદયમાં નવ રહ્યો
કરી કામ પર ઉપકારનાં, યશ પણ ઉપાર્જન નવ કર્યો.
વળી તીર્થના ઉદ્ધાર આદિ, કોઈ કાર્યો નવ કર્યા.
ફોગટ અરે ! આ લક્ષચોરાશી, તણા ફેરા ફર્યા. ૨૧

ગુરૂ વાણીમાં વૈરાગ્ય કેરો, રંગ લાગ્યો નહિ અને,
દુર્જન તણાં વાકચો મહી, શાંતિ મળે ક્યાંથી મને ?
તરૂં કેમ હું સંસાર આ, આધ્યાત્મ તો છે નહિ જરી,
તૂટેલ તળીઆનો ઘડો, જળથી ભરાયે કેમ કરી ? ૨૨

મેં પરભવે નથી પુણ્ય કીધું, ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો, ક્યાંથી થશે હે નાથજી,
ભૂત. ભાવિને, સાંપ્રત, ત્રણે ભવ નાથ હું હારી ગયો,
સ્વામી ત્રિશંકુ જેમ હું, આકાશમાં લટકી રહ્યો. ૨૩

અથવા નકામું આપ પાસે, નાથ શું બકવું ઘણું,
હે દેવતાના પુજ્ય આ, ચરિત્ર મુજ પોતાતણું,
જાણો સ્વરૂપ ત્રણ લોકનું, તો મારું શું માત્ર આ ?
જ્યાં ક્રોડનો હિસાબ નહિં, ત્યાં પાઈની તો વાત ક્યાં ૨૪

તારાથી ન સમર્થ અન્ય, દીનનો ઉદ્ધારનારો પ્રભુ,
મારાથી નહિ અન્ય પાત્ર જગમાં, જોતાં જડે હે પ્રભુ,
મુક્તિ મંગલસ્થાન તોય મુજને ઇચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ્ રત્ન શ્યામ જીવને, તો તૃપ્તિ થાયે ઘણી ૨૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી ચોવીસ જિનની આરતી

જય મુક્તિદાતા, પ્રભુ જય મુક્તિદાતા,
તુજને વંદન કરીએ (૨) ગુણ તારા ગાતાં૦
જયદેવ જયદેવ—એ ટેક૦

આદિનાથ અજિત. સંભવ સુખકારી ॥પ્રભુ સં૦॥
કષ્ટ હમારાં કાપો, હે ભવ ભય હારી જય૦ ॥૧॥
અભિનંદન સુમતિ, પદ્મ તું મુજ પ્યારો, પ્રભુ૦ પ૦॥
સુપાર્શ્વચંદ્ર સુવિધિ, શીતળ ભવ તારો જય૦ ॥૨॥
શ્રેયાંસ વાસુ પૂજ્ય વિમળ, અનંત ગુણ ભરીયા, પ્રભુ૦ અ૦
કષ્ટ ભવોનાં કાપી, શિવરમણી વરિયા. જય૦ ॥૩॥
ધર્મ ધુરંધર નાથ, આપ વસ્યા મુક્તિ ॥પ્રભુ૦ આપ૦
શાંતિનાથ સુણો શ્રવણે, દાસ તણી યુક્તિ. જય૦ ॥૪॥
કુંથુનાથ કોડે, કાઢો કુવનમાંથી ॥ પ્રભુ કાઢો૦ ॥
અર મલ્લિને પ્રણમું તારો કર સાથી. જય૦ ॥૫॥
મુનિસુવ્રત મહારાજ, અગણિત મુજ ખામી પ્રભુ૦ અ૦
વંદુ શિર હું નામી, તારો અંતરજામી, જય૦ ॥૬॥
નમિનાથ ભગવાન, ભાવ ધરી ભાળો, પ્રભુ, ભાવ૦
નિર્મળ નેમ નગીના, દુઃખ સર્વે ટાળો જય૦ ॥૭॥
પાર્શ્વ તું પરમકૃપાળ, જનપાલનહારો ॥પ્રભુ જ૦
વર્ધમાન જિન વંદુ, ભવજળથી તારો જય૦ ॥૮॥
ચોવીસ જિન ભક્તિ ભાવ ધરી કરશે ॥ પ્રભુ૦ ભાવ૦
જન્મ મરણ દુઃખ ટાળી મુક્તિને વરશે, જય૦॥૯॥
જૈન તુજને કહે નેમ નાથ તું છે મારો, પ્રભુ૦ નાથ૦ ॥
નમી પ્રવર્તક મંડળ, શાસન સહુ ત્હારો ॥જય૦ ॥૧૦॥

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પંચ જ્ઞાનની આરતી

જય પારસ દેવા, પ્રભુ જય પારસ દેવા,
સુરનર કરે તુજ સેવા, (૨) ત્રણ જુગના દેવા.. જયદેવ જયદેવ૦ ૧

પહેલું રે મતિ જ્ઞાન, અઠ્ઠાવીસ ભેદે....પ્રભુ (૨)
અષ્ટકર્મને છેદે, (૨) પાપનાં દળ ભેદે, જયદેવ જયદેવ૦૨

બીજું રે શ્રુતજ્ઞાન, ચૌદસ ભેદે....પ્રભુ૦ (૨)
ચૌદ પુરવધર સુદ્ધા (૨) ભાંગે ભવક્ષુધા, જયદેવ જયદેવ૦૩

ત્રીજી રે આરતી અવધિ જ્ઞાન કેરી....પ્રભુ૦ (૨)
મટાડે ભવની ફેરી, (૨) સેવા કરું તારી, જયદેવ જયદેવ૦૪

ચોથી રે આરતી, મન પર્યવ જાણો....પ્રભુ૦ (૨)
દોય ભેદ એ નાણો, (જ્ઞાન) મુક્તિસુખ લેણો, જયદેવ જયદેવ૦૫

પાંચમી રે આરતી, કેવળ એક ભાંખ્યું....પ્રભુ૦ (૨)
અખંડ સુખ જેણે ચાખ્યું,(૨) અજરામર રાખ્યું, જયદેવ૦ ૬

આરતી રે પંચજ્ઞાન કેરી જે કોઈ ગાશે....પ્રભુ૦ (૨)
સમક્તિ શુદ્ધ અભ્યાસે, (૨) સૌભાગ્ય ગુણ ગાશે, જયદેવ૦ ૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પંચ પરમેષ્ટિની આરતી

આનંદ મંગળ કરું આરતી, સંત ચરણની સેવા,
શિવ સુખ કારણ, વિઘ્ન નિવારણ, પંચ પરમેષ્ટિ દેવા,આનંદ ॥૧॥
પહેલી આરતી અરિહંત દેવા, કર્મ ખપે તત્ખેવા,
ચોસઠ ઈંદ્ર કરે તુમ સેવા, વાણી અમૃત મેવા, આનંદ૦ ॥૨॥
બીજી આરતી સિદ્ધ નિરંજન, ભંજન ભવ ભય કેરા !
ચિદાનંદ સુખકંદ અખંડિત, મિટે ભવોભવ ફેરા. આનંદ૦ ॥૩॥
ત્રીજી આરતી શ્રી આચાર્ય, છત્રીશ ગુણ ગંભીરા;
સંઘ શિરોમણી સોહે દિનમણી, દે હિતબોધ અનેરા.આનંદ; ॥૪॥
ચોથી આરતી ઉપાધ્યાયજી, ભણે ભણાવે એવા !
સુત્ર અર્થ કરે તત્ખેવા, સેવા, કરે તસ દેવા, આનંદ૦ ॥૫॥
પાંચમી આરતી સર્વ સાધુજી, ભારંડ પંખી જેવા;
મહાવ્રત પાળે દુષણ ટાળે, અવિચલ શિવસુખ લેવા, આનંદ૦॥૬॥
ભાવ ધરીને ગાવે આરતી, પંચપરમેષ્ટિ દેવા;
વિનયચંદ્રમુનિ ગુણ ગાવે, લેવા શિવ સુખ મેવા. આનંદ૦॥૭॥

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આત્મસિદ્ધિ શાસ્ત્ર

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત ૧

વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ !
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરૂણા ઉપજે જોઈ. ૩

બાહ્ય ક્રિયામાં રાચતાં અંતર્ભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંહિ. ૪

બંધ-મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહી;
વર્તે મોહાવેશમાં શુષ્ક જ્ઞાની તે આંહી. ૫

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન !
તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન. ૬

ત્યાગ–વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન. ૭

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તિહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આદરે, આત્માર્થી જન એહ. ૮

સેવે સદ્‌ગુરુચરણને, ત્યાગી દઈ નિજ પક્ષ;
પામે તે પરમાર્થને નિજપદનો લેવા લક્ષ. ૯

આત્મજ્ઞાન, સમદર્શિતા વિચરે ઉદય પ્રયોગ
અપૂર્વવાણી પરમશ્રુત, સદ્‌ગુરુલક્ષણ યોગ. ૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહી, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઉગે ન આત્મવિચાર. ૧૧

સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો, સમજ્યે જિન સ્વરૂપ. ૧૨

આત્માદિ અસ્તિત્વના, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્ગુરુયોગ નહીં, ત્યાં આધાર સુપાત્ર. ૧૩

અથવા સદ્ગુરુએ કહ્યું, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવા, કરી મતાંતર ત્યાગ. ૧૪

રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાંખ્યુ જિનનિર્દોષ. ૧૫

પ્રત્યક્ષ સદ્ગુરુયોગથી, સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬

સ્વચ્છંદ, મત આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ,
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭

માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય,
જાતાં સદ્ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮
જે સદ્ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન,
ગુરૂ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન, ૧૯
એવો માર્ગ વિનયતણો, ભાખ્યો શ્રી વીતરાગ.
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય. ૨૦
અસદ્ગુરૂ એ વિનયનો, લાભ લહે જો કાંઈ,
મહામોહનીય કર્મથી, બુડે ભવજળમાંહિ. ૨૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર,
હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર. ૨૨
હોય મતાર્થી તેહને, થાય ન આતમ્ લક્ષ,
તેહ મતાર્થીના લક્ષણો, અહીં કહ્યાં નિરપેક્ષ. ૨૩

## મતાર્થીના લક્ષણો

બાહ્ય ત્યાગ પણ જ્ઞાન નહી, તે માને ગુરૂ સત્ય,
અથવા જિનકુળધર્મના, તે ગુરુમાંજ મમત્વ. ૨૪
જે જે જિનદેહપ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ,
વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ. ૨૫
પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ,
અસદ્‌ગુરુને દઢ કરે, નિજમાનાર્થે મુખ્ય. ૨૬
દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન,
માને નિજમત વેષમાં, આગ્રહ મુક્તિદાન. ૨૭
લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું ગ્રહ્યું વ્રત અભિમાન,
ગ્રહે નહીં પરમાર્થને લેવા લૌકિક માન. ૨૮
અથવા નિશ્ચયનય ગ્રહે. માત્ર શબ્દની માંય
લોપે સદ્‌વ્યવહારને, સાધન રહિત થાય. ૨૯
જ્ઞાનદશા પામ્યો નહીં, સાધનદશા ન કાંઈ
પામે તેનો સંગ જે, તે બુડે ભવમાંહિ. ૩૦
એ પણ જીવ મતાર્થમાં, નિજ માનાદિ કાજ
પામે નહીં પરમાર્થને, અન–અધિકારીમાંજ. ૩૧
નહીં કષાય ઉપશાંતતા, નહીં અંતર વૈરાગ્ય,
સરળપણું મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય. ૩૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લક્ષણ કહ્યાં મતાર્થીનાં મતાર્થ જાવા કાજ
હવે કહું આત્માર્થીનાં, આત્મ-અર્થી સુખસાજ. ૩૩

## આત્માર્થીનાં લક્ષણો

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરૂ હોય,
બાકી કુળગુરૂ કલ્પના, આત્માર્થી નહીં જોય. ૩૪

પ્રત્યક્ષ સદ્ગુરૂ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર. ૩૫

એક હોય ત્રણ કાળમાં, પરમાર્થનો પંથ,
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સંમત. ૩૬

એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરૂયોગ,
કામ એક આત્માર્થનું, બીજો નહીં મનરોગ. ૩૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ, ૩૮

દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહીં જોગ્ય,
મોક્ષમાર્ગ પામે નહીં. મટે ન અંતરરોગ. ૩૯

આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય,
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન
જે જ્ઞાને ક્ષય મોહ થઇ, પામે પદ નિર્વાણ. ૪૧

ઉપજે તે વિચારણા, મોક્ષમાર્ગ સમજાય,
ગુરૂશિષ્ય સંવાદથી, ભાખુ ષટ્ પદ આહિ. ૪૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ષટ્ પદનામકથન

‘આત્મા છે તે નિત્ય છે’’ છે કર્તા નિજ કર્મ,
છે ભોક્તા’ વળી ‘મોક્ષ છે,’ મોક્ષ ઉપાય સુધર્મ’’ ૪૩
ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ,
સમજાવવા પરમાર્થને કહ્યાં જ્ઞાનીએ એહ. ૪૪

(શંકા–શિષ્ય ઉવાચ)

(શિષ્ય પ્રથમ સ્થાનકની શંકા કરે છે.)

નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ,
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવ સ્વરૂપ. ૪૫
અથવા દેહ જ આત્મા, અથવા ઇંદ્રિય પ્રાણ,
મિથ્યા જુદો માનવો, નહીં જુદું એંધાણ. ૪૬
વળી જો આત્મ, હોય તો, જણાય તે નહીં કેમ,
જણાય જો તે હોય તો. ઘટપટ આદિ જેમ. ૪૭
માટે છે નહીં આત્મા, મિથ્યા મોક્ષ ઉપાય;
એ અંતર શંકાતણો સમજાવો સદુપાય. ૪૮

(સમાધાન, સદ્ગુરૂ ઉવાચ)

(‘આત્મા’ છે, એમ સદ્ગુરૂ સમાધાન કરે છે)

ભાસ્યો, દેહાધ્યાસથી, આત્મા દેહસમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન. ૪૯
ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન;
પણ તે બંને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન. ૫૦
જે દ્રષ્ટા છે દ્રષ્ટિનો જે જાણે છે રૂપ.
અબાધ્ય અનુભવ જે રહે. તે છે જીવસ્વરૂપ ૫૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે ઇંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન,
પાંચ ઇંદ્રિયના વિષયનું, પણ આત્માને ભાન. ૫૨
દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રિય પ્રાણ;
આત્માની સત્તા, વડે, તેહ પ્રવર્તે જાણ. ૫૩
સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણે સદાય. ૫૪
ઘટપટ આદિ જાણ તું; તેથી તેને માન;
જાણનાર ને માને નહીં, કહિયે કેવું જ્ઞાન ? ૫૫
પરમ બુદ્ધિ કૃષ દેહમાં સ્થૂળ દેહ મતિ અલ્પ;
દેહ હોય જો આત્મા, ઘટે ન આમ વિકલ્પ. ૫૬
જડચેતન તો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્રવ્યભાવ. ૫૭
આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. ૫૮

(શંકા–શિષ્ય ઉવાચ)

('આત્મા નિત્ય નથી.' એમ શિષ્ય કહે છે.)

આત્માના અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર;
સંભવ તેનો થાય છે, અંતર કરે વિચાર. ૫૯
બીજી શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ;
દેહયોગથી ઉપજે, દેહ વિયોગ નાશ. ૬૦
અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય.
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય. ૬૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(સમાધાન સદ્ગુરૂ ઉવાચ)

(આત્મા નિત્ય છે, એમ સમાધાન કરે છે)

દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દશ્ય
ચેતનનાં ઉત્પત્તિ, લય કોના અનુભવ વશ્ય. ૬૨

જેના અનુભવ વશ એ, ઉત્પન્ન-લયનું જ્ઞાન.
તે તેથી જુદા વિના, થાય ન કેમ ભાન. ૬૩

જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દશ્ય,
ઉપજે નહીં સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. ૬૪

જડથી ચેતન ઉપજે, ચેતનથી જડ થાય.
એવો અનુભવ કોઇ ને, કયારે કદી નવ થાય. ૬૫

કોઈ સંયોગથી નહીં, જેની ઉત્પત્તિ થાય,
નાશ ન તેનો કોઇમાં, તેથી 'નિત્ય' સદાય. ૬૬

ક્રોધાદિ તારતમ્યતા, સર્પાદિકની માંય,
પૂર્વ જન્મસંસ્કાર તે, જીવનિત્યતા ત્યાંય. ૬૭

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮

અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર,
વદનારો તે ક્ષણિક નહીં, કર અનુભવ નિર્ધાર. ૬૯

ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦

(શંકા-શિષ્ય ઉવાચ)

(આત્મા કર્મનો, કર્તા નથી, એમ શિષ્ય કહે છે)

કર્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્તા કર્મ,
અથવા સહજ સ્વભાવ, કાં કર્મ જીવનો ધર્મ. ૭૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ,
અથવા ઈશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨
માટે મોક્ષ ઉપાયનો, કોઈ ન હેતુ જણાય.
કર્મ તણું કર્તાપણું, કાં નહીં કાં નહીં જાય ! ૭૩

(સમાધાન સદ્ગુરૂ ઉવાચ)

(કર્મનું કર્તાપણું આત્માને જે પ્રકારે છે તે પ્રકારે
સદ્ગુરૂ સમાધાન કરે છે

હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તે કર્મ
જડસ્વભાવ નહીં પ્રેરણા, જુઓ વિચારી ધર્મ. ૭૪
જો ચેતન કરતું નથી, થતાં નથી તો કર્મ,
તેથી સહજ સ્વભાવ નહીં, તેમજ નહીં, જીવ ધર્મ. ૭૫
કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજ ભાને તેમ. ૭૬
કર્તા ઈશ્વર કો નહી, ઈશ્વર શુદ્ધ સ્વભાવ,
અથવા પ્રેરક ગણીએ, ઈશ્વર દોષ પ્રભાવ. ૭૭
ચેતન જો નિજ ભાનમાં, કર્તા કર્મ સ્વભાવ,
વર્તે નહીં નિજ ભાવમાં કર્તા કર્મ પ્રભાવ. ૭૮

(શંકા, શિષ્ય ઉવાચ)

(તે કર્મનું ભોક્તાપણું જીવને નહીં હોય,
એમ શિષ્ય કહે છે.)

જીવ કર્મ કર્તા કહો પણ ભોક્તા નહીં સોય,
શું સમજે જડ કર્મ કે, ફળ પરિણામી હોય ? ૭૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફળદાતા ઇશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય,
એમ કહે ઇશ્વરતણું, ઇશ્વરપણું જ જાય ૮૦
ઇશ્વરસિદ્ધ થયા વિના, જગત નિયમ નહીં કોય,
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્યસ્થાન નહીં હોય. ૮૧

(સમાધાન સદ્‌ગુરૂ ઉવાચ)

(જીવને પોતાના કરેલાં કર્મનું ભોક્તાપણું છે,
એમ સદ્‌ગુરૂ સમાધાન કરે છે.)

ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ,
જીવ વીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ. ૮૨
ઝેર, સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય,
એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય. ૮૩
એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ,
કારણ વિના ન કાર્ય તે, એજ શુભાશુભ વેદ્ય. ૮૪
ફળદાતા ઇશ્વરતણી એમાં નથી જરૂર,
કર્મ સ્વભાવે પરિણમે થાય ભોગથી દૂર. ૮૫
તે તે ભોગ્ય વિશેષતા, સ્થાનક દ્રવ્ય સ્વભાવ,
ગહન વાત છે, શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ. ૮૬

(શંકા, શિષ્ય ઉવાચ)

(જીવનો તે કર્મથી મોક્ષ નથી, એમ શિષ્ય કહે છે;)
કર્તા ભોકતા જીવ હો, પણ તેનો નહી મોક્ષ;
વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ. ૮૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિમાંય,
અશુભ કરે નરકાદિ ફળ, કર્મરહિત ન ક્યાંય. ૮૮

(સમાધાન સદ્ગુરૂ ઉવાચ)

(તે કર્મથી જીવનો મોક્ષ થઇ શકે છે.
એનુ સમાધાન કરે છે.)

જેમ શુભાશુભ કર્મપદ. જાણ્યાં સફળ પ્રમાણ,
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ પ્રમાણ. ૮૯

વિત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ,
તેહ શુભાશુભ છેદતાં, ઉપજે મોક્ષ સ્વભાવ. ૯૦

દેહાદિ સંયોગનો, આત્યંતિક વિયોગ,
સિધ્ધ મોક્ષ શાશ્વતપદે, નિજ અનંત સુખભોગ. ૯૧

(મોક્ષ–શિષ્ય ઉવાચ)

(મોક્ષનો ઉપાય નથી એમ શિષ્ય કહે છે :)

હોય કદાપિ મોક્ષપદ, નહેં અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય ? ૯૨

અથવા મત દર્શન ઘણા, કહે ઉપાય અનેક,
તેમાં મત સાચો કયો ? બને ન એહ વિવેક. ૯૩

કઈ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ ?
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ. ૯૪

તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ ઉપાય;
જીવાદિ જાણ્યા તણો, શો ઉપકાર જ થાય ? ૯૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ.
સમજું મોક્ષ ઉપાય તો; ઉદય ઉદય સદ્ભાગ્ય. ૯૬

(સમાધાનઃ સદ્ગુરૂ ઉવાચ)

પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે, પ્રતીત
થાશે મોક્ષોપાયની; સહજ પ્રતીત એ રીત. ૯૭

કર્મભાવ અજ્ઞાન સમ, મોક્ષભાવ નિજવાસ,
અંધકાર અજ્ઞાન સમ નાશે જ્ઞાનપ્રકાશ. ૯૮

જે જે કારણ બંધના; તેહ બંધનો પંથ
તે કારણ છેદક દશા; મોક્ષપંથ ભવ અંત. ૯૯

રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી; તે જ મોક્ષનો પંથ. ૧૦૦

આત્મા સત્ ચૈતન્યમય; સર્વાભાસરહિત;
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત. ૧૦૧

કર્મ અનંત પ્રકારના, તેમાં મુખ્યે આઠ,
તેમાં મુખ્ય મોહનીય: હણાય તે કહું પાઠ. ૧૦૨

કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ,
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩

કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ,
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ ? ૧૦૪

છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ,
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ. ૧૦૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ષટ પદના પદ પ્રશ્નતેં, પૂછયા કરી વિચાર;
તે પદની સર્વાંગતા, મોક્ષ માર્ગ નિરધાર. ૧૦૬

જાતિ વેષનો ભેદ નહીં; કહ્યા માર્ગ જો હોય,
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય. ૧૦૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ. ૧૦૮

તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરૂ બોધ,
તો પામે સમકિતને, વર્તે અંતર શોધ. ૧૦૯

મતદર્શન આગ્રહ તજી, વર્તે સદ્ગુરૂલક્ષ,
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦

વર્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત,
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત. ૧૧૧

વર્તમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદવાસ. ૧૧૨

કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન
કહિયે કેવળ જ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩

કોટી વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં સમાય;
તેમ વિભાવ, અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય. ૧૧૪

છુટે દેહાધ્યાસ તો, નહીં કર્તા તું કર્મ,
નહી ભોક્તા તું તેહનો, એજ ધર્મનો મર્મ. ૧૧૫

એજ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ,
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુદ્ધ બુદ્ધ, ચૈતન્ય ઘન; સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ. ૧૧૭

નિશ્ચય સર્વે જ્ઞાનીનો; આવી અત્ર સમાય
ધરી મૌનતા એમ કહી; સહજ સમાધિમાંય. ૧૧૮

(શિષ્ય બોધ બીજ પ્રાપ્તિકથન)

સદ્‌ગુરૂના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન,
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯

ભાસ્યું નિજસ્વરૂપ તે શુદ્ધ ચેતનારૂપ,
અજર, અમર, અવિનાશીને, દેહાતીત સ્વરૂપ. ૧૨૦

કર્તા–ભોક્તા કર્મનો, વિભાગ વર્તે જ્યાંય;
વૃત્તિ વહિ નિજભાવમાં, થયો અ–કર્તા ત્યાંય. ૧૨૧

અથવા નિજપરિણામ જે શુદ્ધ ચેતનારૂપ,
કર્તા–ભોકતા તેહનો; નિર્વિકલ્પ સ્વરૂપ. ૧૨૨

મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩

અહો ! અહો ! શ્રી સદ્‌ગુરૂ, કરૂણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ઉપકાર. ૧૨૪

શું પ્રભુચરણકને ધરૂ ? આત્માથી સૌ હીન,
તે તો પ્રભુએ આપીઓ; વર્તું ચરણાધીન. ૧૨૫

આ દેહાદિ આજથી; વર્તે પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું. તેહ પ્રભુનો દીન. ૧૨૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ષટ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ.
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૧૨૭

## ઉપસંહાર

દર્શન ષટે સમાય છે, આ ષટ સ્થાનક માંહિ.
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ. ૧૨૮
આત્મભ્રાંતિ સમરોગ નહીં, સદ્ગુરૂ વૈદ્ય સુજાણ,
ગુરૂ આજ્ઞા સમ પથ્ય નહીં, ઔષધ વિચાર. ૧૨૯
જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરૂષાર્થ,
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહીં આત્માર્થ. ૧૩૦
નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નોય
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવા સોય. ૧૩૧
નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ,
એકાંતે વ્યવહાર નહીં, બન્ને સાથ રહેલ. ૧૩૨
ગચ્છ મતની જે કલ્પના, તે નહી સદ્વ્યવહાર
ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહીં સાર. ૧૩૩
આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય,
થાશે કાળ ભવિષ્યમાં માર્ગભેદ નહીં કોઈ. ૧૩૪
સર્વજીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય,
સદ્ગુરૂઆજ્ઞા નિજદશા, નિમિત્ત કારણ માંય. ૧૩૫
ઉપાદાનનું નામ લઈ એ જે તજે નિમિત્ત,
પામે નહીં સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬
મુખથી જ્ઞાન કથે અને, અંતર છૂટ્યો ન મોહ,
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ. ૧૩૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દયા શાંતિ, સમતા ક્ષમા, સત્ય ત્યાગ વૈરાગ્ય;
હોય મુમુક્ષઘટ વિષે, એહ સદાય સુજાગ્ય. ૧૩૮
મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત.
તે કહીએ જ્ઞાનીદશા, બાકી કહીએ ભ્રાંત. ૧૩૯
સકળ જગત તે એંઠવત્, અથવા સ્વપ્ન સમાન,
તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચા જ્ઞાન. ૧૪૦
સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ.
પામે સ્થાનક પાંચમું, એમાં નહીં સંદેહ. ૧૪૧
દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત.
તે જ્ઞાનીનાં ચરણમાં, વંદન હો અગણિત. ૧૪૨

## 'અપૂર્વ અવસર'નું અમર કાવ્ય

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુને પંથ જો ? અપૂર્વ. ૧
સર્વ ભાવથી ઔદાસિન્ય વૃત્તિ કરી.
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો !
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં !
દેહે પણ કિંચિત મૂર્છા નવ જોય જો૦ અપૂર્વ. ૨
દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે.
દેહભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકીયે,
વર્તે એવું શુધ્ધ સ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો,
ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ. ૪

સંયમના હેતુથી યોગ પ્રવર્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો,
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં.
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. અપૂર્વ. ૫

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો.
દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધ વણ,
વિચરવું ઉદયાધીન પણ વિતલોભ જો. અપૂર્વ. ૬

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો,
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ. ૭

બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો,
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ. ૮

નગ્નભાવ મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેશ, રોમ, નખ કે, અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ. ૯

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો,
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ. ૧૦

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો,
અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ. ૧૧

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્ન ભાવ જો,
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો. અપૂર્વ. ૧૨

એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો,
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો. અપૂર્વ. ૧૩

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો,
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. અપૂર્વ. ૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો,
સર્વ ભાવ જ્ઞાતા દૃષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ. ૧૫

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો.
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે, મટિયે દૈહિક અબંધ જો. અપૂર્વ. ૧૬

મન–વચન–કાયા ને–કર્મની વર્ગણા,
છૂટે જહાં સકલ પુદ્ગલ સંબંધ જો.
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ. ૧૭

એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ જો.
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ. અમૂર્ત સહજપદરૂપ જો. અપૂર્વ. ૧૮

પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી,
ઉર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો,
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો, અપૂર્વ. ૧૯

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ ૨૦
એહ પરમપદ પ્રાપ્તિનું ધર્યું ધ્યાન મેં,
ગજા વગરને હાલ મનોરથરૂપ જો;
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ. ૨૧

—શ્રીમદ્ રાજચંદ્ર વવાણિયા સં. ૧૯૫૩

卐

## જડ ચેતન સ્વભાવ

(જડથી ભિન્ન ચૈતન્યાત્મક સ્વભાવના પ્રગટ અનુભવરૂપ)

જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ
કોઈ કોઈ પલટે નહીં. છોડી આપ સ્વભાવ. ૧
જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ,
પ્રગટ અનુભવરૂપ છે. સંશય તેમાં કેમ ? ૨
જો જડ છે ત્રણ કાળમાં, ચેતન ચેતન હોય.
બંધ મોક્ષ તો નહિ ઘટે, નિવૃત્તિ પ્રવૃત્તિ ન કોય ૩
બંધ મોક્ષ સંયોગથી, જ્યાં લગી આત્મ અભાન
પણ નહિ ત્યાગ સ્વભાવને, ભાખે જિન ભગવાન. ૪
વર્તે બંધ પ્રસંગમાં, તે નિજ પદ અજ્ઞાન.
પણ જડતા નહિ આત્મને; એ સિદ્ધાંત પ્રમાણ. ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત,
જીવ બંધન જાણે નહીં, કેવો જિન સિદ્ધાંત. ૬
પ્રથમ દેહ દૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ.
હવે દૃષ્ટિ થઈ આત્મમાં ગયો દેહથી નેહ. ૭
જડ ચેતન સંયોગ આ ખાણ અનાદિ અનંત,
કોઈ ન કર્તા તેહનો ભાખે જિન ભગવંત. ૮
મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહીં નાશ પણ તેમ,
અનુભવથી તે સિદ્ધ છે ભાખે જિનવર એમ. ૯
હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય,
એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય. ૧૦
પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરૂ, પરમ જ્ઞાન સુખધામ,
જેણે આપ્યું જ્ઞાન નિજ તેને સદા પ્રણામ. ૧૧

—શ્રીમદ્ રાજચંદ્ર

# શ્રી સદ્‌ગુરુ ભકિત રહસ્ય

## દોહરો

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દીનાનાથ દયાળ,
હું તો દોષ અનંતનો, ભાજન છું કરૂણાળ. ૧
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ. ૨
નથી આજ્ઞા ગુરૂદેવની, અચળ કરી ઉરમાંહી,
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં ૩
જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હું પામર શું કરી શકું, એવો નથી વિવેક,
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫

અચિંત્ય તુજ મહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ,
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬

અચળરૂપ આસક્તિ નહીં, નહી વિરહનો તાપ.
કથા અલભ્ય તુજ પ્રેમની, નહીં તેનો પરિતાપ- ૭

ભક્તિમાર્ગ પ્રવેશ નહીં, ભજન દઢ ભાન;
સમજ નહીં નિજધર્મની, નહી શુદ્ધ દેશે સ્થાન. ૮

કાળ દોષ કળીથી થયો, નહીં મર્યાદા ધર્મ;
તોયે નહીં વ્યાકુળતા જુઓ પ્રભુ મુજ ધર્મ ૯

સેવાને પ્રતિકુળ જે. તે બંધન નથી ત્યાગ;
દેહેન્દ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ ૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાંહી
નહીં ઉદાસ અન્નભક્તિથી, તેમ ગૃહાદિક માંહી ૧૧

અહં ભાવથી રહિત નહિ, સ્વધર્મસંચમ નાંહી,
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ ૧૨

એમ અનંત પ્રકારથી. સાધન રહિત હુંય,
નહીં એક સદ્ગુણ પણ, મુખ બતાવું શુંય ૧૩

કેવળ કરૂણામૂર્તિ છે, દીનબંધુ દીનનાનાથ
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪

અનંતકાળથી આથડયો. વિના ભાન ભગવાન;
સેવ્યા નહીં ગુરૂસંતને, મૂકયું નહીં અભિમાન ૧૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઉગ્યો ન અંશ વિવેક ૧૬
સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય,
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ૧૭
પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરૂ પાય
દીઠા નહીં નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય? ૧૮
અધમાધમ અધિકો, પતિત સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય? ૧૯
પડી પડી તુજ પદ પંકજે, ફરી ફરી માંગું એજ
સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દેજ. ૨૦

# અમૂલ્ય તત્ત્વ વિચાર

(હરિગીત છંદ)

બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ભવચક્રનો, આંટો નહિ એકે ટળ્યો,
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે, કાં અહો રાચી રહો?
લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો,
શું કુટુંબ કે પરિવારથી વધવા પણું એ નય ગ્રહો.
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એનો વિચાર નહિ અહોહો ! એક પળ તમને હવો
નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી મળે,
એ દિવ્ય શક્તિમાન, જેથી જંજીરેથી નીકળે,
પર વસ્તુમાં નહિં મુંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત દુઃખ તે સુખ નહિ.
હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારૂ ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરિહરૂં ?
એના વિચાર વિવેક પૂર્વક, શાંત ભાવે જો કર્યાં,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંત તત્ત્વો અનુભવ્યા,
તે પ્રાપ્ત કરવા વચન કોનું, સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો, તેહ જેણે અનુભવ્યું,
રે 'આત્મ તારો !; આત્મ તારો'; શીઘ્ર એને ઓળખો
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, મમ વચનને હૃદયે લખો.

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પંચપરમેષ્ટિ-વંદણા (ખામણાના સવૈયા)

## ॥ શ્રી અરિહંત ભગવંતને ॥

### (સવૈયા)

નમું શ્રી અરિહંત કરમકો કીયો અંત,
હુંવા સો કેવળવંત, કરુણા ભંડારી હૈ,
અતિશય ચોત્તીસ ધાર, પેંતીસ વાણી ઉચ્ચાર
સમજાવે નરનાર, પર ઉપકારી હૈ
શરીર સુંદર આકાર; સૂરજસો ઝલકાર,
ગુણ હૈ અનંતસાર, દોષ પરીહારી હૈ.
કહેત હૈ ત્રિલોકરીખ, મન વચન કાય કરી,
લળી લળી વારંવાર, વંદણા હમારી હૈ. ૧

## શ્રી સિદ્ધ ભગવન્તને

સકળ કરમ ટાળ વશ કર લીયો કાળ,
મુગતી મેં રહ્યા માલ આતમાકો તારી હૈ.
દેખત સકલ ભાવ, હુવા, હૈ જગતરાવ,
સદા હિ ક્ષાયક ભાવ, ભયે અવિકારી હૈ,
અચળ અટલ રૂપ, આવે નહિ ભવ કૂપ,
અનુપ સરૂપ ઉપ, એસે સિદ્ધ ધારી હૈ.
કહત હૈ તિલોકરીખ બતાવો એ વાસ પ્રભુ,
સદાહી ઉગતે સૂર, વંદણા હમારી હૈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી કેવળી ભગવંતને

ઘાતિ કર્મક્ષય કિયા મુક્તિ કામિ નાથ (તુમ)
હુવા આપ કેવળવંત, કરૂણા ભંડારી હૈ.
સમદષ્ટિ સમભાવ, આત્મવત્ સર્વ જીવ,
વિદેહી વિરાટરૂપે, આત્મભાવે સ્થિત હૈ.
જ્ઞાન-દર્શન-તપ-તેજ આવિર્ભાવ આપમેં,
દોષમુક્ત નાથ તુમ પર ઉપકારી હૈ.
ચિંતામણી રૂપ વિભુ મન-વચ-કાય કરી,
લળી લળી વારંવાર વંદણા હમારી હૈ

## શ્રી આચાર્યજીને

ગુણ હૈ છત્તીશ પુર ધરત ધરમ ઉર
મારત કરમ કુર સુમતિ વિચારી હૈ
શુદ્ધ સો આચારવંત સુંદર હૈ રૂપકંત.
ભણીયા સર્વ સિદ્ધાંત વાંચણી સુપ્યારી હૈ,
અધિક મધુર વેણ કોઈ નહિ લોપે કેણ,
સકલ જીવોંકા મોણ કીર્તિ અપારી હૈ.
કહેત હૈ ત્રિલોકરીખ હિતકારી દેત શિખ,
ઐસે આચારજ તાકુ વંદણા હમારી હૈ.

## શ્રી ઉપાધ્યાયજીને

પઢત આગીયારે અંગ કર્મસું કરે જંગ,
પાખંડીકો માનભંગ કરણ હુશીયારી હૈ,
ચઉદે પુરવધાર જાણત આગમ સાર,
Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવિયો કે સુખકાર ભ્રમણા નિવારી હૈ.
પઢાવે ભાવિક જન સ્થિર કરી દેત મન,
તપ કરી તાવે તન મમતા નિવારી હૈ.
કહેત હૈ ત્રિલોકખરીખ જ્ઞાન ભાનુ પરતિખ,
એસે ઉપાધ્યાય તાકુ વંદણા હમારી હૈ.

## શ્રી સાધુજીને

આદરી સંજમ ભાર કરણી કરે અપાર,
સુમતિ ગુપતિધાર વિકથા નિવારી હૈ.
જયણા કરે છકાય, સાવદ્ય ન બોલે વાય,
બુઝાય કષાય લાય, કિરિયા ભંડારી હૈ
જ્ઞાન ભણે આઠો જામ લેવે ભગવંત નામ,
ધરમકો કરે કામ મમતાકુ મારી હૈ,
કહેત હૈ ત્રિલોકરીખ કર્મોકો ટાળે વિખ,
એસે મુનિરાજ તાકુ વંદણા હમારી હૈ.

## શ્રી ગુરુદેવને વંદના

જૈસે કપડાકો થાન દરજી વેતન આણ,
ખંડખંડ કરે જાણ દેત તો સુધારી હૈ,
કાષ્ટકે જ્યું સૂત્રધાર હેમ કસે સુનાર,
માટીકે જો કુંભકાર પાત્ર કરે ત્યારી હૈ,
ધરતી કે કીરસાણ લોહકે લુહાર જાણ,
શીલવાટ શીલા આણ ઘાટ ઘડે ભારી હૈ.
કહેત હૈ ત્રિલોકરીખ સુધારે જ્યું ગુરુ શિષ્ય
ગુરૂ ઉપકારી નિત્ય, લીજે બલિહારી હૈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરૂ મિત્ર ગુરૂ માત ગુરૂ સગા ગુરૂ તાત
ગુરૂ ભૂપ ગુરૂ ભ્રાત ગુરૂ હિતકારી હૈ.
ગુરૂ રવિ ચંદ્ર ગુરૂ દેવ ગુરૂ ઈન્દ્ર,
ગુરૂ દેત હૈ આનંદ ગુરૂ પદ ભારી હૈ,
ગુરૂ દેવ જ્ઞાન ધ્યાન ગુરૂ દેત દાન માન,
ગુરૂ દેત મોક્ષસ્થાન સદા ઉપકારી હૈ,
કહેત હૈ ત્રિલોકરીખ ભલી ભલી દીની શીખ
પલપલ ગુરૂજીકો વંદણા હમારી હૈ.

## શ્રી શ્રાવકજી

ગુણ હૈ એકવીસ ઉર, ધર્મધ્યાને સ્થિત પુર,
જિન નામે ઝલકાર, શ્રાવક ગુણગાન હૈ.
પર ધન પથ્થર લેખે પર સ્ત્રી હૈ માત સમ,
બાર વ્રત ધારી શ્રાવક, પ્રણામ હમારા હૈ
પડિમાકુ સેવનાર, નવ તત્ત્વ જાણકાર,
દેવસે ભી ડગે નહિ, ઐસે ધર્મરક્ત હૈ.
ચિંતામણી ભાવ ભાવે, દાન શિયલ તપમેં,
મુજથી અધિક તેને વંદના હમારી હૈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાપનું પ્રાયશ્ચિત

## આર્યા

પરમાત્માને પ્રણમીને, પાપ બધાને પ્રતિક્રમું આજે
મન, વાણી, કાયાથી; દોષો નિંદી શુદ્ધ બનું આજે. ૧

## ઉપજાતિ

પ્રમોદ જાગે ન ગુણીજનોમાં, મૈત્રી ન જામે જગ જંતુઓમાં,
દિલ દ્રવે ના જન દુઃખી દેખી, તે કષ્ટનું મૂળ મને જણાયે. ૨

કુબુદ્ધિથી હું વ્રતને ઉલંઘ્યો; પ્રમાદથી મેં અતિચાર કીધો,
અરે અનાચાર ઘણા કર્યાં મેં નિંદી બધા દોષ પ્રતિક્રમું છું. ૩

પંચેન્દ્રિયો કે વિકલેન્દ્રિયોને શાથી અરે ચિત્ત હણી દુભવ્યા.
સંકલ્પ આજે સવળો કરીને, હિંસાથી મારા મનને નિવારું. ૪

જ્યાં સૂક્ષ્મ જંતુ અધિકા હણાયે,તે દોષનું કાર્ય ખરું ગણાવે,
વિવેક તે સંયમ આજ શોધી તે દોષને હું ન કરૂં હવેથી ૫

અરે પડોશી(કુટુંબી)જન લાગણીને,હાકર્મ વાણીમનથી દુભાવી
તે સૂક્ષ્મ હિંસા પણ દોષ પુંજ,દુષ્કર્મ તે આજ બધું પ્રજાળું. ૬

પ્રાણીજનો કો હણશો ન તેથી, હણાય દેહો ન હણાય દોષો
શોધી હણો દોષતણું જ મૂળ, હિંસા થકી ચિત્ત તમે નિવારી. ૭

દેખાય આ વિશ્વતણાં જ પ્રાણી, સૌ ઇચ્છતાં થવા ન વૈરી,
આત્મા બધા છે સ્વસમાન રૂપ, શાને હણે મૂઢ ! વિવેકશૂન્ય. ૮

વ્યાપારમાં કે બહુ અન્ય સ્થાને લોભી બની મેં સુવિચાર શૂન્ય
કીધા દગા કૈંક મૃષા પ્રપંચ, તે તે હણું આજ અસત્ય દોષ, ૯

છે સત્ય એ સૌ વ્રતનું જ મૂળ,જ્યાં સત્ય ત્યાં જ્ઞાન સુશાંતિમૂળ
તે સત્યમાં હું મન, દેહ,વાણી જોડીશ એ નિશ્ચય આજ મારો. ૧૦

ખાધું પીધું વસ્ત્ર સજ્યાં મજાનાં.આનંદ લૂંટયો ધનથી બીજાના;
કીધા બધા શોખ અરે નકામા, તે સ્તેયના દોષ હવે નિવારૂં. ૧૧

સ્વાર્થી બની મેં ધન અલ્પ આપી,લીધુ વધુ કાર્ય અન્ય જ પાસે,
રેરે ! અનર્થો બહુ સ્વાર્થ કાજે, છાજે ન તે દોષ હવે તજું છું. ૧૨

કીધી કુદષ્ટિ પરદારા દેખી, સેવી પર સ્ત્રી વિષયાંધ ભાવે,
કીધાં અરે સૃષ્ટિ વિરૂદ્ધ સંગો, દુષ્કર્મ તે મૂળ થકી પ્રજાળું. ૧૩

ભાર્યા સખા ને સતપ્રેમ પાત્ર. સદ્દરત્નદાત્રી ન વિકાર માત્ર,
માની સદા હું સહચારિણીથી રાખીશ સુસ્નેહ ખરો હવેથી. ૧૪

વેચી સુતા વિત્ત લઈ બુઢાને, કીધાં હશે મેં અણમેળ લગ્ન.
સ્વાર્થે ઠગ્યા કૈંક સુદંપતિને, તે દોષની આજ કરું વિશુદ્ધિ. ૧૫

રાખી સદા સંયમ ઇંદ્રિયોનો, સૌ જીભના સ્વાદ હવે જીતીને,
વિકાર ને ભોગવિલાસ છોડી, સ્ત્રી માત્ર માનું જનની સમાન. ૧૬

ધન, ધરામાં; સુત, કામિનીમાં, પદાર્થમાં રાગ મમત્વ પોષ્યું,
અધર્મમાં વ્યાકુળ ચિત્ત તેથી, સંસારમાં શાંતિ ન લેશ પામે ૧૭

સંચેલ વસ્તુ ન શર્ણ આપેઃ મૂકી સિધાવ્યા નર કૈંક શાણા;
છે અલ્પ આયુકર કર્મ સારૂ; હે આત્મા તું આ નરદેહ પામી. ૧૮

મળ્યું ઘણું તોય ન લોભ છૂટયો, વિદેશ આવી કરતાં કમાણી,
વ્યાપારમાં પાપ અનેક કીધાં, દુષ્કર્મ તે સર્વ હવે વિદારૂં. ૧૯

ખાવાપીવામાં ન મળે સીમા કેંક. કિંવા ગ્રહી ટેક કદી ન પાળું
જરૂરિયાતો અધિકી વધારી. તે દોષને આજ થકી નિવારૂં. ૨૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનિષ્ટ યોગે પ્રિયના વિયોગે, ચિંતા અને રોગ વિષે તથા જે
પીડા અને શોક અનર્થ થાય, તેને હણું આત્મબળેથી આજે. ૨૧

વિશુદ્ધ સામાયિક પૌષધાદિ, અધ્યાત્મ ભાવે ન કર્યાં કદાપિ,
કીધા વ્રતો આશ અનેરી રાખી. તે પાપને આજ હણું વિચારી. ૨૨

જે દ્રવ્યવિદ્યા અધિકારશક્તિ, પામ્યો પ્રજાની ભીડ ભાંગવાને,
સાધનોથી ન થયાં સુકર્મ, તે દુઃખ મારા મનમાં ન માય. ૨૩

કર્યાં ઉપાયો સુખ શાન્તિ સારૂં, તથાપિ દુઃખો જગમાં જણાયાં,
તે દુઃખનું મેં આજ શોધ્યું, જ્યાં દુઃખ ત્યાં હું સુખનેજ માનુ. ૨૪

આત્મા, જરા મૃત્યુ થકી વિભિન્ન, વિજ્ઞાન રૂપે સુખ સિંધુ લીન
સાચુ અરે આ સુખ છોડી મારૂં, દેહે ભમે શું મન તે નઠારૂં. ૨૫

છોને સજો ભૂષણ–વસ્ત્ર ખાસ, સિંચો ભલે પુષ્પ તણી સુવાસ,
દુર્વાસપૂર્ણ પ્રતિ રોજ થાય, ત્યાં મોહ શા રોગ ગૂહ ગણાય. ૨૬

પળે પળે આયુષ્ય અલ્પ થાય, સંધાયું ના જીવત ચાલ્યું જાય.
મૂકી છતાં બાહ્યસુખો સ્વમાર્ગે, વળે ન આત્મા મમ મૂઢા કેવો ? ૨૭

માતાપિતા, મિત્ર સુપુત્ર, પત્નિ ન એ બધાં મૃત્યુ થકી નિવારે,
વિપત્તિ મૃત્યુ તણાજ કાળે. સદ્ધર્મ પુણ્યશરણું જ આપે. ૨૮

રાગાદિદોષ ઘનઘાતિકકર્મમારી, અધ્યાત્મજ્યોતિવળી કેવળીજ્ઞાનધારી
ચોત્રીસજેઅતિશયોધરીનેવિલસે, ને વિશ્વનાજનહિતાર્થે સુબોધભાવે

છે સૂર્ય કાન્તિસમદેહ સુદીપ્યમાન, આકારવર્ણ શુભચિન્હસુરમ્યસ્થાન
ભંડાર તે ગુણતણા અરિહંત દેવ, તેનીકરું મન અને મુખથી સુસેવ ૩૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (માલિની)

સકલ સુભગ વર્ણું દુઃખ સંસાર તીર્ણ,
અચલ સુખસ્વરૂપ સિદ્ધિસ્થાન પ્રપન્ન
વિગત સકલ કર્મ જ્યાં નથી જન્મ ધર્મ.
જિનપતિ ગુણ ગાઉં, તે જ સર્વજ્ઞના હું. ૩૧

## વસંતતિલકા

છત્રીસ સદ્ગુણ ધરી સમભાવ યુક્ત,
જ્ઞાન ક્રિયાધર સુવાચક શાસ્ત્રપૂર્ણ,
સદ્બોધ દાન કરતાં જગ જંતુઓને,
આચાર્ય કીર્તિધરને મુજ વંદના હો. ૩૨–૩૩

## વસંતતિલકા

પાખંડ ભંગ કરતાં અગિયાર અંગો.
શીખી સુયુદ્ધ કરતા નિજ કર્મ સંગે,
શંકા નિવારી જનને નિજ ધર્મ સ્થાપે.
નિર્મોહી દાન્ત નમું પાઠક સાધુજીને. ૩૪–૩૫
જ્યાં નિત્ય પાંચ સમિતિ ત્રણ ગુપ્તિભાન,
ને ત્યાગ સંયમ, ક્રિયા ધનનાં નિધાન.
જ્યાં ક્ષાન્તિ કોપ સમવા જલના સમાન,
તે ધ્યાન; પાપ વિકથા હણવા કૃપાણ. ૩૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વાધ્યાયરક્ત દુરિતૌઘ વિદારનાર,
સંસાર પાર કરનાર સુધર્મધાર.
જે છે સુસંત ગુણવંત મહંત તેને,
કાયા વચો મન થકી નમું વારંવાર. ૩૭

## અનુષ્ટુપ

દેવ ગુરુ તથા ધર્મ, આરાધીને સુભાવથી,
કલ્યાણ ધ્યેયન સાધું, બીજી આશા કંઈ નહિ. ૩૮

## શાર્દૂલ વિક્રીડિત

છેલ્લા શ્વાસ સુધી નિરંતર રહો, આ સંયમી ભાવના.
આધ્યાત્મ સ્થિતિમાં વહો મુજ ઉરે, કલ્યાણની સાધના
આવે કાળ ભલે વિપદ શિર પડે, ના દુઃખ કે વાસના,
થાજો પ્રાપ્ત સુધર્મ અંત સમયે, એકે બીજી આશ ના.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી જીવરાશીની સજઝાય

હવે રાણી પદ્મમાવતી, જીવરાશિ ખમાવે ॥
જાણપણુ જગતે ભલું, એણી વેળાએ આવે ॥
તે મુજ મિચ્છા મિ દુક્કડં ॥૧॥

ભવ અનંતાએ કરી, અરિહંતની શાખ ॥
જે મે જીવ વિરાધિયા, ચોરાશી લાખ ॥ તે મુજ. ॥૨॥
સાત લાખ પૃથ્વી તણા, સાતે અપકાય,
સાત લાખ તેઉ કાયના, સાતે વળી વાય ॥ તે મુજ. ॥૩॥

દસ લાખ પ્રત્યેક વનસ્પતિ, ચઉદે સાધારણ ॥
બે, તે, ચૌરેંદ્રિ જીવના, બે બે લાખ વિચાર ॥ તે મુજ. ॥૪॥

દેવતા તિર્યંચ નારકી ચાર ચાર લાખ પ્રકાશી;
ચઉદ લાખ મનુષ્યના, એમ લાખ ચોરાશી ॥ તે મુજ. ॥૫॥
ઇણ ભવે પરભવે સેવિયાં; જે પાપ અઢાર ॥
ત્રિવિધે ત્રિવિધે કરી પરિહરૂં, દુર્ગતિનાં દાતાર ॥ તે મુજ. ॥૬॥

હિંસા કીધી જીવની; બોલ્યા મૃષાવાદ ॥
દોષ અદત્તા દાનના, મૈથુન ઉન્માદ ॥ તે મુજ. ॥૭॥

પરિગ્રહ મેળવ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ ॥
માન માયા લોભ મેં કર્યા, વળી રાગ ને દ્વેષ ॥ તે મુજ. ॥૮॥

કલહ કરી જીવ દુભવ્યા, દીધાં કુડાં કલંક,
નિંદા કીધી પારકી, રતિ અરતિ નિશંક ॥ તે મુજ. ॥૯॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાડી કીધી પારકી, કીધો થાપણુ મોસો ॥
કુગુરુ કુદેવ કુધર્મનો ભલો આણ્યો ભરૂસો ॥ તે મુજ. ॥૧૦॥
ખાટકીને ભવ મેં કર્યાં, જીવના વધ ઘાત ॥
ચાડીમાર ભવે ચરકલાં, માર્યાં દિન ને રાત ॥ તે મુજ. ॥૧૧॥
કાજી મુલ્લાને ભવે, પઢી મંત્ર કઠોર ॥
જીવ અનેક જબ્બે કર્યાં, કીધાં પાપ અઘોર ॥ તે મુજ. ॥૧૨॥
માછીને ભવે માછલાં, ઝાલ્યાં જળવાસ ॥ ધીવર ભીલ કોળી
ભવે, મૃગ પાડયા પાસ ॥ તે મુજ. ॥૧૩॥
મેં કીયા, આકરા કર દંડા બંધીવાન મરાવિયા;
કોરડા, છડી, દંડ ॥ તે મુજ. ॥૧૪॥
પરમાધામીને ભવે મેં દીધાં નારકીને દુઃખ ॥
છેદન ભેદન વેદના, તાડન અતિ તિખ્ખ ॥ તે મુજ. ॥૧૫॥
કુંભારને ભવે મેં કિયા, કાચા નિભાડા પકાવ્યા ॥
તેલી ભવે તલ પીલીયા, પાપે પિંડ ભરાવ્યા ॥ તે મુજ. ॥૧૬॥
ખેડુ ભવે હળ ખેડીઆં, ફોડયાં પૃથ્વીના પેટ ॥
સૂડ નિંદણુ કિયાં ઘણું, દીધા બળદ ચપેટ ॥ તે મુજ. ॥૧૭॥
માળી ભવે રોપ રોપિયા, નાનાવિધ વૃક્ષ ॥
મૂળ, પત્ર–ફલ ફૂલનાં; લાગ્યાં પાપ અલક્ષ ॥ તે મુજ. ॥૧૮॥
અધોવાહ્યાને ભવે, ભર્યા અધિકા ભાર ॥
પોઠી ઊંટ કીડા પડયાં, દયા નાણી લગાર ॥ તે મુજ. ॥૧૯॥
છીપાને ભવે છેતર્યા, કીધા રંગણુ પાશ ॥
અગ્નિ આરંભ કીધા ઘણા, ધાતુર્વાદ અભ્યાસ ॥ તે મુજ. ॥૨૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુરપણે રણ ઝુઝતાં, માર્યા માણુસ વૃંદ ॥
મદિરા, માંસ, માખણ ભક્ષ્યાં, ખાધાં મૂળ ને કંદ ॥ તે મુજ. ॥૨૧॥
ખાણ ખણાવી ધાતુની, અણગળ પાણી ઉલેચ્યાં ॥
આરંભ કીધા અતિઘણા, પોતે પાપ જ સંચ્યા ॥તે મુજ. ॥૨૨॥
અંગાર કર્મ કર્યાં વળી, ઘરમેં ધ્વજ, દીધા ॥
સમ ખાધા વીતરાગના. કુડા કોસ જ કીધા ॥ તે મુજ. ॥૨૩॥
બીલ્લી ભવે ઉંદર ગળ્યા. ગિરોળી હત્યારી ॥
મૂઢ ગમાર તણે ભવે; મેં જુ લીખ મારી ॥ તે મુજ. ॥૨૪॥
ભાડભુંજા તણે ભવે. એકેન્દ્રિય જીવ ॥
જાર ચણા ઘઉં શેકિયા. પાડતા રીવ ॥ તે મુજ. ॥૨૫॥
ખાંડણ; પીસણ. ગારના આરંભ કીધા અનેક ॥
રાંધણ. ઈંધણ અગ્નિનાં; પાપ લાગ્યાં વિશેષ ॥ તે મુજ. ॥૨૬॥
રૂદન વિકથા ચાર કીધી વળી; સેવ્યા પંચ પ્રમાદઃ
ઇષ્ટ વિયોગ પડાવિયાઃ વિષવાદ ॥ તે મુજ. ॥૨૭॥
સાંપ વીંછી સિંહ ચીતરા; શકરા ને સમળી;
હિંસક જીવ તણે ભવેઃ હિંસા કીધી સબળી તે મુજ ॥૨૮॥
સુવાવડી દુષણ ઘણાં; વળી કાચા ગર્ભ ગળાવ્યા ॥
જીવાણી ઢોળ્યાં ઘણાં; શિયળવ્રત ભંગાવ્યા ॥તે મુજ. ॥૨૯॥
ધોબીના ભવ જે કર્યા, જળના જીવ સુંવાળા ॥
ધૂળે કરી જળ રોળીઆં, દાન દેતા નિવાર્યાં ॥તે મુજ. ॥૩૦॥
લુહારના ભવ જે કર્યાં, ઘડયાં શસ્ત્ર અપાર ॥
કોસ કોદાળા ને પાવડા, ધિખ ધિખતી તલવાર ॥તે મુજ. ॥૩૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુજ્જરના ભવ જે કર્યાં. લીલા ભારા વઢાવ્યા ॥
પાડીને બેલાં મેલીઆં, પડે ઉઠી છે જવાળા ॥ તે મુજ. ॥૩૨॥
ઓડના ભવ જે કર્યાં, કુવા વાવ ખોદાવ્યાં ॥
સરોવર ગળાવીઆ વળી ટાંકા બંધાવ્યા ॥ તે મુજ. ॥૩૩॥
વાણીઆના ભવ જે કર્યાં, કુડા લેખ લખાવ્યાં ઓછું આપી
અધીકું લીધું, કુડા માપ રખાવ્યાં ॥ તે મુજ. ॥૩૪॥
હાથીના ભવ જે કર્યાં, વેલુડી વેલુર્યાં પંખી માળા ચુંથીયા,
પાપે પેટ જે ભર્યાં ॥ તે મુજ. ॥૩૫॥
કેરી ને કોઠીંબડાં, વળી લીંબુ જ મોર્યાં,
રાઇ ચઢાવી સેલણે, પોતે પાપ જ સિંચ્યાં ॥ તે મુજ. ॥૩૬॥
અણગળ આંધણ મેલીયાં, અણ પુંજ્યે ચુલે,
અણસોયા કણ ઓરીઆ, તેનાં પાપ કેમ ભૂલે ॥ તે મુજ. ॥૩૭॥
ભવ અનેક ભમતાં થકાં, કીધા કુટુંબ સંબંધ, ત્રિવિધે
ત્રિવિધે કરી વોસિરું, તિણ શું પ્રતિબંધ ॥ તે મુજ. ॥૩૮॥
ભવ અનેક ભમતાં થકા, કીધો દેહ સંબંધ ॥
ત્રિવિધે ત્રિવિધે કરી વોસિરૂં તિણ શું પ્રતિબંધ ॥ તે મુજ. ॥૩૯॥
ભવ અનેક ભમતાં થકા, કીધો પરિગ્રહ સંબંધ ॥
ત્રિવિધે ત્રિવિધે કરી વોસિરૂ, તિણ શું પ્રતિબંધ ॥ તે મુજ. ॥૪૦॥
એણી પરે ઈહભવ, પરભવે, કીધાં પાપ અખત્ર ॥
ત્રિવિધે ત્રિવિધે કરી પિરહરૂં, કરું જન્મ પવિત્ર ॥ તે મુજ. ॥૪૧॥
હવે રાણી પદ્દમાવતી; કીધા શરણા ચાર ॥
સાગારી અનશન કર્યો, જાણપણાનુસાર ॥ તે મુજ. ॥૪૨॥
રાગ વૈરાડી જે સુણે, એ ત્રીજી ઢાળ ॥
સમય સુંદરે કહે પાપથી છુટે તે તત્કાળ ॥ તે મુજ. ॥૪૩॥

॥ ઇતિ સંપૂર્ણ. ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે
શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે.
ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારૂં નૃત્ય કરે;
એ સંતોના ચરણ કમળમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે.
દીન ક્રુર ને ધર્મ વિહોણાં, દેખી દિલમાં દર્દ રહે;
કરૂણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે.
માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઉભો રહું,
કરે ઉપેક્ષા એ માર્ગની, તોયે સમતા ચિત્ત ધરૂં.
વીર પ્રભુની ધર્મભાવના હૈયે સૌ માનવ લાવે,
વેર ઝેરનાં પાપ તજીને, મંગળ ગીતો એ ગાવે.

卐

## સિદ્ધ પરમાત્માની સ્તુતિ

### (હરિગિત છંદ)

તુમ્હે તરણ તારણ, દુઃખ નિવારણ, ભવિક જીવ આરાધનં,
શ્રી નાભિનંદન જગત વંદન, નમો સિદ્ધ નિરંજન ૧

જગત ભૂષણ વિગત દુષણ, પ્રણવ પ્રાણ નિરૂપકં !
ધ્યાન રૂપં અનુપ ઉપમં, ૨
નમો. ગગનમંડળ મુક્તિ પદવી, સર્વ ઉર્ધ્વ નિવાસીનં,
જ્ઞાન જયોતિ અનંત રાજે નમો. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજ્ઞાન નિદ્રા વિગત વેદન, દલિત મોહ નિરાયુષં !
નામ ગોત્ર નિરંતરાયં નમો. ૪

વિકટ ક્રોધા માન યોદ્ધા; માયા લોભ વિસર્જનં રાગ-દ્વેષ
વિમર્દ અંકુર નમો. ૫

વિમલ કેવલ જ્ઞાન લોચન; ધ્યાન શુકલ સમીરિતં !
યોગીના અતિગમ્ય રૂપં નમો. ૬

યોગ ને સમોસરણ મુદ્રા, પરિપલ્યંકાસનં,
સર્વ દીસે તેજ રૂપં નમો. ૭

જગત જીનકો દાસ દાસી, તાસ આસ નિરાસનં,
ચંદ્રરૂપે પરમાનંદરૂપ નમો. ૮

સ્વસમય સમકિત દૃષ્ટિ જિનકી, સોઓ યોગી અયોગિકં,
દેખતામાં લીન હોવે નમો. ૯

તીર્થ સિદ્ધા અતીર્થ સિદ્ધા ભેદ પંચ દસાધિક !
સર્વ કર્મ વિમુક્ત ચેતન નમો. ૧૦

ચંદ્ર સૂર્ય દીપ મણિકી, જ્યોતિ તેન ઉલંઘિતં,
તે જ્યોતિથી અપરમ જ્યોતિ નમો. ૧૧

એક માંહિ અનેક રાજે, અનેક માંહી એકીકં
એક અનેકકી નાહિ સંખ્યા, નમો. ૧૨

અજર અમર અલક્ષ અનંત, નિરાકાર નિરંજનં;
પરિબ્રહ્મ જ્ઞાન અનંત દર્શન નમો. ૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અતુલ સુખકી લહેરમે પ્રભુ લીન રહે નિરંતર,
ધર્મ ધ્યાનથી સિદ્ધ દર્શન નમો. ૧૪
ધ્યાન ધુપં મનઃ પુષ્પં પંચેન્દ્રિય હુતાશનં,
ક્ષમા જાપ સંતોષ પૂજા, પુજો દેવ નિરંજન, નમો. ૧૫
તુમ્હેં મુક્તિ દાતા કર્મઘાતા ! દીન જાણી દયા કરો ? સિદ્ધારથ
નંદન જગત વંદન મહાવીર જીનેશ્વર....નમો. ૧૬

# શ્રી અરિહંતની સ્તુતિ

નમું નમું રે દેવ અરિહંતા !
નમું નમું રે દેવ અરિહંતા !

પ્રભુ શિવ રમણી કે કંતારે નમું (૨) ॥૧॥
ઘનઘાતી કરમ સબ હંતા (૨)
સબ જાનત કેવળવંતારે, નમુ....
પ્રભુ શિવ રમણી કે કંતારે, નમું (૨) ॥૨॥
પ્રભુ અતિશય. ચોત્રીસ સોહંતા,
પ્રભુ તીન ભવનમેં મહંતારે નમું....
પ્રભુ શિવ રમણી કે કંતારે, નમું (૨) ॥૩॥
એક જોજન વાણી વરસંતા, (૨)
ચાર તીરથની સ્થાપના કરતાં રે નમું....
પ્રભુ શિવ રમણી કે કંતારે, નમું (૨) ॥૪॥
ત્રિલોકઋષિ તનમનસે નમંતા (૨)
શિવ દીજો શ્રી ભગવંતારે નમું....
પ્રભુ શિવ રમણી કે કંતારે, નમું (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી ચોવીસ જિનની સ્તુતિ

ઋષભ અજિત જિનનાથ, સંભવ અભિનંદના !
સુમતિ પદ્મ સુપાર્શ્વ, ચંદ્ર પ્રભુ વંદના (૨) ૧
સુવિધિ શીતળ શ્રેયાંસ કે, વાસુપૂજ્ય ધ્યાઇએ !
વિમળ અનંત ધર્મનાથ શાન્તિ ગુણ ગાઇએ (૨) ૨
કુંથું અરં ચ મલ્લિનાથ, મુનિસુવ્રત નિર્મલા
નમિ અરિષ્ટ નેમિનાથ પાર્શ્વ મહાવીર ભલા (૨) ૩
એ ચોવીસીના નામકે, નિત્ય પ્રત્યે ધ્યાઇએ !
જન્મમરણ દુ;ખ દૂર, મુક્તિ પદ પાઇએ (૨) ૪
એ ચોવીસીનાં નામકે, નિત્ય પ્રત્યે ભજો
હિંસા જુઠ અદત્ત, મૈથુન પરિગ્રહ તજો (૨) ૫
વીસ તે વાંદુ વિહરમાન, ઇગ્યારે વંદુ ગણધરા !
બે કર જોડી નમું શિશ કે, સાચા જીનેશ્વરા. (૨) ૬
કવીશ્વર કહે કરજોડ, સુણોરે ભવિ પ્રાણીયાં !
કર્મહરણ એ ઉપાય કે જગમાંહી જાણીયા (૨) ૭
સાચો શ્રી જિન ધર્મ, કુવ્યસનમાં જો વસ્યો !
ચાલ્યો કુકર્મની ચાલ, ચોરાશીમાં ભટકીયો (૨) ૮
ભમ્યો અનંતો કાળ કે, ધર્મવિના કુગતિમાં !
પ્રભુજી કરજો મુજ પર મહેર, કે મેલજો મુક્તિમાં ૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી જિનેશ્વર સ્તુતિ

ભજું ભાવથી હું પ્રભુ આદિનાથ,
કરે સર્વને સર્વદા તે સનાથ !
અજીત પ્રભુ સર્વ તેં કર્મ જીતી;
મટાડી મહા દુઃખદા જન્મ ભીતિ: ૧

કૃપાળુ પ્રભુ સંભવનાથ સ્વામી,
મટાડો પ્રભુ માહરી સર્વ ખામી,
અભિનંદન સ્વામી સંતાપ હારી.
કરૂ વંદના આપને પ્રેમ ધારી ! ૨

કુડી કુમતિ સુમતિનાથ મારા,
દયાળુ દીનાનાથ દેજો નિવારી,
પડી પદ્મ જીનેન્દ્ર પાયે તમારી
કરુ અર્જ હું આપને ઉર ધારી ! ૩

સદાનંદી સુપાર્શ્વ આનંદ આપો,
મહારાજ મારૂ મહા કષ્ટ કાપો,
ગતિ ચાર ટાળી પ્રભુ ચંદ્રનાથ,
કરો શાંતિ, શાંતિ, કહું જોડી હાથ ! ૪

વિધિને હરાવ્યા સુવિધિ પ્રભુ તેં,
નહિ આપ વિના પ્રભુ કોઈ જીતે.
હરો સંકટો શીતળનાથ સ્વામી,
કરો સુખને દુઃખ દારિદ્ર વામી ! ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમે ઇંદ્ર ને ચંદ્ર નાગેન્દ્ર સૂરો,
મારી આશ શ્રેયાંસજી સર્વ પૂરો,
હરો વાસના માહરી વાસુપૂજ્ય,
ખરો દેવ તું છે, પ્રભુ જગત પૂજ્ય! ૬

પ્રભુ વિમળનાથ છો વીતરાગી,
તુમ જાપથી જાય દારિદ્ર ભાગી,
ક્ષમા ધર્મને તેં ધર્યો અનંતનાથ,
હરો દુઃખ મારા કહું જોડી હાથ! ૭

સદા શાંતિ શાંતિ જિનેન્દ્ર છો ધર્મનાથ,
કરો શાંતિ શાંતિ દુઃખને નિવારી,
કૃપા કુંથુમાં કુંથુજીવને બચાવી,
દયા રાખજો દાસની અર્જ ધારી! ૮

અરિ નાસજો શ્રી અરનાથ મારા,
જપું જાપ તો ભાવથી હું તમારા,
પ્રભુ મલ્લિ જિનેન્દ્ર કલ્યાણકારી.
દીપે દેહ પચીસ ધનુષ્ય ધારી! ૯

દયાળુ મુનિ સુવ્રતનાથ સાચા,
અરે જગતના ઠાઠ છે, સર્વ કાચા,
નમાવું નમિ નાથને શિર મારૂં,
પ્રભુ નામ કલ્યાણકારી તમારૂં, ૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળ્યા તોરણેથી પ્રભુ નેમનાથ,
હણી કામિની કલ્પના જગનાથ,
ખરો આશરો પાર્શ્વ જીનેન્દ્ર તારો,
દુઃખી દાસને દુઃખથી રે ઉગારો ! ૧૧
નમું ત્રિશલાનંદ આનંદકારી,
ક્ષમાથી ભરી હે પ્રભુ, મૂર્તિ તારી,
કરૂં વિનંતી હે પ્રભુ, હાથ જોડી,
નમું હું નમુ આપને માન મોડી ! ૧૨
સ્તુતિ જિનની ભાવથી જેહ ગાશે,
મુનિ કહે તે તે મુક્તિમાં જાશે,

(દોહરો)

એ ચોવીસે જિનતણાં, લેતા નિત્ય નામ
રોગ, શોક સંકટ ટળે, સિદ્ધ હોવે સહુ કામ ૧૩.

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વીર જિનના ચૌદ સ્વપ્નનું સ્તવન

રાયરે સિદ્ધારથ ઘેર પટરાણી નામે ત્રિશલા સુલક્ષણી એ, રાજભુવન માંહે પલંગે પોઢતાં ચઉદ સ્વપ્ન રાણીએ લહ્યાં એ. ॥૧॥ પહેલેરે સ્વપ્ને ગયવર દીઠો, બીજે વૃષભ સોહામણો એ; ત્રીજે સિંહ સુલક્ષણો દીઠો, ચોથે લક્ષ્મીજી દેવતા એ. ॥૨॥ પાંચમે પંચ વરણી ફુલની માળા, છઠ્ઠે ચંદ્ર અમીય ઝર્યો એ, સાતમે સૂરજ આઠમે ધ્વજા, નવમે કળશ અમીય ભર્યો એ. ॥૩॥ પદ્મ સરોવર દશમે દીઠું, ખીરસમુદ્ર અગિયારમેએ, દેવ વિમાન તે બારમે દીઠું, રણુઝણુ ઘંટા વાજંતાં એ. ॥૪॥ રત્નનો રાશિ તે તેરમે દીઠો, અગ્નિશીખા દીઠી ચઉદમે એ, ચૌદ સ્વપ્ન લહી રાણીજી જાગ્યાં, રાય સમોવડ પહોંચીયાં એ. ॥૫॥ સુણો રે સ્વામી મેં તો સોણલાં લાધ્યાં, પાછલી રાત રળિયામણી એ; રાય રે સિદ્ધારથ પંડિત તેડયા, કહોરે પંડિત ફળ એહનાં એ. ॥૬॥ અમ કુળ મંડણ તુમ કુળ દીવો, જયવંતા તીર્થંકર જન્મશે એ; જે નર ગાવે તે સુખ પાવે, આનંદ રગ વધામણાં એ. ॥૭॥

# આલોચના

પ્રથમ નમુ અરિહંતને બીજો સિદ્ધ ભગવંત,
ત્રીજા ગુરુ ગુણવંતને, મેં કીધા પાય અનંત.
તે મુજ મિચ્છામિ દુકકડં

આલોઉં પાપ તમામને, અનંત સિદ્ધોની શાખ,
કૃત્ય અઘોર મેં કીધાં, ઉઘાડી નહીં આંખ....તે મુજ. ૨

ત્રસ સ્થાવરને મે હણ્યા, કરવાને મુજ સુખ,
જીવ કાયાથી જુદા કીયાં, દીધા અનંત દુઃખ....તે મુજ. ૩

પૃથ્વીના પેટ મેં ફોડયાં, તોડીતરૂવર ડાળ;
અગ્નિ આરંભ કીધા ઘણાં, છોડાવ્યા ધાવન્તા બાળ...તે મુજ. ૪

પગ પંખી પકડી તોડીયા, છેદ્યા કંઇકિના શિષ,
કંઇકિને મસળી મારીયા, કંઇકિ પર કરી રીસ....તે મુજ. ૫

જુઠું બોલ્યો જશ ખાટવા, મલકયો મન માંય,
હસી હસી કર્મ બાંધીયાં, પસ્તાવો બહુ થાય....તે મુજ. ૬

માન મૂકી વટને કારણે, વળી ભરવા મુજ પેટ.
આડું અવળું ઘણું વેતર્યું, ભાન ભૂલી ગયો છેક....તે મુજ. ૭

ચોરી તણી ચીજો સંઘરી, કીધો ઘાત વિશ્વાસ,
વિષયતણો વૃદ્ધિ થયો, (કંઇકિના) કાઢયા સત્યાનાશ...તે મુજ. ૮

આ ભવ પર ભવ ભોગવ્યા, કામભોગ અપાર,
અંધ બન્યો અતિ વિષયમાં, ન.બ્યો કાંઇ વિચાર....તે મુંજ. ૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લપટાણો રમણીના સંગમાં, લુંટાણોભર બજાર,
રતિ એક ધર્મ રહ્યો નહિ, પ્રભુ કરો નિસ્તાર....તે મુજ. ૧૦
માલમત્તા ધન મેળવ્યું, જીવે અનંતીવાર,
મારું મારું મૂઢ કરી રહ્યો, દુઃખ છે, અપરંપાર....તે મુજ. ૧૧
કર્મ કઠોર બાંધી કરી, ભેળું કર્યું ધનધાન્ય,
પ્રાણ જતાં પણ ન પચખીયા, આવી નહિ શુદ્ધ સાન....તે મુજ. ૧૨
ક્રોધ માન કીધાં ઘણાં, રાખ્યો ખાર અપાર,
કપટકળા કાયમ કેળવી, ભટકયો ભવ મોઝાર....તે મુજ. ૧૩
માન અને મગરુબીમાં. મજબુત મેળવ્યાં મેં પાપ,
અહંકાર ધર્યો મેં અંગમાં જપ્યા નહિ પ્રભુ (તુમ)જાપ....તે મુજ
મોટાઈના મધુપાનથી, પૂરો થયો જડ વંક,
જાણ્યો નહિ જૈન ધર્મ મેં, વળ્યો પાપને પંથ....તે મુજ. ૧૫
રચ્યો પચ્યો રહ્યો રાગદ્વેષમાં, વાણી અધિક ઉલ્લાસ,
સત્યવસ્તુ સમજ્યો નહિ, મૃગ પડયો, જેમ પાશ....તે મુજ. ૧૬
વ્રત પચ્ચકખાણ લઈ ભાંગીયા, આપી ગુરુજીને ગાળ,
જ્ઞાનદાતાને દગો દીધો, કુડાં ચઢાવ્યા આળ....તે મુજ. ૧૭
લાભે ને લોભે મેં જીવડા ઉગાર્યા નહિ એક,
રૌદ્ર ધ્યાન હૃદયે ધરી માર્યા જીવ અનેક તે....મુજ. ૧૮
ભોળા જીવો ભરમાવીને; અશુદ્ધ કર્યો આચાર,
ધર્મ તણો દ્વેષી થયો, કર્યો ઢોંગ અપાર....તે મુજ. ૧૯
એ આદિ અવિનય અતિ કીધા કહેતાં નાવે પાર;
ચરમ જિનેશ્વરની સાક્ષીએ, આલોઉં છું નિરધાર....તે મુજ. ૨૦

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દિવાળીનું સ્તવન

પુરવ દિશે હુઈ પાવાપુરી, ધનધાન્ય ઋદ્ધિ સમૃદ્ધિ શું ભરી;
હસ્તિપાળ નામે તિહાં ભૂપાળી વીર મુંગતે બીરાજ્યા દિન
દીવાળી ॥૧॥

ગૌતમે ગુરુની સેવા કીધી મનમાની, એક રાતમેં હુવા કેવળજ્ઞાની,
જી કે ચૌદ રાજ્ય રહ્યાં ભાળી ॥ વીર૦ ॥૨॥
અઢારે રાય હુવા ભગતા, દોય દોય પોષા કીધાં લગતા !
જી કે વીર સામું રહ્યા ભાળી ॥ વીર૦ ॥૩॥
પ્રભુએ દોય દિનનો સંથારો કીધો, સોળ પહોર લગે ઉપદેશ દીધો,
પ્રભુ મુક્તિ ગયા કર્મને ગાળી ॥ વીર૦ ॥૪॥

પ્રભુએ ત્રીશ વર્ષે સંયમ લીધો, નિજ આતમકારજ સિદ્ધ કીધો;
વરસ બેંતાળીશ દીક્ષા પાળી ॥ વીર૦ ॥૫॥
પ્રભુના સાતસેં ચેલા ચૌદસેં ચેલી, જેને મુક્તિ મહેલમાં દીયાં મેલી
જેણે કર્મનાં બીજ દીયાં બાળી ॥ વીર૦ ॥૬॥

પ્રભુને એક રાણી ને હુઈ એક બેટી,
જેઓ મુક્તિ ગયાં દુઃખ દીયા મેટી, જમાઈ હુઓ જેનો જમાલી
॥ વીર ॥૭॥

પ્રભુને એક બહેન ને એક જ ભાઈ,
જેઓ સ્વર્ગે ગયાં સમક્તિ પાઈ; શ્રાવકના વ્રત શુદ્ધ પાળી ॥વી૦ ૮

ઋષભદત્ત ને દેવાનંદા માતા, નયણે નીરખતાં હુઈ શાતા !
દોનું મુક્તિ ગયાં કર્મને ગાળી ॥ વીર૦ ॥૯॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધાર્થ રાજા ને ત્રિશલા રાણી, જેણે સંથારો કીધો સમતાઆણી
અચ્યુત દેવલોકે ટાંકો દીયો ઝાળી ॥ વીર૦ ॥૧૦॥
જેણી રાતે વીર મુક્તિ પામી, કેવળ પામ્યા ગૌતમ સ્વામી,
જ્યારો જાય જપો નવકારવાળી ॥ વીર૦ ॥૧૧॥
સુધર્મા સ્વામી હુઆ પાટના ધણી, જ્યારી કીર્તિ મહિમા જોર ઘણી,
દયા મારગ દીયો અજવાળી ॥ વીર૦ ॥૧૨॥
જ્યારી પાટે હુવા જંબુ વૈરાગી, રાતે પરણ્યા પ્રભાતે આઠે ત્યાગી
સોળ વર્ષ મેં કાટી કર્મ જાળી ॥ વીર૦ ॥૧૩॥
આઠે ભામિની વૈરાગે ભીની, પ્રભાતે પ્રિયુ સાથે દીક્ષા લીની,
અવિહડ પ્રીત સઘળી પાળી ॥ વીર૦ ॥૧૪॥
પ્રભવો હુઓ રાજાનો બેટો, જેનો જંબુ કુંવર સું હુવો રે ભેટો;
પાંચસેં શું વૈરાગ્ય પામ્યો તત્કાળી ॥ વીર. ॥૧૫॥
વીસ જિન સમેત શિખર સિધ્યા, અષ્ટાપદ ગીરનાર હોય સિધ્યા,
વાસુપુજ્ય સિધ્યા ચંપા ચાલી ॥ વીર૦ ॥૧૬॥
મહાવીરે ચોમાસો કીયો પાવાપુરી, આસો વદી અમાવાશે,
મુક્તિ વરી; ભણતાં સુણતાં મંગળ માળી ॥ વીર૦ ॥૧૭॥
દિન દિવાળીનો પાયો ટાણો, તો રાત્રીભોજન નહિ ખાણો,
જ્યારો જાપ જપો શિયળ પાળી ॥વીર૦ ॥૧૮॥
ગુરુ—ચેલાની જોડી સૂરજ શશી ઋષિ રાયચંદ કહે મારા મનમાં વશી
મેં જુગતીશું જોડ જોડી ટંકશાળી ॥ વીર૦ ॥૧૯॥
પૂજ્ય જેમલજી રહ્યા પાસો, શહેર નાગોરમેં કીયો ચોમાસો,
સંવત અઢાર વર્ષ પીસ્તાળી ॥ વીર૦ ॥ ૨૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રભુના નામે નિત્ય દિવાળીની સજઝાય

(સારું સારું રે સૂરત શહેર, મુંબઇ અલબેલી એ દેશી)

મારે દીવાળી થઈ આજ; પ્રભુ મુખ જોવાને, મારાં સર્યાં
સેવકનાં કાજ, દુઃખડાં ખોવાને ! પ્રભુ મુખ જોવાને—એ ટેક.

રાજગ્રહી ગુણશીલ ઉદ્યાને, સમોસર્યા મહાવીર રે;
સમોસરણની શોભા દેખી, હરખે હૈડું હીર. પ્રભુ૦ ૧

રત્નસિંહાસને પ્રભુજી બેઠા, તેજ તણો નહિ પાર રે,
અશોકવૃક્ષ શોભે અતિ સુંદર, રચના અપરંપાર. પ્રભુ૦ ૨

સોવન છત્ર શોભે શિર પર, ચામર જોડ ચોવીશ રે,
ચોત્રીશ અતિશય કરીને રૂડા, શોભો શ્રી જગદીશ. પ્રભુ૦ ૩

ચંદ્ર સૂર્યથી અધિકું દીપે, પ્રભુ મુખડાનું તેજ રે,
ચોસઠ ઇંદ્ર સેવે પ્રભુને, હૈડે ધરીને હેજ. પ્રભુ૦ ૪

ઇંદ્રાણી સર્વે મળી આવે. મોતીડે ચોક પુરાય રે
લળી લળી ઓવારણાં લેતી મનમાં હરખ ન માય પ્રભુ૦ ૫

ચાલો સખીઓ વંદન જઈએ, સમોસર્યા મહાવીર રે.
નરનારી સહુ વંદન આવે, પહેરી પીતાંબર ચીર. પ્રભુ૦ ૬

એવી વધામણી શ્રેણિક રાજા, સાંભળી તેણી વાર રે
સાડાબાર લાખ સોનૈયા તે, આપ્યા હરખે અપાર રે. પ્રભુ૦ ૭

હાથી ઘોડા રથ શણગાર્યા; વાજે ઘોર નિશાન રે,
તેત્રીસ ક્રોડ સેના શણગારી, વાજે ઘોર નિશાન ને પ્રભુ૦ ૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શોભે શણગાર સજી સુંદરીઓ ચેલણા, ધારિણી નાર રે,
એક શત રાજકુમાર અલબેલા, કોણિક મેઘકુમાર. પ્રભુ૦ ૯

અભયકુમારને શેઠ સુદર્શન, કયવન્નો શેઠ સોભાગ રે,
ધન્નો ને શાલિભદ્ર આદિ ! વાંદે પ્રભુ મહા ભાગ્ય. પ્રભુ૦ ૧૦
ગણધરને વિદ્યાધર સાધુ, બેઠી પ્રખદા બાર રે,
હેન ધરીને પ્રભુની વાણી, સાંભળે અમૃતધાર. પ્રભુ૦ ૧૧
પ્રભુના ઉપદેશે રાણી ને, બુઝયા મેઘકુમાર રે.
સંયમ લઈ વિજય વિમાને, પામ્યા સુખ અપાર. પ્રભુ૦ ૧૨
અખંડ શાસન વર્તે પ્રભુનું, સહાય મંગળ માળ રે,
પ્રભુના નામે નિત્ય દિવાળી, દીપે ઝાકઝમાળ. પ્રભુ૦ ૧૩
સંવત ઓગણીસેની સાલે, ધનતેરસ સુખદાયરે,
વઢવાણ શહેર ચોમાસું રહીને, પ્રેમ મુનિ ગુણ ગાય. પ્રભુ૦ ૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સંસારસાગર વિષે શ્લોક

જીનવાણી માતા તમ પાયે લાગુ, કહેવા શલોકો આજ્ઞા માગું,
જીહ્વા અગ્રે તુ બેસજે આઇ, વાણી તણી તો કરજે સવાઇ....૧
આઘો પાછો કોઇ અક્ષર થાય, માફ કરજો કોઈ દોષ જણાય,
અલ્પ બુદ્ધિથી કહું છું આજ, ગુરૂતણી તો ગ્રહું છું આજ....૨
ગુરૂ મારા છે ગુણના નિધાન, સૂત્ર સિદ્ધાંત તણા વળી જાણ,
જેના મુખમાં છે અમર વાણી, ગુરૂ પાસે હું પામર પ્રાણી ..૩
સંસારસાગરનો કહું શ્લોકો ધ્યાન રાખીને સાંભળજો લોકો,
સાંભળતાં તો કર્મ ખપાય, એહ થકી તો પ્રભુ જપાય....૪
પ્રથમ કથની કહું કર્મ જ કેરી, જીવના તે ખરા જાણજો વેરી,
કરમ કરીને નરકમાં જાય, પરમાધામીના માર ત્યાં ખાય....૫
મારે મુગદળ ને પાડે ત્યાં ચીસ, કોના ઉપર કરે ત્યાં રીસ
તાંબુ તરવું ને સીસું ઉકાળી, રેડે પેટમાં નાખે જ બાળી....૬
જોજન પાંચસો ઊંચો ઉછાળે, ઉછાળી પાડે ભૂમિને તળે,
પાડે પોકાર છોડાવો કોય, એવો દયાળુ ત્યાં કોણ હોય ?....૭
મારી મારીને કાઢે છે લોટ, ભૂખતરસની ત્યાં નહિ ખોટ
ત્રીછા લોકથી અનંતો તાપ, તાપની સાથે ટાઢ અમાપ....૮
બોલ દશ તો અનંતા હોય, સૂત્ર મધ્યેથી વાંચીને જોય,
વાંચી વિચાર કરે મનમાંય, તે નર ફરી નરકે ન જાય....૯
પરજળે પિંડ પસ્તાવો કરે, જમ આગળ કર જોડી કરગરે,
અહીંથી છૂટું હવે એકવાર, ફરી પાપ કરું ન લગાર....૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવો વિચાર દુઃખ મધ્યે થાય સુખ મળે ત્યાં ભૂલી જ જાય
એવી વેદના અનંતીવાર, ભોગવી આવ્યો જીવ અપાર....૧૧
હે જીવ તું છે! માર ખાનારો, તારો આવ્યો નહિ પાર લગારો
ચાર ગતિ ને દંડક ચોવીશ, ફર્યો તે મધ્યે વીશવાવીશ. ૧૨
સ્થિર રહેવાનો કર ઉપાય, ચારે તરફથી લાગે છે લાય
સદગુરૂ વિના કરે કોણ સહાય, અવસર અમૂલ્ય એળે સૌ જાય, ૧૩
શોધી કાઢો સદગુરૂ સાચા, જ્ઞાનધ્યાનમાં નહિ કાંઈ કાચા,
ગુરૂ ગોતીને મેળવવું જ્ઞાન. જેથી થાય ભવ તરવાનું ભાન. ૧૪
જ્ઞાન મેળવીને કરો વિચાર, કયાંથી આવ્યો કહાં જનાર.
મારું દુઃખ કોણ હરનાર? કોણ ને કેવી રીતે તરનાર. ૧૫
ગયો અનંતીવાર નિગોદ, તિહાં તારું તો કાઢયું નખોદ,
રતાલું પીંડાલું લસણ ને કંદ, ઉપજયો અનંતીવાર મતિમંદ. ૧૬
ડુંગળી મૂળા ને ગાજર માંહી, ઊપજયું દુઃખ તો અંદર રહી
પીડા પામ્યો તે જાય ન કહી, કુટાણો ભેદાણો છેદાણો સહી ૧૭
દમડ;નો દોઢ શેર વેચાણો, વળી ઉપર મફત મંગાણો.
આ રે સમે તું બેઠો થઈ શાણો થાશે પસ્તાવો જાશે જો ટાણો. ૧૮
કરમ ઘસાણાં ત્યાંથી તું નીકળ્યો, પ્રત્યેકમાં આવીને તું ભળ્યો,
કાળ ઘણો તું ત્યાં રખડીયો, ત્યાંથી નીકળી બેઇંદ્રિય થયો. ૧૯
વસાણમાંહી ત્રેઈંદ્રિય થયો, ત્યાંથી નીકળી ચૌરેંદ્રિય થયો
દુઃખ અમાપ ત્યાં પણ સહ્યા, સૂત્ર મધ્યે તો ખુલાસા કહ્યા. ૨૦
એવા દુઃખ તો ખમતો અપાર, થયો પંચેદ્રિય પુન્યે તું ધાર
પંચેન્દ્રિય મધ્યે ઘણા છે ભેદ, સંજ્ઞી અસંજ્ઞી નપુંસક વેદ. ૨૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભમતાં ભમતાં તું આ ભવ મોઝાર, થયો મનુષ્ય સંજ્ઞી અવતાર
હવે રખે તું અવસર હાર. આવ્યો અવસર નહિ આવે નિરધાર. ૨૨

આર્યક્ષેત્રમાં ઊપજ્યો તું આવી, નાતજાતમાં ગયો તું ફાવી
કરમ વશે તો લીધો બોલાવી, તો પણ તુજમાં અક્કલ ન આવી. ૨૩

ક્રોધે ધમધમી કર્યા તેં કેર, ઘણાની સાથે કીધાં તેં વેર
પ્રાણી ઉપર તો ન આણી મહેર, રોમે રોમે તો ભર્યું જ ઝેર. ૨૪

અહંકાર તો અંગમાં ધરી, માન માયામાં ગયો તું મરી
પાપની બુદ્ધિ મૂકી ન પડી. કપટ કુબુદ્ધિ હજી ન હરી ૨૫

કપટકળામાં મન તેં કેળવ્યું, ડહાપણ ધર્મમાં ન જ મેળવ્યું
અવળાના સવળાના ઉંધા, કંઈક જીવોના શ્વાસ જ રૂંધ્યા. ૨૬

લાગ્યો લોભને કર્યું ધૂળધાણી, બળદ ફેરવે જેમ ઘાંચીની ઘાણી.
રહેશે પડ્યું જો આંખ મિંચાણી સાંભળી નહિ વીરની વાણી. ૨૭

મતિ તારી તો મમતે બંધાણી. રાડો તારી તો અનંતી રંડાણી
ધર્મધ્યાનની વાત ન જાણી, વાત સદ્ગુરૂની તેં ન પ્રમાણી. ૨૮

લંપટ લલચાયે લલના-લાલચમાં મોહમાયાના મારગ વચમાં
નારી દેખીને નાચવા લાગ્યો, કામ વિશેષ અંગમાં જાગ્યો. ૨૯

ન જોયું કુળ ને ન ગણી મરજાદ, માબાપ સાથે નિત્ય કરે વાદ
મનમોજીને ગમગીની લાગી, ખરેખર લલનામાં પ્રીત જાગી ૩૦

મનમાં શુભ થયા ન વિચારો. ભવભ્રાંતિમાં ભૂલ્યો બિચારો,
ઘરમાં ખટપટ ચાલે છે રોજ, હવે ભાઈની સાંભળજો મોજ. ૩૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હીંગ લાવે ત્યાં હલદર નહિ, મીઠું મસાલો લાવોને નહિં,
હીંગ હળદરને મસાલો લાવ્યો, તેલ ઘીનો તો હુક્કમ ચલાવ્યો. ૩૨

સાકર સોપારી સામટી લેજો, ધુપેલ તેલ જોઈને લેજો.
ચૌટે પધારો શાક જ લેવા, ધાણા લેજો વધાર દેવા. ૩૩

મંડોલી મગને લાવો ચાવલિયા, ઘરમાં દિવેલ નથી નાવલિયા,
બળતણ વિના તે શાને જ રાંધું,નહિ રાંધું આજ વાસી મેં ખાધું ૩૪

રીસાઈ બેઠી વાસીને તાળું, તારી પાસે તો નરમ મમતાળુ.
ધર્મની વાત હૃદયે ન લીધી, કુભારજા નારે હઠ જ કીધી. ૩૫

લાવો સાડલો ભાત રૂપાળી, સફેદ, ભોય ને ટીપકી કાળી
પ્હેરી આવી છે તમારી સાળી, લાગીવાર ત્યાં બેઠી મોં વાળી,૩૬

સાડલો લાવી હાજર કીધો, કમખો ને ચણિયો માગી જ લીધો,
કમખાની સાથે ચણિયો લીધો, લાવી બિચારે હાથમાં દીધો. ૩૭

એવી છણકેલી છણક કરે છે, ભાઈ વિચાર ત્યારે કરે છે,
ભોગ લાગ્યા ને પરણ્યો હું નાર, એમાંથી કાંઈ નીકળ્યો ન સાર ૩૮

ઘડી એકની ન મળે નિરાંત, પગ વાળી ન બેઠો દિનરાત,
પેટ પોષણનું પુરું છે દુઃખ, પલવારનું જ્યાં ન મળે સુખ. ૩૯

કરમજોગે કદી તું ધન કમાયો, તારા મન માંહે જાણે હું જામ્યો.
કોના બાપની મારે છે ઓશિયાળ મારે માથે તો છે નહિ કાળ.૪૦

જીવતણી તો હિંસા કરીને. મનમાં મલકાણો માન ધરીને,
થાય હિંસા ને કરે કિલ્લોલ, હાંસી મશ્કરી, ઠઠ્ઠા ને છોળ. ૪૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આણે મમતા ને માને છે મોજ, પાપનાં પોટલા બાંધે છે રોજ
નથી ખબર જે વળે છે ઘાણ, આવશે ઉદય એ સહુ જાણ. ૪૨

પૃથ્વીનાં પેટ ખોદીને ફોડયા, નદી સરોવરનાં નાકા તોડયાં
આરંભ કીધો અગ્નિ સવાયો, તે દિનથી તું દોષે ભરાયો. ૪૩

વાળ્યો ઘાણ મેં પૃથ્વી પાણીનો, વાળ્યો સાથે વળી ત્રસ પ્રાણીનો
અગ્નિ આરંભ પાપ છે કેવું, સૂત્ર મધ્યેથી વાંચીને લેવું. ૪૪

અગ્નિ થકી તો છકાય, હણાય તેમાં તો પાપ મોટું ગણાય,
એમ સમજીને કરો રખવાળ, જીવ માત્રની કરો સંભાળ. ૪૫

પવન ખાવાને કરે સહુ સેજ, છાંટે પાણીને માણે છે મોજ,
પવન ખાવાને પંખા પણ જુવે પછી બેઠો મોં વાળીને રૂવે. ૪૬

વૃક્ષનાં વૃંદ વાઢયા છે ઘણા, છેદ્યાં ભેદ્યાં ન રાખી મણા.
કાપી મોળાં ને કુટો જ કીધો ઝેરનો પ્યાલો હાથે લઈ પીધો. ૪૭

જૂઠું વદીને થયો તું રાજી, ધર્મગુરૂના સમ ખાધા પાજી,
શ્વાન બાપડાં તું થકી સારાં, તેથી કામ તો તારાં નઠારાં. ૪૮

ચોરીતણો તો માલ તું રાખી, જાણજો પેટમાં ગઈ છે માખી
ચાર દિવસનો જાણજે ચટકો જેવો ગગનમાં વીજળીનો લટકો. ૪૯

વળી પતંગના રંગનો પટકો કુણા કંકણને વાગે જેમ ઝટકો,
ધન ધરા ધામ નથી રે તારા, ખાલી કરે છે તું મારાને મારા ૫૦

કુટુંબ કબીલો ધન સુખ દારા અંત સમે સમજજે સહુ ન્યારાં,
માત તાત ને સહેદર બહેન, પડે નહિ જેને તું વિના ચેન. ૫૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાનો સ્વાર્થ જો નવ સરસે તરત તું ઉપર ભેદ જ ધરશે,
જે ઘર લક્ષ્મી લીલાઓ કરતી, ષટ્ખંડમાં જેની આણ જ ફરતી. ૫૨

હાજર રહેતા માણસ કોડી, એવા મહીપતિ પણ ચાલ્યા છોડી.
માટે મનમાં વિચાર ભાઈ, કોનું કુટુંબ ને કોનું છે કાંઈ! ૫૩

સંસારની છે ખોટી સગાઈ, કોના બાપ ને કોના છે ભાઈ!
હાડ માંસ ને લોહી ભરેલું, ચર્મથી ઘાટ ઘડેલું. ૫૪

મળ મૂત્રને મેલનું ઘર, મોહ ધરે શું શરીર ઉપર,
માટીના પિંડ તરુવરનું પાન, સ્થિર રહે નહિ કુંજકાન. ૫૫

એવી કાયામાં ભૂલ્યો તું ભાન, હાથે કરીને શીદ થાય હેરાન,
અવસર કદી જો એળે જાય, પછી તને તો પસ્તાવો થાય ૫૬

જીભ ટુંકી થઈ જીવ ગભરાશે, તેલ ખૂટયું જેમ બત્તી બુઝાશે,
વિવિધ પણે તુજ ગીત ગવાશે, તારે ફજેતો પાછળ થાશે. ૫૭

પોર કરવાનુ ઓણ તું કરજે. ધરમની વાત હૃદયમાં ધરજે.
કાલ કરવાનું કરજે તું આજ, ધરમધ્યાનમાં ધરજે ન લાજ. ૫૮

ધ્યાન દઈને ધર્મ જ કરવું. પ્રભુ પ્રીતેથી પાપ પરહરવું,
સંસારરૂપી સાગરથી તરવું. જીવઘાતનું કામ ન કરવું. ૫૯

સુણી શ્લોકો મનમાં જે ધરશે, રાગદ્વેષને જે કોઈ પરહરશે,
પાતિક તેનાં સઘળાંએ ટળશે, જ્ઞાની કહે એ શિવ સુખ વરશે. ૬૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અંત સમયની ભાવના

પ્રભુ આટલું મને આપજે, આયુષ્યની છેલ્લી ઘડી,
ના રહે મને કોઈ બંધન, માયાતણું છેલ્લી ઘડી.
મરણ પથારી પાસ સ્વજનો ને સંબંધી હો ભલે,
જોયા કરે આ દેહને પણ ચિત્ત મારું નવ ચલે.
મારી નજર મીઠી ફરે માગે ક્ષમા સહુ જીવની;
પ્રભુ આપજે માફી મને, ન્હાની મોટી મુજ ભૂલની;
સહેવાય ના મારા થકી એવી પીડા કદી ઉપડે,
તો છોડીને હાજર થજે તું તેજસ્વી રૂપી મુખડે,
છેલ્લી કસોટી આકરી પ્રભુ મુંઝવે સહુને ઘણી,
કૃપા કરીને તારજે મને ભક્તજન તારો ગણી.
તેં ભક્તિદાન આપી કહ્યું સહેજે હવે નિર્ભય બની,
વચન આપ્યું છે તેં મને તો પાળજે પ્રભુ હેતથી.
દિવસ ત્રણ બાકી રહે ભગવાન ! ત્યારે આપજે,
દેહત્યાગના સમયનું ને દિનનું તું જ્ઞાન મને,
જેથી મંગલ હેતુએ હું લીન થઇને કરી શકું,
ચિંતન રુડું ને ધ્યાન ઊંડું દિવ્ય જ્યોતિ સ્વરૂપનું.
શરીર બહુ નિર્બળ બને ને શ્વાસ છેલ્લા સંચરે.
વેળા એવી તું આપજે ના હોઈ અગવડ કોઈ ને.
પ્રભુ આટલું મને આપજે તું આયુની છેલ્લી પળે;
શાંતિ સમતા સ્થિરતા મને આવીદે સહેજે મળે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પંચ પરમેષ્ટિની મહા મંગલ

સકલ મંગલ મહીં મંગલ, મહા મંગલ ગણું જેને
પ્રભુ તે પંચ પરમેષ્ટી, નમું છું પ્રેમથી તેને....(૧)
અરિહંતો જિનેશ્વર જે, જીતીને રાગદ્વેષોને;
વર્યા છે જ્ઞાન કેવળને નમું છું પ્રેમથી તેને....(૨)
બીજા છે સિધ્ધ પરમાત્મા, કરીને ભસ્મ પાપોને;
બિરાજે મુક્તિ પદમાં જે, નમું છું પ્રેમથી તેને ...(૩)
ધરી ચારિત્ર આચાર્યો, ધરાવે ભવ્ય જીવોને;
વિદારે કર્મના મળને, નમું છું પ્રેમથી તેને...(૪)
ભણાવે જે ઉપાધ્યાયો, સકળ સિધ્ધાંત સમજીને;
રમે છે જ્ઞાનના દાને, નમું છું પ્રેમથી તેને....(૫)
સકલ લોકે મુનિરાજો, જગતનાં મોહ મારીને;
ગુંથાયા આત્મ શુધ્ધિમાં, નમું છું પ્રેમથી તેને....(૬)
અમારી આત્મ શુધ્ધિનો, વહાલો મંત્ર બોલીને
લેવા હવે અમર પદને, નમું છું પ્રેમથી તેને .. (૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# નવકાર મંત્રનો મહિમા

## નવકાર-મંત્રનો મહિમા

(દોહરો)

વિઘ્ન હરણ નવકાર છે. ભવજલ તારણહાર;
તર્યા, તરે. તરશે વળી, પાંચે પદ ભજનાર.

□

સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂર્વનો સાર.
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર....(૧)

સુખમાં સમરો, દુઃખમાં સમરો, સમરો દિવસને રાત;
જીવતાં સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંઘાત સમરો....(૨)

યોગી સમરે, ભોગી સમરે, સમરે રાજા રંક,
દેવો સમરે, દાનવ સમરે, સમરે સૌ નિઃશંક સમરો....(૩)

અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અષ્ટ સિદ્ધિ દાતાર....સમરો....(૪)

નવપદ એનાં નવ નિધિ આપે, ભવભવનાં દુઃખ કાપે,
'ચંદ્ર' વચનથી હૃદયે સ્થાપે,
પરમાતમ પદ આપે....સમરો... (૫)

ચંદ્રકાંત જૈન ડભોઇકર-કર્તા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# નવકાર મંત્રીનો મહિમા

નવકાર મંત્રનો મહિમા મોટો, સુણજો થઈ એક તાર રે
હ્રદયે રાખી રટણુ કરો તો, સફળ બને અવતાર રે
નમો અરિહંતાણું નમો નમો,
નમો નમો સિદ્ધાણું નમો નમો—
શ્રદ્ધાને ભક્તિનો હૈયે જલતો રાખો દીવડો
(મોહ–માન) માયા ત્યાગીને રંગે રંગો જીવડો
સંકટ સમયે સહાયક થઈને ઉતારે ભવ પાર રે,
હ્રદયે રાખી રટણુ કરો તો—
અજર અમર પદ આપે એવો એકજ મંત્ર અનોખો છે
ઘડજો સંયમને સંસ્કારે માનવ મનખો મોંઘો છે
ચૌદ પૂરવના સાર રૂપ એ ઉતારે ભવ પાર રે
હ્રદયે રાખી રટણુ કરો તો—

## નમસ્કાર પદ

જય કરનારા જીનવરા દુઃખ હરનારા દેવ,
પાઠ પઢું પહેલો પ્રભુ નમનતણો નિત મેવ (૧)
પ્રથમ નમુ અરિહંતને બીજા સિદ્ધ ભગવંત,
ત્રીજા શ્રી આચાર્યને નમુ તજી દઈ તંત (૨)
ઉપાધ્યાય ઉપકારીયા જ્ઞાનતણા દાતાર,
નમન કરૂં નીરમલ થવા ભવજળ તારણહાર (૩)
સાધુ સુંદર લોકમાં સાધવીઓ શણગાર,
સઘળાને સ્નેહે હજો વંદન વારંવાર (૪)
નમસ્કાર પદ પાંચ છે પાપતણા હરનાર
સર્વ જગતનાં કામમાં મંગળના કરનાર (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મારો નવકાર બેલી છે

જગત રૂઠીને શું કરશે મારો નવકાર બેલી છે
મારો નવકાર બેલી છે
હજારો મંત્ર શું કરશે મારો નવકાર બેલી છે
મારો નવકાર બેલી છે

સુદર્શન શેઠની ઉપર ચડાવ્યું આળ રાણીએ
ચડાવ્યા શુળીએ જ્યારે ચડયા નવકારના ધ્યાને
થયું શુળીનું સિંહાસન—મારો નવકાર (૧)

શ્રીમતી શ્રાવીકા સતીને દીધું અતી દુઃખ સાસરીએ
ઘડામાં સર્પ પુરીને કહ્યું ફુલ માળ લાવોને
ગણી નવકાર લાવે ફુલ માળ—મારો નવકાર (૨)

અમરને હોમવા કાજે મંગાવ્યો બાળ શ્રેણીકે
લાવ્યા અગ્નિ કુંડની પાસે ગયો નવકારના શરણે
થયો ચમત્કાર નમે તત્કાળ—મારો નવકાર (૩)

પ્રભુએ કાષ્ટ ચીરાવી બચાવ્યા નાગ નાગણને
પરમેષ્ટિ મંત્ર સુણાવી કર્યો ઉદ્ધાર યુગલનો
બન્યા ધરણેન્દ્ર પદ્દમાવતી—મારો નવકાર (૪)

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પંચ પરમેષ્ટીની છે સાર

પંચ પરમેષ્ટી છે સાર,
બીજું બધું અસાર છે....ટેક
અરિહંત દેવો-સર્વ જાણે છે.
રાગ-દ્વેષના જીતનાર બીજું....
સિદ્ધ પરમાત્મા મોક્ષમાં બિરાજે,
તેમનું સુખ છે અપાર બીજું....
આચાર્ય દેવો નેતા સમાન છે,
પાળે પળાવે આચાર, બીજું....
ઉપાધ્યાયજી ભણે ભણાવે,
જ્ઞાન બગીચે રમનાર બીજું....
સાધુઓ સત્તાવીસ ગુણોથી શોભતા,
સદ્ગુણોના ભંડાર બીજું....
સંસારના સુખો સર્વ ક્ષણિક છે,
ધર્મમાં શાંતિ અપાર બીજું....
નમસ્કાર હો એવા પ્રભુને,
તેમના વિના નહી ઉદ્ધાર બીજું....

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# છેલ્લી ઘડી

રાગ—વાઘેશ્રી

આટલું તો આપજે ભગવન્ મને છેલ્લી ઘડી,
ના રહે માયા તણા બંધન મને છેલ્લી ઘડી....ટેક૦
આ જીંદગી મોંઘી મળી પણ, જીવનમાં જાગ્યો નહિ
અંત સમયે મને રહે, સાચી સમજ છેલ્લી ઘડી-આટલું
જ્યારે મરણ શૈયા પરે, મીંચાય છેલ્લી આંખડી
તું આપજે ત્યારે પ્રભુમય, મન મને છેલ્લી ઘડી-આટલું.
હાથ પગ નિર્બળ બનેને, શ્વાસ છેલ્લો સંચરે
ઓ દયાળુ ! આપજે દર્શન, મને છેલ્લી ઘડી-આટલું
હું જીવનભર સળગી રહ્યો, સંસારના સંતાપમાં
તું આપજે શાંતિ ભરી નિંદ્રા, મને છેલ્લી ઘડી-આટલું
અગણીત અધર્મો મેં કર્યા, તન મન વચન યોગે કરી
હે ક્ષમા સાગર ! ક્ષમા મને, આપજે છેલ્લી ઘડી-આટલું
અંત સમયે આવી મુજને, ના દમે ષટ દુશ્મનો
જાગૃત પણે મનમાં રહે, તારૂં સ્મરણ છેલ્લી ઘડી-આટલું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કરૂણાનો કોઈ પાર નથી

ઓ કરૂણાના કરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી
મારા સંકટના હરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી
મારા પાપ ભર્યાં છે એવા
ભૂલ્યો હું કરવી સેવા
મારી ભૂલોના ભુલનારા તારી કરૂણાનો કોઈ પાર નથી (૧)
હે પરમ કૃપાળુ વહાલા
મેં પિધા વિષના પ્યાલા
મારા જીવન રક્ષણ હારા....તારી કરૂણાનો કોઈ....
હું અંતરમાં થઈ રાજી
ખેલ્યો હું અવળી બાજી
અવળી સવળી કરનારા...તારી કરૂણાનો કોઈ....
ભલે છોરૂ કછોરૂ થાયે
તું માવતર કેમ કહેવાયે
મીઠી છાયાના દેનારા .... તારી કરૂણાનો કોઈ....
મને મળતો નથી કીનારો
મારે કયાંથી આવે આરો
મારા સાચા ખેવન હારા .... તારી કરૂણાનો કોઈ....
છે જેનું જીવન ઉદાસી
તારા ચરણે લે અવિનાશી
મારા પ્રભુનાં દિલે રમનારા .... તારી કરૂણાનો કોઈ....

# કરમનો કોચડો અલબેલો

કરમનો કોયડો અલબેલો
એ....જી એને પામવો નથી સહેલો....કરમનો કોયડો
એક માતાને પુત્ર બે એમાં એક ચતુર એક ઘેલો
એકને માગે પાણી ન મળતું
બીજાને દુધનો રેલો....કરમનો કોયડો (૧)
મહાન તપસ્વી વીરપ્રભુને પણ ઉપસર્ગ નડેલો
ગોવાળે કાનમાં ખીલા ખોડયા ત્યારે
નીજનો દોષ ગણેલો....કરમનો કોયડો (૨)
ચંદનબાળા રાજકુમારી ધરમ એને વરેલો
કંચન કાયા એની ચૌટે વેચાણી ત્યારે
આતમ એનો રડેલો....કરમનો કોયડો (૩)
અરણીક મૂનિજીએ દીક્ષા લીધી ને બન્યા ગુરુનો ચેલો
કામીનીના નયન બાણે
વૈરાગી સંતને વિંધેલો....કરમનો કોયડો (૪)
મને નહી શરમ આને હોય ભલે તું ભણેલો
ગુરુનું કર્યું ગુરુ ભોગવે
ચેલાનું ભોગવે ચેલો....કરમનો કોયડો (૫)
માનવ તનની મુડી મલી છે ભર ધરમનો થેલો
રમણ જાગી જોને જીવનમાં તું
હજીયે શિદને અકેલો....કરમનો કોયડો (૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જુઠી મમતા શા માટે ?

ચાર દિવસનાં ચાંદરડા પર
જૂઠી મમતા શા માટે ?
જે ના આવે સંગાથે
એની માયા શા માટે ?–(૧)
આ વૈભવ સાથે ના આવે
પ્યારા સ્નેહી પણ ના આવે
તું ખૂબ મથે જેને જાળવવા
એ જોબન સાથે ના આવે
અહીંનું છે અહીંયા રહેવાનું એની દોસ્તી શા માટે ?
ચાર દીવસનાં ચાંદરડા–(૨)
મેં બાંધેલી મહેલાતોને
દોલતનું ત્યારે શું થાશે
જાવું પડશે જો અણધાર્યું
પરિવારનું ત્યારે શું થાશે
સૌનું ભાવિ સૌની સાથે એની ચિન્તા શા માટે ?
ચાર દીવસનાં ચાંદરડા–(૩)
સુંવાળી દોરીનાં બંધન
આજે સૌ પ્રેમ થકી બાંધે
પણ તુટે તંતુ આયુષ્યનો
ત્યારે કોઇ એને ના સાંધે
ભીડ પડે ત્યારે તડ તડ તુટે એવા બંધન શા માટે ?
ચાર દીવસનાં ચાંદરડા–(૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# —: શ્રી વૈરાગ્ય ઉપદેશક દોહા :—

દયા તે સુખની વેલડી. દયા તે સુખની ખાણ,
અનંતા જીવ મૂક્તે ગયા, દયા તણા ફળ જાણ (૧)
હિંસા તે દુઃખની વેલડી, હિંસા તે દુઃખની ખાણ,
અનંતા જીવ નરકે ગયા, હિંસા તણા ફળ જાણ (૨)
ચેતોરે ભવ પ્રાણીયા, આ સંસાર અસાર,
સ્થિરતા કોઈ દીસે નહીં, ધન જોબન પરીવાર (૩)
ધર્મ કરો તમે પ્રાણીયા, ધર્મ થકી સુખ હોય,
ધર્મ કરંતા જીવને, દુઃખિયા ન દીઠા કોય (૪)
ધર્મ વાડીયે ન નિપજે, ધર્મ હાટે ન વેચાય,
ધર્મ વિવેકે નિપજે, જો કરીએ તો થાય (૫)
જીવ દયા પાળી સહી, પાળી છે છકાય,
વસ્તા ઘરનો પ્રાહુણો, મીઠાં ભોજન ખાય (૬)
જીવ દયા પાળી નહીં, પાળી નહીં છકાય,
સુના ઘરનો પ્રાહુણો; જેમ આવ્યો તેમ જાય (૭)
રત્ન પડ્યું છે બજારમાં રહ્યો, ગરદ લપટાય,
મૂરખ જાણે કાંકરો, ચતુર લીયો ઉઠાય (૮)
ચૌટા કેરા બજારમાં, લાંબા પાન ખજુર,
ચડે તો ચાખે પ્રેમરસ; પડે તો ચકના ચુર (૯)
એ શિખામણ સાચી, કહી સર્વેને હિતકર,
કાંઈક દયા કરૂણા રાખજો, તમે સાંભળ્યાનો પરિમાણ (૧૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખરો મારગ વિતરાગનો સુક્ષ્મ જેના ભેદ,
શ્રદ્ધા હોય તે સરદહજો, મનમાં રાખી ઉમેદ (૧૧)

ઠગાવીયા ઠગશો નહી, નિશ્ચલ રાખજો મન,
હિંસાથી રહેજો વેગળા, કહેવાશો ધન ધન (૧૨)

ઢિલ ન કિજે ધર્મની, તપજપ લીજે લુંટ,
જૈસી શીશી કાચકી, જાય પલકમાં ફુટ (૧૩)

દુઃષમ આરો પાંચમો; નિશ્ચલ રાખજો મન;
થોડામાં નફો ઘણો જેમ કુંડા માંહે રતન (૧૪)

સાધુ ચંદન બાવના, શિતલ જાકો અંગ,
લહેર ઉતારે ભુજંગકી, દે દે જ્ઞાન કો રંગ (૧૫)

સાધુ બડો પરમારથી, મોટો જીનકો મન;
ભર ભર મુષ્ટી દેત હે, ધર્મ રૂપીયો ધન (૧૬)

હળુ કરમી જીવને, રૂચે એ ઉપદેશ,
ખરો મારગ વિતરાગનો, જેમાં કુડ નહિં લવલેશ (૧૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# —: ચેત ચેત નર ચેત :—

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત,
હજી બાજી છે હાથમાં ચેત ચેત નર ચેત....૧
જોર કરીને જીતવું, ખરેખરૂં રણખેત,
દુશ્મન છે તુજ દેહમાં, ચેત ચેત નર ચેત....૨
ગાફીલ રહીશ ગમાર તું; ફોગટ થઇશ ફજેત
હવે જરૂર હુશીયાર થઈ; ચેત ચેત નર ચેત....૩
તન ધન તે તારા નથી, નથી પ્રીયા પરણેત,
પાછળ સૌ રહેશે પડયાં, ચેત ચેત નર ચેત....૪
પ્રાણ જશે જ્યાં પિંડથી, પિંડ ગણાશે પ્રેત,
માટીમાં માટી થશે, ચેત ચેત નર ચેત....૫
રહ્યાં ન રાણાં રાજીયા, સુરનર મૂનિસમેત,
તું તો તરણા તુલ્ય છે, ચેત ચેત નર ચેત....૬
રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત,
પછી નરતન પામીશ કયાં, ચેત ચેત નર ચેત....૭
કાળા કેશ મટી ગયા, સરવે બનીયા શ્વેત,
જોબન જોર જતું રહ્યું, ચેત ચેત નર ચેત....૮
માટે મનમાં સમજીને વિચારીને કરવેત,
કયાંથી આવ્યો કયાં જવું, ચેત ચેત નર ચેત....૯
એ શુભ શિખામણ સમજીને, કર પ્રભુ સાથે હેત,
અંતે અવિચળ એજ છે, ચેત ચેત નર ચેત....૧૦

—સંત શિષ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી નવકારનો છંદ

સુખ કારણ ભવીયણ; સમરો નિત નવકાર !
જિનશાસન આગમ, ચૌદ પૂરવનો સાર.... ૧

એ મંત્રનો મહિમા, કહેતાં ન લહુ પાર,
સુરતરૂ જિમ ચિંતિત, વંછિત ફળ દાતાર.... ૨

સુર માનવ માનવ, સેવા કરે કરજોડ !
ભૂવિમંડળ વિચરે, તારે ભવિયણ કોડ.... ૩

સુરછંદે વિલસો અતિશય જાશ અનંત,
પદ પહેલે નમીયે, અરિગંજન અરિહંત... ૪

જે પંદરે ભેદે, સિદ્ધ થયા ભગવંત,
પંચમી ગતિ પહોચ્યા અષ્ટ કરમ કરી અંત.... ૫

કળ, અકળ સરુપી, પંચાનંતક દેહ,
જિનવર પાય પ્રણમું, બીજે પદ વાળી એહ... ૬

ગચ્છ ભાર ધુરંધર, સુંદર શશિહર શોભ;
કર સારણ વારણ, ગુણ છત્રીસે થોભ.... ૭

શ્રુત જાણ શિરોમણિ, સાગર જિમ ગંભીર;
પદ ત્રીજે નમીયે, આચારજ ગુણ ધીર.... ૮

શ્રુતધર આગમ–સૂત ભણાવે સાર !
તપ વિધિ સંયોગે ભાખે અર્થ વિચાર.... ૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિવર ગુણ યુકતા, કહીએ તે ઉવજ્ઝાય;
પદ ચોથે નમીએ, અહનિંશ તેહના પાય... ૧૦

પંચાશ્રવ ટાળે, પાળે પંચાચાર;
તપસી ગુણધારી, વારે વિષય વિકાર.... ૧૧

ત્રસ સ્થાવર પિયર, લોકમાંહી જે સાધ;
ત્રિવિધે તે પ્રણમું, પરમારથ જિણે લાધ... ૧૨

અરિ કરિ હરિ સાયણી, ડાયણિ ભૂત વૈતાળ;
સવિ પાપ પ્રણાસે, વાધે મંગળ માળ.... ૧૩

ઇણ સમર્યાં સંકટ દૂર ટળે તત્કાળ;
ઈમ જપે જિન પ્રભુ; સુરિ–શિષ્ય રસાળ.... ૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# બાર વ્રતના છપ્પા

(૧)

જીવ દયા નિત્ય પાળીએ, વ્રત પહેલું કહીએ;
સુક્ષ્મ બાદર જીવને, અભયદાન જ દઈએ;
સાધારણ પ્રત્યેકમાં, બહુ પાપ જ જાણો,
અનંતકાયને ઓળખી દયા મન આણો.
છકાયની રક્ષા કરો, સર્વ કુટુંબ જાણો આપણું
પ્રકાશસિંહ વાણી વદે, તો ખરૂં તુજ ડાહ્યાપણું.

(૨)

મૃષાવાદ નહિં બોલીએ, વ્રત બીજું કહીએ,
ભરવી કુડી શાખ, તેથી અળગા રહીએ,
પંચમાં પુછે વાત, ત્યાં નવિ બોલીએ ખોટું;
આ ભવ પામે માન, પરભવ સુખ જ મોટું.
એહવું જાણી પ્રાણીયા, મૃષાવાદ નવિ ભાખિએ.
પ્રકાશસિંહ વાણી વદે, જીભા જતન કરી રાખીએ.

(૩)

અદત્તાદાન નવી લીજીએ, ચોરી નવિ કીજે,
વસ્તુ પરાઈ હાથ જડે તો, પાછી દીજે;
કૂડા તોલાં ત્રાજવા વળી માપજ મોટું,
મીઠું બોલે મુખ થકી, પણ ચાલે ખોટું.
એહવી માયા કેળવી, મલકાણો મનમાં ઘણું,
પ્રકાશસિંહ વાણી વદે, (કે) રાજ નથી ભાઈ પોપા તણું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪)

પરનારીનો સંગ, નિવારો (તમે) ઉત્તમ પ્રાણી,
શિયળ પાળો નિર્મળુ, આતમ–હિત જાણી,
પરનારીના સંગ થકી, તમે નિર્ધન થાશો,
આ ભવ દંડે રાજ્ય, પરભવ નરકે જાશો.
એહવું જાણી પ્રાણીયા, શિયળ વ્રત પાળો સોહામણો,
પ્રકાશસિંહ વાણી વદે, (કે) મહીમા વ્રત ચોથા તણો.

(૫)

સોનું રૂપું, ધન, માલ તું તો પામ્યો કોડી,
કુડ, કપટ, છળ ભેદ કરી, તેં માયા જોડી;
આશા–તૃષ્ણા નવિ મટે, મન વાજે ભેરી,
તૃપ્તિ ન પામ્યો આત્મા, મન હોંશ ઘણેરી.
અંત સમય મૂકી કરી, એકલડા જાવું સહી;
પ્રકાશસિંહ વાણી વદે, (કે) મનની મમતા મનમાં રહી.

(૬)

ઉંચી, નીચી, જળ–સ્થળ વાટની; તું મર્યાદા કરજે,
છઠ્ઠા વ્રતની વાત, ત્હારે હૈડે ધરજે,
અધિકી રાવઈ એહની, તું ટાળે પ્રાણી,
તો સુખ પામીશ શાશ્વતાં, ઇમ બોલ્યા નાણી.
એહવું જાણી પ્રાણીયા, રાવઈ (ટાળ) દેશ પરદેશની;
પ્રકાશસિંહ વાણી વદે (તો) ભૂંગળ ભાંગે ક્રષ્ટની.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭)

સાત વ્યસન નવિ સેવિયે, નવિ પીજે તાડી,
છવ્વીસ બોલની ધારણા, તું ધરજે દહાડી;
પાપ તણો વ્યાપાર પ્રાણી તું પરિહરજે,
ધન, ધાન્ય કુવિય જાતની, તું મર્યાદા કરજે.
સંખ્યા દુપદ ચૌપદ તણી, દ્રઢ રાખે તારો આત્મા
પ્રકાશસિંહ વાણી વદે, એ વ્રત પાળો સાતમા.

(૮)

વશ રાખજે ત્હારી જીભડી, અનર્થા દંડે,
કાજ ન સીઝે આપણું, તું શીદને મંડે,
જેથી લાગે પાપ, તેથી અળગો રહેજે.
ધર્મ–ધ્યાનની વાતમાં તું વળગ્યો રહેજે.
પોતાથી પળતું નથી, ને પારકું તું કયાં લહે ?
પ્રકાશસિંહ વાણી વદે, (કે) ત્હારાં કર્યાં, તું સહે.

(૯)

નિત્ય સામાયિક કીજીયે, સુણ ઊત્તમ પ્રાણી,
લાભ ઘણો છે એહમાં, ઈમ બોલ્યા નાણી;
મેરૂ કંચનથી અધિક, કોઈ દાન જ આપે,
તોલ ન આવે તેહની, ઇમ જીનવર ભાખે.
એહવું જાણી પ્રાણીયા, નિત્ય સામાયિક કીજીએ,
પ્રકાશસિંહ વાણી વદે, (તો) મુક્તિ તણાં સુખ **લીજીએ.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૦)

વહેલો ઉઠી આત્મા, તું ધ્યાન જ ધરજે,
દશમા વ્રતની વાત, તું હૈયે ધરજે,
ઘણા દ્રવ્ય નવિ ધારીયે, ગૃદ્ધિ નવિ થઈએ,
સાધુ-સાધવીને વાંદવા, દિન પ્રત્યે જઈએ.
એવું જાણી પ્રાણીયા, ઘણાં દ્રવ્ય નવિ ધારીયે;
પ્રકાશસિંહ વાણી વદે, (કે) ઇન્દ્રીયનો રસ ગાળીએ.

(૧૧)

પોષધ કીજે ભાવશું, આતમ વશ રાખી,
જીમ કીધા દશ શ્રાવકે, સૂત્રને સાખી,
જતના કીજે જીવની, સુક્ષ્મ ને બાદર,
ધ્યાન ધરો નવકારનું, એવું વ્રત આદર.
ક્રોધ, માન, માયા તજી, સમતાનો રસ પીજીએ;
પ્રકાશસિંહ વાણી વદે. એહવા પૌષધ કીજીએ.

(૧૨)

હવે કહું વ્રત બારમું, સુણ ઉત્તમ પ્રાણી,
જમવા વેળા આતમા, ચિંતવણા આણી:
જો આવે મુનિરાજ, પંચ મહાવ્રત ધારી,
દોષ રહિત દઉં દાન, હૈડે હર્ષ વધારી,
દ્વાદશ વ્રત શ્રાવક તણાં, શુદ્ધ સમકિતથી જે પાળશે:
પ્રકાશસિંહ વાણી વદે (તે) મુકિતપુરીમાં મહાલશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવત અઢાર પંચોતરાની, શુકલ પક્ષે, માસ અષાઢો શોભતો, આઠમને દિવસે, સજ્ઝાય કીધી શોભતી ગામ ગોંડલ ગામે સેવક વિનવે ભાવશું, મન હર્ષ ઉલ્લાસે.

એહ બાર વ્રત શ્રાવક તણાં, શુધ્ધ સમક્તિથી પાળશે;
ઉત્કૃષ્ટા પંદર ભવે, (તે) મુક્તિ પુરીમાં મ્હાલશે.

એહવું જાણીને દરેક શ્રાવક શ્રાવીકાએ બાર વ્રત-આદરી લેવા જાઈએ અને અતિચાર દોષ લગડયા વગર શુદ્ધ સમકીત સહીત પાળશે. તો પંદરમે ભવે અવશ્ય મુક્તિ પામશે. માટે દરેક ભાઈ બ્હેનોએ આ બાર વ્રત સમજીને આદરી લેવા જાઈએ તો આપણો આત્મા-આનંદ શ્રાવકની જેમ એકાવતારી બનશે.

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી શાન્તિનાથનો છંદ

શારદ માય નમુ શિર નામી, હું ગુણ ગાઉં ત્રિભુવન કે સ્વામી,
શાંતિ શાંતિ જપે સબ કોઈ, તે ઘેર શાંતિ સદા સુખ હોઈ. ॥૧॥
શાંતિ જપી જે કીજે કામ, સોહી કામ હોવે અભિરામ,
શાંતિ જપી પરદેશ સીધાવે, તે કુશળે કમળા લેઈ આવે ॥૨॥
ગર્ભ થકી પ્રભુ મારી નિવારી, શાંતિજી નામ દીયો હિતકારી ॥
જે નર શાંતિ તણા ગુણ ગાવે, ઋદ્ધિ અચિંતી તે નર પાવે ॥૩॥
જે નરકું પ્રભુ શાંતિ સહાઈ. તે નરકું-કયા આવતી ભાઈ ॥
જો કછુ વંછે સોહી પુર, દુઃખ દારિદ્ર મિથ્યા મતિ ચુરે ॥૪॥
અલખ નિરંજન જ્યોત પ્રકાશી; ઘટ ઘટ અંતરકે પ્રભુ વાસી ॥
સ્વામી સ્વરૂપ કહ્યું નવી જાય, કહેતાં મુજ મન અચરજ થાય ॥૫॥
ડાર દિયે સબહી હથિયારા જીત્યા મોહ તણાદળ સારા ॥
નારી તજી શિવશું રંગરાચો રાજ તજ્યો પણ સાહિબ સાચો ॥૬॥
મહા બળવંત કહીજે દેવા, કાયર કુંથુ એક ન હણેવા ॥
રિદ્ધિ સબળ પ્રભુ પાસ લહીજે, ભીક્ષા આહારી નામ કહીજે ॥૭॥
નિંદક પુજકકું સમ ભાયક, પણ સેવકકું હે સુખદાયક ॥
તજી પરિગ્રહ હુવા જગનાયક, નામ અતિથિ સર્વે સિદ્ધિ લાયક ॥૮॥
શત્રુ મિત્ર સમચિત્ત ગણીજે, નામ દેવ અરિહંત ભણીજે ॥
સકળ જીવ લહિતવંત કહીજે, સેવક જાણી મહાપદ દીજે ॥૯॥
હોત ગંભીરા દુષણ એક ન માંહે શરીરા,
જિમ અંતરજામી, પણ ન રહે પ્રભુ એકણ ઠામી ॥૧૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોક કહે જિનજી સબ દેખે, પણ સુપનાંતર કબહુ નપેખે,
રીસ વિના બાવીશ પરીસા, સેના જીતી તે જગદીશા ॥૧૧॥
માન વિના જગ આણુ મનાઇ, માયા વિના શિવશું લય લાઈ!
લોભ વિના ગુણુ રાશિ ગ્રહિજે, ભિક્ષુ ભાવે ત્રિગડો સેવિજે ॥૧૨॥
નિગ્રંથપણુ શિર છત્ર ધરાવે, નામ યતિ પણ ચમર ઢળાવે ॥
અભયદાન દાતા સુખ કારણુ, આગળ ચક્ર ચાલે અરિદારણુ ॥૧૩॥
શ્રી જિનરાજ દયાળ ભણીજે, કર્મ સવેંકો મૂળ ખણીજે ॥
ચઉવિહ સંઘ તીરથ સ્થાપે, લચ્છી ઘણી દેખે નવિ આપે ॥૧૪॥
વિનયવંત ભગવંત કહાવે, નાહિ કીસીકું શિશ નમાવે;
અકંચનકો બીરૂદ ધરાવે, પણ સોવન પદપંકજ પાવે ॥૧૫॥
રાગ નહિ પણ સેવક તારે દ્વેષ નહિ નિગુણા સંગ વારે ॥
તજી આરંભ નિજ આતમ ધ્યાવે, શિવ રમણીકો સાથ ચલાવે ॥૧૬॥
તેરો મહિમા અદ્ભૂત કહીજે, તેરા ગુણકો પાર ન લીજે ॥
તું પ્રભુ સમરથ સાહેબ મેરા, હું મન મોહક સેવન તેરા ॥૧૭॥
તું રે ત્રિલોકતણો પ્રતિપાળ, હું રે અનાથ તું રે દયાળ ॥
તું શરણાગત રાખત ધીરા, તું પ્રભુ તારક છે બડવીરા ॥૧૮॥
તુંહિ સમો બડ ભાગજ પાયો, તો મેરો કાજ ચડયો રે સવાયો ॥
કરજોડી પ્રભુ વિનવું તમશું તમશું, કરો કૃપા જિનવરજી અમશું ॥૧૯॥
જનમ મરણના ભય નિવારો, ભવસાગરથી પાર ઉતારો ॥
શ્રી હત્થિણાપુર મંડન સોહે, ત્યાં શ્રી શાંતિસદા મન મોહે ॥૨૦॥
પદ્મસાગર ગુરુરાય પસાયા, શ્રી ગુણસાગર કહે મન ભાયા !
જે નરનારી એક ચિતે ગાવે તે મનવાંછિત નિશ્ચે પાવે ॥૨૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી શાંતિનાથ સ્વામીનો છંદ

શાંતિનાથનો કીજે જાપ, ક્રોડ ભવોનાં કાપે પાપ ॥
શાંતિનાથજી મ્હોટા દેવ, સુરનર સારે જેહની સેવ ॥૧॥
દુઃખ દારિદ્ર જાવે દૂર; સુખસંપત્તિ હોવે ભરપૂર ॥
ઠગ ફાંસીગર જાવે ભાગ બળતી હોવે શીતળ આગ ॥૨॥
રાજલોકમાં કીર્તી ઘણી શાંતિ જિનેશ્વર માથે ધણી ॥
જો ધ્યાવે પ્રભુજીનું ધ્યાન, રાજા દેવે અધિકું માન ॥૩॥
ગડ ગુંમડ પીડા મિટ જાય, દેખી દુશ્મન લાગે પાય ॥
સઘળો ભાંગ્યો મનનો ભર્મ, પામ્યા સમકિત કાપ્યા કર્મ ॥૪॥
સુણો પ્રભુ મોરી અરદાસ હું સેવક તમે પુરો આશ ॥
મુજ-ચિંતિત કારજ કરો, ચિંતા આરતી વિઘ્ન જ હરો ॥૫॥
મોટા મારા આળજંજાળ, પ્રભુ મુજને તું નયણ નિહાળ ॥
આપની કીર્તી ઠામોઠામ, આપ સુધારો પ્રભુ મ્હારા કામ ॥૬॥
જો નિત્ય પ્રભુજીને રટે, મોતી બંધા કુલા કટે ॥
ચેપ લાવણ દોનું જળ જાય વિણ ઔષધ કટ જાવે છાય ॥૭॥
શાંતિનાથના નામથી થાય, આંખે ટુટ પડળ કટ જાય ॥
કમળો પીળો જર જર ઝરે, શાંતિ જિનેશ્વર શાતા કરે ॥૮॥
ગરમી વ્યાધિ મિટાવે રોગ, સયણ મિત્રનો મળે સંયોગ ॥
એહવો દેવ ન દીસે ઓર, નહિ ચાલે દુશ્મનકો જોર ॥૯॥
લુંટારા સબ જાવે નાશ, દુર્જન ફીટી હોવે દાસ ॥
શાંતિનાથની કીર્તિ ઘણી, કૃપા કરો તમે ત્રિભુવન ધણી ॥૧૦॥
અરજ કરૂં છું જોડી હાથ, આપશું નહિ કોઈ છાની વાત ॥
દેખી રહ્યા છો પોતે આપ, કાટો પ્રભુજી મહારા પાપ ॥૧૧॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુજ મન ચિંતિત કરીએ કાજ, રાખો પ્રભુજી મ્હારી લાજ ॥
તુમ સમ જગમાંહિ નહિ કોય. તુમ ભજવાથી શાતા હોય ॥૧૨॥
તુમ પાસ ચલે નહિ મરકી રોગ, તાવ તેજરો નાંખે તોડ ॥
મારી મિટાઈ કીધી પ્રભુ શાંત તુજ ગુણનો નહિ આવે અંત ॥૧૩॥
તુમને સમરે સાધુ સતી, તુમરે સમરે જોગી યતિ ॥
કાટો સંકટ રાખો માન અવિચળ પદનું આપો સ્થાન ॥૧૪॥
સંવત અઢાર ચોરાણું જાણ, દેશ માળવો અધિક વખાણ ॥
શાહેર જાવરા ચૈતર માસ, હું પ્રભુ તુમ ચરણો કો દાસ ॥૧૫॥
ઋષિ રઘુનાથજી કીધો છંદ, કાંટો પ્રભુજી મ્હારા ફંદ ॥
હું જોઉં પ્રભુજીની વાટ મુજ આરતિ ચિન્તા સવિ કાટ ॥૧૬॥

## શ્રી શાંતીનાથનો છંદ

સુણો શાંતિ જિણંદ સોભાગી, હું તો થયો છું તુમ ગુણ રાગી ॥
તુમે નિરાગી ભગવંત, જોતાં કિમ પડશે તંત ॥૧॥
હું તો ક્રોધ કષાયે ભરિયો, તું તો સમતા રસનો દરિયો ॥
હું તો અજ્ઞાને આવરિયો, તું તો કેવળ કમળા વરિયો ॥૨॥
હું તો વિષય સુખનો આસી ॥ તેં તો વિષય કીધા નિરાસી ॥
હું તો કરમના ભારે ભરીયો તુમે સર્વથા દૂર કરીયો ॥૩॥
હું તો મોહ તણે વશ પડિયો, તું તો સબળ મોહને નડિયો ॥
હું તો ભવ સમુદ્રમાં ખૂંચ્યો, તું તો શિવ મંદિરમાં પહોંચ્યો ॥૪॥
મહારે જન્મ મરણનો ફેરો. તેં તો તોડયો તેનો દોરો ॥
મહારો પાસો ન મેલે રાગ, પ્રભુ તમે થયા વિતરાગ ॥૫॥
મુને માયાએ મેલી ફાંસી તમે નિરબંધ થયા અવિનાશી ॥
હું તો સમકિતથી રે અધુરો તું તો સકળ પદારથે પુરો ॥૬॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મ્હારે તો તુંહિજ એક, તહારે મુજ સરિખા અનેક ॥
હું તો મનથી ન મેલું માન, તુમે માન રહિત ભગવાન ॥૭॥
મ્હારૂં કીધું તે શું થાય, તમે રંકભણી કરો સહાય ॥
તુમ એક કરો મહેરબાની, મ્હારો મુજરો લેજો માની ॥૮॥
એક વાર જો નજરે નિરખો, તો હું થાઉં તુમ ગુણ સરિખો ॥
જે સેવક તુમ ગુણ ગાશે, તે તુમ સરિખો ગુણી થાશે ॥૯॥
ભવોભવ તમારી સેવા. હું તો માગું છું દેવાધિ દેવા ॥
સહામું જુવોને સેવકં. જાણી, એમ ઉદયરત્ન બોલ્યા વાણી ॥૧૦॥

## શ્રી ચિંતામણી પાર્શ્વનાથનો છંદ

(દોહરા)

કલ્પવેલ ચિંતામણી, કામધેનું ગુણ ખાણ ॥
અલખ અગોચર અગમ ગતિ, ચિદાનંદ ભગવાન ૧.
પરમ જ્યોતિ પરમાત્મા, નિરાકાર કીરતાર,
નિર્ભયરૂપ જ્યોતિ સ્વરૂપ, પૂર્ણ બ્રહ્મ અપાર ૨.
અવિનાશી સાહીબ ધણી, ચિંતામણી શ્રી પાર્શ્વ ॥
અરજ કરૂં કરજોડ કે, પુરો વંછિત આશ ૩
મન ચિંતિત આશા ફળે, સકળ સિદ્ધવે કામ !
ચિંતામણી જાપ જપ, ચિંતા હરે એ નામ ૪
તુમ સમ મેરે કો નહિ, ચિંતામણી ભગવાન,
ચેતનકી એહ વિનતી, દીજે અનુભવ જ્ઞાન ૫.

(ચોપાઈ)

પ્રાણત દેવલોકથી આયે, જન્મ વારાણસી પાયે ॥
અશ્વસેન કુળ મંડણ સ્વામી ત્રિહુ જગકે પ્રભુ અંતર જામી ॥૬॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વામાદેવી માતા કે જાયે, લંછન નાગ ફણી મણી પાએ ॥
શુભ કાયા નવ હાથ વખાણું, નીલ વરણ તનું નિર્મળ જાણું ॥૭॥
માનવ યક્ષ સેવે પ્રભુ પાય, પદ્માવતી, દેવીસુખદાય ॥
ઈંદ્ર ચંદ્ર પાર્શ્વ ગુણ ગાવે, કલ્પવૃક્ષ ચિંતામણી પાવે ॥૮॥
નિત સમરો ચિંતામણી સ્વામી, આશા પુરે અંતર જામી ॥
ધન ધન પાર્શ્વ પુરીષા દાણી, તુમ સમ જગમેં કો નહિ નાણી ॥૯॥
તુમારો નામ સદાસુખકારી, સુખ ઉપજે દુઃખ જાય વિસારી ॥
ચેતનકો મન તુમારે પાસ, મનવંછિત પૂરો પ્રભુ આશ ॥૧૦॥

(દોહા)

ૐ ભગવંત ચિતામણી પાર્શ્વ પ્રભુ જિનરાય ॥
નમો નમો તુમ નામસેં, રોગ શોગ મીટ જાય ॥૧૧॥
વાત પીત દૂરે ટળે, કફ નહિ આવે પાસ,
ચિંતામણી કે નામસેં, મીટે શ્વાસ ઓર ખાસ ॥૧૨॥
પ્રથમ દુસરો, તીસરો તાવ ચોથીઓ જાય,
શૂળ બહોતેર દૂર રહે, દાદર ખાજ ન થાય ॥૧૩॥
વિસ્ફોટ ગુડગુમડા, કોઢ અઢારે દૂર ॥
નેત્ર રોગ સબ પરિહરે, કંઠમાળ ચકચુર ॥૧૪॥
ચિંતામણી કે જાપસે, રોગ શોગ મીટ જાય,
ચેતન પાર્શ્વ નામકો, સમરો મન ચિત્ત લાય ॥૧૫॥

(ચોપાઈ)

મન શુધ્ધે સમરો ભગવાન, ભય ભંજન ચિંતામણી ધ્યાન,
ભૂતપ્રેત ભય જાવે દૂર, જાપ જપે સુખ સંપત્તિ પૂર ॥૧૬॥
ડાકણ શાકણ વ્યંતર દેવ, ભય નહિ લાગે પારસ સેવ ॥
જળચર થલચર ઉરપર જીવ, ઇનિકો ભય નહિ સમરો પીવ ॥૧૭॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાઘ સિંહકો ભય નહિ હોય, સર્પ ગોહ આવે નહિ કોય ॥
વાટ ઘાટમેં રક્ષા કરે, ચિંતામણી ચિંતા સબ હરે ॥૧૮॥
ટોણાટામણ જુદુ કરે, તુમારો નામ લેતાં સબ ડરે ॥
ઠગ ફાંસીગર તસ્કર હોય, દેખી દુશ્મન દુષ્ટ જ કોય ॥૧૯॥
ભય સબ ભાગે તુમારે નામ, મનવંછિત પૂરો સબ કામ ॥
ભયનિવારણ પૂરે આશ, ચેતન જપ ચિંતામણી પાર્શ્વ ॥૨૦॥

(દોહરા)

ચિંતામણિ કે નામસે, સકળ સિદ્ધવે કામ,
હય ગય રથરાજરિદ્ધ રમણી મળે, સુખ સંપતિ બહુ દામ ॥૨૧॥
હય ગય રથ લક્ષ્મી કો નહિ પાર,
પુત્ર કલત્ર મંગળ સદા પાવે શિવ દરબાર. ॥૨૨॥
ચેતન ચિંતા હરણકો, જાપ જપો તીન કાળ !
કર આંબિલ ષટ માસકો, ઉપજે મંગળ માળ ॥૨૩॥
પાર્શ્વનામ પ્રભાવથી, વાધે બળ બહુજ્ઞાન,
મન વાંછિત સુખ ઉપજે, નીત સમરો ભગવાન ॥૨૪॥
સંવત અઢાર ઉપરે, સાડત્રિશકો પરિણામ.
પોષ શુકલ દિન પંચમી, વાર શનિશ્વર જાણ ॥૨૫॥
પઢે ગુણ જો ભાવશું, સુણે સદા ચિત્ત લાય,
ચેતન સંપત્તિ બહુ મળે, સમરો મન વચ કાય ॥૨૬॥

## શ્રી પાર્શ્વનાથ સ્વામીનો છંદ

આપણા ઘર બેઠાં લીલ કરો, નિજ પુત્ર કલત્રશું પ્રેમ ધરો,
તમે દેશ દેશાતર કાંઈ દોડો, નિત્ય પાર્શ્વ જપો શ્રી જિન રૂડો, ॥૧॥
મનવંછિત સઘળાં કાજ સરે, શીર ઉપર છત્ર ચામર ધરે ।
કુલમલ આગળ ચાલે ઘોડો, નિત્ય ॥૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભૂત પ્રેત પિશાચ વળી, સાયણિ ને ડાયણિ જાય ટળી,
છળછિદ્ર ન કોઈ લાગે જુડો, નિત્ય ॥૩॥
એકાંતર તાવ સિયોદાહ, ઔષધ વિણ જાય ક્ષણ માંહે,
નહિ દુઃખે માથું પગ ગુડો, નિત્ય ॥૪॥
કંઠમાળ ગુડ ગુંબડ સઘળા, તસ ઉદર રોગ ટળે સઘળા,
પીડા ન કરે ફિન ગળ ફોડો, નિત્ય. ॥૫॥
જાગતો તીર્થંકર પાર્શ્વ કહુ, એમ જાણો સઘળો જગત સહુ
તતક્ષણ અશુભ કર્મ તોડો, નિત્ય. ॥૬॥
વારાણુસી પુરી નગરી, તિહાં ઉદયો જિનવર ઉદય કરી,
સમય સુંદર કહે કર જોડો, નિત્ય. ॥૭॥

## શ્રી પાર્શ્વનાથનો છંદ

વંછિત આશ પૂર્ણ પ્રભુ પ્રણમં
વામાનંદ નમો ભય હરણ !
વિમળ ભગવતે આશ્રિત પૂર્ણ !
પાર્શ્વનાથ નમો સુખકરણં !–પાર્શ્વ૦ ૧

જય હ્રીં ભવોદધિ તરણં,
દેવ ધરણેન્દ્ર સુરોવિત ચરણં,
પદ્માવતી સહિતાય સુધરણં—પાર્શ્વ૦ ૨
આહિક, માહિક ક્ષુદ્રં વિહરણં !
ઘટી ક્ષુદ્રાનપિ નિરાકરણં !
દુષ્ટાન્ સ્તંભયસ્તંભય જગ શરણં–પાર્શ્વ૦ ૩
જગવલ્લભ રતિપતિ રુપ રયણં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વાહા સુધારસ સુંદર વયણં,
સેવક સુખદાયક વર નયણં.—પાર્શ્વ૦ ૪

દુર્જન તિમિર નિવાહરણં,
સકલ તાપહરણં શશિ સુખકરણં !
ધર્મસિંહ પ્રભુ જગ આભારણં—પાર્શ્વ૦ ૫

## શ્રી મહાવીર સ્વામીનો છંદ

શ્રી સિદ્ધારથ કુળ શણગાર, ત્રિશલાદેવી સુત જગ આધાર !
શોભે સુંદર સોવન વાન, શરણુ તમારું શ્રી વર્ધમાન ॥૧॥
તુમ નામે લહિયે સંપદા, તુમ નામે મનવંછિત મુદા,
તુમ નામે લહિયે સન્માન, શરણ૦ ॥૨॥
દુર્જન દુષ્ટ વૈરી વિકરાળ, તુમ નામે નાસે તત્કાળ,
તુમ નામે દિન દિન કલ્યાણ, શરણ૦ ॥૩॥
તુમ નામે નાવે આપદા, ભૂતપ્રેત વ્યંતર નહિ કદા !
રોગ શોગ ચિંતા નવી જાણ, શરણ૦ ॥૪॥
ગ્રહાદિક પીડા નવી કરે, નામ તમારૂં જે અનુસરે,
ધર્મસિંહ મુનિ ભાવ પ્રધાન, શરણ૦ ॥૫ ઈતિ ॥

## શ્રી મહાવીર છંદ

ચોવીસમા મહાવીર શૂરવીર મહાધીર !
વાણી મીઠી ખાંડ ખીર, સિદ્ધાર્થ નંદ હે ! (૧)
નાગિણીસી નારી જાણી, ઘટમાં વૈરાગ આણી !
યોગ લિયો જગભાણ, ટાળ્યા મોહ ફંદ હે, (૨)
ચૌદ હજાર સંત, તાર દીયા ભગવંત, કર્મકો કીયો અંત, પામ્યા
સુખકંદ હે, કહે કવિ ચંદ્રભાણ, સુણો હો વિવેકવાન,
મહાવીર કા કીયા ધ્યાન ઉપજે, આનંદ હે આનંદ હે. (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી ગૌતમ સ્વામીનો છંદ

વીરજિનેશ્વર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશદિન,
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન ॥૧॥
ગૌતમ નામે ગિરિવર ચડે, મનવંછિત હેલા સંપડે,
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ ॥૨॥
જે વૈરી વિરૂઆ વંકડા. તસ નામે નાવે ઢુંકડા,
ભૂતપ્રેત નવિ મંડે પ્રાણ, તે ગૌતમના કરું વખાણ ॥૩॥
ગૌતમ નામે નિર્મળ કાય ગૌતમ નામે વાધે આય !
ગૌતમ જિનશાસન શણગાર, ગૌતમ નામે જયજયકાર ॥૪॥
સાલી દાળ સુરહા ઘૃત, ગોળ, મનવંછિત કાપડ તંબોળ,
ઘર-સુઘરણી નિર્મળ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનિત ॥૫॥
ગૌતમ ઉગ્યો અવિચળ ભાણ, ગૌતમ નામ જપો જગ જાણ.
મ્હોટા મંદિર મેરૂ સમાન, ગૌતમ નામે સફળ વિહાણ ॥૬॥
ઘર મયંગલ ઘોડાની જોડ, વારૂ પહોંચે વંછિત કોડ,
મહિયલ માને મ્હોટા રાય, જો ત્રુઠે ગૌતમના પાય ॥૭॥
ગૌતમ પ્રણમ્યાં પાતક ટળે ! ઉત્તમ નરની સંગત મળે,
ગૌતમ નામે નિર્મળ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન ॥૮॥
પુન્યવંત અવધારો સહુ, ગુરૂ ગૌતમના ગુણ છે બહુ !
કહે લાવણ્ય સમય કરજોડ, ગૌતમ તુઠે સંપત્તિ ક્રોડ ॥૯॥

## તાવનો છંદ

નમો આનંદપુર નગર રાજ્યપાલ રાજન;
માતા અજયા જનમીયો. જવર તું કૃપાનિધાન ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાત રૂપ શકિત હુઓ, કરવા ખેલ જગત,
નામ ધરાવે જુજુવા. પ્રસર્યો તું ઈત્ત ઉત્ત ॥૨॥
એકાંતરો બેયાંતરો ત્રઈયો ચોથો તાવ, શીત ઉષ્ણ
વિષમ જવરો, એ સાતે તુજ નામ ॥૩॥
એ સાતે તુજ નામ સુરંગા, જપતાં પુરે કોડી ઉમંગા,
તેં નામ્યા જે જાલિમ જંગા, જગમાં વ્યાપી તુજ જશગંગા ॥૪॥
તુજ આગે ભૂપતિ સબ રંકા, ત્રિભુવનમાં વાજે તુજ ડંકા,
માને નહિ તું કેહની શંકા, તુઠયો આપે સોવન ટંકા ॥૫॥
સાધક સિદ્ધ તણા મદ મોડે; અસુર સુર તુજ આગળ દોડે;
દુઠ્ઠ ધિઠ્ઠના કંધર તોડે; નમી ચાલે તેહને તું છોડે ॥૬॥
આવંતો થરથર કંપાવે, ડાહ્યાને જિમતિમ બહકાવે પહિલો
તું કેડમાંથી આવે સાત શિખર પણ શીત ન આવે ॥૭॥
હીં હીં, હુંકાર કરાવે, પાંસળિયા હાડાં કકડાવે,
ઉનાળે પણ અમલ જગાવે, તાપે પરિહરણમાં મૂતરાવે ॥૮॥
આસો કાર્તિકમા તુજ જોરો હઠયો ન માને ધાગો દોરો,
દેશ વિદેશ પડાવે સોરો, સબળ છે તું તાતો તોરો ॥૯॥
તુ હાથીના હાડાં ભંજે, પાપીને તોડે કરપંજે,
ભાવે ભકત વત્સલ જો રંજે, તો સેવકને કોય ન ગંજે ॥૧૦॥
ફોડક તોડક ડમરૂં ડાંક, સુરપતિ સરિખા માને હાક,
ધમકે ધુંસડ ધાંસડ ધાક ચઢતો ચાલે ચંચળ ચાક ॥૧૧॥
પિશુન પછાડણ નહિ કો તોથી, તુજ જશ બોલ્યા જાય ન કોથી,
શી અણખીલ કરો એ થોથી, મહેર કરી અળગા રહો મોથી ॥૧૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભક્ત થકી એવડી કાં ખેડો, અવલ અમીના છાંટા રેડો,
લાખા ભકતનો એ નિવેડો, મહારાજ મૂકો મુજ કેડો ॥૧૩॥
લાજવશો મા અજયા રાણી, ગુરૂ આણ માનો ગુણખાણી,
ઘરે સિધાવે કરૂણા આણી, કહું છું નાકે લીટી તાણી. ॥૧૪॥
મંત્રસહિત એ છંદ જે પઢશે તેને તાવ કદી નવ ચઢશે,
કાંતિ કળા દેહી નિરોગં ! લહેશે લક્ષ્મી લીલા ભોગં ॥૧૫॥

## શ્રી સોળ સતીનો છંદ

આદિનાથ આદિ જિનવર વંદી, સફલ મનોરથ કીજિયે,
પ્રભાતે ઊઠી મંગળિક કામે, સોળ સતીનાં નામ લીજીએ ૧
બાળકુમારી, જગહિતકારી, બ્રાહ્મી ભરતની બેનડીએ,
ઘટઘટ વ્યાપક અક્ષર રૂપે, સોળ સતીમાં જે વડીએ. ૨
બાહુબળ ભગિની સતી શિરોમણી, સુંદરી નામેઋષભ–સુતાએ,
અંકસ્વરૂપી ત્રિભુવન માંહે જેહ અનુપમ ગુણ. જુત્તાએ. ૩
ચંદનબાળા બાળપણેથી, શીયળવંતી. શુદ્ધશ્રાવિકાએ,
અડદના બાકુળા વીર પ્રતિલાભ્યા. કેવળ લહી વ્રત ભાવિકાએ. ૪
ઉગ્રસેન ધુયા ધારિણી નંદની, રાજેમતિ નેમ વલ્લભાએ,
યૌવન વેશે કામને જીત્યો, સંજમ લેઈ દેવ દુલ્લભાએ. ૫
પંચ ભરતારી પાંડવ નારી. દ્રુપદ તનયા વખાણીએ,
એકસો આઠે ચીર પુરાણાં શિયળ મહીમા તસ જાણીએ. ૬
દશરથ નૃપની નાની નિરૂપમ, કૌશલ્યા કુળ ચંદ્રિકાએ,
શિયળ સલૂણી, રામ જનેતા, પુણ્ય તણી પ્રણાળીકાએ. ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૌસંબિક ઠામે સંતાનિક નામે, રાજ્ય કરે રંગરાજીયો એ,
તસઘર ઘરણી મૃગાવતી સતી, સુર ભવને જશ ગાજીયો એ, ૮
સુલશા સાચી શિયળે ન કાચી. રાચી નહિ વિષયારસે એ,
મુખડું જોતા પાપ પલાએ, નામ લેતાં મનઉલ્લસે એ, ૯
રામ રઘુવંશી તેહની કામિની, જનકસુતા સીતા સતીએ, જગ
સહુ જાણે ધીજ કરંતા અનળ શીતળ થયો શિયળથી એ. ૧૦
સુરનર વંદિત શિયળ અખંડિત શિવા શિવ પદ ગામનીએ.
જેહને નામે નિર્મળ થઈ એ, બલિહારી તસ નામની એ. ૧૧
કાચે તાંતણે ચાળણીબાંધી, કૂપ થકી જળ કાઢીયું એ,
કલંક ઉતારવા સતીય સુભદ્રા ચંપા બાર ઉઘાડીયું એ. ૧૨
હસ્તીનાપુરે પાંડુ રાયની કુંતા નામે કામનીએ, પાંડવ માતા
દસે દસારની, બહેન પતિવ્રતા પદમીનીએ. ૧૩
શીળવતી નામે શીળવ્રત ધારિણી, ત્રિવિધે તેહને વદીયે એ,
નામ જપંતા પાતક જાએ, દરીસણે દૂરિત નિકંદીયે એ. ૧૪
નિષિધાનગરી નળ નરિંદની. દમયંતી તસ ગેહીનીએ, સંકટ
પડતો શીયળ જ રાખ્યું, ત્રિભુવન કીર્તિ જેહની એ ૧૫
અનંગ અજીતા જગજન પૂજીતા. પુષ્પચુલા ને પ્રભાવતીએ,
વિશ્વવિખ્યાતા કામને દમતાં, સોળમી સતી પદ્મમાવતીએ ૧૬
વીરે ભાખી શાસ્ત્રે સાખી, ઉદયરતન ભાખે મુદાએ,
વ્હાણું વાતા જે નર ભણશે, તે લેશે સુખ સંપદા એ. ૧૭

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી પાંસઠીયા યંત્રનો છંદ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨ | ૩ | ૯ | ૧૫ | ૧૬ |
| ૧૪ | ૨૦ | ૨૧ | ૨ | ૮ |
| ૧ | ૭ | ૧૩ | ૧૯ | ૨૫ |
| ૧૮ | ૨૪ | ૫ | ૬ | ૧૨ |
| ૧૦ | ૧૧ | ૧૭ | ૨૩ | ૪ |

શ્રી નેમીશ્વર સંભવ શ્યામ, સુવિધિ ધર્મ શાંતિ અભિરામ ॥
અનંત સુવ્રત નમીનાથ સુજાણ, શ્રી જીનવર મુજ કરો કલ્યાણ ॥૧॥

અજીતનાથ ચન્દ્રપ્રભુ ધીર, આદીશ્વર સુપાર્શ્વ ગંભીર ॥
વિમળનાથ વિમળ જગ જાણ, શ્રી જીનવર૦ ॥૨॥

મલ્લીનાથ જીન મંગળરૂપ, પચવીશ ધનુષ સુંદર સ્વરૂપ ॥
શ્રી અરનાથ નમું વર્દ્ધમાન, શ્રી જીનવર૦ ॥૩॥

મતિ પદ્મ પ્રભુ અવતંસ, વાસુસુજ્ય શીતળ શ્રેયાંસ, કુંથું
પાર્શ્વ અભિનંદન ભાણ, શ્રી જીનવર૦ ॥૪॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇણીપેરે જીનવરજી સંભારીયે, દુઃખ દારિદ્ર વિઘ્ન નિવારીયે ॥
પચ્ચીસે પાંસઠ પરમાણ, શ્રી જીનવર૦ ॥૫॥
એમ ભણતાં દુઃખ નાવે કદા, જો નિજ પાસે રાખો સદા,
ધરીએ પંચતણું મન ધ્યાન, શ્રી જીનવર૦ ॥૬॥
શ્રીજીનવર નામે વંછિત મળે, મનવંછિત સહુ આશા ફળે ॥
ધર્મસિંહ મુનિ નામ નિધાન, શ્રી જીનવર૦ ॥૭॥

## બાર ભાવના આત્મગોષ્ઠી

(૧) આ મારૂ શરીર વૈભવ લક્ષ્મી તેમજ મારો કુટુંબ પરિવાર એ સર્વ વિનાશી છે. હું પોતે અવિનાશી છું. વિનાશીના મોહમાં શા માટે મુંઝાઇ રહું છું ?

(૨) મરણ સમયે મારો વૈભવ, લક્ષ્મી કે કુટુંબ પરિવાર મને બચાવશે નહિ, તેમ જ સથવારો પણ કરશે નહિ. અશરણ એવા મને માત્ર ધર્મનું શરણુ છે.

(૩) (મેં) મારા આત્માએ સંસાર સમુદ્રમાં ભમતાં ઘણાં ભવ કર્યા છે. હવે હુ તે બેડીથી ક્યારે મુક્ત થઇશ ?

(૪) આ મારો આત્મા એકલો આવ્યો છે. એકલો જશે અને કરેલાં સારાં ખોટા ફળ એકલો જ ભોગવશે

(૫) હું કોઇનો નથી કોઇ મારૂં નથી.

(૬) શરીર અપવિત્ર છે; મળમૂત્રની ખાણ છે, રોગ જરાનું નિવાસ ધામ છે. હું તેથી ન્યારો છું.

(૭) મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, અશુભ યોગ અને કષાય એ પાંચ પાપને દાખલ થવાનાં ગરનાળાં અથવા આશ્રવ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૮) સમક્તિ, વ્રત, અપ્રમાદ, શુભયોગ અને અકષાય એ પાંચ, આવતાં કર્મને રોકનારા બારણાં અગર સંવર છે.

(૯) અણસણ, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયકલેશ, ઇન્દ્રિય પડિસંલીનતા, પ્રાયશ્ચિત, વિનય વૈયાવચ્ચ, શાસ્ત્રપઠન, ધ્યાન અને કાઉસગ્ગ એ બાર, પૂર્વે દાખલ થઈ ગયેલાં પાપોને બાળનાર અગ્નિ સમાન નિર્જરા છે.

(૧૦) હું હાલ અમુક ઘરમાં છું, એટલે કૂવામાંના દેડકા માફક અહંપદમાં રહ્યો છું, પરંતુ ચૌદ રાજલોક આગળ હું અને મારૂં હાલનું રહેઠાણ કોણ માત્ર છે! ઉભા મનુષ્યના આકારે આવી રહેલા ચૌદ રાજલોક માં નીચે ભવનપતિ અને સાત નરક છે. તિર્ચ્છા અસંખ્ય દ્વીપ સમુદ્રો આવી રહ્યા છે ઊંચે બાર દેવલોક નવગ્રૈવયક, પાંચ અનુત્તર વિમાન અને ઉપર અનંત સુખમય પવિત્ર સિદ્ધગતિની પડોશી સિદ્ધશીલા છે.

(૧૧) ભવભ્રમણ કરતાં કરતાં સમ્યક્ જ્ઞાનની પ્રસાદી મળવી એ ઘણી દુર્લભ છે.

(૧૨) ધર્મના ઉપદેશક તથા શુદ્ધ શાસ્ત્રના બોધક એવા ગુરુ પાસે શ્રવણ મળવું અતિદુર્લભ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સંથારો [અનશન] કરવાનો વિધિ

જ્યારે જે ભાઈ તથા બહેનને સંથારો અનશન કરવાની ભાવના થાય ત્યારે ગામમાં સાધુ અગર સાધ્વી બિરાજતાં હોય તો તેમની પાસે સંથારાના પચ્ચક્ખાણ (પ્રત્યાખ્યાન) કરે. અને જો તેઓ ન હોય તો વડેરા શ્રાવક તથા શ્રાવિકા પાસે પચ્ચક્ખાણ કરે. તેનો આ વિધિ-પ્રથમ પૂર્વ તથા ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેસે અને જો અશક્તિને લીધે બેસી શકાય નહીં, તો ખાટલામાં અગર પથારીમાં સૂતા રહીને પચ્ચક્ખાણ કરે. પ્રથમ નવકાર મંત્રનો પાઠ ભણે, પછી તિખ્ખુત્તો, ઇરિયાવહિનો તથા તસ્સઉત્તરીનો પાઠ ભણીને મનમાં ઈરિયાવહિનો કાઉસ્સગ્ગ કરે અને પાંચ નવકાર મંત્ર કાઉસ્સગ્ગમાં ભણે, પછી નમો અરિહંતાણં કહી કાઉસ્સગ્ગ પાળે, પછી લોગસ્સનો પાઠ ભણે, પછી ત્રણ નમોત્થુણં ભણે, પછી મંગલિક તથા છંદ વિગેરે સંભળાવે. ત્યાર પછી બાર વ્રત અંગીકાર કરેલાં હોય અથવા બીજા કોઈ પણ જાતના પચ્ચક્ખાણ કરેલાં હોય અથવા વ્રત પચ્ચક્ખાણ કરેલાં ન હોય, પણ બારે વ્રતની આલોયણા કરે તેમજ જ્ઞાન દર્શન-ચારિત્ર તપ સંબંધી પણ આલોચના કરે એટલે કોઈ પણ જાતનું પાપ લાગેલું હોય તેનું મિચ્છામિ દુક્કડં લે. પછી અઢાર પાપસ્થાનક સંભળાવે અને તેની આલોચના કરી મિચ્છામિ દુક્કડં કરે પછી ત્રણ કરણને ત્રણ જોગે પાપના પચ્ચક્ખાણ કરાવે (મન, વચન ને કાયા એ ત્રણ યોગે કરી પાપ કરે નહિ. બીજા પાસે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાપ કરાવે નહિ અને પાપ કરતો હોય તેને મને કરી ભલું જાણે નહિ) એ રીતે જાવજીવ સુધીના પચ્ચક્ખાણ જેનો ભાવ હોય તેને કરાવે અને જો જાવજીવ સુધીનો ભાવ ન હોય તો થોડી મુદત સુધીના પચ્ચક્ખાણ કરાવે, પછી અસણ (અન્ન), પાણં (પાણી) ખાઈમં (મેવા મીઠાઈ), સાઈમં (મુખવાસ) એ ચાર આહારના જાવ જીવ સુધીનો પચ્ચક્ખાણ કરવાં હોય તો જાવજીવ સુધીના કરાવે અને થોડી મુદત સુધીના કરવાના હોય તો તે પ્રમાણે કરાવે. જો પાણીનો આગાર રાખવો હોય તો ત્રણ આહારના પચ્ચક્ખાણ ઇચ્છા મુજબ કરાવે. વળી વસ્ત્ર વગેરે પોતાના ભંડઉપગરણ પોતાને જોઈએ તેની છૂટ રખાવે તેમજ ધન, ધાન્ય વગેરે (આપવા) કોઈને હોય તેટલી છૂટ રાખીને પચ્ચક્ખાણ કરાવે. વળી રોગ વગેરે કારણે ગભરામણ થાય તો તેની શાંતિ કરવા પવન વગેરે નાખવું પડે તેની છૂટ રાખીને સંથારો કરાવે તથા જગ્યાની સંકડાશ હોય તો ત્યાં રહેતા બીજા ભાઈ–બહેનો લાઇટ પંખો વાપરતા હોય તો તેનો આગાર રાખે એ પ્રમાણે સંથારાની વિધિ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પૌષધ પાળવાની વિધિ

નવકારથી તસ્સઉત્તરી સુધીના પાઠ બોલી ઇરિયાવહીના પાઠનો કાઉસગ્ગ કરવો. બાદ લોગસ્સનો પાઠ કહેવો. પછી નીચે પ્રમાણે બોલવું. દ્રવ્ય થકી સાવજ્જજોગ સેવવાનાં પચ્ચક્ખાણ કર્યાં હતાં તે. પૂરા થતાં પાળું છું, ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે, કાળ થકી સવાર સુધી, ભાવથકી છ કોટીએ પોષો કર્યો હતો તે પૂરો થતાં પાળું છું. એવા અગિયારમાં પૌષધ વ્રતના પંચ અઇયારા જાણિયવ્વા; ન સમાયરિવ્વા, તંજહા તે આલોઉં. અપડિલેહિયં દુપડિલેહિયં સેજ્જા સંથારએ, અપમજ્જીયં, દુપમજ્જીયં સેજ્જા સંથારએ, અપડિલેહિયં, દુપડિલેહિયં—ઉચ્ચાર પાસવણ ભૂમિકા, અપ્પમજ્જીય દુપ્પમજ્જીયં ઉચ્ચાર પાસવણ ભૂમિકા પોસહસ્સસમ્મં અણાણુપાલણિયા તસ્સમિચ્છામિ દુક્કડં. પોષા સંબંધી અઢાર દોષ માંહેલા કોઇપણ દોષ સેવ્યા હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. ત્યારબાદ સામાયિક પાળવાની વિધિના ફકરા બોલી ત્રણ નઇાથ્યુણં કહેવા

સામાયિક અગર પોષામાં ઝાડે પેશાબ જવું હોય તો નીચેની વિધિ કરવી; પ્રથમ પરઠવા જતાં બારણા તરફ પગ મૂકતી વખતે "આવસ્સહિ" ૩ વાર કહેવું. પરઠવાની જગ્યા બરાબર તપાસી પરઠવ્યા પહેલા હે શક્રેન્દ્ર મહારાજ ! 'તમારી આજ્ઞા ૧. એમ કહેવું. પછી "વોસિરામિ, વોસિરામિ"



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. એ શબ્દ ત્રણવાર કહેતા પરઠવવું. પરઠવીને વળતી વખતે બારણામાં પ્રવેશ કરતી વખતે.

૩. 'નિસિ'' એમ ત્રણવાર બોલવું પછી આસન ઉપર બેસી ઇરીયાવહી કહેવી.

નવકારથી તસ્સઉત્તરિના પાઠ સુધી બોલી ઇરિયાવહીના પાઠનો કાઉસ્સગ કરવો. કાઉસ્સગ પાળીને લોગસ્સનો પાઠ કહેવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ૐ

# આયંબિલ નવ દિવસની વિધિ નીચે મુજબ કરવી

૧ આયંબિલ પ્રથમ દિવસે ૐ હ્રીં નમો અરિહંતાણું એમ બોલી એક મણકો મુકવો એવી રીતે એક માળા ગણવી. એવી વીસ માળા ગણવી અને બાર લોગસ્સનો કાઉસગ્ગ કરેવો અને શ્રી અરહિંતજીના બાર ગુણ હોવાથી શ્રી અર્હદ્ભ્યો નમઃમત્થએણું વંદામિ એ પ્રમાણે પદ બોલી બાર વખત વંદણા કરવી.

૨ આયંબિલ બીજે દિવસે ૐ હ્રીં નમો સિદ્ધાણું એ એકપદની ઉપર પ્રમાણે એક માળા એવી વીસ માળા ગણવી અને આઠ લોગસ્સનો કાઉસગ્ગ કરવો અને શ્રીસિદ્ધજીના આઠ ગુણ હોવાથી શ્રીસિદ્ધેભ્યો નમઃમત્થએણું વંદામિ એ પ્રમાણે પદ બોલી આઠ વખત વંદણા કરવી.

૩ આયંબિલના ત્રીજા દિવસે ૐ હ્રીં નમો આયરિયાણું એ એક પદની ઉપર પ્રમાણે એક માળા એવી વીસ માળા ગણવી, અને છત્રીસ લોગસ્સનો કાઉસગ્ગ કરવો, અને શ્રી આચાર્યજીના છત્રીસ ગુણ હોવાથી શ્રી આચાર્યેભ્યો નમઃ મત્થએણું વંદામિ એ પ્રમાણે પદ બોલી છત્રીસ વખત વંદણા કરવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪ આયંબિલના ચોથા દિવસે ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં એ એક પદની ઉપર પ્રમાણે એક માળા એવી વીસ માળા ગણવી. અને પચ્ચીસ લોગસ્સનો કાઉસગ્ગ કરવો. અને શ્રી ઉપાધ્યાયજીના પચ્ચીસ ગુણ હોવાથી શ્રી ઉપાધ્યાયભ્યો નમઃ મત્થએણં વંદામિ, એ પ્રમાણે પદ બોલી ૨૫ વખત વંદણા કરવી.

૫ આયંબિલના પાંચમા દિવસે ૐ હ્રીં નમો લોએ સવ્વ સાહૂણં એ પદની ઉપર પ્રમાણે એક માળા એવી વીસ માળા ગણવી અને સત્તાવીસ લોગસ્સનો કાઉસગ્ગ કરવો અને શ્રી સાધુજીના સત્તાવીસ ગુણ હોવાથી શ્રી સર્વ સાધુભ્યો નમઃ મત્થએણં વંદામિ, એ પ્રમાણે પદ બોલી સત્તાવીશ વંદણા કરવી.

૬ આયંબિલના છઠ્ઠા દિવસે ૐ હ્રીં શ્રી નમો દંસણસ્સ એ પદની ઉપર પ્રમાણે એક માળા એવી વીસ માળા ગણવી, અને અડસઠ લોગસ્સનો અથવા ઓછામાં ઓછા પાંચ લોગસ્સનો કાઉસગ્ગ કરવો અને સમ્યક્ત્વ પદના સડસઠ ગુણ હોવાથી શ્રી દર્શનાય નમઃ મત્થએણં વંદામિ, એ પદ બોલી સડસઠ વખત વંદણા કરવી.

૭ આયંબિલના સાતમા દિવસે ૐ હ્રીં નમો નાણસ્સ પદની ઉપર પ્રમાણે એક માળા એવી વીસ માળા ગણવી અને એકાવન લોગસ્સનો અથવા ઓછામાં ઓછા પાંચ લોગસ્સનો કાઉસગ્ગ કરવો, જ્ઞાનપદના એકાવન ગુણ હોવાથી શ્રી જ્ઞાનાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમઃ મત્થએણું વંદામિ, એ પ્રમાણે પદ બોલી એકાવન વખત વંદણા કરવી.

૮. આયંબિલના આઠમા દિવસે ૐ શ્રી હ્રીં નમો ચરિત્તસ્સ એ પદની ઉપર પ્રમાણે એક માળા એવી વીસ માળા ગણવી અને સિત્તોર લોગસ્સનો કાઉસગ્ગ કરવો અને, શ્રી ચારિત્ર પદના સિત્તોર ગુણ હોવાથી શ્રી ચારિત્રાય નમઃ મત્થએણું વંદામિ, એ પ્રમાણે પદ બોલી સિત્તોર વખત વંદણા કરવી.

૯. આયંબિલના નવમા એટલે છેલ્લા દિવસે ૐ હ્રીં શ્રી નમો તવસ્સ એ પદની ઉપર પ્રમાણે એક માળા એવી વીસ માળા ગણવી, અને પચાસ લોગસ્સનો અથવા ઓછામાં ઓછા બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો અને શ્રી તપ પદના પચાસ ગુણ હોવાથી શ્રી તવસાય નમઃ મત્થએણું વંદામિ, એ પ્રમાણે પદ બોલી પચાસ વખત વંદણા કરીવી.

શ્રી આયંબિલ વિધિ સંપૂર્ણ

ૐ

બીજી રીતે નવ પદ આયંબિલ એક ધાનનું કરવાનું તેની વિધિ લખી છે અને નવ દિવસની ક્રિયા વિધિ ઉપર બતાવ્યા પ્રમાણે કરવી.

૧. પ્રથમ દિવસે શ્વેત ધાનનું આયંબિલ કરે અરિહંતનો વર્ણ સફેદ છે, કારણ અરિહંતને કેવળ જ્ઞાન, શુકલ ધ્યાન, શુકલ લેશ્યા છે તેથી.

૨. બીજા દિવસે રાતા ધાનનું આયંબિલ કરે; સિદ્ધનો વર્ણ લાલ છે. કારણ કે, સિદ્ધ થવાના છેલ્લા સમયે કર્મને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રજાળે (બાળે) છે. અહીં અગ્નિની ઉપમા લેવાથી એ અગ્નિનો રંગ પણ લાલ છે તેથી.

૩. ત્રીજા દિવસે પીળા ધાનનું આયંબિલ કરે, ચણાની દાળ વિગેરેનું આચાર્યનો વર્ણ પીળો છે. કારણ કે આચાર્યને પદ્મલેશ્યા છે, તેથી.

૪. ચોથા દિવસે લીલા ધાનનું આયંબિલ કરે. મગની દાળ પ્રમુખનું ઉપાધ્યાયનો વર્ણ લીલો છે, અને સિદ્ધાંત ભણ્યા છે, અતિચાર પણ ઓછા લાગે છે, કારણ કે નીલલેશ્યા છે, તેથી.

૫. પાંચમા દિવસે કાળા ધાનનું આયંબિલ કરે. સાધુનો વર્ણ કાળો છે, અને સાધુજીને અતિચાર ઘણા લાગવા સંભવ છે. કારણ કૃષ્ણાદિ લેશ્યા, તેથી.

૬. છઠ્ઠા દિવસે શ્વેત ધાનનું આયંબિલ કરે. ચોખા વિગેરેનું. દર્શનનો વર્ણ સફેદ છે, કારણ કે આત્માના નિર્મળ ગુણો છે, તેથી.

૭. સાતમા દિવસે શ્વેત ધાનનું આયંબિલ કરે. જ્ઞાનનો વર્ણ સફેદ છે.કારણ આત્માના નિર્મળ ગુણો છે, તેથી.

૮. આઠમા દિવસે શ્વેત ધાનનું આયંબિલ કરે. ચારિત્રનો વર્ણ સફેદ છે, કારણ આત્માના નિર્મળ ગુણો છે, તેથી.

૯. નવમા દિવસે શ્વેત ધાનનું આયંબિલ કરે. તપનો વર્ણ સફેદ છે, કારણ આત્માના ગુણો નિર્મળ છે, તેથી.

શ્રી એક ધાન આયંબિલ સંપૂર્ણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આલોચણા

ચાર ગતિ, ચોવીસ દંડક, ચોરાશી લાખ જીવાયોની એક ક્રોડ સાડી સત્તાણું લાખ કુલકોટીના જીવને મારા જીવે તમારા જીવે, આજના દિવસ સંબંધી આરંભે, સમારંભે. મન વચન કાયાએ કરી દુભવ્યા હોય, દ્રવ્યપ્રાણ ભાવપ્રાણ દુભવ્યા હોય, પરિતાપના કિલામના ઉપજાવી હોય, ક્રોધે, માને, માયાએ, લોભે, રાગે દ્વેષે, હાસ્યે, ભયે, ખળાયે, ધીઠાયે, આપ–થાપનાએ, પર ઉથાપનાએ, દુષ્ટ લેશ્યાએ, દુષ્ટ પરિણામે, દુષ્ટધ્યાને, આર્ત ધ્યાને રૌદ્ર ધ્યાને કરીને, ઇર્ષ્યાએ, મમતે, હઠપણે, ધીઠાઇપણે, અવજ્ઞા કરી હોય, દુઃખમાં જોડયા હોય, સુખથી ચુકાવ્યા હોય, પ્રાણ, પર્યાય, સંજ્ઞા, ઇન્દ્રિય આદિ લબ્ધિ ઋદ્ધિથી ભ્રષ્ટ કર્યા હોય, તો તે સર્વ અઢાર લાખ ચોવીશ હજાર એકસો વીસ પ્રકારે દોષ લાગ્યો હોય તો તે અરિહંત અનંતા સિદ્ધ કેવળી ભગવાનની સાખે તસ્સ મિચ્છા મિ દુક્કડં.

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સંવત્સરીની આલોચણા

પ્રાણી તેં પાપ કર્યાં ઘણાં, નહિ કીધો ધર્મ લગારો રે,
આ ભવની ચિંતા કરી, પરભવને વિસાર્યો રે—પ્રાણી તેં.

"દુહા"

સિદ્ધ શ્રી પરમાતમા, અરિગંજન અરિહંત.
ઈષ્ટ દેવ વંદુ સદા, ભવ ભંજન ભગવંત,
અરિહંત સિદ્ધ સમરું સદા, આચારજ ઉવઝાય
સાધુ સકલ કે ચરણુમાં, વંદું શીષ નમાય.
શાસન નાયક સમરીયે, ભગવંત વીર જીણંદ,
આલીય વિઘ્ન દૂરે ટળે, આપે પરમાનંદ
અંગુઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર,
ગુરૂ ગૌતમને સમરીયે મન વંછીત ફળ દાતાર,
કરૂણા નિધિ કૃપા કરી, કઠીન કર્મ મુજ છેદ,
મિથ્યા જ્ઞાન ને મોહનો, કરજો ગ્રંથી ભેદ.
આ અપાર સંસારમાં, શરણ અન્ય નહિ કોઈ
સમ્યક દર્શન જો મળે, તો તરવાનું હોય.
પતિત ઉદ્ધારણ નાથજી, વિતરાગ સુખકાર.
ભૂલચુક સહુ મહારી, ખમજો વારંવાર
ક્રોડ નવાણું ધન તજ્યો, ત્યાગી આઠે નાર.
ઉપકારી નિત વંદીયે, શ્રી જંબુ અણગાર.
સંતોની સેવા કરી, રીઝે છે પ્રભુ આપ,
જેના બાળ રમાડીએ, તેના રીઝે માબાપ,
ભવસાગર સંસારમાં, દ્વીપ સમા જીનરાજ
ઉદ્યમ કરીને પહોંચુ તીરે, બેસી ધર્મ જહાજ
આળસ વિષય કષાય વશ, આરંભ પરિગ્રહ કાજ
યોની ચોરાસિ લાખ ભમ્યો, અબ તારો મહારાજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જ્ઞાનાતિચાર

આલોઉં અતિચારને ધાર્યાં વ્રત ગુરૂ સાખેજી
જીવ ખમાઉં સકલને યોનિ ચોરાસી લાખેજી
પ્રાણી તેં પાપ કર્યાં ઘણાં....પ્રાણી
જ્ઞાનદર્શન ચારિત્ર ને, તપ વીર્ય પાંચ આચારજી
આ ભવ પરભવ સર્વ ના, આલોઉં અતિચારજી....પ્રાણી
સૂત્ર ભણ્યો નહિ ભાવથી, કાળના દોષ ન ટાળ્યાજી
સ્વાધ્યાયી બનીને કદી, વીર વચન નહિ પાળ્યાજી....પ્રાણી
જ્ઞાનીની નીંદા કરી, જ્ઞાન ન ભણવા દીધાં રે
ભણુતાંને અંતરાય દઈ, જ્ઞાનાવરણ બાંધી લીધા રે....પ્રાણી

# દર્શનાતિચાર

જૈન મતમાં શંકા કરી, પરમતનો અભિલાષી રે
સાચાની નીંદા કરી, ચમત્કારમાં રાચી રે
તીરૂપતી સંતોષીમા અંબા દુર્ગા ભજતો રે....પ્રાણી
સાંઇ વિનાયકમાં રમી, સાચા જીનને તજતો રે....પ્રાણી
દેવગુરૂને ધર્મનો મર્મ કદી નવ જાણ્યો રે
બુદ્ધિ સ્થિર કરી નહિ, ખોટા મતને તાણ્યો રે....પ્રાણી

આ પ્રકારે જ્ઞાન અને દર્શનાતિચારના વિષે કોઇ પણ દોષ સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવતાને ભલા જાણ્યા હોય તો અનંત સિદ્ધ, અરિહંત કેવળી ભગવાનની સાખે સંવત્સરી સંબંધી તસ્સ મિચ્છામિ દુક્કડં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચારિત્ર અતિચાર

## ૧. અહિંસા વ્રત

પશુ કે નોકરના ઉપર કામના બોજ મેં દીધા રે
મારીને અથવા શબ્દથી, ઘાયલ ખૂબ મેં કીધા રે....પ્રાણી
બંધનમાં રાખ્યા બાંધીને, માનવ પશુ કે પક્ષી રે
મ્યુઝિયમમાં જોઈ જીવને, જીવ દયા નહીં લક્ષી રે...પ્રાણી
ભાત પાણી ન ખાવા દીધા, કામ તો ખૂબ કરાવ્યા રે
માંદા પરવશ જીવને, દવા ઈલાજ ન કરાવ્યા રે....પ્રાણી
માંકડ જુ કે લીખને, ગમે ત્યાં નાખી માર્યાં રે
માખી મચ્છર કંથવા, ઘણાં જીવોને સંહાર્યા રે....પ્રાણી
ઉંદરને સંકલ્પથી પાંજરામાં ભેગાં કીધાં રે
કેટલા જીવ હણ્યા હશે, એવી સુધ ના લીધી રે....પ્રાણી
ગળ્યું ખાઈ કૃમિ પેટમાં, પાડીને પાછી તેને મારી રે
મન શરીર પરિવારમાં ગઈ જીંદગી સારી રે....પ્રાણી

આ પ્રકારે અહિંસા વ્રતમાં મન વચન કાયા થકી કોઈ પણ દોષ જાણતાં અજાણતાં સેવ્યા હોય, સેવરાવ્યા હોય સેવતાને ભલા જાણ્યા હોય તો અનંતા સિદ્ધ અરિહંત, કેવળી ભગવાનની સાખે સંવત્સરી સંબંધી તસ્સ મિચ્છામિ દુક્કડં.

## ૨. સત્ય વ્રત

શંખા કરી દઈ કલંકને, કલેશ તેં ખુબ જગાવ્યા રે
કન્યા ગોભૂમિ કારણે. જૂઠના પાપ લગાવ્યા રે....પ્રાણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાપણ પારકી રાખીને, ઉંધે રસ્તે ચઢીયો રે
ખોટા કાગળ તેં લખ્યા, પાપથી જીવને મઢીયો રે....પ્રાણી
કોરટમાં જુઠું બોલીને, ખોટી શાખ પુરાવી રે
પાણી છાણીને પીધાં, લોહી પીધાં અનછાણી રે...પ્રાણી
બીજા વ્રત માંહે મને; લાગ્યા ઘણા અતિચારો રે
વોસિરાવું ઘડીએ ઘડી, દોષ ઘણો છે મારો રે....પ્રાણી

આ પ્રકારે સત્ય વ્રતને વિષે જાણતાં અજાણતાં મન, વચન, કાયા થકી જે દોષ સેવ્યા હોય, સેવરાવ્યા હોય સેવતાને ભલા જાણ્યા હોય તો અનંતા સિદ્ધ, અરિહંત, કેવળી ભગવાનની સાખે સંવત્સરી સંબંધી તસ્સ મિચ્છામિ દુક્કડં.

## ૩. અચૌર્ય વ્રત

ચોરીની વસ્તુ લીધી, ચોરોને સહાયતા દીધી રે
રાજ વિરૂદ્ધ માપ્યાં તોળિયા, વસ્તુમાં ભેળસેળ કીધી રે–પ્રાણી
આજ્ઞા વિના વસ્તુ પારકી લઇને, થયો ઘણો રાજી રે
મિત્ર બની ધન છેતર્યો, બન્યો વિશ્વાસનો ઘાતિ રે–પ્રાણી
ખાતર પાડી ગાંસડી છોડી, તાળું ખોલીને માલ લીધો રે
સહી કરાવી કપટાઇથી, માલિક બન્યો પોતે સીધો રે–પ્રાણી
માર પડી કંદોઇને, ઘેવર ઘરવાળાએ ખાધાં રે
કર્મ છૂટે નહિ કોઇનાં, હસી હસીને બાંધ્યાં રે–પ્રાણી

ઇત્યાદિ ત્રીજા વ્રતને વિષે જાણતાં અજાણતાં મન, વચન કાયા થકી જે દોષ સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવતાને ભલા કરી જાણ્યા હોય તો અનન્તા સિદ્ધ, અરિહન્ત કેવળી ભગવાનની સાખે સંવત્સરી સંબંધી તસ્સ મિચ્છામિ દુક્કડં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪. બ્રહ્મચર્ય વ્રત

ઘર છોડી પરસ્ત્રી રમ્યો, જગમાં અપજશ લીધો રે
ધન ગુમાવ્યું ગાંઠનું, ધીક ધીક સહુએ કીધો રે—પ્રાણી
જાતિ કે પરજાતની, નાની મોટી ઉંમરની રે
નારી સાથે ક્રીડા કરી, રડતી રાખી ઘરની રે—પ્રાણી
વિધવા અનાથ ગરીબને, પૈસા દઈ પ્રેમમાં પાડી રે
વિષયમાં અંધ બની કદી. વિવેક આંખ ના ઉઘાડી રે—પ્રાણી
સગપણ જોડયાં રાચી રાચીને; સંસાર અનંત વધાર્યો રે
બાંધી પોટલાં પાપનાં ભાર લઈ પર ભવ સીધાવ્યો રે—પ્રાણી
ક્રીડા અંગ ને અનંગની, કરીને સ્વાસ્થ્ય ગુમાવ્યું રે
ખાલી ડબ્બો થઇ ગયો, હાથે કશુ નહિ આવ્યું રે—પ્રાણી

આ પ્રકારે ચોથા વ્રતને વિશે જાણુતાં અજાણુતાં મન મન, વચન કાયા થકી જે દોષ સેવ્યા હોય, સેવરાવ્યા હોય; સેવતાને ભલા કરી જાણ્યા હોય તો અનન્તા સિદ્ધ, અરિહન્ત, કેવળી ભગવાનની સાખે સંવત્સરી સંબંધી તસ્સ મિચ્છામિ દુક્કડં

## ૫. પરિગ્રહ વ્રત

ખેતવત્થુ ધન ધાન્યને, સોના ચાંદી હીરા રે
મનુષ્ય કે પશુઓ તણાં, પરિગ્રહ તજજો વીરા રે—પ્રાણી
પરિગ્રહ પર મમતા કરી, રોજ રોજ વધાર્યો રે
ચિંતા કરતાં મરી જાશે, આરો ન મનનો આવ્યો રે—પ્રાણી
કૃત અકૃત્ય ન જોયું તેં, ન્યાય અન્યાય ન જાણ્યો રે
હીંસા ચોરી જુઠથી, તૃષ્ણામાં મનને તાણ્યો રે—પ્રાણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયું અંધારૂં, રવિ દેખાતાં, કુમતિ ગઇ ગુરુ જ્ઞાને રે
સુમતિ ગઇ અતિ લોભમાં, વિનય ગયો અભિમાને રે—પ્રાણી

ધન મારૂં હું ધનનો, ધનમાં ધર્મ ગુમાવ્યો રે
ધન દેતાં કંપે હાથ ને મનમાં ભરમ સમાવ્યો રે—પ્રાણી

બે નંબર સ્ટર્લીંગના, પૈસાથી મોજ ઉડાવી રે
રમતો રમતાં પાપની, ફોજ ઉભી દ્વારે આવી રે—પ્રાણી

કળા બોતેર જ્ઞાનની, શીખીને ધન મેળવાયે રે
ધર્મ કળા વિના જીવનના ચક્કર એળે જાય રે—પ્રાણી

પાંચમાં વ્રતના દોષ આ, લગાવી સેવ્યા અતિચાર રે
આલોઉં સર્વે પાપને હોજો મારો ભવ પાર રે—પ્રાણી

આ પ્રકારે પાંચમાં પરિગ્રહ વ્રતને વિષે જાણવાં અજાણતાં મન, વચન, કાયા થકી જે દોષ સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવતાને ભલા કરી જાણ્યા હોય તો અનન્તા સિદ્ધ અરિહન્ત, કેવળી ભગવાનની સાક્ષીએ સંવત્સરી સંબંધી તસ્સ મિચ્છામિ દુક્કડં.

## ૬. દિશા પરિણામ વ્રત

દેશદેશાવરમાં ભમ્યો રાખી ન કોઈ મર્યાદા રે
ઊર્ધ્વ અધો તિર્યક દિશા, જ્યાં ન રાખી કોઇ બાધા રે—પ્રાણી

લોભ વશે વ્રત તોડિયા, વિદેશી વસ્તુ મંગાવી રે
ધર્મ ને ધન બેઉએ ગયાં, જીંદગી ફોગટ ફગાવી રે—પ્રાણી

વિદેશે સંબંધ અનાર્યોનો, મદિરા માંસ ખાનારા રે
એવા પૈસા જે મળે, પાપમાં ખર્ચ થાનારા રે—પ્રાણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રકારે છઠ્ઠા વ્રતને વિષે સંવત્સરી સંબંધી જેઅતિચાર સેવ્યા હોય. સેવરાવ્યા હોય, સેવતાને રૂડા કરી જાણ્યા હોય તો અરિહંત સિદ્ધ કેવળી ભગવાનની સાખે તસ્સ મિચ્છામિ. દુક્કડં

## ૭ ઉપભોગ પરિણામ વ્રત

ભોગ અને ઉપભોગની, વસ્તુની નથી મર્યાદા રે
ભક્ષ્યાભક્ષ્યને ના ગણ્યા ભાવે ન ભોજન સાદાં રે–પ્રાણી

સાબુ પેસ્ટ કે શેમ્પૂ–એ જીવોની હિંસાથી બનતા રે
શણગારના સહુ લેપ એ, પ્રાણી તને ઘણા ગમતા રે–પ્રાણી

દ્રવ્ય ને વિગયોની વાત તેં, નથી કોઈ દી જાણી રે
સ્વાદ લેવામાં ઘણો રાચિયો, કરી તેં પાપ કમાણી રે–પ્રાણી

કાંદા, બટાટા, રીંગણા લસણ, ગાજર, મુળા ખાતો રે
ચોમાસાનું પણ ભાન ના આઠમ પાખી ના ગણતો રે–પ્રાણી

મદીરા માંસનો ડર નહિ, હોટલમાં જઈ ખાતો રે
અહીંયા મોજ મનાવી તેં, ત્યાં તે મળશે લાતો રે–પ્રાણી

શાક સુધાર્યા ઘણી જાતનાં, તળિયા તેલ વઘારીને
ખૂબ મસાલા નાખી નાખીને, દાળનો ટેસ વધાર્યો રે–પ્રાણી

સાથે અથાણા ઘણી જાતનાં, મરચાં કોથમીર લીંબુ રે
ઉપરથી મીઠું નાખીને, ખૂબ વધાર્યો સ્વાદ સિંધુ રે–પ્રાણી

મુખવાસ લવીંગ એલાયચી, ચાવ્યા પાન તેં લીલા રે
તમાકુ ખાતા નહિ અટકિયો, ગાત્ર કરી દીધાં ઢીલા–પ્રાણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પંદર કર્માદાન

ભઠીયોં સળગાવી ને ચૂના ઈંટ પકાવ્યા રે
લાકડાના કર્યા કોલસા, હોંસેથી જંગલો કાપ્યા રે—પ્રાણી

ગાડી રથ ભાડે દીધા; વાડિયો બંધાવી રે
બીલ્ડીંગો બાંધી રે ભાડેથી ખૂબ ચલાવી રે—પ્રાણી

પહાડ પત્થર ફોડિયા, મોટી સુરંગો ચાંપી રે
હીરા પન્નાના મોહમાં, જીવ દયા ન જાણી રે—પ્રાણી

દાંત, લાખ, ચામડાં અને ઘી, તેલના વેપાર રે
મધ, મધ, માખણ વેચી, કર્મો બાંધ્યા અપાર રે—પ્રાણી

ઘાણીમાં તેલ પીલાવ્યા, મીલો બંધાવી હર્ષાયો રે
મહા આરંભી ધંધા કર્યા, પાપનો મેલ વરસાવ્યો રે—પ્રાણી

જુના કુવા ને, તળાવો, સ્વાર્થને માટે પૂરાવ્યા રે
સ્વીમીંગ પુલ, ટબ, બાથ બાંધી બાંધી અપાવ્યા રે—પ્રાણી

વિદેશી વસ્તુના વેપારમાં, હિંસાની ચિંતા ન રાખી રે
કકળતા જીવોની દયાને મેં, લોભમાં કરી નાખી ઝાંખી રે

આ પ્રકારે સાતમા વ્રતને વિષે સંવત્સરી સંબંધી જે અતિચાર સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવતાને રૂડું કરી જાણ્યા હોય તો અરિહંત સિદ્ધ કેવળી ભગવાનની સાખે તસ્સમિચ્છામિ દુક્કડં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૮ અનર્થાદંડ વિરમણ વ્રત

અનર્થાદંડનો અર્થ છે, અવિવેકની ક્રિયા રે
નાહક ખોટાં કર્મ બાંધતા, ભવી જીવો અટકીયા રે–પ્રાણી

આર્ત, રૌદ્ર કુધ્યાનને, સાર વગરના ધ્યાયા રે
સુધ્યાન ધર્મ ને શુકલ ને, મનમાં કદી નવ લાવ્યા રે–પ્રાણી

ઘી, દહિં, તેલના વાસણો, આળસમાં રાખ્યા ઉઘાડાં રે
પાણી ઢાંકયા વિના રાખીને, જીવોના કાઢયાં કાટલાં રે
ચાકુ છરી પોતે સંઘરિયા, બીજાને ખુશી થઇ આપ્યાં રે
હણાશે જીવો કેટલા, એવા હિસાબ ન રાખ્યા રે-પ્રાણી

કામ ઉત્તેજક ચોપડા, બાંચી બીજાને વંચાવ્યાં રે
કામ વર્ધક ગીતો થકી; બીજાને મેં લલચાવ્યા રે–પ્રાણી

હિંસાની વસ્તુ પોતે સંઘરી; બીજાને સંગ્રહ કરાવી રે
સમુર્છિમ ત્રસ જીવની દયા ન મનમાં આવી રે–પ્રાણી

મળ, મૂત્ર, કફ, પિત્તને, વિવેકથી ન પરઠાવ્યાં રે
ભોજન એઠાં મુકયાં થાળીમાં, શ્રીમંતાઇના ગર્વ આવ્યા રે–પ્રાણી

જુના ઘરને તોડીને, નવા ઘર મેં બંધાવ્યા રે
રાત્રે વસ્તુ પલાળીને, સ્વાદિષ્ટ ભોજન રંધાવ્યા–પ્રાણી

કીડા પડેલાં ધાનને, તડકામાં મેં નાખ્યા રે
માંકડ ભરેલા વસ્ત્ર પણ, ગરમ જમીન પર રાખ્યાં રે–પ્રાણી

મટકા પડેલ કઠોળને, જોયા વગર મેં ઉકાળ્યા રે
સાફ સફાઈ સારી ન કરી; ઘરમાં જીવો ઘણા બાળ્યાં રે પ્રાણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રકારે આઠમા વ્રતને વિષેસંવત્સરીસંબંધીજેઅતિચાર સેવ્યા હોય; સેવરાવ્યા હોય, સેવતાને રૂડું કરી જાણ્યા હોય તો અરિહંત, સિદ્ધ કેવળી ભગવાનની સાખે તસ્સ મિચ્છામિ દુક્કડં.

## ૯ સામાયિક વ્રત

સામાયિક મહત્વને સમજી શ્રદ્ધા ન રાખી રે
આણારંભી પુન્યની, કમાણી વ્યર્થમાં નાખી રે...પ્રાણી
ત્રણ કરણ બે યોગની, સામાયિક હિતકારી રે
દોષ બત્રીસ ટાળ્યા વગર, થાય ના ગુણકારી રે–પ્રાણી
સ્થિર આસને નહિ બેસીયો, મૌન ન એમાં ધારી રે
સ્થિર નજર ના રાખી મેં જીભ, ચલાવી ખારી રે–પ્રાણી
ઉઘાડા મુખથી બોલીયો, સંત સતીની કરી નીંદા રે
પવિત્ર સ્થાનકે બેસીને, કામો કર્યા મેં ગંદા રે–પ્રાણી

આ પ્રકારે નવમા વ્રતને વિષે સંવત્સરી સંબંધી જે અતિચાર સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવતાને રૂડું કરી જાણ્યા હોય તો અરિહંત સિદ્ધ કેવળી ભગવાનની સાખે તસ્સ મિચ્છામિ દુક્કડં

## ૧૦ દશાવગાસિક

સંવરમાં શ્રદ્ધા નહિ, દશમું વ્રત નહિ કરતો રે
ઉપવાસ કરી ભુખ્યો, રહી વ્રત આચરતાં ડરતો રે–પ્રાણી
પાંચ આશ્રવના ત્યાગમાં, રાત્રી એક ન રહેતો રે
પોતે કરે ન કરાવતો કરતાને સારૂં ન કહેતો રે–પ્રાણી

આ પ્રકારે દશમા વ્રતને વિષે સંવત્સરી સંબંધી જે અતિચાર સેવ્યા હોય, સેવરાવ્યા હોય સેવતાને રૂડું કરી જાણ્યા હોયતો અરિહંત સિદ્ધ કેવળી ભગવાનની સાખે તસ્સ મિચ્છામિ દુક્કડં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૧ પૌષધ વ્રત

ઔષધી આત્માની કદી, પૌષધ લઇ નહિ કીધી રે
કર્મ બિમારી વધે તોયે, પૂંઠ ન સંસાર ને દીધો રે–પ્રાણી
પૌષધ લઇ પડીલેહણ, કપડાનું મેં નહિ કરીયો રે
કર્યો તો વિવેક ન રાખીયો; પ્રમાદમાં જીવ પડીયો રે–પ્રાણી
આંખથી આંખ મેળવીને, પાપ સ્થાનકમા બાધ્યાં રે
શણગારી કાયા અહીં આવીયો શણગાર પૌષધમાં રાખ્યા રે
ધર્મની કરી અવહેલના; કર્મના ભાર ચડાવ્યા રે
ધર્મને નહિ સમજી શકયો, ખોટા રૂપ રચાવ્યા રે–પ્રાણી

આ પ્રકારે અગિયારમા પૌષધ વ્રતને વિષે મન, વચન, કાયા થકી જાણતાં અજાણતાં કોઇપણ દોષ સેવ્યા હોય, સેવરાવ્યા હોય સેવતાને ભલા જાણ્યા હોય તો અરિહંત સિદ્ધ કેવળી ભગવાનની સાખેસંવત્સરી સંધી તસ્સ મિચ્છામી દુક્કડં

## ૧૨ અતિથિ સંવિભાગ

મહાસતી સંતને જોઈને, અહોભાવ ન આવ્યા રે
સૂઝતા ગૌચરી પાણી મેં, વિવેકથી ન વહોરાવ્યા રે–પ્રાણી
અતિથિનો સંવિભાગ જે, નહિ રાખે શ્રાવક શ્રાવિકા રે
તે ઘર નહિ જૈની તણો, એવાં ઘર લાગે ફીકા રે–પ્રાણી
સચિતથી, વસ્તુ ઢાંકીને, વસ્તુ અણ સૂઝતી કીધી રે
ખરાબ ભાવો મન લાવીને, કર્મોની પોઢ બાંધી દીધી રે

આ પ્રકારે બારમા અતિથિ સંવિભાગ વ્રતને વિષે મન, વચન, કાયા થકી જાણતાં અજાણતાં કોઈ પણ દોષ સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવતાને ભલા જાણ્યા હોય તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરિહંત સિદ્ધ કેવળી ભગવાનની સાખે સંવત્સરી સંબંધી તસ્સ મિચ્છામી દુક્કડં

## ૧૩ તપ આચાર

ઉણોદરી અનશન અને ઇચ્છાઓ સંક્ષેપ ન કરતો રે
રસ, પરિત્યાગ ક્લેશ કાયનો, સંલિનતાને ન વરતો રે–
રસ પરિત્યાગ ગમ્યો નહિ, પ્રાયશ્ચિતની ન કરી ચિંતા રે
વિનય, વૈયાવચ્ચ ને સ્વાધ્યાય, નહિ તને ગમતાં રે–
કાર્યોત્સર્ગ કરી કર્મના, ભુક્કા કદી ન બોલાવ્યા રે
બળતા રાખ્યા દીવા પાપના, વિવેકથી ન ઓલવ્યા રે–પ્રાણી

આ પ્રકારે તપ આચાર વિષે મન, વચન, કાયા થકી જાણતાં અજાણતાં કોઈ પણ દોષ સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવતાને ભલા જાણ્યા હોય તો અરિહંત સિદ્ધ કેવળી ભગવાનની સાખે સંવત્સરી સંબંધી તસ્સ મિચ્છામિ દુક્કડં.

## વીર્યાચાર

શક્તિ છતાં સંકલ્પનો બળ ના કો'દિ વધાર્યો રે
દાન શિયળ તપ ભાવમા શૂરો કદી ન કહેવાયો રે–પ્રાણી
ધન છતાં દીધો નહિ, શક્તિ છતાં તપ છોડયો રે
સાચા ધર્મને છોડીને, પુદ્‌ગલમાં મન જોડયો રે–પ્રાણી

આ પ્રકારે વીર્યાચારના વિષે મન. વચન, કાયા થકી જાણતાં અજાણતાં કોઈપણ દોષ સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવતાને ભલા જાણ્યા હોય તો અરિહંત સિદ્ધ કેવળી ભગવાનની સાખે સંવત્સરી સંબંધી તસ્સ મિચ્છામિ દુક્કડં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વંદના

(૧) ચોવીસ તીર્થંકરોને, વીશ વિહરમાનોને અગિયાર ગણધરોને, સોળ સતીઓને, પાંચ પદોને, કેવળીઓ ગૌતમ સ્વામિજીને, જે સર્વે મોક્ષે પધાર્યા છે તે બધાને મારા અંતઃકરણપૂર્વક ત્રિકાળ વંદના નમસ્કાર કરૂં છું. તિખ્ખુત્તો...

(૨) હે સ્વામિનાથ ! આપ ઉત્તમ છો, માંગલિક છો, ભાગ્યવાન છો, આપનું આ ભવે, ભવોભવે સદાકાળ શાશ્વતુ શરણું મને પ્રાપ્ત થજો. મુજ પાપીના પાપ નિવારજો આપનાં ચરણો પર મારૂં મસ્તક મુકીને અંતઃકરણપૂર્વક ત્રિકાળ વંદના નમસ્કાર, નમસ્કાર કરૂં છું—તિખ્ખુત્તો....

(૩) હું જાણતો નથી, હું સમજતો નથી, મારા પાંચમા આરાના જન્મ મરણ સુધારજો. છઠ્ઠા આરાના જન્મ મરણ નિવારજો. ઓછામાં ઓછા બે ઘડીનો સંથારો સંલેખના તપ આવવા દેજો. આપના ચરણો પર મારૂં મસ્તક મુકીને અંતઃકરણપૂર્વક ત્રિકાળ વંદના નમસ્કાર નમસ્કાર કરું છું—તિખ્ખુત્તો...

(૪) ત્રણ કરણ, ત્રણ યોગથી શુદ્ધ જ્ઞાન દર્શન ચારિત્ર તપની આરાધના કરનાર ગુરૂ ગોરાણીજી મહારાજ સાધુસાધ્વીજી મ. આદિ સર્વે સંતસતી વૃંદના ચરણોમાં મારૂં મસ્તક મુકીને અંતઃકરણપૂર્વક ત્રિકાળ વંદના નમસ્કાર, નમસ્કાર કરું છું તિખ્ખુત્તો....

(૫) અઢી દ્વિપ, પંદર ક્ષેત્રમાં મારાથી મોટા વડિલ ભાગ્યવાન, ગુણવાન બધાં જીવોને મારા અંતઃકરણપૂર્વક ત્રિકાળ વંદના નમસ્કાર, નમસ્કાર કરૂં છું—તિખ્ખુત્તો....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) આપના જ્ઞાનદર્શન, ચારિત્ર અને તપની સુખશાંતિ પૂછી આપની દિવસ સંબંધી અવિનય અશાતના અભક્તિ કરી હોય તો મન, વચન, કાયા થકી ક્ષમાયાચના કરૂં છું. આપના ચરણો ઉપર મારૂં મસ્તક મેલીને અંતઃકરણપૂર્વક ત્રિકાળ વંદના નમસ્કાર, નમસ્કાર કરૂં છું. તિખ્ખુત્તો

卐

# અંતિમ સમયે કરવાની વિધિ

## મરણ સમય નજીક લાગે ત્યારે શ્રાવકોને સંથારો કરવાની વિધિ.

પ્રથમ ક્ષેત્ર વિશુદ્ધિ માટે (૧) નવકાર મંત્રનો પાઠ. (૨) તિખ્ખુત્તોનો પાઠ. (૩) ઈરિયા વહિયાનો પાઠ (૪) તસ્સ ઉત્તરીનો પાઠ બોલી, ઈરિયા વહિયાનો પાઠ. અને નવકાર મંત્રનો કાઉસગ્ગ કરવો. પછી (૫) લોગસ્સનો પાઠ બોલી, પહેલું નમોત્થુણં સિદ્ધ પ્રભુને બીજું અરિહંત પ્રભુને અને ત્રીજું પોતાના ધર્મગુરૂ, ધર્માચાર્ય મહારાજને કરવું. પછી આલોયણા કરવી.

અનંત કાળથી આજદિન પર્યંત જ્ઞાન દર્શન ચારિત્ર તપમાં સર્વથા પ્રકારે અથવા અમુક અંશે વિરાધના કરી હોય, કરાવી હોય, કરતાને ભલું જાણ્યું હોય, મૂળ ગુણ ઉત્તર ગુણ વિષે કોઈ દોષ લાગ્યો હોય, વ્રત પચ્ચખાણમાં, સમકિતમાં અતિચાર જેવા દોષ લાગ્યા હોય, આકુટી અણાકુટી પણે, જાણતાં અગર બેશુદ્ધપણે વ્રતની મર્યામદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભંગ કર્યો હોય, હિંસા કરી હોય, જુઠું બોલાયું હોય, ચોરી કરી હોય, કુશીલ સેવ્યું હોય, પરિગ્રહ ઉપર મમતા રાખી હોય, ક્રોધ કર્યો હોય; અભિમાન કર્યું હોય, કપટ કર્યું હોય, લોભમાં ફસાયા હોય, ગમતા પદાર્થો ઉપર રાગ કર્યો હોય, અણગમતી ચીજો પર દ્વેષ કર્યો હોય, પોતાના આત્મામાં તથા સંસારમાં કલેશ કર્યો હોય; બીજા પર ખોટા કલંક–આક્ષેપ કીધા હોય, ચાડી કરી હોય, બીજાની નિંદા કરી હોય, ભૌતિક પદાર્થોમાં આનંદ માન્યો હોય, સંયમમાં કંટાળો આવ્યો હોય, માયા કપટ કરી જુઠું બોલ્યા હોય, કુદેવ કુગુરૂ અને અને કુધર્મના શલ્યો રાખ્યા હોય, આમ અઢારે પાપસ્થાનકો સેવ્યાં હોય, સેવરાવ્યાં હોય અને સેવતાંને સારૂં જાણ્યું હોય. પ્રશંસા કરી હોય. આમ દુષ્ટ ભાવે જે કાંઈ પાપ થયું હોય તો અનંતા સિદ્ધ કેવળી ભગવંતો તથા ગુરૂની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

શ્રી ઋષભદેવથી માંડી શ્રી મહાવીર પ્રભુ સુધીના ચોવીસ તીર્થંકરોને મારા નમસ્કાર હોજો, તેઓએ પ્રરૂપેલ નિગ્રંથ પ્રવચન-રૂપ સિદ્ધાંત જ સત્ય છે. તેના જેવો બીજો કોઇ ધર્મ નથી, સંપૂર્ણ જ્ઞાની એટલે કેવળ જ્ઞાનીએ ભાંખેલ છે, ન્યાયવાળો છે. સંપૂર્ણ શુદ્ધ છે, શલ્યોને કાપનારો છે, સિદ્ધિનો માર્ગ છે, કર્મથી છૂટવાનો માર્ગ છે, શાંતિનો માર્ગ છે, આવી મોક્ષની સંધિ બીજે કયાંય મળે તેમ નથી અને સર્વ દુઃખોનો અંત કરનાર છે. આવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માર્ગે અનેક જીવો તરી ગયા છે, હું પણ તેના ઉપર શ્રદ્ધા રાખું છું, પ્રતીત લાવું છું, અંતઃકરણથી ચાહું છું અને યોગ્ય રીતે પાલન કરતો, કરાવતો થકો, કેવળી-ભાષિત ધર્મ વિષે સાવધાન થયો છું. અને વિરાધનાથી વિરમ્યો છું, તો આજ દિન સુધી, જે કાંઈ દુષ્ટ ચિંતન કર્યું હોય, ખોટો ઉપદેશ આપ્યો હોય અને કાયાથી પણ દુષ્ટ રીતે વર્તાયું હોય તો અનંત સિદ્ધ કેવળીની તથા ગુરૂની સાક્ષીએ મિચ્છામિ દુક્કડં.

આમ ચોવીસે જિનેશ્વરોને નમસ્કાર કરી, અઢી દ્વીપમાં વિચરતા પંચ મહાવ્રતધારી મુનિઓ જેઓ રજો-હરણ–પાત્રા–મુહપત્તિને ધારણ કરનારા, અઢાર હજાર શીલ રૂપ રથને ધારણ કરનારા એટલે બ્રહ્મચારી એવા વીતરાગ પ્રભુની આજ્ઞાનું પાલન કરનારા એવા સકળ સાધુઓને મારા નમસ્કાર હોજો.

તથા અઢીદ્વીપમાં તેમજ અઢીદ્વીપ બહાર અસંખ્યાતા શ્રાવક શ્રાવિકાઓ જે નવ તત્ત્વના જાણનાર, પોષધ–પ્રતિક્રમણના કરનાર, દયાવંત, નિરભિમાની, પરધન પથ્થર સમાન જાણે, પરસ્ત્રીને મા બેન સમાન ગણે, એવા શ્રાવકજીને ખમાવું છું. સમક્તિ દૃષ્ટિ જીવને ખમાવું છું. ઉપકારી બાઈ ભાઈને ખમાવું છું. ચોરાશી લાખ જીવાયોનીના જીવને ખમાવું છું. આ સર્વ જીવોને હણ્યા હોય હણાવ્યા હોય, હણતાને ભલું જાણ્યું હોય તેમજ કોઈનું ખરાબ ચિંતવ્યું હોય તે સર્વ અપરાધની ક્ષમા માગું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે મારા ધર્મગુરુ, ધર્માચાર્ય, મહા ઉપકારી, જ્ઞાન-લોચનના દાતાર, મૂજને ન્યાય અને નિર્મળ માર્ગે ચડાવનાર જેમણે મારી પશુતા ટાળી આ મારો માનવ જન્મ સફળ કર્યો, અહો! એવો કોઈ સાર પદાર્થ નથી કે જે આપીને તેમના પર ઉપકાર કરૂં, પરંતુ હે ગુરૂદેવ ! તમે પરમ તારૂપણે પરમ વારૂપણે, પરમ કરૂણા ભાવે, પરમ હેતુથી, પરમ ગોવાળપણે મારી રક્ષા કરી મને ન્યાલ કર્યો, એવા તરણ-તારણ ગુરૂની વિનય અભિવૃત્તિ કેળવી તેમની ચરણ-રજ મસ્તકે ચઢાવી પોતાનો વાંક દોષ ખમાવી, ગુરૂ હાજર હોય તો તેમની પાસે પચ્ચખાણ કરવા, અને હાજર ન હોય તો ઈશાન ખૂણામાં ભગવાન મહાવીર સ્વામીને વંદન કરી બોલવું—

સવ્વં પાણાઈવાયં પચ્ચખામિ, સવ્વં મુસાવાયં પચ્ચખામિ—સવ્વં અદિન્નાદાણં પચ્ચખામિ, સવ્વં મેહુણં પચ્ચખામિ, સવ્વં પરિગ્ગહં પચ્ચખામિ, સવ્વં કોહં પચ્ચ-ખામિ, જાવ મિચ્છા દંસણ સલ્લં અકરણિજ્જં જોગં પચ્ચખામિ, જાવજીવાએ, તિવિહં તિવિહેણં, નકરેમિ, નકાર-વેમિ, કરંતંનાણુજાણામિ, મણસા વયસા કાયસા, એમ અઢારે પાપ સ્થાનક પચ્ચખું છું, સવ્વં અસણં પાણં ખાઇમં સાઇમં ચઉવિહં પિ આહારં પચ્ચખું છું; મારી સંસારી વસ્તુઓ-ઘર. દુકાન, બાગ, બંગલા, હોજ વગેરે તથા ગાય, ભેંસ, બળદ, ઘોડા વગેરે તથા વાસણ-કુસણ પેટી-પટારા, તિજોરી, કબાટ વગેરે તથા સોના ચાંદી ઝવેરાતના દાગીના વગેરે અને રોકડ મિલકત પણ મરણના અંત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુધી ત્રિવિધે ત્રિવિધે વોસરાવું છું. હિંસા થાય તેવા સાધનો વગેરે બાહ્ય અને આભ્યંતર તે ક્રોધ, માન, માયા અને લોભ એ સર્વ પરિગ્રહ વોસરાવું છું, આ સંસારી કુટુંબ, મિત્ર, માતા-પિતા, ભાઇ-બેન, પતિ-પત્નિ, સ્વજન સંબંધી સાથેના મેળાપ સંબંધમાં રાગ દ્વેષ થયો હોય તો ખમાવીને મરણના અંત સુધી વોસિરાવું છું.

વળી આ મારૂં શરીર, ઇષ્ટ, કાન્ત, પ્રિય, રત્નના કરંડીયા સમાન મેં માન્યું છે, તે પણ મરણના અંત સુધી વોસિરાવું છું. એવા અપશ્ચિમ મારણાંતિક સંલેખણા ઝુસણા તથા આરાધના મારી સફળ હોજો. આમ બોલી ધારી મંગલિક આવડતું હોય તો બોલી જવું અગર અરિહંતનું, સિદ્ધનું, સાધુનું અને દયા ધર્મનું શરણું અંગીકાર કરૂં છું એમ કહેવું. આ રીતે સર્વ સંસારને પુંઠ દેતો ચાર મંગલિક, ચાર ઉત્તમ અને ચાર શરણા સ્વીકારી શરીરની મમતા રહિત ભત્ત પચ્ચખાણાદિ સંથારા સહિત પંડિત મરણ મુજને હોજો એવી ભાવના ભાવવી અને સમતા ટકે તે માટે સારૂં વાંચન મનન કરી અથવા ઉપદેશ સાંભળી શુભ ધ્યાનમાં સમય વીતાવવો.

સંથારામાં કોઈ આગાર રાખવો હોય તો તિવિહારના પચ્ચખાણ કરવા. જેથી પાણી વાપરી શકાય. અમુક સમયનો પણ કરવો હોય અગર ઉપસર્ગ પ્રસંગે અથવા અકસ્માતના કારણે ટુંકમાં આગાર રાખીને પણ સંથારો કરી શકાય. તેમાં ફક્ત નવકાર મંત્ર બોલી નીચે મુજબ દોહરો બોલવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સાગારી સંથારો

## આહાર શરીર ને ઉપધિ; પચ્ચખું પાપ અઢાર; મરણ આવે તો વોસિરૂં, જીવું તો આગાર.

## સાગારી સંથારો પાળવાની વિધિ.

નવકાર મંત્રથી તસ્સ ઉત્તરી સુધીના પાઠો બોલી, ઈરિયાવહિયાનો કાઉસ્સગ્ગ કરી, લોગસ્સ બોલી પછી સામાયિક પાળવાની વિધિના પાઠમાં સામાયિકની જગાએ સંથારો હરેક જગાએ બોલવો. અતિચાર સંથારાના બોલવાના. તે ઇહિલોગા સંસપ્પઓગે, પરલોગા સંસપ્પઓગે, જીવિયા સંસપઓગે, મરણા સંસપ્પઓગે, કામ ભોગા સંસપ્પઓગે. તસ્સ મિચ્છામિ દુક્કડં બોલી, ત્રણ નમોત્થુણં કહેવા દરરોજ રાત્રે કરતા હોઈએ અગર અકસ્માતના કારણે કરેલ સંથારો પાળવો હોય તો ટુંકમાં નવકાર મંત્ર પાંચ વખત બોલી, સંથારા પચ્ચખાણ ન ફાસિયં, ન પાલિયં, ન તિરિયં, ન કિત્તિયં, ન સોહિયં ન આરાહિયં, આણાએ અણુપાલિત્તા ન ભવઈ તસ્સ મિચ્છામિ દુક્કડં બોલવું.

# સમાધિ મરણની ૩૦ ભાવનાઓ

૧ અહો! અનંત પરમાણુ પુદ્દગલોના સમૂહનું બનેલું આ શરીર જોતજોતામાં પ્રલય થાય છે, અહો! પુદ્દગલોની કેવી વિચિત્રતા!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨ "અધુવે અસાસયમ્મિ"=આ પુદ્ગલપિંડ અનિત્ય અને નાશવંત છે તેનો મેં ખ્યાલ જ ન કર્યો!

૩ જેમ કોઈ મેળો વિખરાઈ જાય છે તેમ કુટુંબ રૂપી મેળો વિખરાય તેમાં ફીકર શાની!

૪ જગતનો કર્તા કોઈ નથી, સર્વ સંયોગ અને વિયોગ કર્મ અનુસાર સ્વભાવે જ થયા કરે છે.

૫ હું ચૈતન્ય એટલે જ્ઞાનનો પુંજ, અખંડ અવિનાશી છું. શરીર નાશવંત છે. તેનો હું જ કર્તા અને ભોક્તા પણ છું. મારા આત્મ-સ્વભાવનો નાશ નથી. નાશવંત શરીરની ચિંતા શા માટે?

૬ અહો! આટલા દિવસ હું શરીરને મારૂં માનતો હતો. પરંતુ મારી ઇચ્છા વિના જ મારા કટ્ટર શત્રુ રોગ, વૃદ્ધાવસ્થા પામી મૃત્યુને પણ ભેટવા તૈયાર થયું. આવા સ્વામી-દ્રોહીને મારૂં કેમ માની શકાય?

૭ રે! ભોળા જીવ! આ શરીરને માતા, પિતા, પુત્ર, બેન, ભાઈ, કાકા, કાકી, ભત્રીજો, મામા, મામી, ભાણેજ, સ્ત્રી, પતિ અને અન્ય સ્વજનો હજુ છે, પણ આત્મા જતો રહેશે પછી તેને કોઈ રાખશે ખરૂં? માટે કુટુંબ અને સંબંધીઓની મમતા છોડ અને તારા નિજ સચ્ચિદાનંદ સ્વભાવમાં રમણ કર.

૮ રે આત્મન્! આ શરીર સંપદા ઈંદ્રજાળ સમાન છે. બાળપણમાં કોમળ, યુવાનીમાં મસ્ત બની બીજાને આકર્ષક બને છે. અને ઘડપણમાં અથવા રોગ આવે ત્યારે કેવું બિહામણું અને દુગંછા કરવા જેવું બની જાય છે કે પોતાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ ગમતું નથી અને સ્વજનો પણ સેવા કરતાં કંટાળી જાય છે છતાં સ્વજનો અને આ શરીરનો મોહ છૂટતો નથી ! !

૯. જે જીવ છે તે મરતો નથી, મરે છે તે શરીર છે મૃત્યું આત્માનો નાશ કરી શકતું નથી શરીર રૂપી પુદ્દગલ તો ક્ષણે ક્ષણે ક્ષીણ થઈ જ રહ્યું છે. પરંતુ આત્મા તો જેવો છે તેવો જ છે અને રહેવાનો, ઘછી મૃત્યુનો ભય શા માટે ?

૧૦ જીવ અગ્નિથી બળતો નથી, પાણીથી ભિંજાતો નથી, વાયુથી ઉડતો નથી તેમજ કોઈ પણ વસ્તુથી ગ્રહણ કરી શકાતો નથી. તેથી હું તો ચૈતન્યવંત અમુર્ત હોવા છતાં પણ અધિક સત્તાવંત છું, પછી કોનો ભય ?

૧૧. જેમ શ્રીમંતના પુત્રના બન્ને બાજુના ગજવામાં મેવા ભરેલા હોય છે. ગમે તે બાજુ હાથ નાંખે ત્યાંથી મેવો જ મળવાનો છે તેમ સમકિતી આત્માના પણ બંને હાથમાં મેવા છે. તે વિચારે કે જીવીશ તો સંયમ પાળીશ અને મરીશ તો સ્વર્ગ કે મોક્ષનાં સુખ ભોગવીશ.

૧૨. જેમ કોઈ ગૃહસ્થ શ્રીમંત બને છે ત્યારે પોતાના નાના અને અગવડવાળા ઘરનો ત્યાગ કરી મોટી હવેલીમાં હર્ષપૂર્વક નિવાસ કરે છે. તેમ મારો આત્મા તપ સંયમ રૂપ ધનથી શ્રીમંત બન્યો છે. તેથી મારું રૂધિરવાળું શરીર છોડીને મનવાંછિત રૂપો કરી શકાય એવા દિવ્ય દેવતાના શરીરરૂપી હવેલીમાં પહોંચાડનાર મૃત્યુ જ છે. તો પછી મૃત્યુને સહાયક માની આ ઔદારિક શરીરનો હર્ષપૂર્વક ત્યાગ કરવો જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩ જેમ વાણીઓ કષ્ટ વેઠી વેપાર માટે માલ ભેગો કરે છે. અને તેને તે એવી રીતે સાચવે છે કે બગડે નહી પરંતુ જ્યારે તેજીનો રંગ આવે ત્યારે માલનું મમત્વ છોડી દે છે, અને વેચીને લાભ મેળવે છે. તેમ અનેક કષ્ટો સહન કરી તપ, સંયમ અને ધર્મરૂપ માલનો સંગ્રહ કર્યો છે અને આત્માને દોષોથી બચાવ્યો છે. તે માલને બદલે મોક્ષરૂપ લાભ પ્રાપ્ત કરવા માટે મૃત્યુરૂપ તેજીનો ભાવ આવ્યો છે પછી તેનો લાભ મેળવતાં દુઃખ કેમ હોઈ શકે? તો હવે શરીરનું મમત્વ છોડીશું તો જ પૂરો લાભ મળશે.

૧૪ દિવસભર કરેલી મજુરીનું ફળ શેઠ આપે છે. તેમ જીંદગી પર્યંત કરેલી કરણીનું ફળ મૃત્યુ રૂપ શેઠથી જ મળશે, માટે તેનો આદર કરવો જોઇએ,

૧૫ જેમ કોઈ રાજાને પરચક્રી રાજાએ પકડી કેદમાં પૂર્યો હોય અને તેનો કોઈ મિત્ર–રાજા સેના સહિત આવીને તે રાજાને છોડાવે તેમ ચૈતન્યરૂપ રાજાને કર્મરૂપ પરચક્રીએ સંસારરૂપ કારાગૃહમાં એટલે આયુષ્ય રૂપી જેલમાં પૂર્યો છે, ત્યારે મૃત્યુ રૂપ મિત્ર રોગ રૂપ સેનાથી સજ્જ થઈ મને દુઃખથી મુક્ત કરવા માટે આવ્યો છે. તેથી તેને ઉપકારક માની સમભાવપૂર્વક સમાધિથી તેનો આદર કરે.

૧૬ ભૂતકાળમાં સ્વર્ગ-મોક્ષનાં સુખો જેમણે પ્રાપ્ત કર્યા છે તે સમાધિ મરણના જ પ્રતાપે, માટે હે સુખાર્થી આત્મા! તારે પણ સમાધિ મરણ પૂર્વક મરવું ઉચિત છે.

૧૭ કલ્પવૃક્ષની છાયામાં બેસીને મનુષ્ય સારી કે બૂરી જેવી ઇચ્છા કરે તેવાં ફળ મેળવે છે તેવી જ રીતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૃત્યુ પણ કલ્પ વૃક્ષ સમાન જ છે, તેની છાયામાં બેસી એટલે મૃત્યુ સમયે વિષય કષાય મોહ મમતા જેવી ખરાબ ઇચ્છા કરીશું તો દુર્ગતિના ફળ મળશે. અને સમક્તિ-પૂર્વક ત્યાગ વૈરાગ વ્રત નિયમ સત્ય શીલ દયા ક્ષમા આદિ ગુણોની ઇચ્છા પૂર્વક આરાધન સહિત સમાધિ ભાવ ધારણ કરીશું તો સ્વર્ગ મોક્ષનાં સુખો મળશે, માટે મૃત્યુ રૂપ કલ્પવૃક્ષ નીચે બેસી શુદ્ધ અને શુભ ભાવ વડેજ આત્મા પરમાનંદી અને પરમ સુખી બની શકશે.

૧૮ અશુચિથી ભરેલા અને મળ મૂત્ર જેવી અપવિત્ર વસ્તુ ઝરતા આ ઔદારિક શરીરના ફંદાથી છોડાવનાર અને અશરીરી અથવા દિવ્ય શરીરી બનાવનાર મૃત્યુ જ છે, માટે તેનું સ્વાગત કરવું જોઇએ.

૧૯ જેવી રીતે મહાત્મા અનેક દૃષ્ટાંતો-દલીલો કરી શરીરનું સ્વરૂપ સમજાવી તેના ઉપરથી મમતા ઘટાડે છે, તેવી રીતે ઉત્પન્ન થયેલ રોગ પણ મને પ્રત્યક્ષ ઉપદેશ આપે છે કે હે જીવ! આ શરીર તારૂં નથી. માટે તેની મમતા ન રાખ.

૨૦ જે શરીરને પ્રાણથી પણ પ્યારૂં કરી પોષ્યું અને તેની કોમળતામાં લુબ્ધ બની રહ્યો હતો તે જ શરીર કેવો દગો દે છે? કેટલાય ઉપચારો કરતાં રોગ મટતો નથી. માટે હવે જે કાંઈ સમય છે તેમાં આત્માને પોષ.

૨૧ રે જીવ! જો તું ગભરાતો હોય, તો તે રોગો તારા પોતાના કરેલાં કર્મોનું પરિણામ છે. તે મટાડવા માટે અતિ આતુર થવાની જરૂર નથી. કારણ કે જ્યાં-સુધી કર્મનો ઉદય હશે ત્યાં સુધી ગમે તેટલા ઉપચારોથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મટશે નહિ પરંતુ જીનેંદ્ર જેવા પરમવૈદ્યની કર્મ ઘટાડવાની દવાનું સાચા દિલથી સેવન કર, જેથી કદાચ રોગ મટી જાય તો પણ ઠીક અને કદાચ મૃત્યુ થાય તો પણ સમાધિપૂર્વકનું સકામ મરણ થશે.

૨૨ જો વેદનીયનું જોર વધે તો એમ માનવું જોઈએ કે તે વધુ કર્મની નિર્જરા કરશે, કેમ કે જેટલો તાપ સુવર્ણ વધુ ખમશે તેટલું જલ્દી અને વિશુદ્ધ સોનું બનશે. તેથી તીવ્ર વેદના સમયે સમભાવ ધારણ કરીશું તો કઠણ કર્મો પણ જલ્દી નાશ પામી જશે અને નવાં કર્મો બંધાશે નહિ. તેથી આત્મા વિશુદ્ધ થશે.

૨૩ ગજસુકુમારે અંગારાની મહાવેદના સમભાવે સહન કરી, ખંદકજીની ચામડી ઉતારી, મેતાર્ય મુનિએ વાધરની વેદના સહન કરી શીઘ્ર આત્મ–કલ્યાણ કર્યું, તો મારી વેદના આવી તો નથીને (!) એમ વિચારવું.

૨૪ હે આત્મન્ ! તેં નરકમાં ૧૦ પ્રકારની મહાવેદના સહન કરી છે. પરમાધામીના માર ખાધા છે. તિર્યંચમાં ભૂખ, તરસના અનંતા દુઃખો સહન કર્યા છે. દેવતામાં પણ ગુનાઓ કરી ઇંદ્રના વજ્રપ્રહારાદિ કષ્ટો સહન કરી અનાદિ કાળથી જે મહાદુઃખો વેઠયાં છે તેની સરખામણીમાં આ દુઃખ કેટલું અલ્પ છે. આમ આવા અનંત દુઃખો વેઠયા છતાં જેટલાં કર્મની નિર્જરા જીવ કરી શકયો નથી, તેથી અનંતગુણી નિર્જરા અહીં જો આ પ્રબલ વેદનાને સમભાવે સહન કરીશ તો થઈ જશે અને પરમ સુખી બની જઈશ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૫ સંસારમાં જો કોઈ કરજદાર લેણદારને નમ્રતાથી કદાચ ઓછી રકમ આપે તો ખાતું ચુકતે કરી દે છે અને જો ઉદ્ધતાંઈ કરે તો વ્યાજ, વકીલની ફી તેમજ કોર્ટના ખર્ચ સાથે હુકમનામું થાય છે, તેમ વેદનીય કર્મને ઉદીરણા કરીને ખપાવાય અગર ઉદય આવે ત્યારે નમ્રતાપૂર્વક સમભાવ રાખતાં જલ્દી છૂટકારો થાય છે.

૨૬ કરેલાં કર્મ ભોગવ્યા સિવાય છૂટકારો નથી. આ સિદ્ધાંત–વચન અનુભવ સિદ્ધ છે. અને આત્મા જ કર્મ ખપાવવા સમર્થ છે તો પછી કર્મનો બદલો દેવાને સમયે મોઢું શા માટે છુપાવે છે? સઘળા દેવાંનો હિંમત-પૂર્વક ચુકાદો કરી ફારગત થઈ જવું એ કેવું હિતકારક ગણાય?

૨૭ જેવી રીતે વિચિક્ષણ વણિક મહામૂલ્યવાન વસ્તુ થોડા દામમાં મળતી હોય તો તે કેટલા ઉમંગપૂર્વક લઈ લે! તેવી જ રીતે સ્વર્ગ મોક્ષના મહામૂલ્યવાન સુખોની પ્રાપ્તિ ફક્ત અલ્પ સમયના સમભાવ પૂર્વકના સમાધિ-મરણથી જ થઈ શકતી હોય, તો તેની આનાકાની કરી, શા માટે સમભાવ તજવો જોઈએ?

૨૮ જેમ સૈનિક શસ્ત્રવિદ્યાનો અભ્યાસ કરી, તે અંગેના સાધનોના ઉપયોગની સિદ્ધિ કરી સજ્જ રહે છે અને યુદ્ધના સમયે શત્રુનો પરાજય કરે છે તેમ હે આત્મન્! તેં આટલા દિવસ જ્ઞાનાભ્યાસ અને તપ સંયમાદિની પ્રેકટીસ કરી છે તે સિદ્ધ કરવાનો અવસર પ્રાપ્ત થયો છે, માટે કર્મ શત્રુઓનો પરાજય કરી સુખી થા.

૨૯ જેનો વિશેષ પરિચય હોય તેની બહુ કિંમત હોતી નથી. તેમ આ ઔદારિક શરીરનો પરિચય તને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાયમનો છે તો તેની કિંમત નહીં માનતાં આત્માની કિંમત સમજી શરીરનું મમત્વ ઉમંગપૂર્વક છોડવું જોઇએ.

૩૦ જુનાં વસ્ત્ર બદલી નવાં પહેરવામાં જેમ આનંદ હોય છે તેમ આ જુનું અને અશુચિથી ભરેલું શરીર છે, તે શરીરનો મૃત્યુથી ત્યાગ કરીને નવું દિવ્ય દેવ–શરીર રૂપી વસ્ત્ર પહેરનાર આત્માને આનંદ જ હોય.

## સમાધિ મૃત્યુ સ્થિતિના ચાર ધ્યાન

(૧) **પદસ્થ ધ્યાન**–નવકારમંત્ર, લોગસ્સ, નમોત્થુણં, શાસ્ત્રોનો સ્વાધ્યાય, આલોચનાના પાઠ, સ્તવન, છંદ તથા મહાપુરૂષોના ચરિત્રના પઠન, શ્રવણમાં મનને સ્થિર કરે, તન્મય થઇ જાય તે.

(૨) **પિંડસ્થ ધ્યાન**–જન્મથી મરણ સુધીની શરીરની વિચિત્રતા અર્થાત્ પુદ્ગલોની ફેરફારી, રોગાદિ અસમાધિ સમયના વૈરાગ્યમય વિચારોના તેમજ શરીરની અશુચિના તથા આત્મા અને શરીરની ભિન્નતાના વિચારોમાં મનને સ્થિર કરે તે. અથવા લોકના સ્થાનોનું ચિંતન કરે તે.

(૩) **રૂપસ્થ ધ્યાન**-અરિહંત પરમાત્માના ગુણોની સાથે પોતાના આત્માના ગુણોની સરખામણી કરીને પોતાની તેમના ગુણોથી એકતા અને જુદાપણાનો વિચાર કરી તેમના જેવા બનવાના સાધનોનો વિચાર કરી તેમનાં ગુણોમાંતલ્લીન બનવું તે.

(૪) **રૂપાતીત ધ્યાન**–સિદ્ધના ગુણોની આત્મા સાથે એકતા કરે, સિદ્ધ પરમાત્મા સત્ ચિત્ અને આનંદમય છે. તે જ પ્રમાણે હું પણ શક્તિ રૂપે તો તેવો જ છું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, અરૂપીપણું, અખંડતા, અજરામરપણું, અવિનાશીપણું સિદ્ધ પ્રભુમાં પ્રગટ રૂપે છે. મારામાં તે ગુણો શક્તિ રૂપે તો છે જ, તેને પ્રગટ કરવાનો પ્રયત્ન કરતાં હું પણ આધિ વ્યાધિ અને ઉપાધિના દુઃખોથી મુક્ત થઈ અજરામર બની જઈશ.

પદસ્થ ધ્યાનમાં કમરની નીચેના અંગ તરફ પ્રથમ લક્ષ રાખી, પછી પિંડસ્થ ધ્યાનમાં કમરની ઉપરના અંગ તરફ લક્ષ ચડાવે, પછી રૂપસ્થ ધ્યાન તે ગ્રીવા અથવા ડોકની ઉપરના અંગ તરફ લક્ષ ચડાવે, પછી રૂપાતીત ધ્યાનમાં સર્વ શરીર–વ્યાપક આત્મામાં લક્ષને સ્થિર કરે, એમ મન અને શરીરનું નિરૂંધન કરી, પછી આત્મ દ્રવ્ય અને તેની પર્યાયમાં ધ્યાનથી ચિંતન કરે. આ શુકલ ધ્યાનનો "પૃથક્ત્વ વિતર્ક" નામનો પ્રથમ પાયો જાણવો. પછી દ્રવ્ય અને પર્યાયમાં સંચરવાનું છોડી આત્મ દ્રવ્યમાં જ સ્થિર થઈ જાય તે શુકલ ધ્યાનનો "એકત્વ વિતર્ક" નામનો બીજો પાયો જાણવો. આ ધ્યાન વડે શ્રેણી સંપન્ન બની આત્મગુણમાં ગરકાવ થઈ જતાં, ચાર ઘનઘાતી કર્મનો નાશ કરી, કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રગટ કરે. તે શુકલ ધ્યાનનો "સુક્ષ્મ ક્રિયા પ્રતિપાતિ નામનો ત્રીજો પાયો છે. તે પ્રાપ્ત કરી આયુષ્યના અંત સુધી પ્રવર્તતાં સ્વભાવથી જ શુકલ ધ્યાનનો ચોથો પાયો "સમુચ્છિન્ન ક્રિયા નિવૃત્તિ" આવતાં જ, વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર આયુષ્યની સાથે ખપાવીને એકી સાથે સર્વાંશે કર્મનો ક્ષય કરી સિદ્ધ ભગવાન બની પરમ સુખી બની જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જૈન સ્તુતિ (કાવ્યો)

ભક્તિ કરતા છૂટે મારા પ્રાણ પ્રભુ એવું માંગુ છું
રહે જનમ જનમ તારો સાથ પ્રભુ એવુ માંગુ છું
તારૂં મુખડુ પ્રભુજી હું જોયા કરૂં
દિનરાત ભજન તારું બોલ્યા કરૂં
રહે અંત સમય તારું ધ્યાન...પ્રભુ...

મારી આશા નિરાશા કરશો નહિ
મારા અવગુણ દિલમાં ધરશો નહિ
રહે શ્વાસે શ્વાસે તારૂ નામ...પ્રભુ...
મારા પાપને તાપ સમાવી દેજે
તારા સાધકને દાસ બનાવી દેજે
દેજો આવીને દર્શનના દાન...પ્રભુ...
ભક્તિ કરતાં છુટે મારા પ્રાણ પ્રભુ એવુ માંગુ છું
તપ કરતાં છુટે મારા પ્રાણ પ્રભુ એવું માંગુ છું
અંત સમયે સંથારો કરતાં છુટે મારા પ્રાણ પ્રભુ એવું માંગુ છુ

હું કરૂ છું પ્રાર્થના મને પ્રેમ તારો આપજે
કાંઈ ખોટુ કામ કરતી હોઉ ત્યારે વારજે
જીવન છે સંગ્રામ કોઈની જીત કોઈની હાર છે
જાણુ છુ સંસાર એતો સુખ ને દુઃખના સાર છે
હારથી હારી ન જાઉં એવી હિંમત આપજે...હું...
ધન મળે કે ન મળે બસ ધર્મને હુ જાળવું
તારો પંથ ચૂકાય નહી બસ એટલું સંભાળવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે છતાં ભૂલો પડુ તો સાચે રસ્તે વાર જે...હું...
સ્વર્ગની ચિંતા નથી હુ રાત–દિન ભક્તિ કરૂં
તારૂ નામ ભૂલાય નહી બસ ભાવના એવી ભાવું
ડગમગુ નહી હુ કદાપી એવી શ્રદ્ધા આપજે...હુ...

## એક પંખી આવીને ઉડી ગયું

એક પંખી આવીને ઉડી ગયું, એક વાત સરસ સમજાવી ગયું
આ દુનિયા એક પંખીનો મેળો, કાયમ ક્યાં રહેવાનું છે
ખાલી હાથે આવ્યા એવા, ખાલી હાથે જવાનું છે
જેને તેં તારૂ માન્યું હતું, આંહીનું આંહી રહેવાનું છે.
એક પ્રભાતે જન્મ થયો ને, સાંજ પડે ત્યારે ઉડી ગયું
એકલવાયુ આતમ પંખી, સાથે કંઈ ન લઈ ગયું
સગા સબંધીની માયા મુકી સહુથી અળગા થવાનું છે
જગતની આંખો જોતી રહીને, તે પાંખ વગર ઉડી ગયું
જાતા જાતા પંખી જીવનમાં, સાચો મર્મ સમજાવી ગયું
ધર્મ–પૂન્યની લક્ષ્મી ગાંઠે, સત્કર્મોનો સથવારો રે
ભવસાગર તરવાને માટે, નથી કોઈ આરો રે એક પંખી

---

## જીવ્યાના યુકિત

વરસોના વરસો તારા વીતી ગયઃને કાયા તારી કરમાણી
ઓ ભાઈ મારા જીવ્યાની યુકિત ન જાણી
પંચ વિષય તારા મનને વળગ્યા, મોજ મઝા ખૂબ માણી
યુવાની તારી લાગી ઓસરવા, તોય આશાની આગ ન ઓલાણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોહની પથારી પાથરી સુતો, તારી અજ્ઞાને આંખડી ઘેરાણી
કાળના પૂર તારે આંગણે આવ્યા. તોય હજી સુતોશું સોડતાણી
મોંઘો મનુષ્યભવ એળે ગુમાવ્યો, કીધી કંઈ ન કમાણી
ભોગોને ભોગવીને રોગોને નોતર્યા, ઉતર્યા મોતીડાના પાણી
એ ભાઈ મારા જીવ્યાની યુક્તિ ન જાણી
સમય હજી છે હાથમાં બાકી, સમરી લે મહાવીર સ્વામી
વીર-પ્રભુને ભાવે ભજે તો, મટે ચોરાસીની ઘાણી
વરસોના વરસો તારા વીતી ગયા ને, કાયા તારી કરમાણી
એ ભાઈ મારા જીવ્યાની યુક્તિ ન જાણી
ગાઓ મહાવીર ગુણગાન, અહીંયા દો દિન કા મહેમાન
કોઈએ કરવું નહીં અભિમાન, અહીંયા દો દિન કા મહેમાન
સઘળા સંપીને સહુ રહેજો, ચાડી ચુગલી છોડી દેજો
સરખા રહેજો સૌની સાથ, અહીંયા દો દીન કા મહેમાન
મારૂં-તારૂં કરી સૌ ચાલ્યા, મોહ-માયા-વિશેષ કરી મહાલ્યા
શકતો કેમ ભૂલ્યા છો ભાન, અહીંયા દો દિન કા મહેમાન
ભાવે મહાવીરને આરાધો, મહાવીર સાથે પ્રીતિ બાંધો
આટલું રાખજો સૌએ ધ્યાન, અહીંયા દો દીન કા મહેમાન

## તારી કરૂણાનો કોઈ પાર નથી

હે કરૂણાના કરનારા, તારી કરૂણાનો કોઈ પાર નથી
હે સંકટના હરનારા, તારી કરૂણાનો કોઈ પાર નથી
મેં પાપો કર્યા છે એવા, હું ભૂલ્યો તારી સેવા
મારી ભૂલોના ભૂલનારા, તારી કરૂણાનો કોઈ પાર નથી
હું અંતરમાં થઈ રાજી, ખેલ્યો છું અવળી બાજી
અવળીને સવળી કરનારા, તારી કરૂણાનો કોઈ પાર નથી
હે પરમ કૃપાળુ વહાલા, મેં પીધા વિષના પ્યાલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારા સાચા રક્ષણહારા, તારી કરૂણાનો કોઈ પાર નથી
કદી છોરૂ કછોરૂ થાએ, તું તો માવિત્ર કહેવાયે
શીળી છાયાના દેનારા, તારી કરૂણાનો કોઈ પાર નથી
મને જડતો નથી કિનારો, મારો ક્યાંથી આવે આરો
ઓ મારા સાચા ખેવનહારા, તારી કરૂણાનો કોઈ પાર નથી
છે મારૂં જીવન ઉદાસી, તું શરણે લે અવિનાશી
મારા દીલમાં સદા રમનારા, તારી કરૂણાનો કોઈ પાર નથી

## જય કરનારા જિનવરા

જય કરનારા જિનવરા, દુઃખ હરનારા દેવ
પાઠ પઢુ પહેલો પ્રભુ, નમન તણો નિતમેવ
પ્રથમ નમુ અરિહંતને, બીજા સિદ્ધ ભગવંત
ત્રીજા શ્રી આચાર્યને, નમુ તજી દઈ તંત
ઉપાધ્યાય ઉપકારીયા, જ્ઞાન તણા દાતાર
નમન કરૂં નિર્મળ થવા, ભવજળ તારણહાર
સાધુ સુંદર લોકમાં, સાધ્વીઓ શણગાર
સઘળાને સ્નેહે હજો, વંદન વારંવાર
નમસ્કાર પદ પાંચ છે, પાપ તણા હરનાર
સર્વ જગતના કામમાં, મંગલ ના કરનાર
પ્રભુ મંગલના કરનાર

# મા-બાપને ભૂલશો નહિ

ભૂલો ભલે બીજુ બધું, મા-બાપને ભૂલશો નહિ,
અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો નહિ. ભૂલો ૧
પથ્થર પૂજ્યા પૃથ્વી તણા, ત્યારે દીઠું તમ મુંખડું,
એ પુનિત જનનાં કાળજા, પથ્થર બની છુંદશો નહિ ભૂલો ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાઢી મુખેથી કોળીયા, મ્હોમાં દઈ મોટા કર્યા,
અમૃત તણા દેનાર સામે, ઝેર ઉગળશો નહિ. ભૂલો ૩
લાખો લડાવ્યાં લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા,
એ કોડના પુરનારના, કોડ પુરવા ભૂલશો નહિ. ભૂલો ૪
લાખો કમાતા હો ભલે, મા-બાપ જેમાં ના ઠર્યા,
એ લાખ નહિ પણ રાખ છે એ માનવું ભૂલશો નહિ ભૂલો ૫
સંતાનથી સેવા ચહો, સંતાન છો સેવા કરો,
"જેવું કરો તેવું ભરો" એ ભાવના ભૂલશો નહિ. ભૂલો ૬
ભીને સૂઈ પોતે અને સૂકે સુવાડયા આપને,
એ અમીમય આંખને ભૂલીને ભીંજવશો નહિ. ભૂલો ૭
પુષ્પો બિછાવ્યા પ્રેમથી, જેણે તમારા રાહ પર,
એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહિ ભૂલો ૮
ધન ખરચતાં મળશે બધું, માતા-પિતા મળશે નહિ,
જગજીવન એના ચરણની, ચાહના ભૂલશો નહિ. ભૂલો ૯

# અંતિમ સમયની આરાધના

## માંદગીમાં મનની માવજત

(૧) હે આત્મન્ ! આજે તને જે માંદગી પ્રાપ્ત થઈ છે, તેમાં દોષ તો તેં જ બાંધેલા પૂર્વ કર્મોનો છે. સાંસારિક ભાવોમાં અંધ થઈને, તારી જાતને વિસરી જઈને તેં પાપ વિચારો કરી નાખ્યા અને પાપ કર્મ બંધાઈ ગયું. ઘણા સમય સુધી આ કર્મ તારા આત્મામાં એમ ને એમ શાંત પડી રહ્યું, આ વખતે પણ જો શાન ઠેકાણે રાખીને તેં ધર્મ સાધના કરી હોત તો તે કર્મ કદાચ ઉખડી જાત અને બહાર ફેંકાઈ જાત પણ તું ગાફેલ રહ્યો અને કર્મ પડી રહ્યું. હવે આજે તે ઉદયમાં આવી ચૂકયું છે; એ કર્મ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તને રોવડાવે તે, પીડે છે, કનડે છે, પણ હવે તારે રોવું ન જોઈએ, દેવાધિદેવના શરણે જઈ દુઃખ માત્રનું ભાન વિસરી જવું જોઈએ. આ રસ્તે જઈશ તો રૂઠેલું કર્મ તારા મનને વિચલિત નહીં કરી શકે ગભરાવી નહીં શકે અને હાથ વાંચ કરાવી નહીં શકે, અને એમ થવાથી નવાં અશુભ કર્મોના બંધ પણ કરાવી નહિ શકે એ વાત બરાબર ધ્યાનમાં રાખ.

(૨) તારા જ પૂર્વકૃત શુભાશુભ કર્મે તને સુખદુઃખ આપીને ભોગવાઈ જવા માટે સારા-ખોટા ક્ષેત્ર, કાળ વગેરે આપ્યા છે હવે તે જે મળ્યુ તે સોનાનું એમ સમજીને અકળાઈ જવાની વાતથી માંડવાળ કર. દેવાધિદેવનું નામ લેવા તને મળ્યું. દેવાધિદેવને ટગર ટગર જોવા માટે આંખો મળી અને પાપના પ્રાયશ્ચિતને કરી લેવા હૈયુ મળ્યું પછી અકળામણ શાની! સ્વીકારી લે એ અસાતાને, બોલાવી લે બીજી પણ બધી વેદનાઓને, પછી દેવાધિદેવના શરણાં લઈને અશુભકર્મો શાંતિથી વેદી તો લેવાય.

(૩) કર્મ ઉદયમાં આવ્યું એટલે ખરતુ જ જવાનું છે. હવે તો એ જ વાતની કાળજી લેવાની છે કે ખરતું કર્મ નવું બંધાવીને ન જાય, નવા કુસંસ્કારો જન્માવી ન જાય, જૂની વાસનાઓને બદ્ધમૂલ કરી ન જાય. આ વિકટ પરિસ્થિતિ ન સર્જાય તે માટે ચાર શરણોમાં ઓતપ્રોત બની જા. અશુભ કર્મો વેદાઈ જશે, વિનાશ પામશે. સાથે સાથે અશુભ વાસનાઓ પણ મોળી પડશે. દેવાધિદેવનું શરણું અખૂટ પુણ્યરાશિની ભેટ આપશે. આ વિપુલ લાભ તરફ તું લક્ષ્ય રાખ. વિપુલ લાભ માટે અલ્પ કષ્ટ વેઠી લેવા મનને હુકમ કર.

(૪) હે આત્મન્! જરા મારી વાત સાંભળી લે. જો તું હમણાં સમતા નહિ રાખે તો એવું ભયંકર કર્મ બંધાશે કે જેનો ઉદય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થતાં તને ધોળે દિવસે તારા જોવાનો વખત આવશે. સહેજ પણ ગફલતમાં રહીશ તો નવું કર્મ બંધાઈ જશે. આજે મળેલી શરણાગતિનો ભાવ ખોવાઈ જશે. પછી તારી દશા અત્યંત દયામણી બની રહેશે. તુ એમ કદી ન માનીશ કે ધનથી ડૉકટરથી, પત્નીથી કે પુત્રોથી તને આ દુઃખમાં શાંતિ મળી જશે. કદાપિ નહિ,

અનાથી મુનિના જીવન ઉપર જરા નજર નાખ. કેવી બૂમરાણ મચાવી હતી! કેવી કાકલૂદી ભરી વિનવણીઓ કરી હતી! કેવા મર્માળા ઠપકા આપ્યા હતા! છતાંય કોઈ એના દુઃખને લેશમાત્ર પણ ટાળી શકયું ન હતું. જ્યારે હૃદયમાં શરણાગતિનો ભાવ જાગ્યો કે તરત જ એ વેદના ઓસરવા લાગી અને સાથે જ એ ભાવ પરાકાષ્ઠાને પામી ગયો. એનાથી એ મુનિ બન્યા, જીવન ધન્ય બનાવી ગયા.

આવેલી આપત્તિમાંય શરણાગતિના ભાવની સંપત્તિ તારી કરી લે. તું એના પર સ્વામિત્વ મેળવી લે કે સ્વામિત્વ સમગ્ર વેદનાને ભડકે બાળી ભડથું કરી નાખે. વેદનાની આગ વચ્ચે પણ તને પરમ શાંતિ આપવાનું દિવ્ય કરી બતાવે.

સાવધાન થા, જરા કઠોર બન રોઈશ નહિં, રોવાથી દુઃખ જવાનું નથી બલ્કે વધવાનું છે. આવા સમયે તો વિચારી લે અધ્યવસાયોના તોફાનથી નીપજતા કર્મો અને વેદનાને, તુચ્છ સુખો ખાતર ભાન ભૂલીને તેં શું કર્યું! હવે સંકલ્પ કરી લે કે ફરી કદાપિ આવાં પાપ નહિ કરૂં. સદૈવ મારા નાથને સમર્પિત રહેવા યત્નશીલ બનીશ.

(૫) હવે તું દેવાધિદેવને શરણે આવ્યો છે. ગમે તેવી આપત્તિમાંય તારે હવે દીનતા રાખવાની રહેતી નથી, ધીરજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાખ ધૈર્ય તો સજ્જનોનું આભૂષણ છે. ગમે તેવો વાયુ વીંઝાય ત્યારે હજુ વૃક્ષો કંપી જાય પણ પર્વતોની ધીરજમાં કંપ કેવો ? તને તો દેવાધિદેવના ચરણ ચૂમવા મલ્યા છે. તેનો નામ જપ પ્રાપ્ત થયો છે. હવે કયી વાતની અધીરાઇ કરવાની !

વેદના તો હવે તારા માટે ઉપકાર રૂપ બની છે કેમકે એણે જ તને દેવાધિદેવનું દર્શન કરાવ્યું છે માટે હવે ધીરજ ધરીને ગાણાં ગાયા કર અનંત ગુણીના. પછી વેદના ગઇ જ સમજજે.

(૬) સમગ્ર જગતમાં કર્મને મહાત કરનાર એક માત્ર ધર્મ છે. કર્મની સાથે બાથ ભીડી શકે એવું એના સિવાય બીજું કોઇ તત્ત્વ નથી. કર્મ ગમે તેટલું બળવાન હોય પણ ધર્મ એથીય વધુ બળવાન છે. કુળવાન છે. એક પળમાં જ અનંત કર્મની રાશિને ધર્મ બાળીને રાખ કરી નાખવા સમર્થ છે. ઘાસની જબરદસ્ત ગંજી સામે અગ્નિનો એક જ કણ બસ નથી થઈ પડતો ?

હમણાં તારી પાસે બાહ્ય તપની શક્તિ નથી. વિશિષ્ટ ક્રિયા કરવાનું બળ પણ નથી. પરંતુ તારી પાસે એકાગ્ર ચિત્તનું ધ્યાન બળ તો જરૂર છે. ગમે તેટલી માંદગીમાંય તું એક ચિત્તે રોગો અને તેના ઉપાયોનો વિચાર તો કરી જ શકે છે. આ ચિત્તનું બળ દેવાધિદેવના ધ્યાનમાં જોડી દે. ભલે બીજું કંઈ ના બને, પણ, જે શુભ ધ્યાન રૂપ શ્રેષ્ઠ ધર્મની આરાધનામાં તું લાગી પડે (દુષ્કૃતોની) ગર્હા કરવા લાગે અને સુકૃતોના અનુમોદનમાં એકતાન બની જાય તો મને લાગે છે કે તારી માંદગી પણ આશીર્વાદરૂપ બની જાય. મનને જરાક મજબૂત કર, આવેલી ધર્મ સાધનાની તકને સાધી લે તારૂં કામ થઇ જશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) તારા સઘળાય મનોવાંછિતને દેનારો આ શરણાગતિનો ભાવ જો અડોલ રહી જાય, છેલ્લા શ્વાસમાંય એ ભાવ ઘુંટાતો રહે તો આ વિશ્વમાં તારા જેવો ભાગ્યવાન આત્મા કોણ હશે! સંતોને પણ તારા ભાગ્યની ઈર્ષ્યા થશે. હવે વેદના ઊભી રહે, બેસી જાય કે મરી જાય તેની ચિંતા ન કર, શરણના ગાનમાં ક્યાંય પણ ભંગાણ ના પડે. એના તાનમાં મનનો તાર ન તૂટે, એના શરણની મસ્તી જરા પણ ના નંદવાય એની જ તકેદારી રાખ. સ્વજનો સાથે બીજી વાત ના કરીશ, માત્ર બતાવજે દેવાધિદેવના શરણનો ધર્મ. સહુને કહેજે શરણું સ્વીકારજો તારક દેવાધિદેવનું.

વિષય વાસનામાં ભાન ભૂલા બનીને જીવનની કોઈ પણ પળમાં આ શરણું ખોશો નહિં. ઉલટું એમ થવું જોઈએ કે-મને તો આટલી વેદનામાંય કોણ જાણે કેવી અનોખી મસ્તીનો અનુભવ થાય છે. આખા જીવનમાં જે ન મલ્યું તે મરતાં મરતાં પણ મળી ગયું. ઉપાશ્રયમાં ન મલ્યું ને છેવટે માંદગીના બિછાને પણ જડી આવ્યું, હવે તો એ ભાવ જ મારૂં જીવન છે. એના જીવનમાં કાયાના મોતની હું પરવા કરનાર નથી.

(૮) આ પીડા તો કર્મશત્રુના કચ્ચરઘાણ બોલાવનાર ધર્મરાજની અક્ષૌહિણી સેના છે. એનો તો ઇન્કાર હોય જ નહિં. પીડા સામે ચાલી આવી તો હવે વધાવી જ લેવાની.

આત્મન્! સત્ત્વશાળી બન, હવે શરીર ઉપર મુચ્છિત ન થા. સ્વજનોમાં મુંઝાઈ ન જા, તારે ગમે ત્યારે એકાએક બધુએ મૂકીને ચાલ્યા જવાનું છે એ વાતને પળભર પણ વિસરી ન જા. કાયા પડે તે પહેલાં અનંતાનંત કર્મોને ભોંયભેગા કરી દે. અને કાળા કુસંસ્કારોની જડ ઉખેડી નાખ આ એક દિવસ પડી જનારી કાયાને જોવામાં કશી મજા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ બહાદુરી નથી. હવે તો બહાદુરી છે અંતરાત્માને જોવામાં, બુદ્ધિમત્તા છે એના જ શુદ્ધિકરણમાં, ભલે કાલે તું સાજો થઇ જાય, સ્વસ્થ બની જાય, પણ તોય તે નવા જીવનનું નવું જ પ્રભાત હશે. દેવાધિદેવના દર્શન વિનાનું પૂર્વજીવન હતું, જ્યારે આ જીવનમાં તો એ દર્શન વિનાની એક પળ પણ નહિં. હોય. માંદગીએ તને એ દર્શન આપ્યું. માંદગી મહોત્સવરૂપ બની એણે તારા જીવનને ય અશોક અવસ્થામાં વહેતું કરી દીધું. એટલે હવે ઉદાસ બિછાનામાં સદાને માટે પોઢી જવાનું થાય તોય તારે શોક કરવાનો નથી. અને બિછાનામાંથી ઉભો થઈ જાય તોય કોઈ આપત્તિ નથી.

તું સૂઇ જાય કે ઉભો થાય પણ તારા ચિત્તમાં દેવાધિદેવનો વાસ થઈ જાય તો સુવુ કે ઉભા થવું. આ બન્નેય તારા કલ્યાણની જ વાતો બની જાય છે.

ક્યારે જીવનલીલા સંકેલાઈ જશે ! કોઈ જાણતું નથી. કયારે શું બનશે ! કોઈને ખબર નથી. સહુને માત્ર એટલી જ ખબર છે કે "એકાએક કશુંક બની જશે" કોઈ અણચિંતવી ઉથલપાથલ મચી જશે. એકાએક કોઇ ધડાકો થશે અને પળ બે પળમાં આખુંય સર્જન વેરાઈ જશે, રહેશે ઉપર આભ અને નીચે ધરતી, રાખની ઢગલીઓ અને ઇંટ મટોડા સિવાય કશુંય નહિ,

(૯) સુખની શોધમાં સહુ નીકળ્યા છે; દોડયા છે, કોઈ ઘરમાં બેઠું નથી. બેસવાની કોઇને ફુરસદ નથી. અરે ! મરવાની પણ ફુરસત નથી. છતાં આખી બાજી અવળી પડી રહી છે. બધાય દાવ નિષ્ફળ જઈ રહ્યા છે. સઘળી શક્તિનો વિનાશ થઇ રહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરણાગતિનો ભાવ 'અહં'ની લાગણીને મીણની જેમ ઓગાળી નાખશે 'મમ'ની લાગણીને વાળીઝૂડીને સાફ કરી નાખશે. ગમે તેમ હોય પણ શરણાગતિનો ભાવ માનવ સંસારની અજબ બાબત છે. અનોખી વસ્તુ છે. એક ભવની પ્રીતિ અનેક ભવો સુધી રોવડાવે છે, રખડાવે છે અને રઝળાવે છે. એ પ્રીતિ શા કામની !

અલબત, જાપ જપવા માત્રથી કે સ્તવનાઓ કરવા માત્રથી શરણાગતિના ભાવ જાગી જતા નથી. એના માટે સૌ પ્રથમ તો બેફામ રીતે ગમે ત્યાં ઉછળતા ચિત્તરૂપી વાનરને શાંત પાડી દેવું જરૂરી છે શરણ્ય તો શરણાગતિનો ભાવ જ જુએ છે એ શરણાગતનો ભૂતકાળ ન ઉકલે એને તો એ ભૂલી જ જાય છે.

(૧૦) શરણ્યને શરણે જવાનો માર્ગ આ પ્રમાણે છે.

દીનબન્ધુ ! મારા સર્વ પાપ મિથ્યા બનજો. મારા જીવનમાં અરિહંત ભગવંતો પ્રતિ; સિદ્ધ ભગવંતો પ્રતિ, સાધુ ભગવંતો પ્રતિ, સાધ્વી ભગવંતો પ્રતિ, બીજી માનનીય અને પૂજનીય ધર્મના સ્થાનો અને પાત્રોને વિષે જન્મ જન્માંતરોના માતા પિતાને વિષે, બંધુ, મિત્ર અને ઉપકારીઓ વિષે, સમ્યગ્ દર્શનાદિ રત્નત્રયના આરાધકો વિષે, કે બીજા કોઈપણ વિષે અજ્ઞાનથી કે અવિધિથી ન આચરવા જેવું આચર્યું હોય, ન ઈચ્છવા જેવું ઈચ્છયું હોય, એવું જે કોઈ સૂક્ષ્મ કે સ્થૂલ પાપાનુબંધી પાપ મનથી, વચનથી કે કાયાથી કર્યું હોય, કરાવ્યું હોય, કે અનુમોદયુ હોય, રાગથી, દ્વેષથી કે મોહથી, આ જન્મમાં કે જન્માંતરમાં કર્યું હોય એ સઘળું નિન્દા પાત્ર છે માટે હું નિંદું છું એ દુષ્કૃત માટે એની ગર્હા કરું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છું. એ હેય છે માટે એને છોડી દઊં છું. કલ્યાણ મિત્ર સમા ગુરૂ ભગવંતોના વચનથી આ વાત મને બરાબર સમજાઈ છે. આ વાત મને શ્રદ્ધાપૂર્વક હવે ઠસી ગઈ છે, મને એમાં કશોય સંદેહ નથી માટે એ અનંત ઉપકારી વીતરાગ ભગવંતોની સાખે મારા દુષ્કૃત્યોની ગર્હા કરું છું.

આજ સુધી જેને દુષ્કૃત્ય માનતો ન હતો તેને હૃદયથી દુષ્કૃત્ય માનું છું. જેને હેય માનતો ન હતો તેને હૃદયથી હેય માનું છું. ફરી ફરીને કહેવાનું મન થાય છે કે મારાં સઘળાં પાપો, મિથ્યા થાઓ. મિથ્યા થાઓ.

મારા જીવનનો આ સુવર્ણ દિન છે, મારા આધ્યાત્મિક જીવનની આ યાદગાર પળો છે, મારા ભવચક્રની આ ધન્યતમ સાધના મને વારંવાર પ્રાપ્ત થાઓ. આ સાધના મારા જીવનને પવિત્ર કરી કૃતાર્થ કરો. અને ધન્ય બનાવો.

ભવસાગરમાં ડૂબતા મારા જીવનને ઉગારી લેનાર એ દેવાધિદેવ અને એ ગુરૂદેવો સાથે મને વારંવાર મેળાપ થાઓ. એમના મેળાપની પ્રાર્થના પણ વારંવાર થયા કરો. એમના તરફ મને ભારે બહુમાન ઉત્પન્ન થાઓ. મારે હવે કશું જોઈતું નથી મારૂં મૃત્યુ આજે આવે કે વર્ષો પછી આવે મારે તો મારા મોતની છેલ્લી પળો સુધી આપની શરણાગતિનો ભાવ જોઇએ દુષ્કૃત્યની ગર્હા જોઈએ અને સુકૃત અનુમોદન જોઈએ.

(૧૧) આ અનંત સંસારમાં જે કોઈ ધન્યાત્માએ જે કાંઈ સુકૃત કર્યું હોય તે બધાની હું અનુમોદના જ કરતો રહીશ. મેં અભાગીયાએ તો મારા જીવનમાં એકલા દુષ્કૃત્યો જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચર્યા છે, દુષ્કૃત્યો કરીને એની શાબાશી લીધી છે. આવા પાપ કરવામાં કશું બાકી રાખ્યું નથી. ખેર ! તેમ છતાં જેણે જેણે અનંત વિશુદ્ધાત્માઓનું પગલે પગલું દાખ્યું છે એ બધાએ જે જે સુકૃત કર્યાં છે એ બધાય સુકૃતોની આજે હું ભાવભરી અનુમોદના કરૂં છું.

અનંતાનંત અતીત, અનાગત અરિહંતોના ભવ્યતમ અનુષ્ઠાનોની હું અનુંમોદના કરું છું.

અનંતાનંત ભૂત, ભાવિ સિદ્ધ ભગવંતોના સિદ્ધત્વભાવની ખૂબ ખૂબ અનુમોદના કરૂં છું.

અનંતાનંત આચાર્ય ભગવંતોના પવિત્ર પંચાચારની અનુમોદના કરીને કૃતાર્થ બનું છું.

અનંતાનંત ઉપાધ્યાય ભગવંતોની, શિષ્યાદિને સુત્ર જ્ઞાન પ્રદાન કરવાની ક્રિયાની ભારોભાર અનુમોદના કરું. છું.

અનંતાનંત સાધુ ક્રિયાની અંતરથી અનુમોદના કરું છું.

સર્વ કલ્યાણકામી શ્રાવકો, શ્રાવિકાઓ, દેવો અને દેવીઓના શાસન પ્રભાવના તથા વૈયાવચ્ચાદિ વ્યાપારોની અનુમોદના કરું છું.

સર્વ કાળના, સર્વ આત્માઓના સર્વે કુશળ વ્યાપારોની હું અનુમોદના કરું છું.

આ અનુમોદનાં સૂત્રાનુસારી બનો

શુદ્ધ આશયવાળી બનો

નિરતિચાર બનો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમગુરૂ શ્રી અરિહંત દેવાદિના સામર્થ્યથી આ રીતે મને વારંવાર મહાન અનુમોદના પ્રાપ્ત થયા કરો.

**હું સુકૃતને ઇચ્છું છું, સુકૃતને ઇચ્છું છું, સુકૃતને ઇચ્છું છું.**

આ જ મરા જીવનનું ઉત્તમ આસેવન છે, હે જગતના ગુરુ ! મારૂં બાકીનું જીવન પણ આ રીતે તમારી કૃપાથી દુષ્કૃતોની ગર્હામાં, સુકૃતોને સેવવામાં જ પ્રસાર થઈ જાઓ એમ સતત ઝંખું છું.

(૧૨) હવે મને વિશ્વની અશરણતા સમજાઈ છે, મારા સુખના સાધન તરીકે જેને જેને મેં માન્યા હતા તે બધાયને મેં શરણ્ય માન્યા પણ અનુભવની થપ્પડોએ મને એ વાત સમજાવી દીધી કે એમાનું એકેય મારું શરણ નથી, પુન્યના યોગે કદાચ આ જીવનમાં કંચન, કામિની વિગેરે મને સુખ આપી દે પછી શું ?

કરોડો જેટલું ધન ભેગું કરી લઉં કિન્તુ એક પૈસો પણ મારી સાથે ભવાંતરમાં આવનાર ન હોય તો તે કરોડોની કિંમત શી ? મકાનની સાડા ત્રણ હાથની જગ્યા પણ ભવાંતરમાં સાથે ન આવે તો તે મકાનોને મારા શરણભૂત શી રીતે માનવા ?

આજે કોઈ દિવસ પેટમાં શુળ ઉપડે, આંખમાં આગ ઉઠે, કે બીજી કોઈ કારમી વેદના ઉત્પન્ન થાય અને મારા સ્વજનો તેને લઈ પણ ન શકે તો તેઓને મારે શી રીતે શરણભૂત માનવા ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધન્ય હો એ અનાથી મુનિને કે જેઓ આત્મજ્ઞાન પામી બીજે જ દિવસે સંયમના માર્ગે ચાલી ગયા. ધન્ય હો એવા અનંતા આત્માઓને કે જેમણે ચાર શરણુ સ્વીકારી લઈ ને જનમ જનમના ફેરા ટાળી નાખ્યા.

અન્તર્યામી દેવ! મને આજે આપનું શરણુ પ્રાપ્ત થયું છે એ મારા માટે તો અસીમ આનંદની બાબત છે.

જેની વાસનાઓના મૃત્યુ થયા છે તેને મૃત્યુનો કશોય ડર નથી કાયાના મૃત્યુ પહેલાં જે શરણ્યનો શરણાગત બનીને વાસનાઓની મોત લાવી દે છે એને વળી મૃત્યુના ભય શા? અરે વાસનાના મૃત્યુ સિવાય મૃત્યુ જ ક્યાં છે! જન્માંતર પ્રાપ્ત કરવો, કાયાપલટ કરવી એ તો ફાટેલા કપડાને મૂકીને નવું કપડું પહેરવાની એક ક્રિયા માત્ર છે. કાયિક મૃત્યુના તે ડર હોતા હશે? નિર્ભયને તે વળી મોત હોતા હશે? વાસનાઓનું શમન કરી દેનારને ભય શો!

૧૩ મારી વાસનાના ખપ્પરો ભરવામાં મેં અનેક જીવોને દુભવ્યા છે, પીડયા છે, તેમને ત્રાસ આપ્યો છે, અરે નાના કીડા જેવા જંતુઓને કે પૃથ્વી પાણી આદિના જંતુઓને તો ખતમ કર્યા છે. આ બધાય અપરાધોને હું ખમાવું છું, હું એમનો ગુન્હેગાર છું આ તકે તેમની બધાયની માફી માંગુ છું. ક્યાંય પણ મારી ભૂલ ન હોય તો પણ હું તેમને ક્ષમા આપવા વિનવું છું. મારે હવે સર્વ જીવો સાથે મૈત્રી છે.

નાથ! આપની શરણાગતિ સ્વીકારવાથી બધુય કામ સીધુ ઉતરી જાય છે. હવે આ વિશ્વમાં મારૂં કોઈ નથી. હુ

૨૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકલો છું. હું કોઈનો નથી. મને આપની આપના માર્ગની જરૂર છે. આપના ધર્મને અને ધર્મ સાધનાને મુર્ત બનાવી સાધક અવસ્થા પાર કરી ગયેલા, સિદ્ધ ભગવંતોની જરૂર છે. આ જ મારી જરૂરિયાત આ જ મારૂં શરણુ છે, મારા મનમાં અરિહંતોનું જ રટણ અને વાણીમાં એમનું જ કીર્તન છે, મારા જીવનના શેષ કાળમાં એવી ઉત્તમ આરાધના કરી લઉં કે મારી હારની બાજી જીતમાં ફેરવાઈ જાય.

હે વીતરાગ ! તારા તત્ત્વજ્ઞાન અને તારા આલંબને મારામાં નવીન શક્તિનો સંચાર થયો છે. એના બળથી એક ભવ નહિ પણ અનેક ભવોભવના ભેગા થયેલા પાપકર્મોનો, પાપ વાસનાઓનો નાશ કરીશ.

કરુણાસાગર હે ભગવંતો : આપના ચરણોનું ભાવ શરણુ સ્વીકારૂં છું.

અનંત ઉપકારી સિદ્ધ ભગવંતો ! આપને શરણે આવી મારૂ જીવન ધન્ય બનાવું છું.

કઠોર સાધના પંથના યાત્રી ! હે સાધુ ભગવંતો ! આપના આદર્શ જીવનનું શરણુ સ્વીકારું છું.

નાથ ! આપની ભક્તિ મને ભવોભવ મલ્યા કરો. કુસંસ્કારોની પરંપરાને તોડી નાખી અને શુભ પરંપરાને આગળ અનુમોદના કરૂં છું જેથી ધર્મસાધક ઉત્તમ સામગ્રી ફરી ફરી મળે.

દુષ્કૃત્યોનો ગર્હા, સુકૃતોની અનોમોદના અને ચાર શરણાં અશુભ પરંપરાનો સંપૂર્ણ રીતે નાશ કરી નાખે છે અને શુભ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરંપરાઓની સાંકળ સાથે નવા શુભ આંકડાઓ ગોઠવાતા જાય છે.

પરમાત્મન ! આ સુકૃતોનું અનુમોદન મને સમ્યકપ્રકારે બારંવાર થયા કરો અને વિશુદ્ધભાવધર્મની પ્રાપ્તિ પુનઃ પુનઃ થાઓ, અને આ અનુમોદનાનું નિમિત્ત બનતા અરિહંત આદિ સર્વ નમસ્કારણીય પરમાત્માઓને પુનઃ પુનઃ નમસ્કાર થાઓ.

સર્વજ્ઞ ભગવંતોનું આ હિતકારી શાસન સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત થાઓ; સર્વત્ર જયવંતુ વર્તો, સર્વને સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ થાઓ, સર્વ પ્રાણી બોધિબીજને પ્રાપ્ત કરી સુખી થાય સુખી થાવ, સુખી થાવ.

સર્વ જીવોના કલ્યાણની ભાવના મારા આત્માને પવિત્ર કરો, વિશુદ્ધ કરો. મારા ચિત્તની નિર્મળતા મને દેશવિરતિ તથા સર્વ વિરતિનો માર્ગ અપાવો, મને શ્રમણધર્મ પ્રાપ્ત થાવ. નિર્ગ્રન્થ ગુરુ ભગવંતોની પ્રાપ્તિ થાવ.

એ ધન્ય દિવસ જલદી આવો કે જે દિવસે હું સંસાર ત્યાગ કરી કર્મ શત્રુ સામે ભીષણ સંગ્રામ ખેલી મુક્તિ પામું આજ મારી એ ભગવંતોની સમક્ષ અભિલષા છે.

## ક્ષમાપના

ધન્ય છું કે જે મેં અનાદિ આ સંસાર સમુદ્રમાં અચિન્ત્ય ચિન્તામણિ સમાન શ્રી જિનેન્દ્રનો ધર્મ મેળવ્યો છે. (૧)
ચાર ગતિ સ્વરૂપ સંસાર ચક્રની અંદર મેં મોહથી જે કોઈપણ જીવને દુભવ્યો હોય તેને હું ત્રિવિધે (મન, વચન, કાયાથી) ખમાવું છું. (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નરકમાં સાતેય નરક પૃથ્વીમાં હું નારકી તરીકે ઉત્પન્ન થયો છું. ત્યાં જે કોઇ જીવને મેં દુભવ્યા હોય તેને પણ ખમાવું છું. (૩)

(નરકમાં) પરસ્પરને મારતા, ચૂર્ણ વિચૂર્ણ કરવા વગેરે જે કોઈ દુઃખો કર્મને વશ પડેલા મેં કર્યા તે સર્વને પણ ત્રિવિધે ખમાવું છું. (૪)

હું નિર્દય પરમાધામી તરીકે પણ ઉત્પન્ન થયો ત્યારે મેં મૂઢે નરકના જીવોને દુઃખ ઉત્પન્ન કર્યા તેને પણ આજે ખમાવું છું. (૫)

અતિ દુઃખની વાત છે કે, મૂઢ એવા મેં તે વખતે બીજાને શું દુઃખ થાય છે તે ન જાણ્યું અને ક્રીડાથી કરવત દ્વારા છેદન–ભેદન આદિ દુઃખ પેદા કર્યા. (૬)

તે વખતે મૂઢતાને પામેલા મેં જે કંઈ દુઃખ નારકીઓના જીવને પેદા કર્યું તેને આજે ત્રિવિધે ખમાવું છું. (૭)

તિર્યંચ યોનિમાં પણ પૃથ્વીકાય આદિમાં ખારીમાટી આદિ ભેદોમાં એકબીજાના શસ્ત્ર બની જે જીવોને વિનાશ કર્યો તેમને પણ ખમાવું છું. (૮)

જલચર જીવોની મધ્યમાં રહેલા મેં માછલા આદિ અનેક રૂપને ધરનારા બનીને આહાર માટે જે જીવોનો વિનાશ કર્યો તેમને પણ ખમાવું છું. (૯)

જલચર જીવોની મધ્યમાં રહેલા મેં અનેક પ્રકારના જીવોની અનેકવાર જોતાંની સાથે માર્યા તેમને પણ ત્રિવિધે ખમાવું છું(૧૦)

સર્પો, અજગરો વગેરેમાં રહેલા તથા વાંદરા બિલાડા, કુતરા વગેરે બનેલા મેં જે જીવોને દુભવ્યા તેમને પણ ખમાવું છું. (૧૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાઘ, સિંહ, સાંઢ આદિ જાતિઓમાં કંઈક જીવનો ઘાત આદિ કરીને તે જીવોનો વિનાશ કર્યો તેમને પણ ખમાવું છું. (૧૨)

હોલા, ગીધ, કુકડા, હંસ, બગલા આદિ પંખીની જાતોમાં જન્મેલા મેં ભૂખને વશ પડી જે કૃમિ આદિને ખાધા તેમને પણ ખમાવું છું. (૧૩)

મનુષ્યપણામાં પણ જીભને વશ પડેલા મેં મૂઢ જીવે શિકાર આદિ દ્વારા જે જીવોનો વિનાશ કર્યો તેમને પણ ખમાવું છું. (૧૪)

રસના લોલુપ બનીને મેં મદ્ય, માંસ, મધ, માખણ આદિમાં રહેલા જીવોનો વિનાશ કર્યો તેમને પણ ખમાવું છું. (૧૫)

સ્પર્શેન્દ્રિયમાં ગૃદ્ધ બનીને પરસ્ત્રીગમન કરતાં મેં જે જીવોને દુભવ્યા છે તેમને ય ત્રિવિધે ખમાવું છું. (૧૬)

ચક્ષુ ઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને શ્રોતેન્દ્રિયને વશ પડેલા મેં જે જીવોને દુઃખમા સ્થાપન કર્યાં તેમને પણ ત્રિવિધે પણ ખમાવું છું. (૧૭)

તામસી ભાવને પામેલા મેં મારો માનભંગ થવાથી જે જીવો પર આક્રમણ કરીને પણ આજ્ઞાપાલન કરાવ્યું તેમને પણ ત્રિવિધે ખમાવું છું. (૧૮)

માલિકપણું પામીને જે જીવોને બાંધ્યા કે મરાવ્યા, પછી તે અપરાધી હોય કે નિરપરાધી હોય તેમને પણ ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું. (૧૯)

દુષ્ટ એવા મેં ક્રોધથી યા લોભથી જે કોઈ મનુષ્ય પર આળ ચડાવ્યાં હોય તેમને પણ ત્રિવિધે ખમાવું છું. (૨૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈર્ષ્યા કે અદેખાઈ ને વશ થયેલા મેં જે ચાડી ખાધી હોય કે પારકાની આપત્તિમાં આનંદ માણ્યો હોય તેને પણ ત્રિવિધે ખમાવું છું. (૨૧)

અનેક મ્લેચ્છાદિ જાતિઓમાં હું રૌદ્રભાવવાળો-ક્ષુદ્ર સ્વભાવ વાળો બન્યો કે જ્યાં મેં ધર્મ શબ્દ પણ કાનથી સાંભળ્યો નહીં ત્યાં માત્ર પરલોકની પિપાસાવાળા મેં સદા જીવોનો ઘાત જ કર્યો અને હું અનેક જીવોનો દુઃખનો હેતુ બન્યો તેમને પણ ખમાવું છું. (૨૨)

આર્યદેશમાં પણ ખાટકી, માછીમાર, ચીડીમાર, ડુંબ આદિ જાતિઓમાં જનમ્યા પછી મેં જે જીવોને માર્યા તેમને પણ ત્રિવિધે ખમાવું છું. (૨૩)

મિથ્યાત્વથી મોહિત થયેલા મેં ધર્મ બુદ્ધિથી જે કોઈ જીવોને માર્યા અને અધિકરણ દ્વારા મરાવ્યા તેમને પણ ખમાવું છું. (૨૪)

દાવાનળ સળગાવતા, વેલડીઓ છેદવી, સરોવરો ઝરાઓ અને તળાવો શોષાવવા વગેરે દ્વારા જે જીવોનો મેં વધ કર્યો તેમને પણ ખમાવું છું. (૨૫)

સુખથી ઉન્મત બનેલા મેં કર્મભૂમિઓમાં અંતરદ્વીપ આદિ-ઓમાં જે જીવોનો વિનાશ કર્યો તેમને પણ ખમાવું છું. (૨૬)

દેવપણું મલ્યું ત્યારે ક્રીડા બુદ્ધિથી યા લોભના કારણે જે જે જીવોને મેં દુભવ્યા તેમને ત્રિવિધે ખમાવું છું. (૨૭)

ભવનપતિઓની મધ્યમાં અસુર નિકાયમાં વર્તતા મેં નિર્દય રીતે હત્યા કરી કેટલાયને દુઃખી કર્યા તેમને પણ ખમાવું છુ. (૨૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યંતરપણામાં વર્તતા મેં ક્રીડા પ્રિય હોવાના કારણે જીવોને જે દુઃખ પેદા કર્યું તેને પણ ત્રિવિધે ખમાવું છું. (૨૯)

જ્યોતિષી દેવપણામાં ગયેલા મેં વિષયરૂપી વિષથી મોહિત બની. મૂઢ બની જે કોઈ પ્રાણીને દુઃખી કર્યા હોય તેને પણ ત્રિવિધે ખમાવું છું. (૩૦)

પારકાની સમૃદ્ધિની અદેખાઈથી લોભમાં ડુબીને મોહને વશ પડીને, આજ્ઞાઓ મનાવીને જેમને મેં દુઃખ પેદા કર્યું હોય તેમને આજે ખમાવું છું. (૩૧)

આ રીતે ચારે ગતિમાં રહેલા જે કોઈ પ્રાણીઓને મેં માર્યા હોય યા તો દુઃખમાં સ્થાપન કર્યા હોય તે સર્વેને હું ખમાવું છું. (૩૨)

સર્વ જીવો મને માફ કરી દેજો. હું પણ મેં જે જે અપરાધ કર્યા તે સર્વની ક્ષમા માંગુ છું આજે વૈરભાવ ત્યજીને હું મધ્યસ્થ બન્યો છું. (૩૩)

આ સઘળા જીવલોકમાં કોઈ મારો શત્રુ નથી. દર્શનસ્વભાવવાળો હું એકલો છું અને મમતા વગરનો છું. (૩૪)

જિન ભગવંતો, સિદ્ધો, સાધુ ભગવંતો અને ધર્મ તે મારૂ શરણ છે. અને એ જ પરમ મંગલ છે. જિનનો નમસ્કાર તે જ શરણ છે અને તે જ કર્મક્ષયનું કારણ છે. (૩૫)

આ રીતે કરેલી આ ક્ષમાપના ચારે ગતિના જીવો સાથે કરેલી ક્ષમાપના જો ભાવ વિશુદ્ધિથી કરાય તો મહાન કર્મક્ષયનું કારણ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ત્રણ મિનિટની તૈયારી

આત્મન્ ! માત્ર ત્રણ જ મિનિટ આયુષ્યની બાકી હશે ત્યારે તું શું કરીશ !

૧. સર્વ પ્રથમ જીવનમાં આચરેલા અઢારે પાપસ્થાનકોને શ્રી અરિહંતોની સાક્ષીએ યાદ કરીને વોસિરાવી દે.

૨. તે પછી ચોર્યાસી લાખ જીવાયોનીની સાથે ક્ષમાયાચના કરી લે.

૩. ચારે પ્રકારના આહારનો ત્યાગ કરી દે અને છેલ્લાં શ્વાસે આ દેહનો પણ ત્યાગ કરી દે.

૪. ચાર શરણુને અંગીકાર કરી લે.

૫. જીવનમાં જે વ્રતો લીધાં તેમાં લાગેલ દૂષણોની પ્રભુની સાક્ષીએ માફી માંગી લે.

સર્વ જીવો પ્રત્યેના મમત્વને છોડી દે. અને નવકાર મહામંત્રના ધ્યાનમાં લયલીન બનીજા આટલું કરતાં કરતાં મૃત્યુ આવી જશે તો તારી સદ્ગતિ નિશ્ચિત છે ભવાન્તરો હવે વધુ કરવાના નથી. ભગવાનનો ધર્મ હવે તારી આંગળી પકડી તને મોક્ષના દ્વારે મૂકી આવવાનો છે

## અન્તિમ સમાધિ

જીવને સંસારના પૌદ્ગલિક સુખોમાં રતિ અને કર્મયોગે આવતા દુઃખોમાં અરતિ થાય છે ત્યારે અનંત ઉપકારી મહાપુરુષો, તે સુખોમાં રતિ અને દુઃખોમાં અરતિરુપ સંકલેશને દૂર કરવા શ્રી અરિહંતાદિનું શરણુ સ્વીકારવા દુષ્કૃતની ગર્હા અને સુકૃતનું અનુમોદન કરવાનું જેમ ફરમાવે છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેવી જ રીતે સમાધિમરણની ઇચ્છાવાળા જીવોને અંતિમ સમયે અનશન, ચાર શરણાં, પાપ સ્થાનકોનો ત્યાગ, આત્મ શિક્ષા, સમ્યક્ત્વની ધારણા, ક્ષમાપના અને દુષ્કૃત્યની નિંદા પણ જરૂરી છે. એમ ફરમાવે છે.

તે માટે મહાપુરુષો 'સંથારાપોરિસી'માં જણાવે છે કે આ રાત્રિમાં મારું મૃત્યુ થાય તો મેં આહાર, પાણી, વસ્ત્ર, ઉપધિ અને કાયાને મન, વચન, કાયાથી વોસિરાવ્યા છે, આ પ્રકારનો ત્યાગ તે સાગારિ છે કેમકે આ રીતનો ત્યાગ ન હોય તે પછી તેનો (તે તે ચીજોનો) ઉપભોગ કરી શકાય નહિં.

આત્માને સંસારથી પાર ઉતારે તેનું નામ મંગળ.જગતમાં શ્રી અરિહંત પરમાત્માઓ, શ્રી સિદ્ધભગવંતો શ્રી સાધુ–ભગવંતો તથા શ્રી જિનેશ્વર દેવોએ પ્રરૂપેલો ધર્મ એ ચાર જ મંગલભૂત છે, વળી જગતમાં તે ચાર જ લોકોત્તમ હોવાથી શરણભૂત પણ તેઓ જ છે. માટે હું શ્રી અરિહંતાદિ ચારનું જ શરણ સ્વીકારું છું.

સુખને મેળવવા તલસતા અને દુઃખથી કાયર થયેલા મારા આત્માએ મોક્ષમાર્ગમાં અંતરાયભૂત અને દુર્ગતિના અનંતદુઃખ-ની ખાણ રૂપ જે હિંસા, જુઠ, ચોરી, મૈથુનસેવન, નવે પ્રકારનો પરિગ્રહ ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ કલહ (કજીયો) અભ્યાખ્યાન (ખોટું કલંક દેવું), પૈશુન્ય (ચાડી ખાવી), રતિ, અરતિ, પરપરિવાદ માયાપૂર્વક મૃષાવાદ અને મહામિથ્યા-ત્વનું આસેવન કર્યું હોય તે અઢારે પાપોનો હું મન, વચન, કાયાથી ભાવપૂર્વક ત્યાગ કરૂં છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે આત્માને હિતશિક્ષા આપતાં જીવ પોતે વિચારે કે '—હું એકલો છું. મારૂં કોઈ નથી. હું કોઈનો નથી.'' આ રીતે દીનતા રહિત મનવાળો થકો વિચારે, કેમકે કર્મના યોગે આવતાં દુઃખમાં દીન મનવાળો થઈ આ પ્રમાણે વિચારે તો તે આર્તધ્યાન છે અને આર્તધ્યાન એ દુર્ગતિનો પાયો છે. માટે સમાધિને સુલભ બનાવવા ઉપરની એકત્વ ભાવનાનો વિચાર કરે, વળી જ્ઞાન દર્શન ચારિત્ર—વીર્ય આદિ આત્માના ગુણો છે. તેમાં સ્થિર થવા વિચારે કે-અનંતજ્ઞાન-દર્શન સ્વરૂપ એવો મારો આત્મા શાશ્વત છે. બાકીના કર્મના સંયોગથી ઉત્પન્ન થયેલા સઘળા સંયોગો ક્ષણિક છે.

આ રીતે પરમાત્મદશાને પામવા માટે અંતરાત્મદશા અને બાહ્યાત્મક દશાનો વિચાર કરીને બાહ્યાત્મક દશાનો ત્યાગ કરવાં અને અંતરાત્મદશાને પામવા વિચારે કે—ચોરાશી લાખ જીવાયોનીના દુઃખરૂપી દાવાનળની પરંપરા મારા જીવે કર્મના સંયોગે અનંતવાર પ્રાપ્ત કરી છે. તેથી એ કર્મોનો જડમૂળથી નાશ કરવા મન-વચન-કાયાથી સઘળાય કર્મ સંયોગોનો ત્યાગ કરું છું અને તેને માટે હૈયામાં ધર્મરૂપી પ્રાસાદના દ્વાર સમાન સમ્યક્ત્વની સ્થાપના કરું છું અને તે માટે શ્રી અરિહંતો એ જ મારા દેવ છે. નિર્ગ્રંથ ગુરૂ એ જ મારા ગુરૂ છે અને અરિહંત પરમાત્માએ કહેલ ધર્મ તે જ મારો ધર્મ છે આ પ્રતિજ્ઞાનો હું હવે પ્રાણાન્તે પણ ત્યાગ કરીશ નહિ કેમકે મુક્તિરમણીની પ્રાપ્તિમાં આ સમ્યક્ત્વ એ જ દીવાદાંડી સમાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે સઘળાય જીવોની ક્ષમાપના કરે છે કે—મારા માથા પર અનંત શ્રી સિદ્ધ પરમાત્માઓ છે અને તેઓ મને નખશિખ ઓળખે છે. મારા સઘળાય વિચારોને તેઓ જાણે છે. માટે તેઓની સાક્ષીએ હું મન-વચન-અને કાયાથી જગતના સઘળાય એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોને ખમીને ખમાવું છું. તેઓ પણ મને ક્ષમા કરો. હવે મારે કોઈ જીવ સાથે વૈરભાવ નથી.

જગતના સઘળાય જીવો કર્મને વશ છે અને કર્મને વશ હોવાથી કર્મના નચાવ્યા નાચી, કરેલાં કર્મો અનુસાર ચૌદેય રાજલોકમાં ભમે છે. તે સઘળાય જીવોને મેં ખમાવ્યા છે, તેઓ પણ મને ક્ષમા કરો.

હવે જીવ પોતાના દુષ્કૃતની નિંદા કરે છે કે—મારા જીવે જે કોઈ પાપ વિચાર મનથી કર્યો હોય, વચનથી ઉચ્ચાર્યો હોય અને કાયાથી કર્યો હોય તે સઘળાય દુષ્ટવિચાર મિથ્યા થાવ.

આ રીતે અનશનને આચરવાથી, મંગલભાવનામાં ઓતપ્રોત થવાથી, પાપસ્થાનકોથી પાછા ફરવાથી, આત્મહિતની ભાવનામાં લીન થવાથી, કર્મસંયોગોથી દૂર થવાથી, સમ્યક્ત્વનો આરોપ કરવાથી જીવ શલ્યરહિત બને છે. તેથી તેને માટે સમાધિ સહજ બને છે અને સદ્ગતિ સુંદર થાય છે અને મુક્તિ નજીક થાય છે.

## અરિહંત પરમાત્માને પ્રાર્થના

હે અરિહંત ! હે ભગવંત ! હે વીતરાગ ! હે અભયદાતા ! હે આત્મોઉદ્ધારક ! હે કર્મવિનાશક ! હે ગીર્વાણ ગુરુ ! હે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચારિત્રમૂર્તિ ! હે છદ્મસ્થ ભાવાતીત ! હે જગદ્‌ગુરુ જિનેશ્વર ! હે ત્રિભુવનપતિ તીર્થંકર ! હે દીનોદ્ધારક ! હે ધર્મધુરંધર ! હે નિરંજન નિર્વિકાર નાથ ! હે પરમપુરુષ પરમેશ્વર ! હે બલહીનના બલ ! હે ભાગ્ય વિધાતા ! હે મંગલમૂર્તિ મોક્ષદાતા ! હે યતીન્દ્ર (ગણધર) સેવિત ! હે રાજરાજેશ્વર પૂજીત ! હે લોકાલોક પ્રકાશક ! હે વિશ્વ જીવ વત્સલ ! હે શાસનનાયક ! હે સત્યશિરોમણિ ! હે હિતહેતુ ! હે ક્ષમા મૂર્તિ ! હે જ્ઞાનાનંદપૂર્ણ !

ઈત્યાદિ ઈત્યાદિ અનેકાનેક સત્ય વિશેષણોથી અલંકૃત હે અમારા હૃદયના સ્વામી અરિહંત પ્રભુ ! આ જગતમાં આપ જ એક એવા છો કે જે આપનું ધ્યાન કરનાર ભવ્યજીવ આપનાં જેવા બને છે; ભમરીના ગુંજારવે ઇયળ ભમરી બને છે એમ ઉક્ત વિશેષણોથી વિશિષ્ટ આપનું ગુંજારવ કરતા હું પણ એવા વિશેષણોવાળો બનું, એ મારી પ્રાર્થના છે, હે અરિહંત પરમાત્મા ! મારે તું જ એક આધાર છે. તારી કૃપાથી, તારા પ્રભાવથી જ આ અનંત દુઃખમય સંસાર છૂટે અને અનંત સુખમય મોક્ષ મળે, સંસાર, રાગ; દ્વેષ આદિ વિકારોના કારણે છે અને આપ જ વીતરાગ છો. નિર્વિકારી છો તેથી આપનું ધ્યાન ધરતાં ધરતાં રાગ દ્વેષાદિ ઓછા થતા આવે છે. પછી એનો સર્વથા અંત આવે છે અને એટલે જ આ સંસારથી છુટાય છે અને એટલે તમારાં પ્રભાવે જ મોક્ષ થાય છે. હે પ્રભુ ! સંસારને તમે ઠીક જ ઓળખાવ્યો છે કે 'સંસાર દુઃખમય છે' કેમકે એમાં વારે-વારે જન્મવું ને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મરવું પડે છે ઉંચા દેવતાઈ જન્મમાંય મરવું પડે છે, મરીને હલકા અશુચિ સ્થાનમાં જવું પડે, ત્યાં ગંદો આહાર લેવો પડે વળી સંસારમાં રોગ–શોક. દારિદ્ર. પરાધીનતા, અકસ્માત ચિંતા, સંતાપ વગેરે વગેરે દુઃખોનો પાર નથી એટલે જ પ્રભુ ! આપે સંસાર છોડવાનો જ પુરુષાર્થ કરી આપના આત્માને સંસારથી ઉગારી લીધો તેથી આપની પાસે આજ માગું છું કે આવા દુઃખમય, વિટંબનામય અને પરાધીનતા અને નાલોશીભર્યા સંસાર પર મને ઘૃણા થાવ. આપ મને આ સંસાર ઉપર ગ્લાનિ, ઉદ્વેગ, અરૂચિ કરાવી અને યોગ્ય પુરુષાર્થ કરાવી અપાવો.

હે કરુણાસિંધુ ! આપે તો પૂર્વ ભવોથી જ કેટલી બધી અદ્ભૂત ધર્મ સાધના કરી ! હે મહાવીર દેવ ! આપે તો એક લાખ વરસ માસખમણના પારણે માસખમણ કર્યા આની સામે હું શું કરું છું ? ખાનપાનનો સંસાર મને કયાં ખુંચે છે ? મને આવું ખોટું કયાં લાગે છે ? પ્રભુ એ કૂટિલ આહાર સંજ્ઞાથી મને બચાવો. તારું એવું હું ધ્યાન કરું પાપી આહાર સંજ્ઞા પર મને ઘૃણા વરસે.

હે ત્રિભુવનના નાથ ! તમને જન્મતાં મોટી સામ્રાજ્ઞી દિક્કુમારીઓ એ હુલરાવ્યા, રાસગીત ગાયા ને ૬૪ ઈંદ્રોએ મેરૂશિખર પર તમારા જન્માભિષેક ઉજવ્યા, કેટલું મોટું પુણ્ય, છતાં પ્રભુ ! તેં લેશમાત્ર પણ અભિમાન ન કર્યું કેમકે આમાં કોઈ આત્મ પુરુષાર્થ ન દેખ્યો પણ પુણ્ય કર્મની લીલા દેખી. પરની લીલામાં શા અભિમાન કરવા ? જ્યારે મને રાખ ને ધૂળ મલ્યું છે હતાં હું અભિમાનમાં મરૂં છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે જગતના નાથ ! આપને જન્મથી રાજાશાહી સુખો મલ્યા, રાજ વૈભવ મલ્યા છતાં આપ એમાં લેપાયા નહીં, ખુશી ન માની કેમકે એથી આત્માનું કશું હિત થવાનું ન દેખ્યું. આની સામે મને શું મલ્યું છે? મલવામાં કશો ભલીવાર નહીં છતાં મારે આસક્તિનો પાર નથી. પ્રભુ મારૂં શું થશે? મને એવું બળ આપ કે હું દુનિયાના સત્તા વૈભવ અને ભોગ સુખોને તુચ્છ દેખું મને એના પર જરાય માન ન થાય રાગ ન થાય. તું મને કોહીનુર હીરા જેવો મલ્યો વળી એવો જ તારો ધર્મ મલ્યો. એની આગળ આ સુખ સંપત્તિ કાચના ટુકડા જેવી છે. એમાં હું શું કામ મોહ કરૂં? તારી આગળ એને કીંમતી માનું તો તેનો અર્થ એ કે મેં તને ઓળખ્યો જ નહિ.

હે જિનેશ્વર ભગવાન ! તમે ચારિત્ર લઈ કેટલી બધી તપશ્ચર્યા કરી! કેવા પરિષહો ને ઉપસર્ગો સહ્યા, કેવું દિવસ ને રાત ઉભા ઉભા ધ્યાન કર્યું ! આમાં જરાય સુકોમલતા ન રાખી, કિંતુ અતિ સુકોમલ શરીરે ભારે સહિષ્ણુતા રાખી આની સામે મારી પાસે શી સાધના છે ? નાથ ! મને એવી સાધનાઓ કરવા બળ આપ, સહિષ્ણુ બનાવ.

હે જગદીશ ! આપે જે નવતત્ત્વ બતાવ્યાં એવાં કોણ બતાવનાર છે ? છેક પૃથ્વીકાય, અપ્કાય અને નિગોદ સુધીના જીવ હોય છે એ આપ જ બતાવનાર છો. એ બતાવી ને એની રક્ષા કરવા સુધીનો ખરેખરો અહિંસા ધર્મ આપે જ બતાવ્યો એટલે જ સુક્ષ્મજીવોને પણ અભયદાન દેવા સુધીનું સાચું સાધુ જીવન આપને ત્યાં જ મળે છે. તાપસ થઈને જંગલમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહ્યા પરંતુ જો પાણી, વનસ્પતિ વગેરેના જીવની હિંસા કરવાની છૂટ છે તો ચારિત્ર ક્યાં ? ખરેખર સર્વથા અહિંસાનું જીવન ચારિત્ર જ છે અને માનવભવનું સાચું એ જ કર્તવ્ય દેખાડ્યું.

હે જગદાધર ! એમ આશ્રવ–સંવર નો વિવેક પણ આપના જ શાસનમાં મળે છે 'અવિરતી એ કર્મબંધનું કારણ છે' એવું આપના સિવાય કોણ બતાવે છે ? પાપ ન કરીએ છતાં જો એના ત્યાગની પ્રતિજ્ઞા નથી, વિરતિ નથી તોય કર્મ બંધાય એ વાત આપના સિવાય બીજા કોઈ ધર્મે દર્શાવી નથી એમ સમિતિ, ગુપ્તિ પણ આપના જ ધર્મમાં મળે છે. વિસ્તારથી પ્રાયશ્ચિતનું વર્ણન તેમજ કર્મસિદ્ધાંત, ૧૫૮ કર્મ, એની પ્રકૃતિ, સ્થિતિ, રસ પ્રદેશ એના 'બંધ. ઉદય–ઉદીરણા–સંક્રમણ અપવર્તન–નિકાચના' ૧૪ ગુણસ્થાનક, અનેકાંતવાદ ઈત્યાદિ-ઈત્યાદિ પર બહુ મોટા વિસ્તારથી વિચાર આપે જ બતાવ્યો છે. આ પ્રકાશ વિના કલ્યાણ શે સધાય ?

હે અરિહંત દેવ ! અજ્ઞાનના અંધારામાં રખડતા અમને આપે આ બધો તત્ત્વોનો, સિદ્ધાંતોનો અને મોક્ષમાર્ગનો સત્યપ્રકાશ આપી અમારા પર અનહદ ઉપકાર કર્યો છે માટે જ આપ ખરેખરા ધર્મ ચક્રવતી છો. આપની સેવાના પ્રભાવે અમને એ પ્રકાશ મળે, એ મોક્ષમાર્ગની ઉચ્ચ સાધના મળે, અમારી પાપી કામ–ક્રોધાદિ વાસનાઓ મરે, આહારાદિ પાપ સંજ્ઞાઓ માટે અમારા રાગ દ્વેષ કપાતા જાય અને અમને જડ પદાર્થ યાવત્ કાયા પર પણ મમતા આસક્તિ ન રહે તેથી કેવળ અમારા આત્મામાં લીન બનીએ, જ્ઞાનદર્શન–ચારિત્રમાં જ તન્મય થઈએ એજ અમારી પ્રાર્થના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પચ્ચક્ખાણ વિધિ

## ૧ ચઉવિહારનાં પચ્ચક્ખાણ

ધાર્યા પ્રમાણે ચઉવિહંપિ આહારં પચ્ચક્ખામિ અસણં, પાણં, ખાઇમં, સાઇમં પચ્ચક્ખામિ, અન્નત્થાણા ભોગેણં, સહસ્સાગારેણં સવ્વસમાહિ વત્તીયાગારેણં, અપ્પાણં વોસિરામિ.

## ૨. એકટાણાનાં પચ્ચક્ખાણ

એકટાણા ઉપરાંત દુવિહંપિ આહાર પચ્ચક્ખામિ, અસણં ખાઇમં, અન્નત્થાણા ભોગેણં, સહસ્સાગારેણં, સવ્વ સમાહિવત્તિયાગારેણં, અપ્પાણં વોસિરામિ. ૨

## ૩. આયંબિલના પચ્ચક્ખાણ

આયંબિલ વિહં તિવિહંપિ આહારં પચ્ચક્ખામિ, અસણં, ખાઇમં, સાઇમં પચ્ચક્ખામિ. અન્નત્થાણા ભોગેણં, સહસ્સાગારેણં; લેવા લેવેણં ગિહથ્થસંસટ્ઠેણં, પડુચ્ચમખ્ખેણં, ગુરૂ અભુઠ્ઠાણેણં, ઉક્ખિત્ત વિવેગેણં, સવ્વ સમાહિવત્તિયાગારેણં, અપ્પાણં વોસિરામિ. ૩

## ૪. તિવિહારા ઉપવાસનાં પચ્ચક્ખાણ

કાલ સૂર્ય ઊગે અભક્તટ્ઠણં, પચ્ચક્ખામિ. તિવિહંપિ આહારં, અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થાણા ભોગેણં, સહસ્સાગારેણં. સવ્હસમાહિવત્તિયાગારેણં, અપ્પાણં વોસિરામિ.

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org